પરદેશમાં દેશની મહેંક એટલે

સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 06 NOVEMER 2026 Vol. 25, No. 45 Pages 36 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

અમેરિકી સંસદમાં ટ્રમ્પનું વર્ચસ્વ ઘટ્યું! ચૂંટણીમાં હાર થતા વેન્સ સાથે મતભેદની ચર્ચાએ જોર પકડયું

મિડ ટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની હાર

ડેમોક્રેટિક પાર્ટીને 228 જ્યારે રિપબ્લિકન પાર્ટીને 139 બેઠકો, સેનેટની ચૂંટણીમાં ડેમોક્રેટ્સને 54 બેઠકો સાથે બહુમતી મળી

વોશિંગ્ટન

અમેરિકાના રાજકારણમાં મિડટર્મ ચૂંટણીનાં પરિણામો બાદ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પાર્ટીને ચૂંટણીમાં મોટો ઝટકો લાગ્યો છે અને કોંગ્રેસનાં બંને ગૃહોમાં બહુમતી ગુમાવવી પડી છે. બીજી તરફ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ઈરાન યુદ્ધને લઈને અલગ અભિપ્રાય આપ્યો છે. જેના કારણે ટ્રમ્પ અને વેન્સ વચ્ચે મતભેદ હોવાની ચર્ચા શરૂ થઈ છે, પરિણામો બાદ અમેરિકાની રાજનીતિમાં સત્તાનું સમીકરણ બદલાઈ ગયું છે, ઈરાન યુદ્ધ, મોંઘવારી અને ટ્રમ્પ સરકારની કામગીરી સામેની નારાજગી આ પરિણામોમાં મહત્વનાં પરિબળો રહ્યાં છે.

મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ



કોંગ્રેસનાં બંને ગૃહોમાં બહુમતી ગુમાવી છે. પ્રતિનિધિ સભામાં ડેમોક્રેટિક પાર્ટીને 228 બેઠકો મળી છે, જ્યારે રિપબ્લિકન પાર્ટીને 139 બેઠકો મળી છે. બીજી તરફ સેનેટમાં ડેમોક્રેટ્સે 54 બેઠકો સાથે બહુમતી મેળવી છે. આ પરિણામો બાદ ટ્રમ્પ માટે પોતાના રાજકીય એજન્ડાને આગળ વધારવો મુશ્કેલ બની શકે છે.

ટ્રમ્પે એ પણ સ્વીકાર્યું કે ઈરાન યુદ્ધની ચૂંટણી પર અસર પડશે તેની તેમને જાણ હતી. જોકે, તેમણે ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીનો બચાવ પણ કર્યો હતો. એટલે બંને નેતાઓનાં નિવેદનોમાં અલગ અભિગમ જોવા મળ્યો હતો, મિડટર્મ ચૂંટણીનાં પરિણામોએ અમેરિકાની રાજનીતિમાં નવું સમીકરણ ઊભું કર્યું છે.

જેડી વેન્સ અગાઉ પણ લાંબા સમય સુધી ચાલતાં વિદેશી સૈન્ય અભિયાનોની ટીકા કરતા રહ્યા છે. તેઓ ઈરાક યુદ્ધમાં મરીન તરીકે સેવા આપી ચૂક્યા છે. ઈરાન યુદ્ધ શરૂ થયા બાદ પણ તેમણે ટ્રમ્પની જેમ સૈન્ય કાર્યવાહીની તરફેણ કરી નહોતી. હવે ચૂંટણીની હાર બાદ તેમણે મોંઘવારી, અમેરિકાના હિતોને પ્રાથમિકતા ન આપવી અને ઈઝરાયલ સાથેના સંબંધો જેવા મુદ્દાઓ પણ ઉઠાવ્યા છે. 2028ની રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલાં વેન્સના આ નિવેદનોને તેમની રાજકીય રણનીતિ સાથે જોડીને પણ જોવામાં આવી રહ્યાં છે. જોકે, તેમણે ચૂંટણી લડવા અંગે હજુ અંતિમ નિર્ણય જાહેર કર્યો નથી. કોંગ્રેસનાં બંને ગૃહોમાં ડેમોક્રેટ્સનું નિયંત્રણ આવવાથી ટ્રમ્પ સરકારના નિર્ણયો, નીતિઓ અને વહીવટી કામગીરી પર વધુ તપાસ અને ચર્ચા થઈ શકે છે. બીજી તરફ, વેન્સનાં નિવેદનોએ રિપબ્લિકન પાર્ટીની અંદર ઈરાન યુદ્ધ સહિતના મુદ્દાઓ પર મતભેદની ચર્ચાને વેગ આપ્યો છે. જોકે, ટ્રમ્પ અને વેન્સ વચ્ચે વ્યક્તિગત સંબંધોમાં ખરેખર તિરાડ પડી છે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા નથી. વિશેષ અહેવાલ પેજ નં. 33

ઈઝરાયલમાં સત્તા પરિવર્તનના એંધાણ

પીએમ પદેથી નેતન્યાહુની વિદાય નિશ્ચિત વિપક્ષના વડા આઈસેનકોટને બહુમતી મળી

રાઆમ પાર્ટીએ રાષ્ટ્રપતિ સમક્ષ સમર્થનની ભલામણ કરી, અન્ય જૂથો પણ સમર્થનમાં

જેરુસલેમ

ઈઝરાયલમાં બેન્જામિન નેતન્યાહુના મુખ્ય હરીફ અને યાશાર પાર્ટીના વડા ગાદી આઈસેનકોટને ઈઝરાયલની પ્રમુખ અરબ પાર્ટી જોઈન્ટ લિસ્ટે પોતાનું સત્તાવાર સમર્થન જાહેર કર્યું છે. 11 બેઠકો ધરાવતી જોઈન્ટ લિસ્ટે સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાષ્ટ્રપતિ ઈસાક હર્ઝોગ સમક્ષ દેશના આગામી વડાપ્રધાન તરીકે ગાદી આઈસેનકોટના નામની ભલામણ કરશે. આ પહેલાં અન્ય એક અરબ પાર્ટી રાઆમ પણ આઈસેનકોટને ખુલ્લું સમર્થન આપી ચૂકી છે, જેનાથી ઈઝરાયલના રાજકારણમાં મોટો



ઉલટફેર સર્જાયો છે. જોઈન્ટ લિસ્ટના ત્રણેય ઘટક દળોએ સંયુક્ત બેઠક બાદ જણાવ્યું હતું કે આ નિર્ણય નેતન્યાહુ અને તેમની સરકારને ફરી સત્તામાં આવતી રોકવા માટે લેવામાં આવ્યો છે.

પક્ષનું માનવું છે કે આ પગલાથી ઈઝરાયલમાં નેતૃત્વ પરિવર્તનની શક્યતા અત્યંત મજબૂત બનશે અને નેતન્યાહુ ફરી કોઈ મિશ્ર કે સંયુક્ત સરકાર બનાવીને સત્તામાં ટકી રહે તે જોખમ સંપૂર્ણપણે ટળી જશે.

ઈઝરાયલની 120 સભ્યોવાળી સંસદમાં સરકાર બનાવવા માટે 61 બેઠકોના બહુમતી આંકડાની જરૂર હોય છે. ગાદી આઈસેનકોટના નેતૃત્વ હેઠળના મુખ્ય ગઠબંધન પાસે 48 બેઠકો છે. જ્યારે જોઈન્ટ લિસ્ટની 11 અને રાઆમ પાર્ટીની 8 બેઠકોનો ટેકો મળતાં આ ગઠબંધનનું કુલ સંખ્યાબળ વધીને 67 પર પહોંચી ગયું છે. નેતન્યાહુ કરતાં વધુ સાંસદોનું સમર્થન મળતાં રાષ્ટ્રપતિ હવે આઈસેનકોટને જ નવી સરકાર રચવાનું આમંત્રણ આપે તેવી સ્થિતિ સર્જાઈ છે.

AIમાં રોકાણ વધારવા ગૂગલની 5 દેશના કર્મચારીઓને નોકરી છોડવા માટે ઓફર

કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન, સ્વિટ્ઝર્લેન્ડમાં અસર

વોશિંગ્ટન

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે રોકાણ વધારવાની સાથે ખર્ચ પર નિયંત્રણ મેળવવા માટે ટેકનોલોજી ક્ષેત્રની દિગ્ગજ કંપની ગૂગલે કર્મચારીઓ માટે સ્વૈચ્છિક નોકરી છોડવાની યોજનાનો વિસ્તાર કર્યો છે.

કંપનીએ કેનેડા, ફ્રાન્સ, જર્મની, જાપાન અને સ્વિટ્ઝર્લેન્ડના પસંદગીના કર્મચારીઓ માટે આ ઓફર રજૂ કરી છે. આ યોજના હેઠળ નોકરી છોડવા ઈચ્છતા કર્મચારીઓને કંપની તરફથી નાણાકીય વળતર એટલે કે સવેન્સ પેકેજ આપવામાં આવે છે. ગૂગલે જૂન 2026માં આ યોજનાનો વિસ્તાર કર્યો હતો, જોકે કેટલા કર્મચારીઓ આ માટે પાત્ર છે અને કેટલાએ ઓફર સ્વીકારી છે તેની સંખ્યા જાહેર કરી નથી. 'ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ હાલમાં AI અને ક્લાઉડ કમ્પ્યુટિંગ જેવા ક્ષેત્રોમાં રોકાણ વધારી રહી છે.











ThermEnergy
Heating & Cooling

Wish You
Happy Diwali &
Prosperous New Year

New Year Resolution: Go Green and Save Environment

National Heat Pump
Rebates are BACK!

Up to
$10,000
for low-to-median-income households

$2,000
for above-median-income households

Heat & Cool Your Home
Save on Energy Bills
Year-Round Comfort

416-335-9255
office1@thermenergy.ca
www.thermenergy.ca
Unit 26, 151 Nashdene Road,
Scarborough, M1V 4C4

સર્વેક્ષણમાં ચોંકાવનારો ખુલાસો; કરિયાણું ન પરવડતા ફૂડ બેંક પર નિર્ભરતા વધીને ૧૫% થઈ

કેનેડામાં ગરીબી અને ખાદ્ય સંકટ : ૩૧% લોકો પ્રભાવિત

આવાસ મોંઘા થતાં 24% લોકો અડધી આવક ભાડાં-હપ્તામાં ખર્ચે છે, જરૂરિયાતો સંતોષવા 50% કેનેડિયનો બચત અને દેવાને સહારે

ઓન્ટેરિયો

યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા લાદવામાં આવેલા વેપાર ટેરિફના કારણે કેનેડિયન અર્થતંત્ર ભારે દબાણ હેઠળ આવી ગયું છે. આ પરિસ્થિતિ વચ્ચે જાહેર થયેલા વાર્ષિક રાષ્ટ્રીય ગરીબી સર્વેક્ષણના પરિણામો દર્શાવે છે કે, કેનેડામાં ખાસ કરીને યુવાનો માટે ખોરાકની પરવડે તેવી સ્થિતિ દિન-પ્રતિદિન વધુ ખરાબ થઈ રહી છે.

સાલ્વેશન આર્મી વતી એડલમેન ડેટા એન્ડ ઈન્ટેલિજન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા '૨૦૨૬ ગરીબી અને સામાજિક આર્થિક વિશ્લેષણ' સર્વેક્ષણમાં ૧,૫૦૦થી વધુ કેનેડિયનોને આવરી લેવાયા હતા. આ રિપોર્ટ મુજબ ૩૧ ટકા લોકોએ સ્વીકાર્યું છે કે, કરિયાણાના સામાનના ઊંચા ભાવને કારણે તેઓ ભોજન છોડી દે છે અથવા તેમના ખોરાકનું પ્રમાણ ઘટાડી રહ્યા છે. ગયા વર્ષે આ આંકડો ૨૭ ટકા હતો. યુવાનોમાં આ પરિસ્થિતિ વધુ ગંભીર જોવા મળી છે. મોંઘવારીને કારણે સામાજિક અને સમુદાય સપોર્ટ (જેમ કે ફૂડ બેંક)નો ઉપયોગ કરતા લોકોની સંખ્યામાં પણ મોટો વધારો



થયો છે. ગત વર્ષે જ્યાં ૧૧ ટકા લોકો આવી સહાય લેતા હતા, આ વર્ષે તે વધીને ૧૫ ટકા ઉપર પહોંચી ગયો છે. આ ઉપરાંત, સર્વેમાં સામેલ પાંચમાંથી ત્રણ લોકો (૬૦%) એ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, યુ.એસ. ટેરિફના કારણે તેમના પરિવારો આર્થિક પીડા ભોગવી રહ્યા છે. માત્ર ખોરાક જ નહીં, પરંતુ રહેઠાણની સ્થિતિ પણ વધુ વિકટ બની છે. સર્વેના અડધા ઉત્તરદાતાઓને આશંકા છે કે તેમને તેમના વિસ્તારમાં પોતાની જરૂરિયાતો મુજબનું સસ્તું ઘર મળી શકશે. જ્યારે ૨૪ ટકા કેનેડિયનો તેમની કર પછીની (ટેક્સ બાદની) ચોખ્ખી આવકનો અડધાથી વધુ હિસ્સો માત્ર ઘરના ખર્ચ અને ભાડા પાછળ ખર્ચી રહ્યા છે.

દૈનિક અને મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે કેનેડાના ૫૦ ટકા લોકો પોતાની જમા બચતમાંથી પૈસા વાપરી રહ્યા છે, જ્યારે ૪૦ ટકા લોકોએ દેવું કરીને અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ગુજરાન ચલાવવું પડી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ સર્વેક્ષણ સપ્ટેમ્બર મહિના દરમિયાન ઓનલાઈન એંગસ રીડ ફોરમના રાષ્ટ્રીય પ્રતિનિધિ નમૂના પર આધારિત હતું, જેમાં સેવાઓના વર્તમાન અને ભૂતપૂર્વ વપરાશકર્તાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

કેલગેરી રિયલ એસ્ટેટમાં વ્યાપક મંદી ઘર વેચાણમાં ૧૫%નો વાર્ષિક ઘટાડો

સ્વતંત્ર અને અર્ધ-સ્વતંત્ર ઘરોના ભાવ સ્થિર રહ્યાં

કેલગેરી

કેલગરીના રિયલ એસ્ટેટ માર્કેટમાં ગયા મહિને મકાનોના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. ઓક્ટોબર ૨૦૨૫ની સરખામણીએ ગયા મહિને ઘરોના વેચાણ આંકડામાં ૧૫.૩ ટકાનો ઘટાડો નોંધાયો છે, જેની સાથે મિલકતોની એકંદરે કિંમતોમાં પણ સાધારણ નરમ વલણ જોવા મળ્યું હતુ.

કેલગરી રિયલ એસ્ટેટ બોર્ડના તાજેતરના આંકડા મુજબ, ઓક્ટોબર મહિના દરમિયાન કુલ ૧,૫૯૨ ઘરોનું વેચાણ થયું હતું. આ સમયગાળા દરમિયાન તમામ પ્રકારની રહેણાંક મિલકતોની સરેરાશ બેન્ચમાર્ક કિંમત ૦.૪ ટકા ઘટીને $૫૬૪,૨૦૦ ઉપર આવી ગઈ છે. બોર્ડના મુખ્ય અર્થશાસ્ત્રી એન-મેરી લ્યુરીના જણાવ્યા અનુસાર, કિંમતો પરનું આ દબાણ મુખ્યત્વે હાઈ-રેન્સિટી (વધુ ઘનતા ધરાવતા) આવાસ પ્રકારો પર વધુ કેન્દ્રિત છે, જેનું મુખ્ય કારણ બજારમાં તેનો ઓવરસપ્લાય (વધુ પડતો પુરવઠો) છે. બીજી તરફ, સ્વતંત્ર (ડિટેચ્ડ) અને અર્ધ-સ્વતંત્ર (સેમી-ડિટેચ્ડ) ઘરોની કિંમતો સરખામણીએ સ્થિર જોવા મળી છે.

ઓક્ટોબર દરમિયાન બજારમાં ૨,૯૨૯ નવી મિલકતો વેચાણ માટે મૂકવામાં આવી હતી, જે ગયા વર્ષની સરખામણીએ ૯.૪ ટકા ઓછી છે. આ સાથે જ બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ કુલ મિલકતોનો સ્ટોક (ઈન્વેન્ટરી) પણ વાર્ષિક ધોરણે ૪.૬ ટકા ઘટીને ૬,૧૭૩ ઘરો પર આવી ગયો



» રો-સ્ટાઇલ હોમ્સ: એક હરોળમાં બનેલી (ટાઉનહાઉસ/રો-સ્ટાઇલ) મિલકતોની કિંમતમાં ૫.૧ ટકાનો ઘટાડો થતાં ભાવ $૪૦૭,૫૦૦ રહ્યા.

» ડિટેચ્ડ હોમ્સ: સ્વતંત્ર ઘરોની કિંમતોમાં ૦.૭ ટકાનો મામૂલી ઘટાડો થતાં ભાવ $૭૩૫,૧૦૦ નોંધાયા.

» સેમી-ડિટેચ્ડ હોમ્સ: અર્ધ-સ્વતંત્ર ઘરોની કિંમતોમાં ઓક્ટોબર ૨૦૨૫ની સરખામણીએ ૦.૮ ટકાનો સુધારો થતાં ભાવ $૬૮૫,૨૦૦ ઉપર પહોંચ્યા.

છે. એપાર્ટમેન્ટ-શૈલીના ઘરોની કિંમતોમાં વાર્ષિક ધોરણે ૭.૯ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે અને ભાવ $ ૨૮૮,૮૦૦ ઉપર આવી ગયા છે.

ડેટિંગ હિંસા : દર ત્રણમાંથી એક યુવાન શારીરિક કે માનસિક શોષણનો શિકાર

ઓટાવા

કેનેડામાં યુવાનો અને કિશોરો વચ્ચે ડેટિંગ હિંસાના વધતા બનાવોએ ચિંતા જન્માવી છે. તાજેતરમાં કેનેડિયન પીડિયાટ્રિક સોસાયટી (CPS) દ્વારા જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર, કેનેડાના દર ત્રણમાંથી એક યુવાને ડેટિંગ હિંસાનો સામનો કર્યો છે. આ હિંસામાં શારીરિક અને જાતીય શોષણથી લઈને ઓનલાઈન ઉત્પીડન અને માનસિક દુર્વ્યવહારનો સમાવેશ થાય છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને, બાળકો અને કિશોરો વચ્ચેના અપમાનજનક સંબંધોને તપાસવામાં મદદ કરવા આરોગ્ય સંભાળ પ્રદાતાઓ માટે નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.

આ અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે નાની ઉંમરે સંબંધોમાં થતી હિંસાના તાત્કાલિક અને લાંબા ગાળાના અત્યંત પ્રતિકૂળ સ્વાસ્થ્ય પરિણામો આવી શકે છે. નિષ્ણાતોની ટીમે ધોરણ ૬ અને તેથી વધુ ઉંમરના બાળકોને આ અહેવાલમાં આવરી લીધા છે, કારણ કે આ ઉંમરે સામાન્ય રીતે ડેટિંગની શરૂઆત થતી હોય છે.





સુજ્ઞ વાચકો, વિજ્ઞાપન દાતાઓ અને સહયોગીઓ,

હિંદુ ધર્મના સૌથી મોટા અને પ્રકાશના પર્વ દિવાળીનો આરંભ થઈ ચૂક્યો છે. આ પર્વ આપના પરિવાર અને સ્નેહીજનો સાથે ઉત્સાહ અને ઉમંગથી ઉજવો એવી શુભકામના. આ સાથે મંગળવાર તા.10 નવેમ્બરથી શરૂ થતું વિક્રમ સવંત 2083નું વર્ષ આપ સૌના જીવનમાં વધુ સુખ, સમુદ્ધિ લાવે અને આપ નવા સંકલ્પો લઈ નવા સોપાનો સર કરો તેવી અભ્યર્થના સાથે આપ સૌને શુભ દિપાવલી અને નુતન વર્ષની હાર્દિક શુભેચ્છા.

તંત્રી સ્થાનેથી

ટ્રમ્પને પછડાટ : યુદ્ધ, મોંઘવારી અને ઇમિગ્રેશનના નિર્ણયો ભારે પડ્યા



તંત્રી - સ્વદેશ

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને પછડાટ ખાવાનો વારો આવ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ સેનેટમાં બહુમતી મેળવી લીધી છે. હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૨૧૮ બેઠકો જીતીને તેણે બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં કુલ ૪૩૫ બેઠકો છે અને તે તમામ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. પરિણામોમાં વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીએ ૨૩૧ બેઠકો અને ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ ૧૪૪ બેઠકો જીતી છે. તેવી જ રીતે સેનેટની ૧૦૦ બેઠકોમાંથી ૩૫ બેઠકોની ચૂંટણીમાં અત્યાર સુધીમાં ૩૩ બેઠકોનાં પરિણામો જાહેર થયાછે. આ પૈકી ડેમોક્રેટિક પાર્ટીએ ૨૦ અને રિપબ્લિકન પાર્ટીએ ૧૩ બેઠકો જીતી છે. પરિણામોને જોડીને ડેમોક્રેટિક પાર્ટી પાસે ૫૪ અને રિપબ્લિકન પાર્ટી પાસે ૪૪ બેઠકો છે. આમ સરેરાશ બંને મોટી ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે બાજી મારી લીધી અને પ્રજાએ તુંડમિજાજી ટ્રમ્પને તમાચો માર્યો છે.

મહત્ત્વની વાત એ છે કે, અમેરિકામાં વિવિધ રાજ્યોના ગવર્નરોની ચૂંટણી પણ યોજાઈ હતી. અહીંયા કુલ ૩૬ બેઠકોમાંથી ૩૪ રાજ્યોનાં પરિણામોમાં ૨૨ ડેમોક્રેટ્સ અને ૧૨ રિપબ્લિકનોનો વિજય થયો છે. આમ સરેરાશ ડેમોક્રેટ્સને આવકાર અને રિપબ્લિકન્સને જાકારો મળ્યો છે.

જાણકારોના મતે અમેરિકન પ્રજાએ આ વખતે ખરેખર અમેરિકાને ગ્રેટ બનાવવા માટે ટ્રમ્પનો સાથ છોડયો છે. જેના માટે તુમાખી તથા મદથી ભરેલા ટ્રમ્પે લીધેલા અવિચારી નિર્ણયો આડેધડ અમલી બનાવેલી નીતિ ઉપરાંત ઈરાન યુદ્ધ તથા મોંઘવારી જેવા કારણો મુખ્ય છે. આ સાથે જ ટ્રમ્પની નીતિઓને કારણે અમેરિકાની વિદેશ નીતિ બેહાલ થઈ જતાં દુનિયાના અનેક દેશ સાથે અમેરિકાના સબંધો બગડી ચૂક્યા છે. આખરે પ્રજાએ પક્ષીય વફાદારી, વંશીય જૂથો અને રાષ્ટ્રીયતાના ભેદભાવ ભૂલીને, ગેસોલિનના વધતા ભાવો, મોંઘવારી, ઈરાન સાથેનું યુદ્ધ અને ઈમિગ્રેશન મુદ્દે નિર્ણયો સાથે મતદાન કરતાં રિપબ્લિકન પક્ષના પરંપરાગત ગઢ ગણાતા 'રેડ સ્ટેટ્સ'માં પણ પાર્ટીના પાયા હચમચી ઉઠ્યા છે.

આ ચૂંટણીનું મુખ્ય આકર્ષણ ટેક્સાસની સેનેટ બેઠક રહી હતી. અહીં રિપબ્લિકન ઉમેદવાર અને રાજ્યના એટર્ની જનરલ કેન પેક્સટન વિરુદ્ધ મીડિયા સર્વેક્ષણો સાચા સાબિત થયા છે. મંગળવારે ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર જેમ્સ તાલારિકોએ કેન પેક્સટનને પરાજિત કરી ટેક્સાસમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો હતો. ડેમોક્રેટ્સ ૧૯૯૪ પછી ટેક્સાસમાં ક્યારેય જીતી શક્યા નહોતા. રિપબ્લિકન્સ માટે આ બેવડો ફટકો હતો. કારણ કે, ટેક્સાસમાં ગવર્નરની ચૂંટણીમાં પણ ડેમોક્રેટ ગીના હિનોજોસાએ રિપબ્લિકન પક્ષના ગ્રેગ એબોટને પછડાટ આપી હતી. પરિણામો બાદ કેપિટલ હિલ ઉપર સત્તાનું સંતુલન હવે મોટા પલટા તરફ આગળ વધી રહ્યું છે. શરૂઆતી અંદાજો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સની સ્પષ્ટ બહુમતી દર્શાવે છે, જ્યારે સેનેટની સ્પર્ધામાં પણ રિપબ્લિકન્સની પકડ નબળી પડતી જણાય છે. સૌથી વધુ આશ્ચર્યજનક પરિણામો એવા રાજ્યોમાંથી આવ્યા છે જે ટ્રમ્પે ૨૦૨૪માં આસાનીથી જીત્યા હતા. સાઉથ કેરોલિનામાં, ડેમોક્રેટ એની એન્ડ્રુઝે રિપબ્લિકન ડાર્લિન ગ્રેહામને એક આંચકાજનક મુકાબલામાં હરાવ્યા છે. આ એ રાજ્ય છે જ્યાં ટ્રમ્પ લગભગ ૨૦ ટકા મતોના માર્જિનથી જીત્યા હતા. આ પરિણામ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે સાઉથ કેરોલિનાએ ૧૯૯૮ પછી ક્યારેય કોઈ ડેમોક્રેટિક સેનેટરને વિજયી બનાવ્યો નથી. અહેવાલો પ્રમાણે મધ્યસત્ર ચૂંટણીના આ પરિણામો પર સમગ્ર વિશ્વની નજર છે, કારણ કે તે કોંગ્રેસના નિયંત્રણને નિર્ધારિત કરશે અને વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પના હવે પછીના રાજકીય ભવિષ્યને નક્કી કરશે. ભાવવધારો, સતત મોંઘવારી, ઇમિગ્રેશન નીતિઓ, ટેરિફની આર્થિક અસરો અને ઈરાન સાથેના યુદ્ધનાને કારણે ટ્રમ્પની પાર્ટીને નુકસાન થયું છે. આ સાથે જ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ અમેરિકા પ્રગતિ કરી રહ્યું છે તેવા સરકારના દાવાઓને પણ ચૂંટણી પરિણામોએ જવાબ આપ્યો છે. જાણકારોના મતે સાઉથ કેરોલિનામાં ટ્રમ્પ સમર્થિત ઉમેદવારનો પરાજય સૌથી સૂચક ઘટનાઓમાંની એક છે. નોર્થ કેરોલિનામાં, પૂર્વ ડેમોક્રેટિક ગવર્નર રોય કૂપરે ટ્રમ્પના અન્ય એક સાથી રિપબ્લિકન માઈકલ વૉટલીને હરાવીને રિપબ્લિકન્સની સેનેટ બેઠક આંચકી લીધી છે. ધ વૉશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, ડેમોક્રેટ્સ પપથી વધુ હાઉસ ડિસ્ટ્રિક્ટ્સમાં જોરદાર સ્પર્ધા આપી રહ્યા હતા, જેમાં રિપબ્લિકન્સની ઘણી બેઠકો સામેલ હતી. ધ ન્યૂ યોર્ક ટાઇમ્સ દ્વારા ચૂંટણી પૂર્વેના અહેવાલોમાં જ મોંઘવારીને રિપબ્લિકન્સની સૌથી મોટી નબળાઈ ગણાવવામાં આવી હતી. સૌથી મોટી વિડંબના એ છે કે જે ભાવવધારાએ ૨૦૨૪માં ટ્રમ્પને ફરી વ્હાઇટ હાઉસ પહોંચાડવામાં મદદ કરી હતી, તે જ મુદ્દો હવે તેમના પક્ષ માટે મોટો ખતરો બની ગયો છે. ચૂંટણી નબળા પરિણામો બાદ રિપબ્લિકન પાર્ટીની અંદરનો અસંતોષ અને ખટરાગ પણ બહાર આવી રહ્યો છે. ઉપપ્રમુખ જેડી વેન્સને લાંબા સમયથી ટ્રમ્પના સૌથી પ્રબળ રાજકીય ઉત્તરાધિકારી માનવામાં આવતા હતા. તેમણે મિડટર્મ ચૂંટણીમાં પાર્ટીના ઉમેદવારો માટે વ્યાપક પ્રચાર કર્યો હતો અને રિપબ્લિકન નેશનલ કમિટીના ફંડ એકત્રિકરણના વડા તરીકેની મહત્વની જવાબદારી પણ નિભાવી રહ્યા હતા. જોકે, ભયંકર પરાજય પછી તેમની પોતાની રાજકીય સ્થિતિ મુશ્કેલ બની ગઈ છે. ટ્રમ્પ વહીવટીતંત્રની ઘટતી લોકપ્રિયતાની સીધી અસર વેન્સના ભાવિ નેતૃત્વના દાવા પર પડી શકે છે. બીજી તરફ, વિદેશ મંત્રી માર્કો રુબિયો, ફ્લોરિડાના રોન ડિસેન્ટિસ અને ટેક્સાસના સેનેટર ટેડ ક્રૂઝ જેવા નેતાઓ પણ પાર્ટીના આગામી મોરચા તરીકે પોતાની દાવેદારી મજબૂત કરી રહ્યા છે. ટેક્સાસના પ્રભાવશાળી સેનેટર ટેડ ક્રૂઝે આ ચૂંટણી પરિણામોને 'બ્લુ સુનામી' અને 'વોટરગેટ સ્તરનો પરાજય' ગણાવી પાર્ટીને ખુલ્લી ચેતવણી આપી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પક્ષ તેથી નથી હાર્યો કે સમર્થકો મતદાન કરવા ન નીકળ્યા, પરંતુ અસલ કારણ એ છે કે, અગાઉ રિપબ્લિકનને મત આપનારા મતદારો હવે ડેમોક્રેટ્સ તરફ વળી ગયા છે.

અનુસંધાન પેજ નં. 25 પર

manoj1968@yahoo. ca






BAPS Shri Swaminarayan Mandir, Toronto
cordially invites you, your family and friends to
Diwali Celebrations
2026
Kids' Diwali
10:00 am to 6:30 pm
pre registration required at baps.sl/canada/kdc
Sat, Oct 31
Sat, Nov 07
Shri Hanuman Poojan
7:30 am
Diwali
Sharda (Chopda) Pujan 8:30 am
Cultural Program Maha Arti
& Fireworks 5:30 pm
Sun, Nov 08
Tue, Nov 10
Grand Annakut
Hindu New Year VS 2083
Darshan open from 12 pm to 7 pm
Arti every hour
Venue: BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Dr, Toronto, ON M9W 5Z7
BAPS.org/Toronto
Scan for more details
@BAPSCanada
Brahmaswarup
Pramukh Swami Maharaj
Pragat Brahmaswarup
Mahant Swami Maharaj
BAPS Swaminarayan Sanstha® | www.BAPS.org
@BAPSToronto
@BAPS_Toronto

ISIS સાથે સંપર્કમાં રહેનાર ૧૭ વર્ષીય સગીરની આલ્બર્ટા પ્રાંતમાંથી ધરપકડ

ટોરોન્ટો

ફેબ્રુઆરી માસથી શરૂ થયેલી એક અત્યંત સંવેદનશીલ ઓનલાઈન તપાસના અંતે કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાંથી ISIS જેવા કુખ્યાત આતંકવાદી સંગઠન સાથે કનેક્શન ધરાવતા એક ૧૭ વર્ષીય સગીરની ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ કડક કાર્યવાહી હાથ ધરી છે.

આરસીએમપી ફેડરલ પોલીસિંગ નોર્થવેસ્ટ રિજનની સંકલિત રાષ્ટ્રીય સુરક્ષા અમલીકરણ ટીમ દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી રહી છે. એજન્સીના જણાવ્યા અનુસાર, આ કિશોર ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા ઓનલાઈન વપરાશકર્તાઓ સાથે સતત સંપર્કમાં રહીને પત્રવ્યવહાર કરી રહ્યો હતો. ૨૬ ઓક્ટોબરના રોજ આતંકવાદ-સંબંધિત પ્રવૃત્તિઓ બદલ આ ૧૭ વર્ષીય સગીરની ધરપકડ કરાઈ હતી. જો કે, પોલીસ દ્વારા તે છોકરો છે કે છોકરી તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

પોલીસે કેનેડિયન ક્રિમિનલ કોડની કલમ ૮૧૦.૦૧૧ (આતંકવાદના ગુનાનો ભય) અનુસાર આતંકવાદ શાંતિ બોન્ડ દ્વારા આ સગીર સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. આ શાંતિ બોન્ડના માધ્યમથી તપાસકર્તાઓને ભવિષ્યના સંભવિત ગુનાઓને અટકાવવા યુવકની ઓનલાઈન પ્રવૃત્તિઓ અને અન્ય હિલચાલ પર કડક નજર રાખવાના વ્યાપક અધિકારો મળી રહેશે. આ સગીર ક્યાં રહે છે અને તેની ધરપકડ કયા સ્થળેથી થઈ હતી, તેની વિગતો પોલીસ દ્વારા જાહેર કરવામાં આવી નથી. તેને શરતોના આધારે મુક્ત કરવામાં આવ્યો હતો અને તેને ફોર્ટ મેકમુરેની પ્રાંતીય કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો. 'યુવા ફોજદારી ન્યાય અધિનિયમ'ના નિયમો અનુસાર વધુ માહિતી જાહેર કરવા પર પ્રતિબંધ હોવાથી અને મામલો કોર્ટમાં વિચારણા હેઠળ હોવાથી પોલીસે વધુ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે.

ડિસેમ્બરમાં મોદી કેનેડા પ્રવાસે આવશે હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તૈયારી

ટોરોન્ટો

PM નરેન્દ્ર મોદી 11-12 ડિસેમ્બરે કેનેડાના પ્રવાસે આવનાર હોવાથી કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તેને આવકારવા માટે તૈયારીઓ શરૂ કરાઇ છે. 11 ડિસેમ્બરના રોજ યોજાનાર એક કાર્યક્રમ માટે નોંધણી પ્રક્રિયા પણ શરૂ કરાય છે.

મોદીના કેનેડાના પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ પર વાતચીત થશે. ભારત-કેનેડા વ્યાપાર સમજૂતી (CEPA) પર હસ્તાક્ષર થવાની સંભાવના પણ છે.ભારત અને કેનેડા 2030 સુધીમાં પરસ્પર વેપાર વધારીને વાર્ષિક 7 લાખ કરોડ રૂપિયા કરવા માંગે છે. હાલમાં બંને દેશો વચ્ચે આશરે 3 લાખ કરોડ રૂપિયાનો વેપાર થાય છે. PM મોદીનો પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે કેનેડા અને અમેરિકા વચ્ચે ટ્રેડ વોરની સ્થિતિ છે. ટ્રમ્પના ટેરિફના દબાણ વચ્ચે કેનેડા નવા બજારો શોધી રહ્યું છે.

કેનેડાના વડાપ્રધાન કાર્યાલય અનુસાર, બંને નેતાઓ ઇચ્છે છે કે ભારત અને કેનેડા વચ્ચેના વેપાર કરાર અંગેની વાટાઘાટો વહેલી તકે પૂર્ણ થાય.

Wish you and your family
Happy Diwali &
Prosperous New Year
PRIMERICA
Miteshkumar Gandhi
An independent representative
Primerica
9 - 6740 Davand Dr,
Mississauga, ON L5T2K9
416.580.6230 (Direct)
905.564.2322 (Office)
mgandhi@primerica.com
www.primerica.com/gandhi
Life Insurance offered through Primerica Life Insurance Company of Canada
Mutual Funds offered through PFSL Investments Canada Ltd., Mutual Fund Dealer
SEEKING
Highly motivated individuals interested in a unique opportunity in financial services. One of the fastest growing marketing organizations in the country. Excellent income potential. Call... 416.580.6230

Happy Diwali And Prosperous New Year
Beyond Accounting Coaching Services Brampton
www.cpafinal.com, Email:pcdesai1454@gmail.com
CPA CORE 1/2 Fall 2026
• Online Coaching for all tested competencies
• Tutoring $550 batch of 3
• 6 video lectures followed by mock test
• Book Core1 $185 /Core2 $175
• Book contains MCQ, 5 cases and Technical
• Send email for CPA Professional New Programme 2027
CPA CFE Sept 2027
• Online Coaching for all tested competencies
• Tutoring $1000 one to one
• 8 video lectures followed by mock test
• Study guide $190
• Study guide 2026 contains summarize Technical with MCQ
• Many Cases for practice with solution

every policy comes with a person you can count on
Tejash Jani
Guelph
Cambridge Agency
(226) 785-5231
tjani@allstate.ca
Scan to get a no-obligation quote.
Trademark owned by Allstate Insurance Company used under licence by Allstate Insurance Company of Canada. ©2026 Allstate Insurance Company of Canada. 266575 | 09-26
Allstate
You're in good hands.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
• Monthly / Annual Plans Available
• Partial Refund if Parents Leave Early
• Full Refund if No Visa Issued
• Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ, નવચંડી, હોમાત્મક લઘુરુદ્ર, ગણેશયોગ, ચાંડાલયોગ,
મૂળ નક્ષત્ર, આશ્લેષા, જેષ્ઠા, નક્ષત્રોની શાંતિ અને દરેક પ્રકારના હવન તથા પૂજા
વિધી કરાવનાર, જન્માક્ષર જોવડાવવા તથા નવા બનાવવા માટે મળો

શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી

આણંદ (બોરસદ) ગુજરાતવાળા (ઈટોબીકોક - ટોરોન્ટો)

કેનેડા ટોરંટોનાં સમય મૂજબ શાસ્ત્રોક્ત અને સચોટ મૂહૂર્ત



ધનવંતરી ત્રયોદશી (ધનતેરસ) તા.૦૬/૧૧/૨૦૨૬, શુક્રવાર



તા. ૬/૧૧/૨૦૨૬, શુક્રવાર


કાર્તિક કૃષ્ણપક્ષ ધનવંતરી ત્રયોદશી (૧૩) (તેરસ) શાસ્ત્રોક્ત પ્રમાણે (ટોરંટો) ટાઈમ મુજબ તા.૫/૧૧/૨૦૨૬ ને મધ્યરાત્રી અને તા.૬/૧૧/૨૦૨૬ ની વહેલી સવાર એટલે કે ૧૨-૦૧ (am) મીનીટથી પ્રારંભ થઇને શુક્વારની મધ્યરાત્રી ૧૨-૧૭ (am) મીનીટ અને (શનિવાર સવાર) સુધી રહેશે. ત્યારબાદ રૂપચૌદશ (કાળી ચૌદશ) પ્રારંભ થશે, માટે તા. ૬/૧૧/૨૦૨૬ને શુક્વાર ધનવંતરી ત્રયોદશી (ધનતેરશ) રહેશે.




ધનવંતરી પૂજા - લક્ષ્મી પૂજા, ધનદાયક્ષીણી પૂજા તા. ૬/૧૧/૨૦૨૬ (શુક્વાર) મૂહૂર્ત



- લાભ મુહુર્ત : 8-17 am to 9-32 am
- અમૃત મુહુર્ત : 9-32 am to 10-47 am
- શુભ મુહુર્ત : 12-02 pm to 13-16 pm
- ચલ મુહુર્ત : 15-46 pm to 17-01 pm
- લાભ મુહુર્ત : 20-32 pm to 22-17 pm
- શુભ મુહુર્ત : 00-02 am to 1-47 am
- અમૃત મુહુર્ત : 1-47 am to 3-33 am
- સ્થિર વૃશ્ચિક લગ્ન મુહુર્ત : 7-58 am to 10-26 am
- અભિજીત મુહુર્ત : 11-38 am to 12-23 pm
- સ્થિર વૃષભ લગ્ન મુહુર્ત : 17-24 pm to 19-10 pm
- પ્રદોષકાળ મુહુર્ત : 17-49 am to 19-29 pm



રૂપ ચૌદસ (કાળી ચૌદસ) તા. ૭/૧૧/૨૦૨૬ (શનિવાર)




તા. ૭/૧૧/૨૦૨૬, શનિવાર શાસ્ત્રોક્ત પ્રમાણે કેનેડા ટોરંટો ટાઈમ અનુસાર કાર્તિક કુષ્ણપક્ષ, રૂપચૌદશ (કાળી ચૌદશ) તા.૬/૧૧/૨૦૨૬ ને મધ્યરાત્રી અને તા.૭/૧૧/૨૦૨૬, શનિવારની વહેલી સવારે ૧૨-૧૭ મિનિટ (am) થી શરૂ થઇને બીજા દિવસે તા.૭/૧૧/૨૦૨૬ની મધ્યરાત્રી અને તા.૮/૧૧/૨૦૨૬ની વહેલી સવારે એટલે કે ૦૦-૫૯ (am) સુધી રૂપચૌદશ (કાળીચૌદશ) રહેશે. ત્યારબાદ અમાવસ્યા એટલે કે દિપાવલીનો પ્રારંભ થઈ જશે.

રૂપ ચૌદસ (કાળી ચૌદસ) તા. ૭/૧૧/૨૦૨૬ (શનિવાર)

- શુભ મુહુર્ત : 8-18 am to 9-32 am
- ચલ મુહુર્ત : 12-02 pm to 13-16 pm
- લાભ મુહુર્ત : 13-16 pm to 14-31 pm
- અમૃત મુહુર્ત : 14-31 pm to 15-36 pm
- લાભ મુહુર્ત : 17-00 pm to 18-46 am
- શુભ મુહુર્ત : 20-31 pm to 22-17 pm
- અમૃત મુહુર્ત : 22-17 pm to 00-02 am

સ્થિર લગ્ન મુહૂર્ત

- સ્થિર વૃશ્ચિક લગ્ન : 7-54 am to 10-22 am
- અભિજીત વિજયકાળ મુહૂર્ત : 11-36 am to 12-15 pm
- સ્થિર કુંભ લગ્ન : 13-48 pm to 14-57 pm
- સ્થિર વૃષભ લગ્ન : 17-20 pm to 19-06 pm
- પ્રદોશ કાળ મુહુર્ત : 17-00 pm to 19-48 pm
- સિંહ સ્થિર લગ્ન : 00-01 am to 2-37 am



દિપાવલી લક્ષ્મીપૂજા/કુબેરપુજા તા. ૮/૧૧/૨૦૨૬ (રવિવાર)



કાર્તિક કૃષ્ણપક્ષ અમાવસ્થા (શુભ દિપાવલી) તા. ૭/૧૧/૨૦૨૬ શનિવારની મધ્યરાત્રીએ ૦૦-૫૯ (am) પછીથી એટલે તા. ૮/૧૧/૨૦૨૬ને રવિવારનો પ્રારંભ (શુભ દિપાવલી) અમાવસ્યાનો પ્રારંભ થઈ જાય છે. જે રવિવારની મધ્યરાત્રી ૦૨-૦૨ મિનિટ (am) એટલે કે સોમવારની વહેલી સવાર સુધી રહેશે ત્યારબાદ પ્રતિપદા એકમ (નવુ વર્ષ પ્રારંભ થઈ જાય છે)


સ્થિર લગ્ન મુહૂર્ત


- લાભ મુહુર્ત : 9-33 am to 10-47 am
- અમૃત મુહુર્ત : 10-47 am to 12-02 pm
- શુભ મુહુર્ત : 13-16 pm to 14-30 pm
- શુભ મુહુર્ત : 16-59 pm to 18-45 pm
- અમૃત મુહુર્ત : 18-45 pm to 20-31 pm
- ચલ મુહુર્ત : 20-31 pm to 22-16 pm
- સ્થિર વૃશ્ચિક લગ્ન : 7-50 am to 10-18 am
- અભિજીત વિજયકાળ મુહુર્ત : 11-37 am to 12-16 pm
- સ્થિર કુંભ લગ્ન : 13-44 pm to 14-53 pm
- સ્થિર વૃષભ લગ્ન : 17-16 pm to 19-02 pm
- પ્રદોષ કાળ મુહુર્ત : 17-02 pm to 18-52 pm
- સ્થિર સિંહ લગ્ન : 23-57 pm to 02-33 am

મોબાઈલ : 647-770-5984 ETOBICOKE
E-mail : trivedi_ss@yahoo.com

MY-BANSURI.COM WISHES YOU AND YOUR FAMILY

Have a Nice Day!
my bansuri
www.my-bansuri.com







DEEP GANGULY

EMAIL : bansibhai3@gmail.com;

www.my-bansuri.com, 416-988-8427

રાજકીય ગરમાવો : ચૂંટણીઓ માટે તમામ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરાયા

ઓન્ટેરિયો, ક્યુબેક અને સાસ્કાચેવાનમાં ડિસેમ્બરમાં ૬ પેટાચૂંટણી

વિવિધ પક્ષોના સાંસદોના રાજીનામા બાદ ખાલી પડેલી બેઠકો માટે આગામી 7 ડિસેમ્બરે યોજાશે મતદાન

ઓન્ટેરિયો

વડાપ્રધાન માર્ક કાર્નેએ રજાઓ પહેલાં દેશમાં છ પેટાચૂંટણીઓ યોજવાની સત્તાવાર જાહેરાત કરતા રાજકીય માહોલ ગરમાયો છે. તાજેતરના મહિનાઓમાં વિવિધ પક્ષોના સાંસદોના પ્રસ્થાનને કારણે ખાલી પડેલી છ બેઠકો ભરવા માટે આગામી ૭ ડિસેમ્બરે મતદાન યોજાશે. આ ચૂંટણીઓ દ્વારા ઓન્ટેરિયો, ક્યુબેક અને સાસ્કાચેવાનના મતદારો હાઉસ ઓફ કોમન્સમાં પોતાના નવા પ્રતિનિધિઓ ચૂંટશે.

ઓન્ટેરિયોના મતદારો નક્કી કરશે કે બ્રેન્ટફોર્ડ-બ્રાન્ટ સાઉથ અને સ્કારબોરો નોર્થના મતદારો હાઉસ ઓફ કોમન્સમાં કોને મોકલશે. બ્રેન્ટફોર્ડ-બ્રાન્ટ સાઉથની બેઠક કન્ઝર્વેટિવ સાંસદ લેરી બ્રોક દ્વારા ખાલી કરવામાં આવી હતી, જેઓ કાઉન પ્રોસિક્યુટરની ઓફિસમાં પાછા ફર્યા છે. આ બેઠક માટે લિબરલ્સે પ્રમાણિત નાણાકીય આયોજક જોય ઓ'ડોનેલને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે કન્ઝર્વેટિવ્સે બ્રેન્ટફોર્ડના ભૂતપૂર્વ મેયર કેવિન ડેવિસને નોમિનેટ કર્યા છે.

બ્રોએ સ્થાનિક પાદરી ડેવ કેરોલને અનુગામી તરીકે સમર્થન આપતા તેમના નામાંકનને લઈને થોડી ટીકાઓ થઈ હતી અને હવે કેરોલ સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની યોજના ધરાવે છે.

બીજી તરફ, સ્કારબોરો નોર્થમાં લિબરલ સાંસદ શોન ચેને ઓક્ટોબર ૨૦૨૫માં થયેલા કાર અકસ્માત બાદ સ્વાસ્થ્ય ચિંતાઓને ટાંકીને રાજીનામું આપ્યું હતું.

ક્યુબેકમાં ત્રણ રાઈડિંગ માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે. રોઝમોન્ટ-લા પેટાઈટ-પેટ્રી બેઠક લાંબા સમયથી એનડીપી સાંસદ એલેક્ઝાન્ડ્રે બૌલેરિસે ૨૦૨૬ની પ્રાંતીય ચૂંટણીમાં ક્યુબેક સોલિડેર માટે ચૂંટણી લડવા રાજીનામું આપ્યા બાદ ખાલી પડી હતી, જેમાં તેમણે જીત મેળવી હતી. જ્યારે બ્લોક ક્યુબેકોઇસ રાઇડિંગના સેન્ટ-હાયસિન્થે-બેગોટ-એક્ટનનું પ્રતિનિધિત્વ અગાઉ સિમોન-પિયર સેવર્ડ-ટ્રેમ્બલે કરતા હતા, જેમણે ૨૦૨૬ની ચૂંટણીમાં પાર્ટી ક્યુબેકોઇસ માટે ચૂંટણી લડવા રાજીનામું આપ્યું હતું અને વિજય મેળવ્યો હતો.

આ બેઠક પર બ્લોક ક્યુબેકોઇસે માનવ અધિકાર કાર્યકર્તા ઝુમરેટય આર્કિનને અને એનડીપીએ નીમા માચૌફને નામાંકિત કર્યા છે. પશ્ચિમી પ્રાંતોની વાત કરીએ તો, પ્રેઇરીઝમાં યોર્કટન-મેલવિલેમાં પણ પેટાચૂંટણી યોજાશે, જે ૨૦૧૫ની ફેડરલ ચૂંટણીથી કન્ઝર્વેટિવ સાંસદ કેથે વેગન્ટલ પાસે હતી. તેમણે આ ઉનાળામાં આગામી સંઘીય ચૂંટણી ન લડવાની જાહેરાત કરી ૩૧ ઓગસ્ટે રાજીનામું આપ્યું હતું. આ બેઠક માટે યોર્કટનના મેયર એરોન કીનલેને લિબરલ ઉમેદવાર જાહેર કરાયા છે, જ્યારે નેલ્સન પોહલ કન્ઝર્વેટિવ્સનું પ્રતિનિધિત્વ કરશે. હાલ એનડીપી દ્વારા આ બેઠક પર કોઈ ઉમેદવાર જાહેર કરવામાં આવ્યો નથી.



"મને શોધવાનો નવીન માર્ગ" વિષય પર બ્રહ્મા કુમારી દ્વારા એજેક્સમાં ચિત્ર પ્રદર્શની

કાર્યક્રમમાં 200 જેટલા વ્યક્તિઓએ રસપૂર્વક ભાગ લીધો : પ્રદર્શનીમાં મેડિટેશન તેમજ સર્જનાત્મક પ્રવૃત્તિ અંગે સમજ આપતા ચિત્રોનો સમાવેશ

એજેક્સ

બ્રહ્મા કુમારી દ્વારા ઓક્ટોબર ૩૧, ૨૦૨૬ શનિવારના રોજ ઓડલી રિક્રિએશન સેન્ટર ખાતે એજેક્સમાં "મને શોધવાનો નવીન માર્ગ, જોવાથી બનવા સુધી" વિષય ઉપર ચિત્ર પ્રદર્શનીનું આયોજન સવારે ૧૦થી સાંજના ૪ કલાક સુધી કરવામાં આવ્યું હતુ. વિના મૂલ્યે યોજાયેલી આ પ્રદર્શનીમાં મેડિટેશનનો અનુભવ તેમજ સર્જનાત્મક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રદર્શનીમાં ચિત્રો સાથે સમજણ આપવામાં આવી હતી કે હું કોણ છું, હું મારી જાતને કેવી રીતે ચાર્જ કરી શકું, મારા જીવનનો હેતુ શું છે, હું ક્યાંથી આવું છું, પરમપિતા પરમાત્મા કોણ છે, સૃષ્ટિ ચક્ર શું છે, કલ્પ અથવા ક્રિસમસ વૃક્ષ શું છે, રાજયોગની મદદથી કઈ શક્તિઓ પ્રાપ્ત થાય, દેહાભિમાન અને આત્માભિમાનનું વૃક્ષ શું છે. આ સાથે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ, જીવનની શક્તિઓ અને મૂલ્યો, સદગુણોનું ચક્ર અને મેડિટેશનનો અનુભવ કરવા માટે અલગ ટેન્ટનું આયોજન પણ નયનરમ્ય હતું. ત્યારબાદ વધુ જાણવા ઉત્સુક આત્માઓ માટે રાજયોગના વિગતવાર કોર્સની નોંધણી કરવામાં આવી હતી. અંતે દરેકનો બ્લેસિંગ કાર્ડ અને પ્રસાદ સાથે આભાર માનવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા વ્યક્તિઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે પરમપિતા પરમાત્માની યાદ સાથે તમામ સ્વયંસેવક બી.કે. બહેન અને ભાઈઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

હેલોવીન પર્વની ખુશીઓને ગ્રહણ : કેન્ડી અને ચિપ્સમાંથી સોય અને ગોળી મળી

ઓટ્ટાવા, મોન્ટ્રીયલ અને વિનીપેગમાં બાળકોની મીઠાઈઓ સાથે ચેડાં થયાના ચોંકાવનારા અહેવાલો

ઓસાવા

પરિવારોને ચેડાં થયાના અનેક અહેવાલો મળ્યા બાદ કેનેડાભરમાં પોલીસ તંત્ર દ્વારા ભારે સાવધાની રાખવાની તાકીદ કરવામાં આવી રહી છે. નોવા સ્કોટીયા અને આલ્બર્ટામાં આરસીએમપી, ક્યુબેકમાં પ્રાંતીય પોલીસ, વિનીપેગ અને મેડિસિન હેટ (અલ્બર્ટા)માં શહેર પોલીસ તેમજ ડરહામ પ્રાદેશિક પોલીસ લોકોને 'ટ્રિક-ઓર-ટ્રીટ' દરમિયાન મળેલી વસ્તુઓ અને હોલ્સની કાળજીપૂર્વક ચકાસણી કરવા અંગે તાકીદ થઈ રહી છે.

ડરહામની પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, ઓસાવામાં હેલોવીન કેન્ડીમાંથી સીવણની સોય મળી આવ્યા બાદ તપાસ ચલાવી રહ્યા છે. દરમિયાન ક્યુબેક પ્રાંતીય પોલીસે માહિતી આપી હતી કે તેમને મોન્ટ્રીયલથી લગભગ ૧૦૦ કિલોમીટર ઉત્તરપૂર્વમાં આવેલા ડ્રમન્ડવિલેમાં ચોકલેટ કે કેન્ડીમાંથી સોય મળી આવ્યાની જાણકારી ફોન થકી મળી છે. નોવા સ્કોટીયા આરસીએમપીએ જણાવ્યું કે બીવર બેંકમાં ટ્રિક-ઓર-ટ્રીટિંગ કર્યા બાદ એક વાલીને બાળકની બેગમાંથી સિરીંજ મળી આવી હતી.

આ ઉપરાંત, ગાર્ડન સિટી અને રોયલવુડ પડોશમાંથી હેલોવીન ચોકલેટમાં સીધી પિન ભરાવેલી હોવાના બે કિસ્સા સામે આવ્યા બાદ વિનીપેગ પોલીસ સર્વિસે વાલીઓને બાળકોની તમામ કેન્ડીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવા અપીલ કરી હતી. આલ્બર્ટામાંથી પણ મીઠાઈઓ સાથે છેડછાડ થયાના બે બનાવો નોંધાયા છે.

ઉત્તરપૂર્વ વિસ્તારમાં એક બાળક ટ્રિક-ઓર-ટ્રીટિંગ કરી રહ્યું હતું ત્યારબાદ કેન્ડીમાંથી સોય મળી આવી હતી. આલ્બર્ટામાં વધુ દક્ષિણે આવેલ મેડિસિન હેટ પોલીસ સર્વિસે સોમવારે ખુલાસો કર્યો હતો કે ચિપ્સની એક બેગમાંથી શંકાસ્પદ ગોળી મળી આવી છે, જે અગાઉથી ખોલવામાં આવી હોય તેમ લાગતું હતું. રવિવારે સાંજે એક રહેવાસીએ ચિપ્સની આંશિક રીતે ડિફ્લેટેડ બેગ શોધી કાઢી હતી, જેના એક ખૂણામાં ચીરો કાપેલો હતો.

પેકેટના ખુલ્લા ભાગમાંથી "૪૦૦" નંબર લખેલી એક અજાણી ગોળીનો અમુક ભાગ બહાર દેખાતો હતો. સદનસીબે ચિપ્સનો કોઈ પણ હિસ્સો ખાવામાં આવ્યો ન હતો. અંતે તપાસકર્તાઓએ વધુ તપાસ માટે થેલી અને ગોળી જપ્ત કરી લીધી હતી.

ટોરોન્ટો યુનિ.ના મિસિસાગા કેમ્પસમાંથી યુવકની લાશ મળતા ચકચાર : વર્ગો રદ

મહિલા પર હેન્ડગનથી હુમલો કરનાર શંકાસ્પદ હોસ્ટેલમાં છુપાયો હતો

મિસિસાગા

જાણીતી યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના મિસિસાગા કેમ્પસ સ્થિત વિદ્યાર્થીઓની હોસ્ટેલમાંથી સોમવારે રાત્રે ૧૯ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતાં સન્નાટો વ્યાપી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી તંત્ર દ્વારા મંગળવારે તમામ વર્ગો રદ કરી દેવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ૨ નવેમ્બરના રોજ બ્રામ્પ્ટનમાં એક વ્યક્તિએ મહિલા ઉપર હેન્ડગન વડે હુમલો કર્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. તપાસ દરમિયાન રાત્રે આશરે ૯ વાગ્યે પોલીસે ડુંડાસ સ્ટ્રીટ વેસ્ટ અને મિસિસાગા રોડ નજીક આવેલા કેમ્પસ રહેઠાણમાંથી શંકાસ્પદ યુવકનું લોકેશન શોધી કાઢ્યું હતુ. પોલીસનું માનવું છે કે, મૃતક યુવક યુનિવર્સિટીનો વિદ્યાર્થી ન હતો, પરંતુ ત્યાં રહેતી કોઈ પરિચિત વ્યક્તિને મળવા આવ્યો હતો. બેલ-મોરેનાએ ઉમેર્યું હતું કે પોલીસે યુવક સાથે સંપર્ક સાધીને વાતચીત કરવાના અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં આખરે અધિકારીઓ રૂમમાં દાખલ થયા હતા. જ્યાં યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો. અધિકારી ડેનેટના જણાવ્યા મુજબ, શંકાસ્પદ વ્યક્તિને કાબૂમાં લેવાના પ્રયાસ રૂપે પોલીસે ૨૦થી વધુ રાઉન્ડ અંધાધૂંધ ફાયરિંગ પણ કર્યું હતું.

યુદ્ધના એંધાણ : લાતવિયામાં નાટોની કેનેડિયન-નેતૃત્વવાળી બ્રિગેડ દ્વારા રક્ષણાત્મક કવાયત

ટેન્ક, પાયદળ અને એન્જિનિયરો સાથે 3,000થી વધુ સૈનિકો પૂર્વ સરહદ તરફ આગળ વધ્યા

કમાન્ડરો દ્વારા લડાઈની તૈયારીઓની સમીક્ષા

લાતવિયા

ઈતિહાસમાં પહેલી વાર લાતવિયામાં તૈનાત નાટોની આખી કેનેડિયન-નેતૃત્વવાળી લશ્કરી બ્રિગેડ પૂર્વમાં તૈનાત થઈ રહી છે, જે સીધી રશિયા અને બેલારુસ બંનેની સરહદ નજીક આવેલી છે. આ બહુ-દિવસીય કવાયતમાં ભાગ લેવા માટે ટેન્ક, પાયદળ, તબીબી કર્મચારીઓ અને એન્જિનિયરો લાતવિયાના અદાઝી સ્થિત બેઝથી પૂર્વ તરફ આગળ વધી રહ્યા છે, જ્યાં નાટોના પૂર્વીય મોરચા પર રક્ષણાત્મક સ્થિતિઓનું નિર્માણ કરાશે.

લાતવિયા એ કેનેડાની સૌથી મોટી દેખરેખ હેઠળની વિદેશી લશ્કરી તૈનાતનું ઘર છે. કેનેડા 'ઓપરેશન રીએસ્યુરન્સ' હેઠળ દેશમાં નાટોના બહુરાષ્ટ્રીય બ્રિગેડનું નેતૃત્વ કરી રહ્યું છે. અદાઝી બેઝમાં ૧૪ નાટો રાષ્ટ્રોના આશરે ૩,૦૦૦ સૈનિકો વસે છે, જેમાંથી અંદાજે ૨,૦૦૦ સભ્યો કેનેડિયન સશસ્ત્ર દળોના છે. આ તમામ સૈનિકો આ અઠવાડિયાના પૂર્વમાં સામૂહિક એકત્રીકરણ કવાયતમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. યુક્રેન પર સંપૂર્ણ પાયે થયેલા આક્રમણ બાદ આ ક્ષેત્રમાં રશિયન આક્રમણનો ભય નોંધપાત્ર રીતે વધ્યો છે. કેમલિન પર ડ્રોન હુમલાઓથી માંડીને સાયબર હુમલાઓ સુધીના સમગ્ર પ્રદેશમાં "હાઈબ્રિડ યુદ્ધ" ચલાવવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી અદાઝીના તાલીમ ક્ષેત્રમાં તોપખાના, ટેન્કો અને સૈનિકોના આદેશોથી માહોલ ગુંજી રહ્યો છે. કેનેડિયન નેતૃત્વ હેઠળની બ્રિગેડ પૂર્વીય લાતવિયામાં તેમની આ તૈનાતી અગાઉ પોતાની લડાઈ તૈયારીઓનું સઘન મૂલ્યાંકન કરી રહી છે.

સાબર ડેરીમાં સભ્યને એક કરોડની ઓફર, હોર્સ ટ્રેડિંગના આક્ષેપો

ચેરમેન સહિતના આગેવાનોને મંત્રી નિવાસમાં પ્રભારી મંત્રીઓએ બોલાવીને બેઠક યોજી, ઓડિયો ક્લિપમાં નોકરીને નામે નાણા મંગાયા

સાબર ડેરી

સાબર ડેરીની ચૂંટણી પૂર્વે સહકારી રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. ચેરમેન અને વાઈસ ચેરમેન પદ મેળવવા માટે દાવેદારો વચ્ચે તીવ્ર ખેંચતાણ શરૂ થઈ છે. ત્રણ લાખ પશુપાલકોની નજર વચ્ચે 6 તારીખે ડેરીના નવા સુકાનીનો ફેંસલો થવાનો છે.

દૂધમાં મિલાવટ,રૂપિયા 10માં નોકરીઓનું વેચાણ થયાની ઓડિયો ક્લિપથી દિવસેને દિવસે વધુને વધુ વિવાદમાં ધકેલાઈ રહેલા સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ સાબર ડેરીમાં નવા ચેરમેનની ચૂંટણી પહેલા હોર્સ ટ્રેડિંગ થઈ રહ્યાના આક્ષેપો થયા છે.આ વિવાદમાં વધુ



ભડકો થાય અને મોટા માથાના નામો ખુલે તેના પહેલા જ ભાજપ અને સરકારે ડેમેજ કંટ્રોલ શરૂ કર્યું છે. બુધવારે કેબિનેટની બેઠક બાદ વર્તમાન ચેરમેન શામળ પટેલ સહિતના આગેવાનોને અહીંયા મંત્રી નિવાસમાં પ્રભારી મંત્રીઓએ બોલાવીને બેઠક યોજી હતી.

ડેરીમાં આગામી અઢી વર્ષના કાર્યકાળ માટે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી આવતીકાલે 6 નવેમ્બરના રોજ છે. જેને લઈ સહકારી રાજકારણમાં મોટો ગરમાવો છે. ભાજપમાંથી સત્તાવાર મેન્ડેટ પહેલાં જ વિપુલ પટેલને ચેરમેન બનાવવાની હિલચાલથી સ્થાનિક સ્તરે નારાજગી ફેલાઈ છે. ચેરમેન પદ માટે નવા ચહેરાને સત્તા સોંપવાની ચર્ચાઓ વચ્ચે ભાજપના સ્થાનિક ધારાસભ્યો, સાંસદો સેન્સ લેવાની પ્રક્રિયાથી સંપૂર્ણપણે દૂર રહ્યા હતા. સંગઠનમાં ઊભી થયેલી આ ખુલ્લી આંતરિક ખેંચતાણને પગલે પ્રદેશ ભાજપ નેતૃત્વ દ્વારા તાકીદે તમામ ડિરેક્ટરોને મહત્ત્વની બેઠક માટે તેડું મોકલ્યું હતું. બુધવારે બપોરે પછી મંત્રીનિવાસમાં પ્રભારી મંત્રી ઋષભભાઈ સોલંકી અને પ્રદ્યુમન વાજાને ત્યાં પ્રદેશના નેતા સાથે એક બેઠક મળી હતી.

વાયરલ થયેલી કથિત ઓડિયો ક્લિપમાં ડેરીમાં નોકરી અપાવવાના બહાને ઉમેદવારો પાસેથી રૂ.10 લાખથી 20 લાખની માંગણી કર્યાના ગંભીર આક્ષેપો થયા છે. એટલું જ નહીં, આ ડેરીના વહીવટમાં દૂધ ઉત્પાદક પશુપાલકોના હિતોને બદલે અમુક ચોક્કસ કોન્ટ્રાક્ટરો- વચેટિયાઓનું પ્રભુત્વ વધ્યાની ફરિયાદો વચ્ચે દૂધમાં મિલાવટના બનાવો છતાંય કોઈ જ પ્રકારની કાર્યવાહી થતી નથી એ મુદ્દે પણ સપાટી ઉપર આવ્યો છે

ધોળકામાં અનૈતિક સંબંધો બાંધવા બળજબરી કરનાર યુવકની પટ્ટાથી ટૂંપો દઈ ઘાતકી હત્યા

સંબંધ બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો, ડેડ બોડી ફેંકી દેનાર સાથીદાર ઝડપાયો

ધોળકા

ધોળકાના માંડણપુરા ગામની સીમમાં 1 નવેમ્બરની રાત્રે સાથીદારે કથિત રીતે અનૈતિક સંબંધો બાંધવા બળજબરી કરતાં પટ્ટાથી ટૂંપો દઈને હત્યા કરી દીધી હતી. મૃતક વ્યક્તિની ઓળખ પવન કુમાર ઉર્ફે કમાન્ડર તરીકે થઈ છે, જે ઉત્તર પ્રદેશના કાસગંજ જિલ્લાનો વતની હતો. તે શ્રમિકોના એક જૂથ સાથે ઈંટના ભટ્ઠા પર કામ કરવા આવ્યો હતો. આ ઘટના ગામની સીમમાં આવેલી કેનાલ નજીક રાત્રે 9થી 10 વાગ્યાની વચ્ચે બની હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા મુજબ, પવન કુમાર અને ભોલેરામ રાત્રે જમવાના સમયે કંઈક લેવા માટે ભટ્ઠા પરથી સાથે નીકળ્યા હતા. લાંબા સમય સુધી બંને પાછા ન ફરતાં શ્રમિકોના સુપરવાઈઝર તેમની શોધખોળ કરવા નીકળ્યા હતા. રાત્રે આશરે 10 વાગ્યે કેનાલ નજીક શોધખોળ દરમિયાન ભોલેરામ વચ્ચો મળ્યો હતો. પૂછપરછ દરમિયાન ભોલેરામે જણાવ્યું કે, પવન કુમારે તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. ઝઘડા દરમિયાન ભોલેરામે પટ્ટા વડે પવનનું ગળું ટૂંપી દીધું હતું. ત્યારબાદ સુપરવાઈઝર ભોલેરામને સાથે લઈને નજીકના એક ખેતરમાં ગયા હતા, જ્યાંથી પવનનો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં સુપરવાઈઝર આરોપીને પકડી ઈંટના ભટ્ઠા પર પરત લઈને પહોંચ્યા હતા અને સમગ્ર મામલે ભટ્ઠાના માલિકને જાણ કરી હતી.

રામવાડીમાં કારમાં આગ લાગ્યા બાદ CNGમાં બ્લાસ્ટ થતાં 5 લોકો દાઝી ગયા

વડોદરા

વડોદરા શહેરના રામવાડી વિસ્તારમાં ગત મોડી રાત્રે એક ભારે અફડાતફડી અને સળગતી કાર કૂતુહલવશ જેવી સ્થાનિકો માટે અકસ્માત નોતરનારી સાબિત થઈ હતી. રામવાડી ખાતે ઊભેલી એક કારમાં અચાનક શંકાસ્પદ સંજોગોમાં આગ ભભૂકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો સ્થળ પર એકઠા થઈ ગયા હતા. પરંતુ આગની જ્વાળાઓ વચ્ચે એકાએક કારમાં રહેલો સીએનજી (CNG) ગેસનો બાટલો જોરદાર ધડાકા સાથે ફાટતાં સમગ્ર વિસ્તાર ધ્રૂજી ઊઠ્યો હતો. આ ભયાનક બ્લાસ્ટમાં સ્થળ પર હાજર પાંચ થી વધુ લોકો ગંભીર રીતે દાઝી જતાં ચકચાર મચી જવા પામી છે. ફાયર બ્રિગેડ અને સ્થાનિક પોલીસને જાણ કરાતાં જ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ તુરંત જ પાણીનો મારો ચલાવીને કારમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે. કારમાં આગ કયા કારણોસર લાગી અને સીએનજી કિટ માન્ય હતી કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

વડોદરામાં કોર્પોરેશનના અધિકારી પર કાઉન્સિલર અને સાથીઓનો હુમલો

કામમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આરોપ લગાવી માર માર્યો

વડોદરા

ગુજરાતના વડોદરામાં ભાજપના કાઉન્સિલર અને તેમના સાથીઓએ કોર્પોરેશનના અધિકારીઓ પર હુમલો કર્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના વોર્ડ નંબર 4 ના કોર્પોરેટર મયુર ચોવટિયા અને સાથીઓએ ડ્રેનેજ વિભાગના અધિકારી પર હુમલો કર્યો હતો. જેમાં કાઉન્સલીર અને તેમના સાથીઓએ ડ્રેનેજની કામગીરી દરમિયાન ભ્રષ્ટાચાર થતો હોવાનો આરોપ લગાવીને એડિશનલ આસિસ્ટન્ટ ઈજનેર પ્રકાશ રોહિતને માર માર્યો હતો. જોકે, આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હુમલાનો ભોગ બનનાર પ્રકાશ રોહિત અન્ય અધિકારીઓ સાથે તાત્કાલિક બાપોદ પોલીસ સ્ટેશન પહોંચી કોર્પોરેટર અને તેમના મળતિયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયર રોહિત પ્રકાશે જણાવ્યું હતું કે, આ ઘટના વખતે કોર્પોરેટર સાથે 10 જેટલા લોકો પણ હતા.

સાણંદના વિંછીયામાં વંશમાં કોઈ ભુવો ન બને તે માટે પિતાએ પુત્રની પછાડીને હત્યા કરી

હત્યા કર્યા બાદ પિતા પુત્રના મૃતદેહ પાસે જ ખાટલો ઢાળીને સૂઈ ગયો હતો

સાણંદ

અમદાવાદના સાણંદના વિંછીયામાં એક પિતાએ પોતાના ૧૦ વર્ષના એકના એક પુત્રની ક્રૂર હત્યા કરી હતી. નરેશ પટેલ નામના શખ્સે પોતાના વંશમાં બીજું કોઈ ભુવો ન બને તે માટે પુત્ર કરણને માતાજીની દેરીએ પછાડી તથા લાકડીના ફટકા મારી પતાવી દીધો હતો. હત્યા બાદ તે પુત્રના મૃતદેહ પાસે જ ખાટલો ઢાળીને સૂઈ ગયો હતો. સાણંદ પોલીસે આ મામલે માતાની ફરિયાદ પરથી ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

૩૭ વર્ષીય ભારતીબેન પટેલ આશરે ૧૦ દિવસ અગાઉ પતિ નરેશના મારઝૂડથી કંટાળીને પિયર જતા રહ્યા હતા, પણ કરણની શાળામાં પરીક્ષા ચાલતી હોવાથી તેને પિતા પાસે રાખ્યો હતો. ૧ નવેમ્બરની સાંજે પાડોશીએ ફોન કરી જાણ કરી હતી કે નરેશ કરણને લાકડીથી ઢોર માર મારે છે. આથી ગભરાયેલા ભારતીબેન રાત્રે ૯ વાગ્યે તેમના માતા-પિતા અને ભાઈ-ભાભી સાથે તાત્કાલિક વિંછીયા પહોંચ્યા હતા. તેઓ ઘર પાસે આવેલી જોગણી માતાની દેરી નજીક પહોંચ્યા ત્યારે કરણ ખાટલામાં લોહીલુહાણ હાલતમાં મૃત પડ્યો હતો અને બાજુમાં નરેશ લોહીવાળા કપડાંમાં આરામથી સૂતો હતો. પૂછપરછમાં નરેશે પસ્તાવા વગર કબૂલ્યું કે, તેના પિતા ભુવા હતા અને ત્યારબાદ પોતે ભુવો બન્યો છે, હવે પરિવારમાં કોઈ ભુવો ન બને તે માટે તેણે પુત્રના બંને પગ પકડી દેરીએ બે-ત્રણ વાર પછાડી અને માથામાં લાકડી મારી હત્યા કરી હતી.

વડોદરામાં આફ્રિકન પોપટ લડ્ડુ ગૂમ થતાં પરિવાર શોકમગ્ન, શોધનારને એક લાખનું ઈનામ જાહેર

પોપટ લડ્ડુને બાળકની જેમ સાચવવા ઉછેર માટે મહિલાએ શાળાની નોકરી પણ છોડી દીધી

વડોદરા

વડોદરાના સેવાસી રોડ પર રહેતા પરિવારનો છ મહિનાનો આફ્રિકન ગ્રે પોપટ 'લડ્ડુ' છેલ્લા ચાર દિવસથી ભેદી સંજોગોમાં ગુમ થઈ ગયો છે. પોતાના બાળકની જેમ જેનો ઉછેર કર્યો હતો તે પક્ષી ગુમ થઈ ગયો હતો. પરિવારે આ આફ્રિકન ગ્રે પોપટને ગત જુલાઈ મહિના દરમિયાન મુંબઈ ખાતેથી રૂ. 1.10 લાખ ચૂકવીને ખરીદ્યો હતો અને તેને પ્રેમથી લડ્ડુ નામ આપ્યું હતું. આ મહિલાએ લડ્ડુના યોગ્ય ઉછેર અને માવજત માટે પોતાની ખાનગી શાળાની નોકરી પણ છોડી દીધી હતી. તેમના જણાવ્યા મુજબ લડ્ડુ સવારથી રાત સુધી સતત તેમની સાથે જ રહેતો હતો. તે તેમના ખોળામાં બેસીને જમતો હતો. લડ્ડુ અચાનક ગુમ થઈ જતાં પરિવારની મહિલા ઊંડા આઘાતમાં સરી પડ્યાં છે અને છેલ્લા ચાર દિવસથી તેમણે અન્નનો એક દાણો પણ લીધો નથી.

પરિવાર દ્વારા સોસાયટી તેમજ આસપાસના સમગ્ર વિસ્તારમાં સઘન શોધખોળ કરવામાં આવી હોવા છતાં તેનો કોઈ જ પત્તો લાગ્યો નથી. પોતાના બાળકની જેમ ઉછેરેલા આ પક્ષીને હેમખેમ પરત મેળવવા માટે પરિવારે તેને શોધી લાવનાર વ્યક્તિને રૂ. 1 લાખનું રોકડ ઈનામ આપવાની જાહેરાત કરી છે. પક્ષીની ઓળખ અંગે પરિવારે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે લડ્ડુની આંખ પાસે એક ખાસ નિશાન રહેલું છે, તેની ચાંચ પર ખરબચડાં નિશાન છે તેમજ તેના પગમાં કડું પહેરાવેલું છે, જેથી તેને આસાનીથી ઓળખી શકાશે. લડ્ડુ તેમના માટે માત્ર એક પોપટ નહોતો પરંતુ તેમનો પોતાનો દીકરો હતો.

છાણી કેનાલમાંથી ઓઢણી વડે કમરે બાંધેલી હાલતમાં મૃત માતા-પુત્રી મળ્યા

હાથ ઉપર દોરેલા ટેટુના આધારે ઓળખની કવાયત

વડોદરા

છાણી કેનાલ પાસેથી પસાર થતા રાહદારીઓને પાણીમાં કોઈ તરતું હોવાનો આભાસ થયો હતો. આ જોતાં જ નજીકમાં ગેરેજ ચલાવતા યુવકો અને સ્થાનિક રહીશો તાત્કાલિક કેનાલ કાંઠે દોડી આવ્યા હતા. મહિલાને બહાર કાઢતાં જ ઉપસ્થિત તમામ લોકોના કાળજા કંપી ઊઠ્યા હતા. મહિલાએ પોતાની કમર સાથે માત્ર ૮ મહિનાની માસૂમ બાળકીને ઓઢણી વડે મજબૂત રીતે બાંધી રાખી હતી. બંનેને બહાર કાઢવામાં આવ્યા ત્યારે ચમત્કારિક રીતે માતા અને બાળકી બંનેના શ્વાસ ચાલી રહ્યા હતા. હાજર લોકોએ તાત્કાલિક તેમને હોસ્પિટલ પહોંચાડવાના પ્રયાસો શરૂ કર્યા અને એમ્બ્યુલન્સ બોલાવવા તજવીજ હાથ ધરી હતી. જોકે, અત્યંત નાજુક પળોમાં સમયસર એમ્બ્યુલન્સ કે યોગ્ય વાહનવ્યવસ્થા ન મળતાં બંનેના મોત થયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. મૃતકો પાસે કોઈ ઓળખપત્ર કે સામાન ન મળતાં ઓળખ કરવી મુશ્કેલ બની છે. મહિલાના જમણા હાથ પર ટેટૂ મળી આવ્યું હતું. જેમાં રશ્મિકા લખેલું હતું. જે હાલ પોલીસ માટે સૌથી મોટો કડીરૂપ પુરાવો છે.

સુરતમાં ગે પાર્ટનરથી એઇડ્સ થતા યુવકના આપઘાતનો ચકચારી મામલો

મૃતકના પાર્ટનર સામે નોંધાયેલી આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ રદ કરવા HCનો આદેશ

આત્મહત્યાની દુષ્પ્રેરણાનો કેસ બનતો નથી : સુનાવણીને અંતે ટિપ્પણી કરતી કોર્ટ

સુરત

શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. સુરતના ગે યુવકને પાર્ટનર સાથેના સંબંધથી એઈડ્સ થયો હતો. જેથી યુવકે આપઘાત કર્યો હતો. આ કિસ્સામાં દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો હતો. કોર્ટે કહ્યું કે જો આરોપોને તેમના મૂળ સ્વરૂપમાં પણ સ્વીકારવામાં આવે, તો પણ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો બનતો નથી.

21 જાન્યુઆરી, 2022ના રોજ વરાછાના 25 વર્ષીય યુવકે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. આપઘાતની એ જ સવારે યુવકે માતા-પિતાને એઈડ્સ થયો હોવાની જાણ કરી હતી. પરિવારને ઘટનાના એક અઠવાડિયા પહેલા જ ખબર પડી હતી કે યુવક ડિપ્રેશનમાં હતો. તેને સતત આપઘાતના વિચારો આવતા હતા અને સમલૈંગિક સંબંધમાં હતો.



પુત્રના મોત બાદ તેના પિતાએ વરાછા પોલીસ મથકે મૃતકના ભાગીદાર સામે ફરિયાદ નોંધાવી હતી. પિતાએ આક્ષેપ કર્યો હતો કે, તેની સાથેના સંબંધના કારણે જ તેમના પુત્રને એઈડ્સ થયો હતો. ઉપરાંત ભાગીદાર તરફથી ધમકીઓ મળતી હતી, જેના પુરાવા તરીકે તેમણે મોબાઈલના મેસેજ પણ દર્શાવ્યા હતા.

આરોપીએ તેની સામે થયેલી ફરિયાદ રદ કરાવવા હાઈ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. તેણે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે તેણે ક્યારેય મૃતકને આપઘાત માટે ઉશ્કેર્યો નથી. મૃતક કાલ્પનિક દુનિયામાં જીવતો હતો અને પોતાને એક મોટા બિલ્ડરનો દીકરો ગણાવી નફાકારક બિઝનેસ ચલાવતો હોવાનો દેખાડો કરતો હતો. વાસ્તવિકતા અને જૂઠાણા વચ્ચેના તાલમેલના અભાવે તેણે આ પગલું ભર્યું હોઈ શકે છે. આ કેસમાં 4 વર્ષ બાદ મૃતકના પિતાએ સમાધાન કરી કાર્યવાહી રદ કરવા સામે કોઈ વાંધો ન હોવાનું સોગંદનામું આપ્યું હતું, જોકે રાજ્ય સરકારે આ સમાધાનનો વિરોધ કર્યો હતો.

હાઈ કોર્ટે તમામ પાસાઓની ચકાસણી બાદ નોંધ્યું કે, ફરિયાદના મૂળ આરોપોને ધ્યાને લેવામાં આવે તો પણ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો કેસ બનતો નથી તેમજ આરોપી વિરુદ્ધની એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો હતો.

સુરતના ડાયમંડ બુર્સની ચમક ફિક્કી પડી, માત્ર ૩૦૦ ઓફિસો જ કાર્યરત

ડાયબુર્સમાં 4200 ઓફિસો છે, બજારમાં મંદી હોવાનું કારણ

સુરત



ગુજરાતના સુરતમાં ત્રણ વર્ષ પૂર્વે બનેલા ડાયમંડ બુર્સમાં હજુ પણ વેપારની ચમક જોવા નથી મળી. જે હેતુથી ડાયમંડ બુર્સનું નિર્માણ કરવામાં આવ્યું હતું તે હાલ તો ફળીભૂત થયું હોય તેવું લાગતું નથી.જેની પાછળ ડાયમંડ વેપારીઓ વૈશ્વિક હીરા બજારમાં મંદી, ઓછા આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ઓછી સુવિધાઓ અને શહેરથી દૂરનું અંતર મુખ્ય કારણો જણાવી રહ્યા છે. તેમજ મળતી માહિતી મુજબ ૪૨૦૦ માંથી માત્ર ૩૦૦ ઓફિસો જ કાર્યરત છે.

જોકે,ડાયમંડ બુર્સમાં આ વર્ષે એપ્રિલમાં દુબઈના સૂટાર જેમ્સ ગ્રૂપે મધ્યપૂર્વના યુદ્ધ અને ભૌગોલિક તણાવથી દૂર રહેવા અહીં ૭ દિવસની રફ હીરાની હરાજી યોજી હતી. જુલાઈમાં ૪ સુરતી કંપનીઓએ ભારત-બ્રિટન ફ્રી ટ્રેડ કરાર અમલી બન્યા બાદ ૧ કરોડ ડોલરના હીરાની પ્રથમ ખેપ બ્રિટન મોકલવા બુર્સમાં જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલની ઓફિસનો ઉપયોગ કર્યો હતો. જોકે, આ ઉપરાંત હાલ સુધી કોઈ મોટી ઈવેન્ટ ડાયમંડ બુર્સમાં નથી યોજાઈ.

વેપારીઓના મતે મુંબઈના બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં આવેલા ભારત ડાયમંડ બુર્સની સરખામણીએ સુરતનું સંકુલ શહેરથી દૂર હોવાથી ખરીદદારોની અવરજવર ઓછી છે. મુંબઈમાં આંતરરાષ્ટ્રીય ખરીદદારોને મળતી સુવિધાઓ પણ સુરતમાં ઉપલબ્ધ નથી. મુંબઈમાં થતો મોટો હીરા વેપાર મોટાભાગે સુરતમાં તૈયાર થયેલા હીરાનો હોય છેજે ટ્રેન મારફતે ૪થી ૫ કલાકમાં પહોંચે છે.

સુરતના કબ્રસ્તાનમાંથી યુવકનું માથા વગરનું નગ્ન ધડ મળતાં ખળભળાટ

3 કિલોમીટર દૂર રેલવે ટ્રેક પરથી યુવકનું કપાયેલું માથું મળી આવ્યું

સુરત

કતારગામના ગોટાલાવાડી ચાર રસ્તા પાસેના ખ્રિસ્તી કબ્રસ્તાનમાંથી ૩ નવેમ્બરની રાત્રે એક અજાણ્યા યુવકનું માથાવિહોણું નગ્ન ધડ મળતા સનસનાટી મચી હતી. કંટ્રોલ રૂમના મેસેજથી કતારગામ પોલીસ, એફએસએલ અને ડોગ સ્ક્વોડ સ્થળ પર દોડી ગઈ હતી. ઓળખ છુપાવવા માથું કાપીને બીજે ફેંકાયાની આશંકાએ શોધખોળ કરાતા, કબ્રસ્તાનથી ત્રણ કિલોમીટર દૂર અલકાપુરી રેલવે ટ્રેક પરથી યુવકનું કપાયેલું માથું મળી આવ્યું હતું.

પોલીસના અનુમાન મુજબ, આ હત્યા આશરે બે દિવસ પહેલાં થઈ હોઈ શકે છે. આરોપીઓએ પુરાવાનો નાશ કરવા ધડ અને માથું અલગ સ્થળે ફેંક્યા હતા. પોલીસે મોડી રાત્રે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. પીએમ રિપોર્ટ આવ્યા બાદ હત્યાનો ચોક્કસ સમય અને રીત અંગે વધુ વિગતો સામે આવશે. હાલ અજાણ્યા હત્યારાઓને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરતનો રત્નકલાકાર 3 મહિનાથી રશિયામાં ગુમ : સંપર્ક તૂટી જતાં પરિવારજનોમાં ચિંતા

PMO અને રશિયન એમ્બેસી સમક્ષ પરિવાર દ્વારા રજૂઆત કરાઈ

સુરત

હીરા ઉદ્યોગમાં મંદી અને કામકાજમાં અનિશ્ચિતતાને કારણે સારી નોકરીની આશાએ રશિયા ગયેલા સુરતના 39 વર્ષીય રત્નકલાકાર રમણીક સાખવાળા છેલ્લા ત્રણ મહિનાથી રહસ્યમય રીતે ગુમ થયો છે. રશિયા ગયા બાદ હવે પરિવાર સાથેનો સંપર્ક સંપૂર્ણપણે કપાઈ જતાં સ્વજનો ભારે ચિંતામાં મુકાયા છે

અમરેલી જિલ્લાના પ્રતાપગઢ ગામના વતની અને છેલ્લા 35 વર્ષથી સુરતમાં સ્થાયી થયેલા રમણીક સાખવાળા જૂન 2025માં એક મિત્ર સાથે રશિયા ગયો હતો. શરૂઆતમાં છૂટક મજૂરીકામ હાથ ધર્યું હતું. તેના પત્નીએ જણાવ્યું કે, તેઓ ત્રણ મહિનાના વિઝિટર વિઝા પર ગયા હતા અને રોજીંદા ખર્ચા કાઢવા માટે કામ કરતા હતા. ત્યાંનું વાતાવરણ અનુકૂળ ન આવતા તેમણે શરૂઆતમાં એપ્રિલ મહિનામાં પરત ફરવાનું નક્કી કર્યું હતું, પરંતુ ત્યારબાદ રોકાણ લંબાવ્યું હતું. પતિ સાથે સંપર્ક કપાઈ જતાં હવે તેઓ પોતાના અને 16 વર્ષના પુત્રના ભરણપોષણ માટે સિલાઈકામ કરીને ગુજરાન ચલાવી રહ્યા છે. રમણીકભાઈની ભાળ મેળવવા માટે તેમના પરિવારજનોએ PMO તેમજ ભારતમાં આવેલી રશિયન એમ્બેસીમાં રજૂઆત કરીને શોધખોળની માંગણી કરી છે. પરિવારજનોએ જણાવ્યું કે, અમે રશિયન એમ્બેસીનો સંપર્ક કર્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેમની પાસે રમણીકની વર્તમાન સ્થિતિ અંગે કોઈ ચોક્કસ ડેટા નથી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઇપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MONDAY WEEKLY OFF
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
૬૪૭-૬૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT (INDIA)
WWW.SWADESH.NEWS
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

ભાવનગરના ચકચારી કાજલ બારૈયા હત્યા કેસમાં મુખ્ય આરોપી ફૈઝલને આજીવન કેદ

પોલીસે એક માસમાં ચાર્જશીટ દાખલ કરી, કોર્ટે માત્ર 62 દિવસમાં જ સજા ફટકારી દીધી

ભાવનગર

શહેરમાં ગત ૪ સપ્ટેમ્બરે જાહેરમાં થયેલી કાજલ બારૈયાની ઘાતકી હત્યા કેસમાં ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જજ આર.વી. બુખારીની અદાલતે મુખ્ય આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકી લાખાણીને દોષિત ઠેરવીને અંતિમ શ્વાસ સુધી જેલમાં રહે તેવી આજીવન કેદની આકરી સજા ફટકારી છે. આ ચકચારી ઘટનાના માત્ર ૬૨ દિવસના ટૂંકા સમયગાળામાં અદાલતે ન્યાયિક કાર્યવાહી પૂર્ણ કરીને આખરી ફેંસલો સંભળાવતા સમગ્ર પંથકમાં ન્યાયતંત્રની સરાહના થઈ રહી છે. આરોપી ફૈઝલ લાખાણીએ રસ્તા પર કાજલ નામની યુવતીને નિર્દયતાપૂર્વક માર મારીને મોતને ઘાટ ઉતારી હતી.

આ જીવલેણ હુમલાને પગલે લોકોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. આ ગંભીર ગુના અંગે નીલમબાગ પોલીસે ત્વરિત ધોરણે તપાસ હાથ ધરીને ગુનો નોંધ્યો હતો. પોલીસે આરોપી સામે કાનૂની શિકંજો કસવા મહત્વપૂર્ણ દસ્તાવેજી પુરાવાઓ તાત્કાલિક એકત્રિત કર્યા હતા. તપાસ અધિકારીઓએ સંવેદનશીલ કેસમાં નોંધપાત્ર ઝડપ દાખવી ઘટનાના એક મહિના બાદ ૪ ઓક્ટોબરે કોર્ટ સમક્ષ મજબૂત પુરાવાઓ સાથે ચાર્જશીટ રજૂ કરી હતી. અદાલતે તમામ સાક્ષીઓ, દસ્તાવેજો અને બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો હતો. પોલીસે એક માસમાં ચાર્જશીટ દાખલ કરી કોર્ટે માત્ર ૬૨ દિવસમાં જ સજા ફટકારી દીધી છે.

રાહુલ ગાંધીની રેલીમાં ગેરહાજર યુથ કોંગ્રેસના 49 હોદ્દેદાર સસ્પેન્ડ

વોટ ચોરી મુદ્દે કોંગ્રેસ દ્વારા વિરોધ કાર્યક્રમનું આયોજન હતું

અમદાવાદ

ગુજરાતમાં કોંગ્રેસના દિવાળી પૂર્વે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં 1 લી નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાયેલી રેલીમાં ગેરહાજર યુથ કોંગ્રેસના 49 હોદેદારો સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યમાં સ્ટેટ સેક્રેટરી સહિત 24 જિલ્લા પ્રમુખોને પદ પરથી દૂર કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરવામાં આવી હતી. કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ અને મતદાર યાદીમાં અનિયમિતતાઓના મુદ્દે આ વિરોધ પ્રદર્શન યોજાયું હતું.

ગુજરાત યુથ કોંગ્રેસના હોદેદારોને પણ આ કાર્યક્રમમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે, કાર્યક્રમ દરમિયાન ગુજરાતના અનેક હોદેદારો ગેરહાજર રહેતાં સંગઠન દ્વારા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર સામે વ્યાજખોરી-ઉઘરાણીના આક્ષેપ

નીતિન રામાણી અને પીડિતની વાતચીતનો ઓડિયો વાયરલ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના પૂર્વ કોર્પોરેટર નીતિન રામાણી સામે વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણી કરવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે પૂર્વ કોર્પોરેટર અને પીડિત વચ્ચેની વાતચીતનો એક ઓડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે,

આ મામલે વિગતવાર માહિતી આપતા અરજદાર અને ફરિયાદી અમિત જાવિયા, કે જેઓ ખુદ ભાજપના જ સક્રિય કાર્યકર્તા છે, તેમણે જણાવ્યું હતું કે પૂર્વ કોર્પોરેટર નીતિન રામાણી દ્વારા તેમની પાસેથી ઊંચા વ્યાજે નાણાં વસૂલવામાં આવી રહ્યા હતા. ફરિયાદીના આક્ષેપ મુજબ, તેઓ અગાઉ 20 લાખ રૂપિયા સામે કુલ 42 લાખ રૂપિયા ચૂકવી ચૂક્યા છે, છતાં વ્યાજખોરોની લાલસા અટકી નથી અને તેઓ દ્વારા વધુ 15 લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી છે. આ કેસમાં દર મહિને 60 હજાર રૂપિયા જેટલી માતબર રકમ વ્યાજ પેટે વસૂલવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ થયો છે.

દેલવાડામાં 1.50 કરોડથી વધુની ઠગાઈનો આક્ષેપ નિધિ ક્રેડિટ મંડળી સંચાલક-મેનેજર સામે ફરિયાદ

લોકો પાસે રોકાણ કરાવ્યા બાદ નાણાં ન આપી મંડળી બંધ કરી દીધી હોવાનો આક્ષેપ

ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના દેલવાડામાં નિધિ ક્રેડિટ કો-ઓપરેટિવ મંડળીના નામે રોકાણકારો સાથે કરોડો રૂપિયાની કથિત છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. માસિક 2 ટકા અને વાર્ષિક 24 ટકા વ્યાજ આપવાની લાલચ આપી લોકો પાસેથી મોટી રકમનું રોકાણ કરાવ્યા બાદ નાણાં પરત નહીં આપી મંડળી બંધ કરી દેવામાં આવી હોવાનો આક્ષેપ થયો છે. આ મામલે મંડળીના સંચાલક મનિષાબેન પંડ્યા અને મેનેજર દિનેશભાઈ રાઠોડ સામે ઉના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

, ફરિયાદી અને તેમના પરિવારજનો પાસેથી મંડળીમાં કુલ ૩.70.50 લાખનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય 17 રોકાણકારોએ પણ ૩.80.13 લાખ જેટલી રકમ મંડળીમાં જમા કરાવી હતી. આમ, કુલ ૩.1.50 કરોડથી વધુની રકમ રોકાણકારો પાસેથી લેવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

રોકાણકારોએ પોતાની રકમ પરત માગતાં તેમને સ્ટેમ્પ પેપર પર નાણાં પરત આપવાના વાયદા કરવામાં આવ્યા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. જોકે, રોકાણકારોને તેમની રકમ પરત મળી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રોકાણકારોની કરોડો રૂપિયાની રકમ પરત આપ્યા વિના મંડળી બંધ કરી દેવામાં આવી હતી અને સંચાલકો ફરાર થઈ ગયા હતા. આથી રોકાણકારોમાં ચિંતા અને નાણાં ગુમાવવાની ભીતિ ઊભી થઈ છે.

રાજકોટમાં 60 હજારની રૂપિયાની લેતીદેતી મુદ્દે ત્રણ ભાણેજોએ મામાને મોતને ઘાટ ઉતાર્યા

પૈસા પાછા આતા નથી કહીને છરી હુલાવી દીધી, ભાણેજો ધમકી આપ નાસી ગયા

રાજકોટ

રાજકોટમાં થોરાળા પાસેના કુબલીયાપારામાં 60 હજાર રૂપિયાની લેતી-દેતીના મામલામાં ત્રણ સગા ભાણેજોએ મળીને પોતાના જ સગા મામાને મોતને ઘાટ ઉતારી દીધીા હતા.

થોરાળા મેઈન રોડ પર રહેતા અને શાક બકાલુ વેંચી ચીનાભાઈ હરીભાઈ જાડેજા (ઉ.52) તા.2-11ના રોજ કુબલીયા પરામાં હતા ત્યારે તેના ભાણેજ કમલેશ રાજેશભાઈ પરમાર તેમજ તેના ભાઈઓ વિજય અને અમિત ઘસી આવ્યા હતા અને તમે કેમ પૈસા પાછા આપતા નથી કહી ઉધરાણી કરી ઝઘડો કર્યો હતો. તેમજ કમલેશએ છરી કાઢીને એક ઘા ઝીંકી દીધો હતો. બનાવમાં લોકો એકઠા થઈ જતા ભાણેજોએ ધમકી આપી નાસી ગયા હતા. ગંભીર રીતે ઘાયલ ચીનાભાઈને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા. જેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતુ. બનાવને પગલે થોરાળા પોલીસ મથકના પીઆઈ શકિતસિંહ સોઢા સહિતે તપાસ કરતા મૃતક ચીનાભાઈને 8 સંતાનો હોવાનુ અને શાક બકાલુ વેંચી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અગાઉ સાત માસ પૂર્વે બિમારીની સારવાર માટે ભાણેજ પાસેથી ૩.60 હજાર લીધા હતા. જે આર્થીક પરિસ્થિતી સારી ન હોય સમયસર પરત ન આપી શકતા ભાણેજો અવાર નવાર પઠાણી ઉઘરાણી કરતા હોવાનું તેમજ હુમલો કરી ભાણેજોએ ચીનાભાઈના મકાનમાં આગ પણ ચાંપી હોવાનુ બહાર આવતા પોલીસે અગાઉ મારામારી સહિતનો ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરી હતી. જેમા હત્યાની કલમનો ઉમેરો કરવાની કાર્યવાહી કરી છે.

ઓછા વરસાદથી ગુજરાતના 147 જળાશયોમાં 70 ટકાથી ઓછું પાણી

ચાર જિલ્લાઓ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા

અમદાવાદ

ગુજરાતના અનેક જિલ્લાઓ આ વર્ષ ઓછો વરસાદ પડયો હતો. જેના લીધે રાજ્યના અનેક જળાશયોમાં પાણીના જથ્થામાં ઘટાડો થયો છે. જેમાં નબળા ચોમાસાના લીધે ચાર જિલ્લાઓને દુષ્કાળ અસરગ્રસ્ત પણ જાહેર કરવામાં આવ્યા છે.

આ અંગે મળતી માહિતી મુજબ નવેમ્બર 2025માં ગુજરાતના કુલ 206 જળાશયોમાં 15,284.37 એમસીએમ પાણીનો જથ્થો હતો. જે આ વર્ષે ઘટીને 10,103 એમસીએમ થયો છે. આમ એક વર્ષમાં પાણીના જથ્થામાં 5,181.37 એમસીએમનો ઘટાડો નોંધાયો છે. જ્યારે રાજ્યના 17 મુખ્ય જળાશયોમાં પણ પાણીનો જથ્થો 12,783.78 એમસીએમથી ઘટીને 8,840.65 એમસીએમ થયો છે. આ ઉપરાંત રાજ્યમાં આ વર્ષે 89.34 ટકા વરસાદ નોંધાયો છે. તેની સરખામણીએ ગત વર્ષ 2025 119.13 વરસાદ નોંધાયો હતો. બીજી તરફ, ગત વર્ષે 70 ટકાથી ઓછો પાણીનો જથ્થો ધરાવતા જળાશયોની સંખ્યા 30 હતી, જે આ વર્ષે વધીને 147 થઈ છે. આમ, એક જ વર્ષમાં જળાશયોની સ્થિતિમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે.

પાલીતાણાના ભંડારીયા ગામે 35 વર્ષીય યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

ભાવનગર

પાલીતાણા તાલુકાના ભંડારીયા ગામના રહેવાસી અલગભાઈ દાદાભાઈ કામળિયા ઉ.વ. ૩૫ ઉપર અજાણ્યા ઈસમોએ તીક્ષ્ણ હથિયાર વડે માથાના ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. ઘટનાની જાણ થતા ઈજાગ્રસ્ત યુવાનને ૧૦૮ મારફતે પાલીતાણા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાતા મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં જ પાલીતાણા રૂરલ પોલીસનો કાફલો સરકારી હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે અને આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સાબરમતી સહિત રાજ્યની જેલોને બોમ્બ દ્વારા ઉડાવી દેવાની ધમકી

ઈમેલમાં પાકિસ્તાન જિંદાબાદનો ઉલ્લેખ કરવામાં આવ્યો

અમદાવાદ

અમદાવાદમાં સ્કૂલો બાદ હવે જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. વડોદરા, રાજકોટ સહિત અમદાવાદની હાઈ-સિક્યોરિટી ગણાતી સાબરમતી સેન્ટ્રલને અજાણ્યા શખ્સ દ્વારા ઈમેઈલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ધમકીભર્યો ઈમેઈલ મળતાની સાથે જ બોમ્બ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસ સહિતની સુરક્ષા ટીમો તાત્કાલિક જેલ પરિસરમાં દોડી ગઈ હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને ઘન સઘન ચેકિંગ કામગીરી હાથ ધરી હતી. પોલીસે આ ઈમેઈલ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો તેની ટેકનિકલ તપાસ શરૂ કરીને ધમકી આપનાર અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરી હતી. ઈમેલમાં પાકિસ્તાન જિંદાબાદ અને ખાલિસ્તાન જિંદાબાદની સાથે અલ્લાહુ અકબરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુંદરણ ગામમાં પાર્ક તુફાન ગાડીમાં આગ લગાવી દેતાં સૂતેલા બે શ્રમિકો પણ ભડથું

અમરેલી

લીલીયા તાલુકાના ગુંદરણ ગામની સીમમાંથી ડબલ મર્ડરની ઘટના સામે આવી છે. ગુંદરણ ગામની સીમ વિસ્તારમાં પાર્ક કરેલી એક તુફાન પેસેન્જર ગાડીમાં અજાણ્યા શખ્સોએ બહારથી આગ ચાંપી દેતાં વાહનમાં સૂતેલા બે પરપ્રાંતીય શ્રમિકો જીવતા ભડથું થઈ ગયા હતા. સ્થાનિકોએ વાહનની અંદર તપાસ કરતાં બે વ્યક્તિઓના સળગી ગયેલા મૃતદેહો નજરે પડ્યા હતા, જેથી તાત્કાલિક પોલીસને જાણ કરતાં ખબર પડી કે યુવકો ગાડીની અંદર સૂતા હતા ત્યારે ઈસમોએ ગાડીને આગ ચાંપી દીધી હતી. મૃતકોની ઓળખ રવિ બધેલ (ઉ.વ.16) અને નીતિન પચાયા (ઉ.વ. 21) તરીકે થઈ હતી.

ઉનામાં બંટી-બબલીનું 25 કરોડનું કૌભાંડ, પોલીસ મથકનો ઘેરાવ

નાણાં ગાયબ થતાં રાજલ બારોટની આગેવાનીમાં હોબાળો, આરોપીઓની ધરપકડ કરી મિલકત જપ્ત કરીને રકમ પરત અપાવવા ઉગ્ર માંગ

ઉના

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દેલવાડા ગામે અંદાજે ૨૦થી ૨૫ કરોડ રૂપિયાનું કથિત નાણાકીય કૌભાંડ સામે આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. સહકારી બેંકના સંચાલન સાથે સંકળાયેલા બંટી અને બબલી ગરીબ ખાતાધારકોના કરોડો રૂપિયા લઈને ગાયબ થઈ ગયા હોવાની બૂમરાણ ઉઠી છે. છેતરપિંડીનો ભોગ બનેલા લોકોએ જાણીતા ગાયિકા અને નગરપાલિકા સભ્ય રાજલ બારોટની આગેવાની હેઠળ ઉના પોલીસ મથકનો ઘેરાવ કરી વિરોધ નોંધાવ્યો હતો.



દેલવાડામાં મનીષાબેન ચંદ્રકાંત પંડ્યા ઉર્ફે બબલી અને તેનો સાથી દિનેશ રાઠોડ ઉર્ફે બંટી સહકારી બેંક ચલાવતા હતા. આ બેંકમાં ઉના, દેલવાડા, નવાબંદર અને ઘોઘલા સહિતના અનેક વિસ્તારોના નાગરિકોના ખાતાં હતાં. આ ઉપરાંત, મનીષાબેન વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન દેલવાડા પોસ્ટ ઓફિસમાં એજન્ટ તરીકે પણ કામ કરતા હતા. આ સમયગાળામાં તેમણે ગેરરીતિ આચરીને પોસ્ટ ઓફિસના ખાતાધારકોના નાણાં પણ સગેવગે કરી લીધા હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે.

બેંક અને પોસ્ટ ઓફિસમાં મુકેલી પોતાની બચતના નાણાં પરત ન મળતાં લોકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો. ૨૫ કરોડના આ વિશાળ કૌભાંડમાં છેતરાયેલા લોકો આજે મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ઉના નગરપાલિકાના સભ્ય રાજલ બારોટ અને કોળી યુવા સંગઠનના પ્રમુખ અલ્પેશ બાંભણિયાના નેતૃત્વમાં ખાતાધારકોએ સૌપ્રથમ ઉના પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરી હતી. ત્યારબાદ, મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષોએ એકસાથે ઉના પોલીસ મથકે પહોંચી જઈને ઘેરાવ કર્યો હતો.

પોલીસ સ્ટેશન ખાતે ભોગ બનનાર તમામ લોકોએ પોતાની વ્યથા રજૂ કરી હતી. તેઓએ બંટી અને બબલી સામે તાત્કાલિક ધોરણે કાયદેસરની ફરિયાદ નોંધીને તેઓની સત્વરે ધરપકડ કરવાની માંગ ઉઠાવી હતી. વધુમાં, રોષે ભરાયેલા ટોળાએ બંને આરોપીઓની સ્થાવર-જંગમ મિલકતોની સઘન તપાસ કરીને તેને સરકારી રાહે જપ્ત કરવા અને ખાતાધારકોની પરસેવાની કમાણી વહેલી તકે પરત અપાવવા પોલીસ સમક્ષ ઉગ્ર માંગણી કરી હતી.

કચ્છ રણોત્સવમાં સૌપ્રથમ આધુનિક ‘એસી વિસ્ટાડોમ કોચ’ બસ દોડશે

ઐતિહાસિક પ્રવાસન સ્થળોએ દોડાવાય તેવી સંભાવના

ભુજ

સરહદી કચ્છ જિલ્લામાં શરૂ થયેલા વિશ્વપ્રસિદ્ધ રણોત્સવમાં દેશ-વિદેશના સહેલાણીઓ માટે એક નવું અને અદ્યતન આકર્ષણ ઉમેરાવા જઈ રહ્યું છે. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (એસટી) અને ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવેલી દેશની સૌપ્રથમ અત્યાધુનિક ‘એસી વિસ્ટાડોમ કોચ’ બસ સેવા રણોત્સવ દરમિયાન ધોરડોના સફેદ રણ અને વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા સહિતના ઐતિહાસિક પ્રવાસન સ્થળોએ દોડાવાય તેવી પ્રબળ સંભાવના છે. તાજેતરમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ વિશેષ બસ સેવાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુસાફરો આરામદાયક મુસાફરી સાથે કુદરતી સૌંદર્ય અને ખુલ્લા આકાશનો મનોહર નજારો માણી શકે તે આ લક્ઝરી સેવાનો મુખ્ય ઉદ્દેશ છે. આંતરરાષ્ટ્રીય ધારાધોરણો મુજબ તૈયાર કરાયેલી આ પ્રીમિયમ બસની કિંમત અંદાજે રૂપિયા ૨.૧૯ કરોડ છે.

કોંગ્રેસ શાસનમાં 11 વખત SIR કરાઈ, તો 12મી વખત વિરોધ કેમ? : રૂપાલાનો સવાલ

યાદીમાંથી નામ કમી થઇ ગઈની અફવાઓ ફેલાવવાને બદલે કોંગ્રેસ પુરાવા આપે

રાજકોટ

લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન અંતર્ગત ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. કેન્દ્રીય રાજ્ય મંત્રી એસ.પી. સિંહ બઘેલ અને સાંસદ પરષોત્તમ રૂપાલાએ એસઆઈઆરની કામગીરી મુદ્દે કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢી હતી. રૂપાલાએ સવાલ કર્યો હતો કે ભૂતકાળમાં કોંગ્રેસના શાસન વખતે ૧૧ વખત આ પ્રક્રિયા હાથ ધરાઈ ત્યારે કોઈ વિરોધ નહોતો થયો. તો હવે ૧૨મી વખતે કોંગ્રેસ શા માટે હોબાળો કરી રહી છે? રૂપાલાએ સ્પષ્ટ કર્યું હતું કે, ૧૩ કરોડ મતદારોનાં નામ કમી કરી દેવાયાની અફવાઓ ફેલાવીને વિપક્ષ પ્રજામાં ભ્રમ ઊભો કરી રહ્યો છે. સંમેલનો બોલાવી ભીડ ભેગી કરવાથી અસત્ય સત્ય બની જતું નથી. જો ખરેખર મતદારોના નામ રદ થયાં હોય તો કોંગ્રેસે નિવેદનબાજીને બદલે આંકડા અને નક્કર પુરાવા સાથે સ્પષ્ટતા કરવી જોઈએ.

આ તકે મંત્રી બઘેલે જણાવ્યું હતું કે, જો સાચા મતદારનું નામ રદ થયું હોય તો એફિડેવિટ સાથે આધાર આપવા જોઈએ. શહેરમાં સ્થળાંતર કરતા લોકોના જૂના ગામે પણ નામ બોલતા હોવાથી ફોર્મ-૬ અને ઓટીપી આધારિત સઘન વેરિફિકેશન જરૂરી છે. સત્તાવિહોણી કોંગ્રેસ ચૂંટણી પંચ પર આક્ષેપો કરે છે. રાહુલ ગાંધીના દાદીએ બંધારણના પાના ફાડ્યાનો આક્ષેપ કરી મંત્રીએ કોંગ્રેસના ફંડિંગ સામે સવાલો ઉઠાવ્યા હતા. આ રાજકીય સ્ટંટ સામે હવે કોંગ્રેસના જવાબ પર નજર છે.

ગાંધીધામ-અંજારમાં તેલ પેઢીઓ પર દરોડા બોગસ વ્યવહારો અને દસ્તાવેજો ઝડપાયા

જપ્ત ડિજિટલ-ભૌતિક દસ્તાવેજોને દિલ્હી સ્થિત સેન્ટ્રલ ઇન્વેસ્ટિગેશન વિંગ મોકલાયા

ભુજ

દિલ્હી અને આગ્રાના અગ્રણી ઉદ્યોગપતિઓની માલિકી હેઠળની વિવિધ કંપનીઓમાં કંપનીનું મૂલ્યાંકન કૃત્રિમ રીતે ઊંચું દર્શાવી આર્થિક ગેરરીતિ આચરવા માટે ચોપડે મોટા પાયે બોગસ હિસાબી વ્યવહારો દર્શાવવામાં આવ્યા હોવાની ચોક્કસ ગુપ્ત બાતમી આવકવેરા વિભાગને મળી હતી. આ આંતરરાજ્ય કરચોરીના નેટવર્કની કડીઓ છેક કચ્છ સુધી લંબાતાં દિલ્હીથી ખાસ આવેલી તપાસ ટીમોએ ગાંધીધામના પડાણા



તથા અંજારના આંબાપર-ભીમાસર પંથકમાં આવેલી બે ઓઈલ રિફાઈનરી પેઢીઓ પર એકસાથે દરોડા પાડ્યા હતા. આ પૈકીની એક કંપની સંપૂર્ણપણે કાર્યરત છે, જ્યારે બીજી પેઢી હાલ નિર્માણાધીન અવસ્થામાં છે.

જોકે, તપાસનીશ એજન્સીનું સમગ્ર ધ્યાન બોગસ વ્યવહારો, કંપની વેલ્યુએશન અને ડિજિટલ લેવડદેવડ પર કેન્દ્રિત હોવાથી વિભાગે કંપનીના હાર્ડ ડિસ્ક, સર્વર ડેટા, બેંકિંગ વ્યવહારો તેમજ મહત્વના કાચા-પાકા હિસાબી દસ્તાવેજોનું સંપૂર્ણ અધિગ્રહણ કરી લીધું છે. સ્થાનિક સ્તરે પંચનામા સહિતની કાર્યવાહી આટોપી લીધા બાદ જપ્ત કરાયેલા તમામ ડિજિટલ અને ભૌતિક દસ્તાવેજોને દિલ્હી સ્થિત સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન વિંગ સમક્ષ મોકલી આપવામાં આવ્યા છે.

કાગવડમાં એક સાથે ત્રણ સાવજ દેખાતાં ખેડૂતો-ગ્રામજનોમાં ફફડાટ

સિંહોની અવરજવરથી લોકોને ખેતરે જવામાં ખચકાટ

રાજકોટ

જેતપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી એકવાર સાવજની દસ્તકથી સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. જેતપુરના કાગવડ અને ખંભાલીડા ગામ વચ્ચે આવેલી સીમ વિસ્તારમાં એકસાથે ત્રણ સિંહોનો પરિવાર લટાર મારતો નજરે પડતાં ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, કાગવડ અને ખંભાલીડા ગામની સીમમાં ત્રણ સિંહો મુક્તપણે વિહાર કરી રહ્યા હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ખુલ્લા ખેતરો અને સીમ વિસ્તારમાં એકસાથે ત્રણ સાવજ આંટાફેરા મારતા દેખાતાં સ્થાનિક ખેડૂતો તેમજ ખેતમજૂરોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

હાલ ખેતીની સિઝન પૂરજોશમાં ચાલી રહી છે, ખેડૂતો અને શ્રમિકોને રાત-દિવસ ખેતરે કામ કરવા જવું પડે છે. તેવા સમયે સીમ વિસ્તારમાં સિંહોની સતત અવરજવરના કારણે મજૂરો ખેતરમાં કામ કરવા જતાં અચકાઈ રહ્યા છે. ગ્રામીણ પંથકમાં વનરાજોની હાજરીથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

રાજકોટમાં સગા માસાએ 12 વર્ષ સુધી યુવતીનું શારીરિક શોષણ કરતાં ફરિયાદ

દુકાનના કેમેરા હટતા માસા રસ્તામાં પીછો કરીને હેરાન કરતો હતો

રાજકોટ

રાજકોટ શહેરમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી ૮ વર્ષની હતી ત્યારથી જ સગા માસા દ્વારા શારીરિક શોષણ કરાતું હોવાની ઘટના સામે આવી છે. માસાએ યુવતી પુખ્ત થઈ પછી પણ દુષ્કર્મ કરવાનું ચાલુ રાખ્યું હતું. પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ઝીરો નંબરથી ગુનો નોંધી વધુ તપાસ જિલ્લા પોલીસને સોંપી છે.

૨૦૧૪માં ત્રીજા ધોરણમાં ભણતી ત્યારે પાડોશમાં રહેતા માસાએ અડપલાં કર્યા હતા. ત્યારબાદ ૨૦૧૭માં જાનથી મારી નાખવાની ધમકી આપી વાલીઓની ગેરહાજરીમાં દુષ્કર્મ આચર્યું હતું. આરોપી તેને ડરાવીને સતત હવસનો શિકાર બનાવતો અને પિતાને ખોટી ચડામણી કરીને ઠપકો અપાવતો હતો. ૨૦૨૧માં બંને પરિવારો રાજકોટ રહેવા આવ્યા ત્યારે પણ ત્રાસ ચાલુ રહેતા કંટાળીને યુવતી અન્ય રાજ્યમાં જતી રહી હતી. જોકે, ડરના લીધે ત્યારે મૌન રહી હતી. બાદમાં અલગ રહેવા ગયા છતાં દુકાનના કેમેરા હટતા માસા રસ્તામાં પીછો કરીને હેરાન કરતો હોવાથી આખરે હિંમત દાખવીને પરિવારને જાણ કર્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગરમાં બેનામી ખાતા ખોલાવી કરેલા સાયબર ફ્રોડનો આંકડો 98 લાખે પહોંચ્યો

ટપાલ કચેરીમાં 10 લાખથી વધુના વ્યવહારો, પોલીસની પણ સંડોવણી

જામનગર

જામનગરની ટપાલ કચેરીઓમાં બેનામી ખાતા ખોલાવી કરાયેલા સાયબર ફ્રોડનો આંકડો 98 લાખે પહોંચ્યો છે. હવાઈ ચોક શાખામાં પણ લાખોની અનઅધિકૃત હેરફેર થઈ હોવાની તપાસ ચાલી રહી છે. પોસ્ટલ કર્મીની સંડોવણીવાળા આ કેસમાં નવ કર્મચારીઓને પોલીસે સમન્સ પાઠવી પૂછપરછ માટે બોલાવતાં ટપાલ વર્તુળમાં ચકચાર જાગી છે. બેંગ્લોર સાયબર ફ્રોડ કેસની તપાસમાં જામનગરનો આ કેસ ખુલ્યો હતો. તે વખતે ટપાલકર્મી આફતાબ માડકિયા સામે ખાતાકીય તપાસ કરનાર અધિકારીઓએ અહેવાલ તૈયાર કર્યો હતો, જેની પોલીસ તપાસ થાય તો ગંભીર બાબતો બહાર આવે તેમ છે. રેલો અધિકારીઓ સુધી પહોંચે તેમ હોવાથી જવાબદાર સામે પગલાં લેવામાં ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ જણાઈ રહી છે. સાયબર ક્રાઈમ પોલીસે જુદી જુદી ટપાલ કચેરીઓના નવ કર્મચારીઓને સમન્સ પાઠવ્યા છે. તપાસમાં હવાઈ ચોક ટપાલ કચેરીમાં 10 લાખથી વધુના વ્યવહારો કરી ફ્રોડ થયાનું ખુલ્યું છે. અત્યાર સુધીની તપાસમાં કુલ આંકડો 98 લાખ 56 હજાર પર પહોંચ્યો છે.

આંતરિક શુદ્ધિનો પાવન અવસર : કાળી ચૌદસ

દિવાળીના પાંચ દિવસીય મહાપર્વમાં કાળી ચૌદસનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ દિવસને 'રૂપ ચૌદસ', 'નરક ચૌદસ' કે 'છોટી દિવાળી' પણ કહેવાય છે. દીપાવલીના આગલા દિવસે આવતી આ તિથિ માત્ર ધાર્મિક દૃષ્ટિએ જ નહીં, પરંતુ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ આપણા જીવનમાં ઊંડો સંદેશો આપે છે. ગુજરાતમાં આ દિવસનું વિશેષ મહાત્મ્ય છે, જ્યાં પરંપરાગત રીતિ-રિવાજો સાથે આ પર્વ ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

પૌરાણિક માન્યતા અનુસાર, આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણે અત્યાચારી અને દુરાચારી રાક્ષસ નરકાસુરનો વધ કર્યો હતો અને તેના કારાગારમાં કેદ કરાયેલી ૧૬,૧૦૦ રાજકુમારીઓને મુક્ત કરી હતી. નરકાસુરે પોતાના પાપકર્મોથી ત્રાસ મચાવ્યો હતો. તેનો અંત લાવીને શ્રીકૃષ્ણે પ્રજાને ભયમુક્ત કરી હતી. આ વિજયના પ્રતીક રૂપે જ કાળી ચૌદસના દિવસે દીવા પ્રગટાવવાની અને અસત્ય પર સત્યની જીત ઉજવવાની પરંપરા શરૂ થઈ હતી. આ કથા આપણને શીખવે છે કે અન્યાય અને અહંકારનો નાશ નિશ્ચિત છે.

ગુજરાતમાં આ દિવસને 'કાળી ચૌદસ' તરીકે ઓળખવામાં આવે છે, જે મહાકાળી માતાની ઉપાસના સાથે અસુરક્ષા કે, નકારાત્મક ઊર્જાને દૂર કરવાનો દિવસ છે. આપણા જીવનમાં રહેલા આંતરિક વિકારો—જેવા કે ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને ઈર્ષ્યા—એ જ અસલી 'નરકાસુર' છે. કાળી ચૌદસ આપણને આ આંતરિક અવગુણો રૂપી અંધકારને દૂર કરી, જ્ઞાન અને સદગુણોનો પ્રકાશ ફેલાવવાની પ્રેરણા આપે છે. સાધકો આ રાત્રે વિશેષ પૂજા-



અર્ચના અને ધ્યાન દ્વારા મનની શુદ્ધિ કરે છે.

આ દિવસને 'રૂપ ચૌદસ' પણ કહેવામાં આવે છે, જે શરીર અને સ્વાસ્થ્યની સંભાળ સાથે જોડાયેલો છે. ઋતુ બદલાવના આ સમયે (શિયાળાની શરૂઆતમાં) આયુર્વેદિક ઉપચારોનું વિશેષ મહત્ત્વ છે. પરંપરાગત રીતે આ દિવસે સવારે સૂર્યોદય પહેલાં ઉબટન (સુગંધિત લોટ કે ઔષધિઓનું મિશ્રણ) લગાવીને સ્નાન કરવાનું વિશેષ મહત્ત્વ છે. જેનાથી ત્વચાના રોગો મટે છે, શરીરનું તેજ (રૂપ) વધે છે અને શારીરિક શુદ્ધિ થાય છે. સાંજે ઘરના દરવાજા આગળ, આંગણામાં અને ચોકઠાં પર સરસવના તેલના દીવા મૂકવામાં આવે છે, જેને સ્થાનિક ભાષામાં 'યમ દીપ' કે અંધકાર હરનારા દીવા કહે છે.

કાળી ચૌદસ એ માત્ર ડર કે ભૂત-પ્રેતની માન્યતાઓથી ડરવાનો દિવસ નથી, પરંતુ આપણા મન અને ઘરના ખૂણે-ખૂણે જામેલા અંધકારને દૂર કરવાનો મંગલ અવસર છે. આપણે આપણા ભીતરના અહંકારનો નાશ કરી, પ્રેમ, કરુણા અને સેવાભાવના દીવા પ્રગટાવવા જોઈએ.

શિયાળાની શરૂઆતના આ સમયમાં આયુર્વેદિક દૃષ્ટિએ શરીરની સંભાળનું વિશેષ મહત્ત્વ છે. ધાર્મિક રીતે આ દિવસ મનના આંતરિક વિકારો—જેવા કે ક્રોધ, લોભ અને અહંકાર—ને દૂર કરવાનો સંદેશ આપે છે.

અપશુકન ટાળવા અને ખાનપાન

આ દિવસે અડદના વડા, ખીર કે તળેલી વાનગીઓ બનાવીને માતાજીને અથવા કુળદેવીને ધરાવવાની અને વહેંચવાની પરંપરા છે. ખાસ કરીને રાત્રે ચાર રસ્તે દીવો મૂકવાની લોકવાયકા પણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છે. જે નકારાત્મકતાને ઘરથી દૂર રાખવાનું પ્રતીક છે.

મેશ આંજવાથી બુરી નજર લાગતી નથી

કાળી ચૌદશના આ દિવસે સાંજે હનુમાનજીના ભક્તો હનુમાનજીના મંદિરે દર્શન કરવા ખાસ જાય છે. રાત્રે હનુમાનજીને ચડાવેલ તેલ લઈ પ્રગટાવેલા દીપકની મેશથી નાનાં બાળકો તેમજ મોટેરાઓ તેમની આંખોમાં આંજે છે અને આ બાબતમાં એક એવી કહેવત છે કે 'કાળી ચૌદશનો આંજ્યો કોઈથી ના જાય ગાંજ્યો'. આ અંજન જે તે વ્યક્તિને બૂરી નજર કે કે બૂરા લોકોથી બચાવે છે એવું માનવામાં આવે છે. આ રાત્રે જે લોકો ઘરની બહાર અને ઘરમાં દીપક પ્રગટાવે છે તેમને તમામ પ્રકારની મુસીબતોમાંથી મુક્તિ મળે છે

યમ પુજાનું મહત્વ, અકાળે અવસાન ટાળે

ધનતેરસની જેમ આ દિવસે પણ યમરાજની પૂજા થાય છે. સંધ્યાકાળે યમદિપ પ્રગટાવાય છે, અને પ્રાર્થના કરાય છે. જેથી અકાળે યમરાજનું આગમન થતું નથી અને તેમની કૃપા આપણા પર સદાય બની રહે છે. માટે આજે યમપૂજાનું પણ ખૂબ જ મહત્ત્વ હોય છે.

કાળી ચૌદસને 'રૂપ ચૌદસ', 'નરક ચૌદસ' કે 'છોટી દિવાળી' પણ કહેવાય આવે છે. રાક્ષસ નરકાસુરના વધ સાથે આ દિવસની કથા સંકળાયેલી છે. ઘરે સાંજે દરવાજા પાસે, આંગણામાં, ચોકઠાં પર સરસવના તેલના દીવા મૂકવાની પરંપરા છે. જેને સ્થાનિક ભાષામાં 'યમ દીપ' કે અંધકાર હરનારા દીવા કહેવાય છે

કાળી ચૌદસના દિવસે કયા કયા કામ ન કરવા જોઈએ

- આજના દિવસે જીવ હત્યા કરવી ન કરવી. કારણ કે આ દિવસે યમરાજની પૂજા થાય છે જીવ હત્યાથી પાપ લાગે.
- આજના દિવસે અન્નનું અપમાન ન કરવું. અન્નના અપમાનથી હંમેશા અન્ન માટે તરસતા રહેવું પડશે.
- કાળી ચૌદસનાં દિવસે તેલનું દાન ન કરવું. આમ કરવાથી લક્ષ્મી ટકતી નથી.
- મોડા સૂઈને ઉઠવું નહીં. આમ કરવાથી ભાગ્ય હંમેશા માટે સૂતું રહે છે.
- ભૂલેચૂકે માંસાહારી ભોજન ન કરવું. માંસાહારી ભોજન કરવાથી નરકની યાતના ભોગવવી પડે છે.



- કાળી ચૌદશે દારૂનું સેવન ન કરવું. દારૂ એ તામસી પ્રકૃતિનો ગણાય છે.
- ઝાડૂને પગ ન મારવો અને ઝાડુને ક્યાંય ઊભું પણ ન રાખવું. ઝાડુને પગ મારવાથી કે ઊભું રાખવાથી ધનનો ખર્ચ વધે છે.
- દક્ષિણ દિશા એ યમરાજની દિશા કહેવાય છે. આથી કાળી ચૌદસનાં દિવસે ઘરનાં દક્ષિણ ખૂણાને જરાય ગંદો રાખવો જોઈએ નહીં. તેનાથી યમરાજ નારાજ થાય તેમ કહેવાય છે.
- કાળી ચૌદસનાં દિવસે ઝઘડો કરવો નહીં. આમ કરવાથી હંમેશા નકારાત્મકતાનું વાતાવરણ રહે છે.

સ્નેહ, વિશ્વાસ અને અમર પ્રેમનો તહેવાર : ભાઈબીજ

ભારતીય સંસ્કૃતિ એ તહેવારો અને ઉત્સવોની સંસ્કૃતિ છે. દિવાળીના પાંચ દિવસીય મહાપર્વનું સમાપન જે પવિત્ર તહેવારથી થાય છે, તે છે ભાઈબીજ અથવા યમદ્વિતીયા.

ભાઈબીજનું ધાર્મિક અને પૌરાણિક મહત્ત્વ

ભાઈબીજને શાસ્ત્રોમાં યમદ્વિતીયા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ તહેવારના ધાર્મિક મહત્ત્વ પાછળ એક ખૂબ જ પ્રચલિત પૌરાણિક કથા જોડાયેલી છે. હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર, સૂર્યદેવ અને સંજ્ઞાના બે સંતાનો હતા - યમરાજ (જે મૃત્યુના દેવ છે) અને યમુનાજી (જે પવિત્ર નદી છે). યમુનાજી પોતાના ભાઈ યમરાજને ખૂબ પ્રેમ કરતા હતા અને વારંવાર તેમને પોતાના ઘેર ભોજન માટે નિમંત્રણ આપતા હતા, પરંતુ યમરાજ પોતાના કર્તવ્ય અને યમલોકના કાર્યોમાં અત્યંત વ્યસ્ત હોવાને કારણે યમુનાજીના નિમંત્રણનો સ્વીકાર કરી શકતા નહોતા.

લાંબો સમય વીતી ગયા પછી, એક દિવસ કારતક સુદ બીજના દિવસે યમરાજ અચાનક પોતાની બહેન યમુનાજીના ઘરે પહોંચી ગયા. અચાનક ભાઈને આવેલા જોઈને યમુનાજીનો આનંદ અને ઉત્સાહનો પાર રહ્યો નહીં. તેમણે ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ભાઈ યમરાજનું સ્વાગત કર્યું, તેમને આસન પર બેસાડ્યા અને જાતજાતના સ્વાદિષ્ટ ભોજન જમાડ્યા.

યમુનાજીના આ પ્રેમ અને આતિથ્યથી યમરાજ અત્યંત પ્રસન્ન થયા. તેમણે બહેનને વરદાન માંગવા કહ્યું ત્યારે યમુનાજીએ કહ્યું, 'હે ભાઈ! જો આપ મને વરદાન આપવા જ માંગતા હોવ, તો એવું વરદાન આપો કે આજના દિવસે (કારતક સુદ



બીજે) જે પણ ભાઈ પોતાની બહેનના ઘરે જઈને ભોજન કરશે અને બહેન તેના કપાળે તિલક કરશે, તેને યમરાજનો ભય નહીં રહે અને તેને અક્ષય પુણ્ય તથા દીર્ઘાયુની પ્રાપ્તિ થશે.'

યમરાજે તથાસ્તુ કહીને પોતાની બહેનને આ વરદાન આપ્યું. ત્યારથી આ દિવસ યમદ્વિતીયા અથવા ભાઈબીજ તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે યમુના નદીમાં સ્નાન કરવાથી અને ભાઈ-બહેન પ્રેમથી ભેગા થવાથી પાપ નાશ પામે છે.

ભાઈબીજની પૂજન વિધિ

આ દિવસે બહેન પોતાના ભાઈના ઉત્કર્ષ અને લાંબા આયુષ્ય માટે વિશેષ પૂજા કરે છે.

સવારે સ્નાન અને તૈયારીઓ

આ દિવસે સવારે વહેલા ઉઠીને સ્નાન કરવું. બહેનો પોતાના ઘરના આંગણે ચોખા અથવા રંગોળીથી સુંદર અલ્પના (ચોક) પૂરે છે.

ચોકી કે આસન સ્થાપન

પૂજા માટે એક પાટલો કે ચોકી મૂકવામાં આવે છે. તેના પર અક્ષત ને ફૂલોથી સ્વસ્તિકનું ચિહ્ન બનાવવામાં આવે છે.

ભાઈનું આગમન અને સ્વાગત

ભાઈ જ્યારે બહેનના ઘરે આવે છે, ત્યારે બહેન તેનું હાર્દિક સ્વાગત કરે છે. ભાઈને પવિત્ર આસન પર પૂર્વ કે ઉત્તર દિશા તરફ મોં રાખીને બેસાડવામાં આવે છે.

તિલક અને આરતી

સૌથી પહેલાં બહેન ભાઈના કપાળ પર કુમકુમ, ચંદન અને અક્ષતનું તિલક કરે છે. ત્યારબાદ ભાઈના જમણા હાથના કાંડા પર રક્ષા સૂત્ર (નાડાછડી) બાંધવામાં આવે છે અને દીવો ઓવારીને તેની આરતી ઉતારવામાં આવે છે.

મોં મીઠું કરાવવું

આરતી અને તિલક કર્યા પછી બહેન પોતાના ભાઈને પ્રેમથી મીઠાઈ કે પૌષ્ટિક આહાર ખવડાવીને તેનું મોં મીઠું કરાવે છે અને બહેનને ભેટ-સોગાદ આપે છે.

જીવનમાં નવી આશાનો સંચાર કરતો પ્રકાશપર્વ દિવાળી

ભારતીય સંસ્કૃતિમાં દિવાળીના તહેવારનું માહાત્મ્ય કંઈક વિશેષ છે. દિવાળી એટલે માત્ર દીવડાં પ્રગટાવવાનો, મીઠાઈઓ ખાવાનો કે ફટાકડા ફોડવાનો તહેવાર નહીં, પરંતુ જીવનમાં પ્રકાશ, આનંદ, ઉમંગ અને નવી આશાઓનું સ્વાગત કરવાનો અવસર છે.

આસો મહિનાના અંતિમ દિવસ એટલે કે અમાસની રાત્રે ઊજવાતો આ પર્વ સમગ્ર વાતાવરણને રોશનીથી ઝળહળતું કરી દે છે. ભારતમાં ઘરના આંગણેથી લઈને શહેરની ગલીઓ અને બજારો સુધી સર્વત્ર ઉત્સવનો માહોલ છવાઈ જાય છે. દિવાળીનો પર્વ આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ, અસત્યમાંથી સત્ય તરફ અને નિરાશામાંથી આશા તરફ આગળ વધવાનો સંદેશ આપે છે.

દિવાળીનું મહત્ત્વ માત્ર હિંદુ ધર્મ પૂરતું સીમિત નથી. જૈન ધર્મમાં આ દિવસ ભગવાન મહાવીરના નિર્વાણ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. જૈન માન્યતા અનુસાર, ભગવાન મહાવીરે આ દિવસે મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. બીજી તરફ, શીખ ધર્મમાં દિવાળીનો દિવસ 'બંદી છોડ દિવસ' તરીકે ઓળખાય છે. આ દિવસે ગુરુ હરગોવિંદ સાહેબજી મુઘલ કેદમાંથી મુક્ત થઈ અમૃતસર પરત ફર્યા હતા. આમ, વિવિધ ધર્મો અને સંપ્રદાયોમાં દિવાળીનું અલગ-અલગ ધાર્મિક મહત્ત્વ હોવા છતાં તેનો કેન્દ્રિય ભાવ જ્ઞાન, મુક્તિ, સદભાવના અને પ્રકાશનો જ છે.

દિવાળીના પર્વ સાથે ભગવાન શ્રીરામના અયોધ્યા આગમનની પૌરાણિક કથા અભિન્ન રીતે જોડાયેલી છે. માન્યતા અનુસાર 14 વર્ષનો વનવાસ પૂર્ણ કર્યા બાદ ભગવાન શ્રીરામે રાવણનો વધ કર્યો અને માતા સીતા તથા ભાઈ લક્ષ્મણ સાથે અયોધ્યા પરત ફર્યા હતા. પોતાના પ્રિય રાજાના



આગમનથી આનંદિત થયેલા અયોધ્યાવાસીઓએ સમગ્ર નગરમાં શણગાર કરી દીવડા પ્રગટાવી તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારથી આ દિવસને દીપોત્સવ તરીકે ઊજવવાની પરંપરા શરૂ થઈ હતી. આ પ્રસંગ માત્ર એક ધાર્મિક ઘટનાની યાદ નથી અપાવતો, પરંતુ સત્યનો અસત્ય પર અને સદાચારનો દુષ્ટતા પર અંતિમ વિજય થાય છે, તેવો શાશ્વત સંદેશ પણ આપે છે. દિવાળીનો દિવસ આર્થિક સમૃદ્ધિની સાથે જીવનમાં નવી શરૂઆતનો સંકેત પણ આપે છે.

આ તહેવાર આપણને માત્ર બાહ્ય સુંદરતા જ નહીં, પરંતુ આપણા મન અને હૃદયના મેલને દૂર કરીને આંતરિક શુદ્ધિનો પણ છે. દિવાળીનો દીવો આપણને પ્રેરણા આપે છે કે જેમ એક નાનો દીવો આખા રૂમનો અંધકાર મિટાવી દે છે, તેમ આપણા સત્કાર્ય સમાજમાંથી અજ્ઞાન અને દ્વેષ દૂર કરી શકે છે. આ પ્રકાશપર્વ સૌના જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનો નવો ઉજાસ લઈને આવે, એ જ મંગલકામના.

લક્ષ્મીપૂજનનું વિશેષ મહત્વ

દિવાળીના દિવસનું ધાર્મિક મહત્ત્વ લક્ષ્મીપૂજન સાથે પણ ગાઢ રીતે જોડાયેલું છે. આ દિવસે ઘરના ખૂણે-ખૂણે સાફસફાઈ કરી, આંગણામાં રંગોળી પૂરી, દરવાજે તોરણ બાંધી અને દીવડાઓ પ્રગટાવીને માતા લક્ષ્મીનું સ્વાગત કરવામાં આવે છે. સાંજના શુભ મુહૂર્તમાં ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. પરિવારના સભ્યો સાથે મળીને સુખ, શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિની પ્રાર્થના કરે છે. વેપારી વર્ગ માટે પણ આ દિવસ વિશેષ મહત્ત્વ ધરાવે છે. અનેક વેપારીઓ નવા ચોપડા શરૂ કરીને નવા નાણાકીય વર્ષની શુભ શરૂઆત કરે છે.

> આ પર્વ અંધકારમાંથી પ્રકાશ તરફ, અસત્યમાંથી સત્ય તરફ અને નિરાશામાંથી આશા તરફ આગળ વધવાનો સંદેશ આપે છે. ભગવાન રામના વનવાસ પૂર્ણ થતાં અયોધ્યામાં થયેલા પુનરાગમન અને લોકોએ દિવડા પ્રગટાવીને ઉત્સવ મનાવ્યાની કથા પણ આ તહેવાર સાથે સંકળાયેલી છે.

આજના દિવસનો મુખ્ય ઉપાય

દિવાળીના દિવસે આપ શ્રદ્ધાપૂર્વક આ કામ કરશો તો અનેકગણો લાભ અવશ્ય મેળવી શકશો. તમે તમારી પરંપરા અનુસાર અને રીત-રિવાજ અનુસાર પૂજા પદ્ધતિ અપનાવો. તમારા પૂજાસ્થળે અગ્નિકોણમાં એટલે કે પૂર્વ-દક્ષિણ દિશાઓની વચ્ચેના ખૂણે એક દીપ પ્રગટાવો. દીપમાં ગાયના દુધમાંથી બનેલું ઘી પૂરવું.

દીપ પ્રગટાવતી વખતે દીપ જ્યોતિ પરબ્રહ્મ દીપ જ્યોતિર્જનાર્દનઃ દીપમ હરન્તુ મેં પાપઃ દીપવ્યોતિનમોસ્તુતે મંત્ર ભણી દીપ પ્રગટાવ્યા પછી મા લક્ષ્મી અને શ્રીયંત્રની પ્રતિમાને શુદ્ધ જળ અને પંચામૃત વગેરેથી સ્નાન કરાવો. યાદ રહે, આ દીપ ત્રણ દિવસ અખંડ રાખવાનો છે. તે પછી શ્રીસૂકતના 16 પાઠ સાથે લક્ષ્મી માતાજી તથા શ્રીયંત્રની પ્રતિમા ઉપર કેસર નાંખેલા ગાયના દૂધથી, ઘી અને 108 કમળકાકડીનો અભિષેક કરો. એ પછી હળદર અને કેસરના મિશ્રણનું તિલક કરો. ધૂપ કરો નૈવેધ (મીઠાઈ) ધરાવો અને વહેંચી દો. દક્ષિણા રૂપે પ્રતિમા ઉપર તમારી જન્મતારીખ પ્રમાણેની રકમ દાન કરો. તમારી જન્મતારીખનો અંક આખરે આવે એટલી રકમ દાનમાં મૂકો. દા.ત.: તમારી જન્મતારીખ 6 આવતી હોય તો 60, 15, 24 રૂપિયા દાનમાં મૂકી શકો. હવે માતાજીની પ્રતિમા અને શ્રીયંત્ર કમળ ઉપર સ્થાપિત કરી દો.

દિવાળીમાં બનાવો વિશેષ વાનગીઓ

વટાણા દહીંવડા



સામગ્રી : ૨ વાટકી પલાળીને વાટેલી અડદની દાળ, ૨ લીલાં મરચાં ઝીણા સમારેલાં, ૧ ચમચો કોથમીર, ઝીણી સમારેલી, ચપટી હિંગ, ચપટી જીરું, ૧ ૧/૨ ચમચી મીઠું, ૧ ચમચી લાલ મરચું પીસેલું, ૧/૪ ચમચી હળદર, ૧/૨ કપ વટાણા, ૧ ચમચી પીસેલું આદું સાથે રાખવાની સામગ્રી : દહીં, સૂંઠ, ધાણાની ચટણી.

રીત : પેનમાં ૧ ચમચી તેલ ગરમ કરો. જીરાનો વઘાર કરી વટાણા નાખો. ૧/૪ ચમચી હળદર, ૧/૪ ચમચી મીઠું, અને લાલ મરચું નાખી સાંતળો. થોડું પાણી નાખી વટાણા ચઢવા દો અને ઠંડુ થવા દો. દાળમાં હિંગ, ૧/૨ ચમચી મીઠું અને પીસેલું આદું નાખી દાળ બરાબર ફીણી લો. તેલ ગરમ કરો. એક ચમચામાં પીસેલી અડદની દાળ લઈ વચ્ચે વટાણાનો માવો ભરો. થોડી દાળ ઉપર મૂકી ગરમ તેલમાં ધીમેથી મૂકો. આ રીતે બધાં વડાં વટાણા ભરીને તળી લો. એક વાટકી દહીંમાં થોડું પાણી અને ૧/૪ ચમચી મીઠું નાખી વલોવી નાખો. વડાં પીરસવાની પ્લેટમાં મૂકી પાતળું દહીં ઉપરથી નાખો. સૂંઠ, લીલી ચટણી, લીલાં મરચાં, કોથમીર ભભરાવી મનગમતી સામગ્રીથી સજાવીને પીરસો.

બેસન લડુ



સામગ્રી : ચણાનો લોટ (બેસન): ૨ કપ (કંઈક દાણાદાર હોય તો ઉત્તમ), દેશી ઘીઃ ૩/૪ કપ (અથવા જરૂર મુજબ), દળેલી ખાંડ (બૂરું ખાંડ): ૧ કપ, એલચી પાવડરઃ ૧/૨ નાની ચમચી, ડ્રાયફ્રૂટ્સના ટુકડા (કાજુ-બદામ)

રીત : એક ભારે તળિયાવાળી કડાઈમાં ઘી ગરમ કરો અને તેમાં ચણાનો લોટ ઉમેરો. ગેસની આંચ ધીમી થી મધ્યમ રાખીને લોટને સતત હલાવતા રહીને શેકો. શરૂઆતમાં લોટ ઘી શોષી લેશે, પણ જેમ-જેમ શેકાશે તેમ તે ઘી છોડવા લાગશે અને સરસ સુગંધ આવશે (લગભગ ૨૦-૨૫ મિનિટ). જ્યારે લોટનો રંગ સોનેરી-ગુલાબી થઈ જાય અને તેમાંથી સરસ સુગંધ આવવા લાગે, ત્યારે ગેસ બંધ કરી દો. લોટને એક મોટા વાસણમાં કાઢી લો અને તેને હૂંફાળો (હાંથથી અડી શકાય તેટલો) ઠંડો થવા દો. હવે તેમાં દળેલી ખાંડ, એલચી પાવડર અને ડ્રાયફ્રૂટ્સ ઉમેરીને હાથથી બરાબર મિક્સ કરી લો. મિશ્રણમાંથી નાના-મોટા લાડુ વાળી લો.

કાજુ કતરી



સામગ્રી : કાજુ ૨ કપ (એકદમ કોરા અને ફ્રિજમાં ઠંડા કરેલા), ખાંડઃ ૧ કપ, પાણીઃ ૧/૩ કપ, ઘીઃ ૧ નાની ચમચી, ચાંદીનો વરખ (ઓપ્શનલ)

રીતઃ રાખો ઠંડા કરેલા કાજુને મિક્સર જારમાં નાખીને પલ્સ મોડ પર (રોકી-રોકીને) પીસી લો. ધ્યાન કે મિક્સર સતત ન ચલાવવું, નહીં તો કાજુ તેલ છોડી દેશે. હવે પાવડરને ચાળણીથી ચાળી લો. એક કડાઈમાં ખાંડ અને પાણી ઉમેરીને મધ્યમ આંચ પર ઉકાળો. ખાંડ ઓગળી જાય અને એકતારી ચાસણી (એક તાર બને) થાય ત્યાં સુધી પકાવો. હવે ગેસની આંચ એકદમ ધીમી કરી દો અને તેમાં કાજુનો પાવડર ધીમે-ધીમે ઉમેરતા જાઓ અને સતત હલાવતા રહે જેથી ગાંઠ ન પડે. મિશ્રણ કડાઈ છોડવા લાગે અને કણક જેવું ઘટ્ટ થઈ જાય ત્યારે તેમાં ૧ ચમચી ઘી ઉમેરીને ગેસ બંધ કરી દો. આ મિશ્રણને બટર પેપર પર કાઢી લો અને થોડું ઠંડું થાય એટલે હાથથી મસળીને લીંસું કરી લો. હવે તેને વેલણથી સમાન જાડાઈમાં વણી લો, ઉપર ચાંદીનો વરખ લગાવો અને હીરાના (ડાયમંડ) આકારમાં કાપી લો.

ગ્રિલ્ડ ચીઝ ટોસ્ટ



સામગ્રી : ૧ કપ દૂધ, ૨ કપ છીણેલું ચીઝ, ૧/૨ કપ સમારેલી ચોળી, ૧/૨ કપ સમારેલું ગાજર, ૧/૨ કપ બાફેલા વટાણા, ૨-૩ બાફેલા બટાકાં, ૧/૨ કપ ઝીણું સમારેલું ફ્લાવર, ૧/૨ કપ છીણેલી કોબીજ, ૨ ચમચી સૂકો મેવો, ૨-૩ટીપાં વેનિલા એસેન્સ, ૨ ચમચી માખણ, ૧ ચમચી મીઠું, ૧/૨ ચમચી સફેદ મરચાં પાઉડર, ૨-૩ ચમચી સમારેલાં પાર્સ્લે, થોડો મેંદો.

રીત : બધાં શાક ૧૦ મિનિટ સુધી ગરમ પાણીમાં રાખો. પછી ચાળણીમાં નાખીને પાણી નિતારી લો. એક પેનમાં માખણ ગરમ કરી મેંદો શેકો. પછી તેમાં દૂધ નાખીને જલદી હલાવો. આ સફેદ સોસ બની જશે. આમાં બધાં શાક મિક્સ કરો. પછી તેમાં એસેન્સ, મીઠું, સફેદ મરચાં પાઉડર નાખી હળવા હાથે હલાવો. હવે ગેસ પરથી ઉતારી ૧ કપ ચીઝ મિક્સ કરો. સવગ ડીશમાં પાથરી ઉપર બાકી વધેલું ચીઝ અને પાર્સ્લે નાખી ૧૮૦ ડિગ્રી, સેન્ટિગ્રેડ ઉષ્ણતામાન પર ચીઝ સોનેરી થાય ત્યાં સુધી બેક કરો. આ સેલડબ્રેડ સાથે પીરસો.

ચટપટી પકોડી

સામગ્રી : ૪ બ્રેડ સ્લાઈસ, ૧ ૧/૨ કપ છીણેલું પનીર, ૧/૪ ડુંગળી સમારેલી, ૧/૨ ચમચી કાળાં મરી પીસેલાં, ૨ ચીઝ ક્યુબ્સ, ૧/૨ ચમચી મીઠું, માખણ જરૂર મુજબ.

રીત : પનીર, ડુંગળી અને કાળાં મરી મિક્સ કરો. ઓવન પહેલાં બરાબર ગરમ કરો અને પછી ગેસ ધીમો કરો. થોડું માખણ લગાવો. તૈયાર મિશ્રણ સરખી માત્રામાં પાથરો. ૧/૨-૧/૨ ચીઝ ક્યૂબ છીણીને સ્લાઈસને જાળીના રેક પર મૂકો અને ક્રિસ્પ થાય ત્યાં સુધી ગ્રીલ કરો. મીઠું ભભરાવી સોસની સાથે પીરસો.

બેસતું વર્ષ
નૂતન આરંભ સાથે નવા સંકલ્પોનો અવસર

હિંદુ ધર્મમાં દિવાળીનો પર્વ ઉત્સાહ અને આનંદભેર ઉજવાય છે. ધાર્મિકતા સાથે પ્રકાશના આ પર્વમાં ભારતમાં ચૌતરફ શણગાર, મંદિરોમાં કાર્યક્રમોની ભરમાર રહે છે. કારતક સુદ એકમ એટલે કે દિવાળી પછીનો દિવસ બેસતું વર્ષ તરીકે ઉજવાય છે. આ દિવસથી ભારતીય પરંપરાગત વિક્રમ સંવત પંચાંગની શરૂઆત થાય છે. આ સાથે આ દિવસ ભૂતકાળની નિષ્ફળતાઓ અને કડવાશને પાછળ છોડીને જીવનમાં એક નવી શરૂઆત કરવાનો આ અવસર છે. સદકર્મો, સ્વાસ્થ્ય સુધારવું અને સકારાત્મક રહેવા જેવા નવા સંકલ્પો આ દિવસે કરાય છે. આ દિવસે સવારે વહેલા ઊઠીને વડીલોના આશીર્વાદ લેવામાં આવે છે અને મિત્રો તથા સગાંસંબંધીઓને મળીને 'સાલ મુબારક' કે 'નૂતન વર્ષાભિનંદન' પાઠવવામાં આવે છે. ગયા વર્ષના તમામ મનદુ:ખો અને અસંતોષને ભૂલીને ગળે મળવાની અને ક્ષમા માંગવાની (ક્ષમાયાચના) આપણી સુંદર સંસ્કૃતિ છે. વેપારીઓ માટે આ દિવસે નવા હિસાબી ચોપડાની શરૂઆત થાય છે, જેના પર કુમકુમથી 'શુભ-લાભ' અને 'સાથિયો' બનાવીને વેપારમાં બરકત અને ઈમાનદારીની કામના કરવામાં આવે છે. ગુજરાતમાં ખાસ કરીને ઘરઆંગણે આકર્ષક અને કલાત્મ રંગોળીની પરંપરા છે.

વેપારીઓ માટે આ દિવસે નવા હિસાબી ચોપડાની શરૂઆત થાય છે, જેના પર કુમકુમથી 'શુભ-લાભ' અને 'સાથિયો' બનાવીને વેપારમાં બરકત અને ઈમાનદારીની કામના કરવામાં આવે છે. ગુજરાતમાં આ પર્વમાં ઘરને લાઈટથી સજાણી આંગણે આકર્ષક અને કલાત્મ રંગોળીની પરંપરા છે.

ગોવર્ધન પૂજા અને અન્નકૂટની પૌરાણિક પરંપરા'

હિન્દુ સંસ્કૃતિમાં દિવાળીમાં નુતન વર્ષનો આરંભ થાય તે સાથે દિવાળીના બીજા દિવસે ઉજવાતો ગોવર્ધન પૂજા (અન્નકૂટ)નો તહેવાર આ આધ્યાત્મિક ઉત્સવની શૃંખલામાં એક અનોખો અને ઊંડો સંદેશ આપે છે. આ પર્વ માત્ર એક ધાર્મિક વિધિ નથી, પરંતુ માનવજાત અને પ્રકૃતિ વચ્ચેના અતૂટ સંબંધ, કૃતજ્ઞતાની ભાવના અને પરસ્પર નિર્ભરતાને ઉજાગર કરે છે. ગોવર્ધન પૂજા સાથે ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓ અને ભાગવત પુરાણની કથા સંકળાયેલી છે. પ્રાચીન સમયમાં લોકો ઈન્દ્રદેવને પ્રસન્ન કરવા માટે મોટા યજ્ઞો અને પૂજાપાઠ કરતા હતા, જેથી સમયસર વરસાદ આવે અને અન્નપૂર્ણાની કૃપા રહે.

એકવાર શ્રીકૃષ્ણે જોયું કે વ્રજવાસીઓ ઈન્દ્રદેવની પૂજાની તૈયારીઓમાં વ્યસ્ત છે. ત્યારે બાળ કૃષ્ણે વ્રજવાસીઓને સમજાવ્યું કે, `ઈન્દ્રદેવ તો માત્ર પ્રકૃતિના એક દેવ છે, જ્યારે આપણી અસલી આજીવિકા અને પોષણ તો આ ગોવર્ધન પર્વત, ગાયો અને વનસ્પતિને આભારી છે.' તેમણે વ્રજવાસીઓને ઈન્દ્ર પૂજા છોડીને ગોવર્ધન પર્વતની પૂજા કરવા પ્રેરણા આપી હતી.

જ્યારે ઈન્દ્રદેવને આ વાતની ખબર પડી, ત્યારે તેમણે ક્રોધે ભરાઈને પ્રલયકારી વરસાદ (વ્રજ પર મૂશળધાર વરસાદ અને વાવાઝોડું) વરસાવ્યો હતો. વ્રજવાસીઓની રક્ષા માટે શ્રીકૃષ્ણે પોતાની કનિષ્ઠિકા (ટચલી) આંગળી પર વિશાળ ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ધારણ કર્યો હતો. અંતે ઈન્દ્રદેવનો અહંકાર ભંગ થયો અને તેમણે શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી હતી. ત્યારથી ગોવર્ધન પૂજાની આ સુંદર પરંપરા શરૂ થઈ હતી.

અન્નકૂટ માત્ર ધાર્મિક વિધિ નથી, પણ તે સામાજિક એકતાનું પ્રતીક છે. ગામના કે સોસાયટીના તમામ લોકો ભેગા મળીને આ ભોજન તૈયાર કરે છે અને પ્રસાદ સ્વરૂપે વહેંચે છે. આમાં ઊંચ-નીચ કે ભેદભાવ વગર સૌ સાથે મળીને ભોજનનો આનંદ માણે છે. અન્નકૂટમાં ખાસ કરીને શિયાળાની ઋતુમાં પાકતી શાકભાજીઓનો ઉપયોગ કરીને વાનગીઓ બનાવાઈ હોય છે.

ગોવર્ધન પૂજાના અવસરે ભગવાનને વિવિધ પ્રકારના પકવાન અને ભોજન અર્પણ કરવામાં આવે છે, જેને `અન્નકૂટ' કહેવામાં આવે છે.

અન્નકૂટ એટલે અન્નનો પર્વત. આ દિવસે ભગવાનને અન્ન, શાકભાજી, મિઠાઈઓ, ફળો અને વિવિધ પકવાનોથી ભરેલા દિવ્ય થાળ ધરાવવામાં આવે છે. સામાન્ય રીતે ભગવાનને છપ્પન ભોગ ધરવામાં આવે છે.



પૂજાની વિધિ અને આધુનિક સમયમાં તેનું મહત્ત્વ

ઘરોમાં કે મંદિરોમાં ગાયના છાણમાંથી ગોવર્ધન પર્વતની પ્રતિકાત્મક આકૃતિ બનાવવામાં આવે છે અને ફૂલ, ઘાસ તેમજ દીવા પ્રગટાવીને તેની પૂજા કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓ ગોવર્ધનની પ્રદક્ષિણા કરે છે. ગિરિરાજની પરિક્રમા કરવાથી આત્મિક શાંતિ અને આધ્યાત્મિક ઊર્જાની પ્રાપ્તિ થાય છે.

સમૃદ્ધિ, જ્ઞાન અને સદભાવનાનું મહાપર્વ : લાભ પાંચમ

દિવાળીના દીપોત્સવ પર્વની હારમાળા બેસતું વર્ષ અને ભાઈબીજ પછી સંપન્ન થાય છે, પરંતુ ગુજરાત અને ભારતના અનેક ભાગોમાં ઉત્સવનો આ માહોલ કારતક સુદ પાંચમ સુધી અકબંધ રહે છે. કારતક સુદ પાંચમના આ પવિત્ર દિવસને લાભ પાંચમ, જ્ઞાનપંચમી અને પાંડવ પાંચમ જેવા અર્થસભર નામોથી ઓળખવામાં આવે છે.

દિવાળી પછીના નવા વર્ષના પ્રારંભમાં વેપારી જગત માટે આ પ્રથમ સત્તાવાર કાર્યદિન કે શુભ મુહૂર્ત ગણાય છે. ધાર્મિક, આધ્યાત્મિક અને વ્યાવસાયિક દૃષ્ટિએ આ દિવસનું મહત્ત્વ અત્યંત ગૂઢ છે. લાભ પાંચમના વિવિધ આયામો અને તેના સાંસ્કૃતિક તથા ધાર્મિક પ્રભાવને જાણીએ.



લાભ પાંચમનું વ્યાવસાયિક અને ધાર્મિક મહત્ત્વ

ગુજરાતી સંસ્કૃતિમાં દિવાળીના તહેવારો દરમિયાન ચોપડા પૂજન અને નવું વર્ષ ઉજવાયા બાદ, વેપારીઓ કારતક સુદ પાંચમના દિવસે પોતાના ધંધા-રોજગાર, દુકાનો અને કારખાનાઓનું મંગલ મુહૂર્ત કરી તેને ખુલ્લા મૂકે છે. તેથી જ આ દિવસને `લાભ પાંચમ' અથવા `સૌભાગ્ય પંચમી' કહેવામાં આવે છે.

ચોપડા અને વેપારની શરૂઆત : દિવાળી પર નવા ચોપડા પૂજ્યા બાદ, લાભ પાંચમના દિવસે ખરેખર વેપારની નવી વહીખાતાની એન્ટ્રીઓ શરૂ થાય છે. વેપારીઓ સવારે પોતાની દુકાને કે ઓફિસે જઈને ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની પૂજા કરે છે. ચોપડા પર `શુભ', `લાભ' અને `સાથિયો' બનાવીને વ્યવહારનો શુભારંભ કરે છે.

ગ્રાહકોનું સ્વાગત : આ દિવસે દુકાનો પર આવનાર ગ્રાહકોને મીઠાઈ ખવડાવીને તેમનું સ્વાગત કરવામાં આવે છે. એવી લોકમાન્યતા છે કે લાભ પાંચમના દિવસે કરેલા વ્યાવહારિક વ્યવહારો આખું વર્ષ આર્થિક બરકત અને પ્રગતિ લઈને આવે છે.

ભૌતિક અને આંતરિક લાભ : લાભ શબ્દનો અર્થ માત્ર ધન-દોલત કે નફો નથી થતો, પરંતુ જીવનમાં સુખ, શાંતિ, સંતોષ અને સારા સંબંધોનો લાભ મેળવવો એ આ પર્વનો મુખ્ય સંદેશ છે.

અજ્ઞાન પર જ્ઞાનનો વિજય અને શાસ્ત્ર પૂજન

જૈન ધર્મ અને સનાતન સંસ્કૃતિમાં આ પવિત્ર દિવસને જ્ઞાનપંચમી તરીકે પણ ઉજવવામાં આવે છે. જ્ઞાન એ માનવજીવનનું સર્વોચ્ચ ધન છે અને તેનો સ્વીકાર તથા આદર કરવાની આ ઉત્તમ તક છે.

જ્ઞાનપંચમીનું આધ્યાત્મિક મહત્ત્વ

શાસ્ત્ર પૂજન અને સ્વાધ્યાય : આ દિવસે ધાર્મિક પુસ્તકો, ગ્રંથો, વેદો અને શૈક્ષણિક સાહિત્યની પૂજા કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાક્ષર વર્ગ માટે આ દિવસ વિશેષ મહત્ત્વનો છે. પુસ્તકોને સ્વચ્છ સ્થાને મૂકી, કેસર-ચંદનથી પૂજન કરી વિદ્યા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે.

અક્ષરજ્ઞાનનું મૂલ્ય : જૈન પરંપરામાં જ્ઞાનને પરમ તપ અને મોક્ષનો માર્ગ માનવામાં આવે છે. જ્ઞાનની અવગણના કે વિનય ન જળવાય તે માટે આ દિવસે વિશેષ સાવધાની રાખવામાં આવે છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા માટે જ્ઞાનનો દીવો પ્રગટાવવો એ જ સાચી જ્ઞાનપંચમી છે.

વિદ્યાદાનનો સંકલ્પ : આ દિવસે વિદ્યાના પ્રસાર માટે દાન આપવું, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પુસ્તકો કે શૈક્ષણિક સામગ્રી ભેટ આપવી એ ઉત્તમ પુણ્યનું કામ માનવામાં આવે છે.

પાંડવ પાંચમ : ધર્મ, ન્યાય ને સત્યના માર્ગની પ્રેરણા મહાભારત કાળ અને પૌરાણિક કથાઓ સાથે જોડાયેલી પરંપરામાં આ દિવસને પાંડવ પાંચમ તરીકે પણ ઓળખવામાં આવે છે. મહાભારતના પાત્રો અને તેમની જીવનશૈલીમાંથી પ્રેરણા લેવાનો આ દિવસ છે.

પૌરાણિક અને નૈતિક મહત્ત્વ

ધર્મની જીત : પાંડવોએ પોતાના જીવનમાં અસંખ્ય કષ્ટો અને વનવાસ સહન કર્યા, પરંતુ ક્યારેય ધર્મનો સાથ છોડ્યો નહીં. અંતે સત્ય અને ધર્મની જીત થઈ. પાંડવ પાંચમ આપણને એ શીખવે છે કે જીવનમાં ગમે તેવી વિપરીત પરિસ્થિતિઓ આવે, પણ ન્યાય અને નીતિના માર્ગ પર અડગ રહેવું જોઈએ.

કર્તવ્યનિષ્ઠા : પાંડવોની જેમ પોતાના કર્તવ્યોનું પાલન કરવું, વચનબદ્ધ રહેવું અને પરિવાર તથા સમાજ પ્રત્યેની જવાબદારીઓને નિષ્ઠાપૂર્વક નિભાવવી એ આ પર્વનો આંતરિક સંદેશ છે.

સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો

લાભ પાંચમનું પર્વ માત્ર પૂજા-પાઠ કે વેપાર પૂરતું સીમિત નથી, પરંતુ તે સમાજને જોડનારું એક શક્તિશાળી માધ્યમ છે.

પરસ્પર સદ્ભાવ : દિવાળીના ભારે ઉત્સાહ અને ભાગદોડ પછી લાભ પાંચમના દિવસે લોકો શાંતિથી પોતાના પરિવારજનો અને મિત્રોને મળે છે. નવા વર્ષની શુભકામનાઓની આપ-લે કરવાનો આ અંતિમ તબક્કો છે.

નકારાત્મકતાનો ત્યાગ અને નવી ઊર્જા : વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનમાં નવી નીતિઓ અપનાવવાની, જૂની ભૂલોમાંથી શીખ મેળવવાની અને નવી ઊર્જા સાથે આગળ વધવાની પ્રેરણા આ પર્વ પૂરી પાડે છે. વાક્બારસથી શરૂ થયેલી દિવાળીની આ પર્વ શ્રેણી લાભ પાંચમના પાવન દિવસે પૂર્ણતાના શિખરે પહોંચે છે. લાભ પાંચમ આપણને શીખવે છે કે જીવનમાં ભૌતિક સમૃદ્ધિ (લક્ષ્મી) સાથે બૌદ્ધિક સમૃદ્ધિ (જ્ઞાન) અને નૈતિક મૂલ્યો (ધર્મ)નો સુમેળ હોવો અનિવાર્ય છે. જ્યારે ધન સાથે જ્ઞાન અને સદ્બુદ્ધિ ભળે છે, ત્યારે જ જીવન સાચા અર્થમાં સમૃદ્ધ અને સાર્થક બને છે.

પંચતત્ત્વથી બનેલા શરીરનાં 5 તત્ત્વની દેખરેખ જરૂરી

પંચતત્ત્વ દૃષ્ટિકોણથી સંપૂર્ણ આહાર માત્ર ખોરાક અને પાણી પૂરતો મર્યાદિત નથી; તેમાં આકાશ, અગ્નિ, વાયુ, પૃથ્વી અને જળ - પાંચેય તત્ત્વોનો સમાવેશ થાય છે. ઉપવાસ દ્વારા શરીરમાં આકાશતત્ત્વ માટે જગ્યા સર્જાય છે, જે પાચનતંત્રને આરામ આપી શરીરની સ્વાભાવિક હિલિંગ પ્રક્રિયાને સક્રિય કરે છે. યોગ્ય સમજ સાથે અને ધીમે ધીમે અપનાવેલો ઉપવાસ શરીરનું શુદ્ધીકરણ, કોષોની મરામત અને નવી ઊર્જા પ્રદાન કરવામાં મદદરૂપ બને છે. આમ, આપણે જોયું કે કેવી રીતે આપણે આપણા આહારમાં આકાશ તત્ત્વને સમાવી શકીએ છીએ. આ જ રીતે પંચતત્ત્વ આધારિત સંપૂર્ણ આહારમાં અગ્નિ તત્ત્વ અને વાયુ તત્ત્વનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તે આપણે આજના લેખમાં સમજીશું.



અગ્નિ તત્ત્વ

અગ્નિ તત્ત્વ એટલે સૌર ઊર્જા, એટલે કે સૂર્યનાં કિરણો. જ્યારે આપણે આપણા શરીરને સૂર્યપ્રકાશમાં એક્સપોઝ કરીએ છીએ, ત્યારે સૂર્યનાં કિરણો આપણા શરીરમાં વિટામિન Dના નિર્માણમાં મદદ કરે છે.

વિટામિન D શરીરમાં કેલ્શિયમ અને ફોસ્ફરસના શોષણ માટે ખૂબ જ જરૂરી છે. તેના કારણે આપણાં હાડકાં અને દાંત મજબૂત અને સ્વસ્થ રહે છે. ઉપરાંત, વિટામિન D આપણા રોગપ્રતિકારક તંત્રને પણ મજબૂત બનાવવામાં મદદ કરે છે, જેથી શરીર વિવિધ ચેપ અને બેક્ટેરિયાથી લડી શકે.

વિટામિન D આપણા સ્નાયુઓને યોગ્ય રીતે કાર્ય કરવામાં અને મગજ તથા શરીર વચ્ચે સંદેશાવ્યવહાર કરતી નર્વ્સને સહાય કરવામાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ રીતે વિટામિન D આપણા સમગ્ર સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે.

પરંતુ નવાઈની વાત એ છે કે આપણા દેશમાં વર્ષભર પૂરતો તડકો હોવા છતાં પણ ઘણા લોકોમાં વિટામિન Dની ઊણપ જોવા મળે છે. કદાચ તેનું એક કારણ એ પણ છે કે આપણે ઘણીવાર કુદરતે મફતમાં આપેલી વસ્તુઓનું મહત્ત્વ સમજતા નથી. ભગવાને આપેલો નિઃશુલ્ક સૂર્યપ્રકાશ મેળવવાને બદલે આપણે મોંઘી વિટામિન Dની ગોળીઓ અને કેપ્સ્યૂલ્સ તરફ વધુ આકર્ષાઈએ છીએ. પરંતુ હકીકત એ છે કે રોજના માત્ર 10થી 15 મિનિટનો યોગ્ય સૂર્યપ્રકાશ પણ શરીરમાં વિટામિન Dના નિર્માણ માટે પૂરતો થઈ શકે છે. જો આપણે નિયમિત રીતે સૂર્યપ્રકાશનો લાભ લઈએ, તો આપણાં હાડકાં મજબૂત રહેશે, દાંતનું આરોગ્ય સારું રહેશે અને રોગપ્રતિકારક શક્તિ પણ જળવાઈ રહેશે. આ રીતે અગ્નિ તત્ત્વને આપણે પોષણના એક મહત્ત્વપૂર્ણ સ્રોત તરીકે આપણા જીવનમાં ઉમેરી શકીએ છીએ.

> આપણું શરીર પંચતત્ત્વોથી બનેલું છે. જેમાં આકાશ, અગ્નિ, વાયુ, પૃથ્વી અને જળનો સમાવેશ થાય છે. પોષણ માટે આ તત્વો ખૂબ જરૂર છે.

વાયુ તત્ત્વ

વાયુ તત્ત્વ એટલે હવા.. આપણે જ્યારે જન્મીએ છીએ ત્યારે આપણું સૌથી પહેલું અને સૌથી મહત્ત્વનું પોષણ ઓક્સિજન હોય છે, જે આપણે હવામાંથી મેળવીએ છીએ. ખોરાકની ચર્ચામાં વાયુ તત્ત્વને ઘણીવાર અવગણવામાં આવે છે, પરંતુ તે આપણા સ્વાસ્થ્ય અને ચયાપચય પર ખૂબ જ ઊંડી અસર કરે છે.

યોગ અને આયુર્વેદ અનુસાર પ્રાણાયામ એટલે કે નિયમિત અને જાગૃત શ્વાસોશ્વાસની ક્રિયાઓ શરીરનાં અનેક તંત્રો પર સકારાત્મક અસર કરે છે. પ્રાણાયામ સ્વાયત્ત ચેતાતંત્ર હોર્મોનલ કાર્યપ્રણાલી અને ચયાપચયના દરને પ્રભાવિત કરે છે.

નિયમિત પ્રાણાયામના અભ્યાસથી બ્લડ સુગરનું નિયંત્રણ સુધરી શકે છે, HbA1cમાં ઘટાડો થઈ શકે છે તેમજ ટાઈપ-2 ડાયાબિટીસ, કોલેસ્ટરોલ અને ટ્રાઈગ્લિસરાઈડ્સના સ્તરો પર પણ સકારાત્મક અસર જોવા મળે છે.

ઊંડા અને ધીમા શ્વાસ લેવાથી તણાવ સાથે જોડાયેલું કોર્ટિસોલ હોર્મોન ઓછું થાય છે. પરિણામે શરીરમાં ચરબીનો સંગ્રહ ઘટે છે અને ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સમાં પણ સુધારો થઈ શકે છે. કેટલીક વિશિષ્ટ પ્રાણાયામ પદ્ધતિઓ જેમ કે, સૂર્યભેદન પ્રાણાયામ પાચન અગ્નિને સક્રિય કરવામાં મદદરૂપ બને છે. આ રીતે વાયુ તત્ત્વને પણ આપણે આપણા શરીર માટેના એક મહત્ત્વપૂર્ણ પોષણ તરીકે જીવનમાં સામેલ કરી શકીએ છીએ.

આપણું શરીર જે પંચતત્ત્વોથી બનેલું છે - આકાશ, અગ્નિ, વાયુ, પૃથ્વી અને જળ. તેના સંપૂર્ણ પોષણ માટે પણ આ પાંચેય તત્ત્વોની જરૂર છે. પૃથ્વી તત્ત્વ - અનાજ, શાકભાજી, ફળો અને અન્ય ખાદ્યપદાર્થો. જળ તત્ત્વ - શુદ્ધ પાણી. આકાશ તત્ત્વ - ઉપવાસ અને શરીરને મળતો વિરામ. અગ્નિ તત્ત્વ - સૂર્યપ્રકાશ અને સૌર ઊર્જા. વાયુ તત્ત્વ - શુદ્ધ હવા અને પ્રાણાયામ. જ્યારે આપણે આ પાંચેય તત્ત્વોને આપણા જીવન અને આહારમાં યોગ્ય રીતે સ્થાન આપીએ છીએ, ત્યારે તેને જ સંપૂર્ણ આહાર કહી શકાય. સંપૂર્ણ આહાર માત્ર પેટ ભરવાનું સાધન નથી, પરંતુ શરીર, મન અને આત્માને સંતુલિત અને સ્વસ્થ રાખવાની એક સર્વાંગી જીવનશૈલી છે.



MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.niraj-pancholi.c21.ca

Multiple Awards Winner Since 2011

Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011

Visit my website for new and updated Exclusive and MLS listings




MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot	COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M 6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available
GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.	HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow
GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators	HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator
ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS 1-2 hours from Calgary and Edmonton Price range: $800,000 to $3,500,000. Call for more info.	Motel Job: Front desk, housekeeping and general work in Ontario Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location



સિંગર કનિકા કપૂરના બીજી વખત છૂટાછેડા

બેબી ડોલ અને ચિંટિયા કલાઇયા જેવા નટખટ ગીતોની ગાયિકા કનિકા કપૂરે ઇન્સ્ટા પર એક પોસ્ટ મુકી પતિ ગૌતમ હાથીરામાણી અને તે હવે અલગ પડી ગયા હોવાનું જણાવ્યું હતું. કનિકા કપૂરના ગૌતમ હાથીરામાણી સાથે આ બીજા લગ્ન હતા. રાજ ચંદોક સાથે ડાઇવોર્સના વર્ષો બાદ ગાયિકા કનિકાએ મે ૨૦૨૨માં ગૌતમ હાથીરામાણી સાથે બીજા લગ્ન કર્યા હતા. તેમના બીજા લગ્નની તસવીરો સોશ્યલ મિડિયા પર વાઇરલ થઇ હતી. ચાર જ વર્ષમાં ગૌતમ અને કનિકા હવે છૂટાં પડી ગયા છે.

સ્વદેશ


18 FRIDAY, 06 NOVEMBER 2026



સેલેના ગોમેઝ ગ્લેમર, અભિનય અને મેન્ટલ હેલ્થ

મુંબઈ : લોસ એન્જલસના આઈકોનિક પેલેડિયમ ખાતે આયોજિત વાષક 'રેર ઈમ્પેક્ટ ફંડ બેનિફિટ ગાલા'માં સેલેના ગોમેઝે પોતાના ક્લાસિક વિન્ટેજ લૂક અને આકર્ષક અંદાજ સાથે રેડ કાર્પેટ પર 'ધૂમ મચાવી દીધી. આ ભવ્ય સાંજે યુવા માનસિક સ્વાસ્થ્ય માટે કરોડો ડોલરનું ભંડોળ એકત્ર કર્યું, જ્યાં હોલિવુડ અને પોપ જગતના દિગ્ગજો એક છત નીચે એકઠા થયા હતા. સેલેના માત્ર ગ્લેમર પૂરતી સીમિત નથી, અભિનય ક્ષેત્રે પણ તે સતત આગળ વધી રહી છે. સ્ટિવ માટન અને માટન શોર્ટ સાથેની હિટ મિસ્ટરી સિરીઝ ઉપરાંત, તે સુપ્રસિદ્ધ ગાયિકા લિન્ડા રોનસ્ટેડની આગામી બાયોપિક માટે તૈયારી કરી રહી છે. છેલ્લે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં તેની સંગીતમય કાઇમ-કોમેડી 'એમિલિયા પેરેઝ' માટે તેને સંયુક્ત રીતે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો, જેણે ગંભીર સિનેમામાં તેની અભિનયક્ષમતા સાબિત કરી છે. પડદા ઉપરાંત બિઝનેસ જગતમાં પણ તેની બ્યુટી બ્રાન્ડ 'રેર બ્યુટી'એ તરંગો સર્જ્યા છે. સોશિયલ મીડિયા પર કરોડો ફોલોઅર્સ ધરાવતી સેલેના આટલી પ્રચંડ લોકપ્રિયતા વચ્ચે પણ પોતાની સાદગી અને સતત સામાજિક બદલાવ લાવવાના પ્રયાસોને લીધે મજબૂત ગ્લોબલ સુપરસ્ટાર તરીકે ઊભરી આવી છે.

'હું હંમેશાં પરંપરાગત માર્ગથી અલગ રસ્તે ચાલવામાં માનું છું'..



મુંબઈ : આજે જ્યારે દર્શકો સિનેમાઘરોમાં અલગ પ્રકારના કન્ટેન્ટ અને નવીન વાર્તાઓનો અનુભવ મેળવવા માટે વધુ ઉત્સુક બની રહ્યા છે, ત્યારે આયુષ્માન ખુરાનાએ સતત એવી ફિલ્મો પસંદ કરી છે, જે પરંપરાગત સિનેમાથી કંઈક અલગ રજૂ કરે છે. વિકી ડોનર અને શુભ મંગલ સાવધાનથી લઈને અંધાધુન અને ડ્રીમ ગર્લ સુધી, તેમની ફિલ્મોગ્રાફી એવી વાર્તાઓ પ્રત્યેની તેમની સ્પષ્ટ પસંદગી દર્શાવે છે, જે પોતાની રજૂઆતમાં આગવી હોવાની સાથે મુખ્યધારાના મનોરંજન સાથે પણ જોડાયેલી છે. ઉડતા તીર, યે પ્રેમ મોલ લિયા અને મુપાપા તેમની વિવિધતાસભર આગામી ફિલ્મોની યાદીમાં ઉમેરાતાં, આયુષ્માન કન્ટેન્ટ આધારિત સિનેમાને સતત પ્રોત્સાહન આપી રહ્યા છે. આવી ફિલ્મો નવી દૃષ્ટિ, વિવિધ શૈલીઓ અને મનોરંજનને મોટા પડદા પર લાવે છે. તેમની ફિલ્મોની પસંદગી દર્શાવે છે કે જો વાર્તાઓ દર્શકોને થિયેટરમાં એક રસપ્રદ અનુભવ આપે, તો તેઓ જાણીતી અને પરંપરાગત વાર્તાઓથી અલગ વિષયોને પણ અપનાવવા તૈયાર છે. સિનેમા પ્રત્યેના પોતાના અભિગમ વિશે વાત કરતાં આયુષ્માન ખુરાનાએ કહ્યું, "હું હંમેશાં પરંપરાગત માર્ગથી અલગ રસ્તે ચાલવામાં માનું છું. વિકી ડોનર, શુભ મંગલ સાવધાન, ડ્રીમ ગર્લ, અંધાધુનથી લઈને ઉડતા તીર, યે પ્રેમ મોલ લિયા અને મુપાપા સુધી, મારી ફિલ્મોની પસંદગી હંમેશાં આ વિચારને પ્રતિબિંબિત કરતી રહી છે. હું કન્ટેન્ટ આધારિત અને અપેક્ષિત ધારાથી અલગ વાર્તાઓ શોધવાનું ચાલુ રાખવા માગું છું. મારી પસંદગી પર દર્શકો જે વિશ્વાસ મૂકે છે, તે જ મને જોખમ લેવાનો આત્મવિશ્વાસ અને પ્રયોગ કરવાની, મારી જાતને પડકારવાની તથા વિવિધ ફિલ્મી શૈલીઓમાં કામ કરવાની સ્વતંત્રતા આપે છે."

આજે જ્યારે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ફ્રેન્ચાઇઝી, ભવ્ય અને વિશાળ પાયે બનતી ફિલ્મો તથા અજમાવેલી અને સફળ સાબિત થયેલી ફોર્મ્યુલાઓનું પ્રભુત્વ વધી રહ્યું છે, ત્યારે આયુષ્માન સતત પોતાનો અલગ માર્ગ કંડારી રહ્યા છે. જે તેમની સફરને વિશેષ બનાવે છે. માત્ર તેમણે કરેલી વિવિધ પ્રકારની ફિલ્મો જ નહીં, પરંતુ મુખ્યધારાના સિનેમામાં કંઈક નવું લાવતી વાર્તાઓને સમર્થન આપવાની તેમની તૈયારી પણ છે. સામાજિક કોમેડી અને ડાર્ક થ્રિલરથી લઈને રોમેન્ટિક ડ્રામા અને દેશભક્તિપૂર્ણ કોમેડી સુધી, તેમણે કોઈ એક જ શૈલી સુધી મર્યાદિત રહ્યા વિના વાર્તાકથનના વિવિધ પ્રકારો અજમાવ્યા છે.

રામાયણ ફિલ્મે દર્શકોનું જીત્યું દિલ, રણબીર-યશ છવાઈ ગયા, રાવણ-જટાયુના યુદ્ધનું દ્રશ્ય સરાહનીય

નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત અને નમિત મલ્હોત્રા તેમજ યશ દ્વારા સહ-નિર્મિત આ વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મ "રામાયણ" આખરે આજે, ૫ નવેમ્બરના રોજ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. ફિલ્મમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ, રવિ દુબે, સની દેઓલ, લારા દત્તા, રકુલ પ્રીત સિંહ અને અરુણ ગોવિલ જેવા દિગ્ગજ કલાકારોની મોટી સ્ટાર કાસ્ટ છે.



દેશભરના ઘણા થિયેટરોમાં સવારના શો હાઉસફુલ રહ્યા હતા અને આ મહાકાવ્ય નાટકનો પહેલો શો જોનારા ચાહકો સોશિયલ મીડિયા પર પોતાના ફર્સ્ટ ડે ફર્સ્ટ શો (FDFS) રિવ્યુ શેર કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ ફિલ્મની ભવ્યતા અને કલાકારોના પ્રદર્શનની ભારે પ્રશંસા કરી રહ્યા છે. ચાહકોએ રામ તરીકે રણબીર કપૂરના સૌમ્ય અને શક્તિશાળી અભિનયની તેમજ રાવણના પાત્રમાં યશના દમદાર પ્રેઝન્સના મુક્તકંઠે વખાણ કર્યા છે. આ ઉપરાંત, વિશ્વપ્રસિદ્ધ સંગીતકાર હંસ ઝિમર અને એ.આર. રહેમાનના જુગલબંધી વાળા બેકગ્રાઉન્ડ મ્યુઝિક, અદ્ભુત વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને આકર્ષક એક્શન સીન્સને દર્શકોએ એક અદ્ભુત સિનેમેટિક અનુભવ ગણાવ્યો છે. અનેક દર્શકો અને ક્રિટિક્સે પ્રેક્ષાગ્રહના ઈન્ટરવલ સુધીના ભાગને 5 માંથી 5 સ્ટાર આપ્યા છે અને તેને એક ભાવનાત્મક વાર્તા ગણાવી છે. જોકે, કેટલાક દર્શકોએ ફિલ્મ અંગે થોડી ખામીઓ પણ દર્શાવી છે. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોનું માનવું છે કે ફિલ્મનો રનટાઈમ થોડો લાંબો છે અને અમુક જગ્યાએ પેસિંગ (ગતિ) ધીમી પડે છે.

એન્ટરટેઇનમેન્ટ જગતમાં ભૂકંપ! વોલ્ટ ડિઝનીની હજારો નોકરીઓ જોખમમાં, 20 ટકા ખર્ચ કાપવા આદેશ

ગ્લોબલ એન્ટરટેઈનમેન્ટ ક્ષેત્રની દિગ્ગજ કંપની વોલ્ટ ડિઝની પોતાના ખર્ચમાં મોટો કાપ મૂકવા માટે હજારો કર્મચારીઓની છટણી કરવાની તૈયારી કરી રહી છે. એક અહેવાલ મુજબ, કંપનીએ પોતાના કેટલાક વિભાગોના મેનેજરોને વાર્ષિક ખર્ચમાં 20% સુધીની બચત કરવાનું લક્ષ્યાંક આપ્યું છે. આ સૂચિત બચત કર્મચારીઓની નોકરીઓ સમાપ્ત કરીને તેમજ અન્ય વહીવટી ખર્ચાઓમાં ઘટાડો કરીને પ્રાપ્ત કરવામાં આવશે. આ છટણીની અસર ડિઝનીના વિવિધ કારોબારો પર અલગ-અલગ રીતે જોવા મળશે, જેમાં કંપનીના પ્રખ્યાત થીમ પાર્ક્સ, ટેલિવિઝન ચેનલો અને ફિલ્મ સ્ટુડિયો સૌથી વધુ પ્રભાવિત થવાની ધારણા છે.

ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જોશ ડી'અમારો આ



ખર્ચ કાપમાંથી બચેલા ભંડોળનો એક મોટો હિસ્સો કંપનીના મહત્ત્વના પ્રોજેક્ટ્સમાં ફરીથી રોકાણ કરવાની યોજના ધરાવે છે. નોંધનીય છે કે ડિઝનીએ ચાલુ નાણાકીય વર્ષમાં એડજસ્ટેડ અર્નિંગ્સ પર શેરમાં ડબલ ડિજિટ વૃદ્ધિ હાંસલ કરવાનું વચન આપ્યું છે. જોકે, કંપનીના સત્તાવાર પ્રતિનિધિએ આ સૂચિત છટણી અંગે કોઈપણ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો છે.

ડિઝની છેલ્લા કેટલાક વર્ષોથી સતત કોસ્ટ-કટિંગના આકરા પગલાં લઈ રહી છે, જેના હેઠળ કંપનીએ અબજો ડોલરનો ખર્ચ ઘટાડી હજારો પદો રદ કર્યા છે:

અગાઉના છટણીના દોરમાં ABC, પિક્સાર, ESPN, ફિલ્મ સ્ટુડિયો અને એક્સપિરિયન્સ યુનિટ સહિતના મહત્ત્વના વિભાગો પ્રભાવિત થયા હતા.

Happy Diwali & Prosperous New Year

Imperial
PEST CONTROL



Serving Since 2006.

Residential • Commercial • Industrial

24 Hour Service. • 7 Days a Week

All Pest Control:

Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:

Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

First Time Customer gets
10% Off
on your first home service
Mention this offer while booking



Free Estimates & Written Guarantee


Special Service For Bedbug Control

www.imperialpestcontrol ca • info@imperialpestcontrol.ca

(We speak English, Hindi, Gujarati)

Call: Ramesh Kanani 416-837-1820






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

ચાર મહિનામાં એઆઇ કંપનીની 480 અબજ ડોલર જેટલી માર્કેટ વેલ્યૂ સાફ

એઆઈના શેરોમાં તેજીનો પરપોટો ગમે ત્યારે ફુટી શકે



એઆઈ અને સેમિકન્ડક્ટર શેરોમાં આવેલા તીવ્ર વેચવાલીના દબાણને કારણે ચાર મહિનાથી પણ ઓછા સમયમાં લગભગ ૪૮૦ અબજ ડોલર જેટલી માર્કેટ વેલ્યૂ સાફ થઈ ગઈ છે. રોઇટર્સના અહેવાલ અનુસાર શાંઘાઈ સ્થિત ટોચની ૫૦ ટેક્નોલોજી કંપનીઓને ટ્રેક કરતો મુખ્ય 'STAR50' ઈન્ડેક્સ જુલાઈના તેના ઉચ્ચતમ સ્તરથી લગભગ ૪૦ ટકા તૂટી ચૂક્યો છે. આ ઉપરાંત, ચીનનો વ્યાપક બ્લુ-ચિપ ઈન્ડેક્સ 'CSI300' પણ જૂન મહિનાની ટોચથી આશરે ૨૦ ટકા ગગડયો છે. આ ઘટાડો ચીનની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર અને રોબોટિક્સ કંપનીઓ પ્રત્યે બે વર્ષથી ચાલી આવતી પ્રચંડ તેજી અને ઉત્સાહમાં મોટો પલટો દર્શાવે છે.

રોબોટ નિર્માતા 'Unitree', જેની શેર ઓફરિંગ રિટેલ રોકાણકારો દ્વારા ૮,૦૦૦ ગણી ઓવરસબ્સ્ક્રાઇબ થઈ હતી, તેના શેરમાં ઓગસ્ટના લિસ્ટિંગ બાદ ભારે પછડાટ વર્તાઈ છે. ચિપમેકર્સ CXMT, MetaX ઈન્ટિગ્રેટેડ સર્કિટ અને મૂર થ્રીએડ ટેકનોલોજી જેવી કંપનીઓએ પણ મોટો ઘટાડો વેઠવો પડયો છે.

ગયા વર્ષે ડેબ્યૂ વખતે અનુક્રમે ૭૦૦ ટકા અને ૪૦૦ ટકા ઉછળેલા MetaX અને Moore Threadsના શેરોએ જુલાઈ પછી પોતાનું અડધું મૂલ્ય ગુમાવી દીધું છે. તેવી જ રીતે Unitreeના તાજેતરના નાણાકીય પરિણામો આ મંદીનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. કંપનીએ ત્રીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૭૦ ટકાની વૃદ્ધિ સાથે ૬૬.૫ કરોડ યુઆનની આવક નોંધાવી હતી. જોકે, સંશોધન અને વિકાસ (R&D) ખર્ચ બમણાથી વધુ થઈ જવાને કારણે ચોખ્ખો નફો ૧૭.૪ ટકા ઘટીને ૧૧.૨૭ કરોડ યુઆન રહ્યો હતો, જે વિશ્લેષકોના અંદાજ કરતાં ઓછો હતો.

જાણકારો કહે છે કે, રોબોટિક્સ, એઆઈ કે સેમિકન્ડક્ટરના કારણે લોકોને શું ફાયદો થશે અને ભવિષ્યમાં શું ગુમાવવાનું પણ આવશે, તેના વિશે લોકોમાં સભાનતા આવી રહી છે. તેથી તે દિશામાં લોકોનો અણગમો શરૂ થઈ ગયો છે. લોકોના આ અચાનક બદલાયેલા વલણની અસર સીધી જ બજાર ઉપર જોવા મળી હતી. ૧૯૯૦ના દાયકામાં જે રીતે ડોટ કોમનો ફુગ્ગો ફૂટી ગયો હતો, તેમ ૨૦૨૦ના દાયકામાં AI નો ફુગ્ગો પણ ફૂટી જવાની તૈયારીમાં છે. વિશ્વભરમાં AI કંપનીઓ ભવિષ્યના નફાની ગણતરી સાથે અબજો ડોલરની ઉધારી કરી રહી છે, પણ નફો ક્યાંય દૂર સુધી પણ દેખાતો નથી.

ભારતીય શેરબજારમાં ચાલી રહેલા ઘટાડા વચ્ચે ચીનના AI ક્ષેત્રના સમાચાર વિશ્વભરનાં રોકાણકારો માટે ચેતવણીરૂપ છે. ચીનમાં AI કંપનીઓના શેરોમાં આવેલો ઉછાળો હવે મોટા ઘટાડામાં ફેરવાઈ ગયો છે. STAR50 ઈન્ડેક્સ, જેમાં AI અને સેમિકન્ડક્ટર કંપનીઓનું વર્ચસ્વ છે, તે જુલાઈના ટોચના સ્તરથી ચાર મહિનાથી ઓછા સમયમાં લગભગ ૪૦ ટકા ઘટ્યો છે. આનાથી બજારના મૂલ્યમાં લગભગ ૪૮૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

પ્રાસંગિક
ધવલ શુક્લ

AI ની માંગ અંગે ચિંતાઓ અને ચીની ટેક ઉત્પાદનો ઉપર અમેરિકન પ્રતિબંધોની સંભાવનાએ રોકાણકારોને ગભરાવ્યા છે. ઓગસ્ટમાં લિસ્ટિંગ થયા પછી ચીનના રોબોટ નિર્માતા યુનિટ્રીના શેરના ભાવો લગભગ અડધા થઈ ગયા છે. હવે નુકસાનના ડરથી રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યાં છે. ટેકનોલોજી કંપનીઓ માટે મૂડી એકત્ર કરવાનું મુશ્કેલ બની શકે છે. નિષ્ણાતોને શેરોમાં વધુ ઘટાડાનો ભય છે. વિશ્લેષકોના મતે અમેરિકાના પ્રતિબંધોનો ભય, ડેટા સેન્ટરો માટે ચીની સાધનોના પુરવઠા ઉપર સંભવિત નાકાબંધી અને શેરોના અતિશય ઊંચા ભાવોએ વેચાણને વેગ આપ્યો છે. જો કે, કેટલાંક રોકાણકારો આ ઘટાડાને ખરીદીની તક તરીકે પણ જોઈ રહ્યાં છે. ચીનના રોકાણ કરનારા સમુદાયમાં ચિંતા વધી રહી છે કે, AIમાં નફો રળવાની આશાઓમાં વધુ પડતું રોકાણ કરવાથી નુકસાન થઈ શકે છે. ચીન જેવી જ સ્થિતિ અમેરિકામાં પણ છે. અહીં અગ્રણી ઈન્ડેક્સ, S&P 500, ૨.૦૬ ટકા ઘટ્યો છે. ઈન્ટેલના શેરમાં ૨૮ ટકાનો ઘટાડો થયો છે. NVIDIA, AMD, DELL અને HPના શેરમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આ નોંધપાત્ર ઘટાડાના પરિણામે Nasdaq Composite ઈન્ડેક્સ ૨.૮૬ ટકા ઘટીને બંધ થયો હતો. આ મોટા ઘટાડાએ વિશ્વભરનાં રોકાણકારોને ડરાવી દીધાં છે. શુક્રવારે નાસ્ડેક કમ્પોઝિટમાં ૫ જૂન પછીનો સૌથી મોટો એક દિવસનો ઘટાડો જોવા મળ્યો હતો. જેનું કારણ ઈન્ટેલ અને એમેઝોનનાં નબળાં ત્રિમાસિક પરિણામો હતાં. ડેટા પણ AIના પક્ષમાં નથી, જેના કારણે રોકાણકારો નિરાશ થયાં છે. તેથી AIનો પરપોટો ટૂંક સમયમાં ફૂટી શકે, તેવી ચર્ચાનો જન્મ થયો છે. CAIA એસોસીએશનના સ્ટીફન વોંગ કહે છે કે, AI વિશે કરવામાં આવેલા બધા ઊંચા દાવાઓની હવે ફરીથી ચકાસણી કરવામાં આવી રહી છે. તે નક્કી કરવામાં આવી રહ્યું છે કે તેઓ તેમની પાસેથી રોકાણકારોએ રાખેલી અપેક્ષાઓ પર ખરા ઊતરે છે કે નહીં. આ જ કારણ છે કે AI કંપનીઓ તેમના શેરોમાં તીવ્ર ઘટાડો જોઈ રહી છે.

હકીકતે AI ક્ષેત્રમાં આવકની સંભાવના, નફાકારકતા અને ખર્ચ-અસરકારકતાની હવે નજીકથી તપાસ કરવામાં આવી રહી છે. યુબીએસ ગ્લોબલ રિસર્ચનો અંદાજ છે કે છ સૌથી મોટી કંપનીઓ ૨૦૩૦ સુધીમાં એઆઈ પર ૭.૭ ટ્રિલિયન ડોલરનો ખર્ચ કરશે. નિષ્ણાતો માને છે કે, પાણીની જેમ પૈસા ખર્ચવાના આ નવા વલણથી તેમનાં રોકાણ પરના વળતરમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. આથી પોતાનો નફો જાળવી રાખવા માટે આ કંપનીઓને ૨૦૩૧ સુધીમાં આશરે ૧ ટ્રિલિયન ડોલરની વધારાની આવક ઉત્પન્ન કરવાની જરૂર પડશે, પરંતુ રોકાણકારોને શંકા છે કે, શું તેઓ ખરેખર ભવિષ્યમાં આટલી આવક ઉત્પન્ન કરી શકશે.

વિશ્લેષકો માને છે કે આ AI પરપોટો ડોટ-કોમના પરપોટા કરતાં ૧૭ ગણો મોટો અને ૨૦૦૮ના રિયલ એસ્ટેટ ક્રેશ કરતાં ચાર ગણો મોટો છે. કંપનીઓએ AIની ક્ષમતાઓને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરતા મોટા પાયે રોકાણો થયાં છે. આ પરિસ્થિતિ ગંભીર આર્થિક કટોકટી તરફ દોરી શકે છે, જેમાંથી બહાર નીકળવું મુશ્કેલ હોઈ શકે છે. ભારત પણ તેનાથી બચી શકશે નહીં અને તેને અનેક પડકારોનો પણ સામનો કરવો પડશે. એક સ્વતંત્ર સંશોધન પેઢી મેક્રોસ્ટ્રેટીજી પાર્ટનરશિપે તેના અહેવાલમાં આ ચિંતા વ્યક્ત કરી છે.

તેના મતે AI પરપોટો ખૂબ મોટો થઈ ગયો છે. જુલિયન ગેરેન અને તેમની ટીમ માને છે કે કંપનીઓએ AIની સાચી શક્તિને ખૂબ જ અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરી છે. મોટા વ્યવસાયોમાં મોટા ભાષા મોડેલો અપનાવવાનો દર પહેલાથી જ ઘટવા લાગ્યો છે. ટીએસ લોમ્બાર્ડ ખાતે ગ્લોબલ મેક્રોના મેનેજિંગ ડિરેક્ટર ડારિયો પર્કિન્સે કહ્યું હતું કે ટેક કંપનીઓ AI ડેટા સેન્ટર બનાવવા માટે ભારે દેવું લઈ રહી છે. તેમણે આ વલણની તુલના ડોટ-કોમ અને સબપ્રાઇમ મોર્ટગેજ બબલ્સ સાથે કરી હતી. પર્કિન્સે સમજાવ્યું હતું કે મોટી ટેક કંપનીઓને ચિંતા નથી કે, તેમનાં રોકાણો કોઈ વળતર આપશે કે કેમ, કારણ કે તેઓ રેસમાં છે. જો કે, આ ચોક્કસપણે એક લાલ સિગ્નલ છે. તેનો અર્થ એ છે કે કંપનીઓ નફા કરતાં સ્પર્ધા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જે એક ખતરનાક સંકેત છે. એમેઝોનના સીઈઓ જેફ બેઝોસે પણ કોન્ફરન્સમાં સ્વીકાર્યું હતું કે AI એક પરપોટો છે. ભારત પણ વૈશ્વિક વાતાવરણથી મુક્ત રહી શકે તેમ નથી.

યુબીએસ ગ્લોબલ રિસર્ચનો અંદાજ છે કે, છ સૌથી મોટી કંપનીઓ 2030 સુધીમાં એઆઇ ઉપર 7.7 ટ્રિલિયન ડોલરનો ખર્ચ કરશે, બીજી તરફ નિષ્ણાતો માને છે કે પાણીની જેમ પૈસા ખર્ચવાના વલણથી તેમનાં વળતરમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે

રાત્રે ઊંઘમાં સપનાં કેમ આવે છે?



આપણા શરીરની રચના અદ્ભૂત રીતે કરવામાં આવી છે. એમાં મગજની વાત કરીએ તો એ સૌથી વધુ જટિલ ભાગ છે. આપણે રાત્રે જ્યારે સૂઇ જઇએ છીએ ત્યારે આપણું શરીર આરામ કરે છે, પરંતુ મગજ કાલ્પનિક અને અદ્ભુત દુનિયામાં સક્રિય રહે છે. આ કાલ્પનિક દુનિયા એટલે સપનાં. આપણને સવાલ થાય કે ઊંઘમાં સપનાં કેમ આવે છે. તો એની પાછળ પણ વિજ્ઞાન અને મનોવિજ્ઞાન છુપાયેલું છે. વૈજ્ઞાનિક સંશોધનો મુજબ આપણી ઊંઘ મુખ્યત્વે બે તબક્કામાં વહેંચાયેલી હોય છે. નોન-રેમ અને રેમ (રેપિડ ઇ મૂવમેન્ટ). મોટાભાગનાં સ્પષ્ટ અને રોમાંચક સપનાં રેમ સ્લીપ દરમિયાન જ આવે છે. આ તબક્કામાં આંખોના ડોળા ઝડપથી હલે છે અને મગજ એટલું સક્રિય હોય છે જેટલું આપણે જાગતા હોઇએ ત્યારે હોય છે. રસપ્રદ વાત એ છે કે આ સમયે મગજ શરીરના સ્નાયુઓને કામચલાઉ રીતે રિલેક્સ કરી દે છે, જેથી આપણે સપનામાં થતી હિલચાલને વાસ્તવિક રીતે કરવા ન લાગીએ. આપણું મગજ સુપર કમ્પ્યૂટરની જેમ કામ કરે છે. દિવસ દરમિયાન આપણે અસંખ્ય વસ્તુઓ જોઇએ છીએ. વિચારો કરીએ છીએ અને વિગતો ભેગી કરીએ છીએ. રાત્રે સૂતી વખતે મગજ આ બધી માહિતીનું વર્ગીકરણ કરે છે. જેને મેમરી કન્સોલિડેશન કહેવામાં આવે છે. મગજ નક્કી કરે છે કે કઇ યાદોને ભવિષ્ય માટે સાચવી રાખવી અને કઇ બિનજરૂરી બાબતોને ભૂલી જવી. આ પ્રોસેસિંગ કરતી વખતે જુદા જુદા વિચારો અને અનુભવો એકબીજા સાથે જોડાય છે. જેના લીધે આપણને સપનાં દેખાય છે.

આપણી લાગણીઓ સાથે સપનાંઓ સીધાં જોડાયેલાં હોય છે. મગજનો એમિગ્ડલા નામનો ભાગ ડર, પ્રેમ, ચિંતા અને ખુશી જેવી લાગણીઓ સંભાળે છે. દિવસ દરમિયાન અનુભવાયેલ ભય, તણાવ કે દબાયેલી ઇચ્છાઓ સપના સ્વરૂપે બહાર આવે છે. જાણીતા મનોવિજ્ઞાની સિગ્મંડ ફ્રોઇડના મતે, સપનાં એ આપણા અચેતન મનનો અરીસો છે. તે માનસિક દબાણ દૂર કરીને આપણું ભાવનાત્મક સંતુલન જાળવવામાં મદદ કરે છે.

સપનાને કોઇ સીમાડા નડતા નથી, તેને દુનિયામાં તર્ક કે નિયમોનું બંધન હોતું નથી. આ જ કારણે મગજ અશક્ય લાગતા વિચારોને પણ જોડી શકે છે. ઇતિહાસમાં વૈજ્ઞાનિકો, કલાકારો અને સંગીતકારોને પોતાની ઘણી જટિલ સમસ્યાઓના ઉકેલ કે નવી શોધના વિચારો સપનામાંથી મળ્યા હોવાના દાખલા છે. સપનાં આવવાં એ કોઇ ખરાબ બાબત નથી, એ મગજની કોઇ ખામી નથી, પણ એક અત્યંત જરૂરી માનસિક પ્રક્રિયા છે. તે આપણા મગજને તાજગી આપે છે, યાદશક્તિ મજબૂત કરે છે અને ભાવનાત્મક રીતે આપણને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તેથી એનાથી ડરવાની જરૂર નથી.

19મી સદીમાં ઇંગ્લેન્ડમાં ફૂટબોલની શરૂઆત થઈ હતી

ફૂટબોલ એ વિશ્વની સૌથી રોમાંચક અને સૌથી વધુ જોવામાં આવતી રમતોમાંની એક છે. વિશ્વભરના કરોડો લોકો આ રમત સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા છે. ફૂટબોલ જેવી રમત પ્રાચીન ચીન જ્યાં તેને `ત્સુ ચુ' કહેવાતી, ગ્રીસ અને રોમમાં રમાતી હતી, પરંતુ આધુનિક ફૂટબોલની શરૂઆત 19મી સદીમાં ઇંગ્લેન્ડમાં થઈ હતી. 1863માં `ધ ફૂટબોલ એસોસિએશન'ની સ્થાપના સાથે આ રમતના ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા હતા. 1904માં આંતરરાષ્ટ્રીય સંસ્થા ફિફાની સ્થાપના થઈ, જેણે આ રમતને વૈશ્વિક ઓળખ આપી છે. 1930માં પ્રથમ `ફૂટબોલ વર્લ્ડકપ' યોજાયો હતો, જે આજે વિશ્વનો સૌથી મોટો રમત ઉત્સવ ગણાય છે. ફૂટબોલ રમવાના મુખ્ય નિયમોની વાત કરીએ તો દરેક ટીમમાં 11 ખેલાડીઓ હોય છે. આ મેચ કુલ 90 મિનિટની હોય છે, જેને 45-45 મિનિટના બે ભાગમાં વહેંચવામાં આવે છે. ગોલકીપર સિવાય કોઈ પણ ખેલાડી મેચ દરમિયાન બોલને હાથ કે બાવડાથી સ્પર્શ કરી શકતો નથી. ખેલાડીઓ માત્ર પગ, છાતી કે માથાનો ઉપયોગ કરી શકે છે. જ્યારે બોલ વિરોધી ટીમના ગોલપોસ્ટની નેટને સંપૂર્ણપણે પાર કરે છે, ત્યારે તેને 1 ગોલ ગણવામાં આવે છે. સૌથી વધુ ગોલ કરનાર ટીમ વિજેતા બને છે. ખેલાડીને ગંભીર ભૂલ કે અયોગ્ય વર્તન માટે ચેતવણી રૂપે યલો કાર્ડ આપવામાં આવે છે. અતિ ગંભીર ભૂલ માટે અથવા બે યલો કાર્ડ મળવા પર રેડ કાર્ડ આપીને ખેલાડીને મેદાનની બહાર મોકલી દેવાય છે.



હેરિટેજ એટલે શું?



હેરિટેજ એટલે વારસો અથવા ધરોહર. સરળ ભાષામાં કહીએ તો, આપણા પૂર્વજોએ આપણને આપેલી અને આપણે આવનારી પેઢીને સાચવીને સોંપવાની હોય એવી ઐતિહાસિક, સાંસ્કૃતિક કે કુદરતી સંપત્તિને હેરિટેજ કહેવામાં આવે છે. હેરિટેજ આપણને આપણા ભૂતકાળ સાથે જોડે છે અને આપણી ઓળખ વિશે જાણકારી આપે છે. હેરિટેજ શબ્દ સાંભળતાં સામાન્ય રીતે આપણને જૂના કિલ્લા, મહેલો, મંદિરો, મસ્જિદો, ગુફાઓ, ઐતિહાસિક ઇમારતો યાદ આવે છે, પરંતુ હેરિટેજનો અર્થ આટલો જ સીમિત નથી.

કોઈ સમાજની પરંપરા, લોકકલા, સંગીત, નૃત્ય, ભાષા, હસ્તકલા, તહેવારો અને પેઢીઓથી ચાલતી આવતી જીવનશૈલી પણ સાંસ્કૃતિક વારસાનો ભાગ બની શકે છે. હેરિટેજને સામાન્ય રીતે સાંસ્કૃતિક અને કુદરતી વારસા એમ બે પ્રકાર પડે છે. માનવજાત દ્વારા બનાવવામાં આવેલી અને ઐતિહાસિક અથવા સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતી વસ્તુઓ તથા સ્થળો સાંસ્કૃતિક વારસામાં આવે છે. ભારતમાં તાજમહાલ, અજંતા ગુફાઓ અને એલોરા ગુફાઓ જેવાં સ્થળો આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક અને સ્થાપત્ય વારસાનાં ઉત્તમ ઉદાહરણો છે. કુદરતે આપણને આપેલી એવી વિશિષ્ટ સંપત્તિ, જે પર્યાવરણ, જૈવવિવિધતા, વૈજ્ઞાનિક મહત્ત્વ અથવા કુદરતી સૌંદર્ય માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે, તેને કુદરતી વારસો કહી શકાય. પર્વતો, જંગલો, રણ, નદીઓ, સરોવરો, ટાપુઓ અને વિશિષ્ટ ભૂ-આકૃતિઓ તેનાં ઉદાહરણો છે. આવાં સ્થળોએ અનેક પ્રકારનાં પ્રાણીઓ અને વનસ્પતિઓનું જીવન પણ જોવા મળે છે, તેથી કુદરતી વારસાનું સંરક્ષણ પર્યાવરણ માટે પણ ખૂબ મહત્ત્વનું છે. હેરિટેજનું જતન માત્ર સરકારની જવાબદારી નથી. દરેક નાગરિકની પણ તેમાં ભૂમિકા છે.

ચતુર નકલચી પક્ષી લાયરબર્ડ

લાયરબર્ડ એ મુખ્યત્વે ઓસ્ટ્રેલિયાનાં જંગલોમાં જોવા મળતું એક અત્યંત અનોખું અને મનમોહક પક્ષી છે. આ પક્ષી તેની નકલ કરવાની અદ્ભુત શક્તિ અને નર પક્ષીની સુંદર પૂંછડી માટે સમગ્ર વિશ્વમાં જાણીતું છે. નર લાયરબર્ડની પૂંછડી પ્રાચીન ગ્રીક સંગીત વાદ્ય `લાયર' જેવા આકારની હોય છે, જેના પરથી તેનું નામ `લાયરબર્ડ' પડ્યું છે. આ પૂંછડીમાં ખૂબ જ સુંદર, વાંકડિયાં અને પારદર્શક જેવાં પીંછાં હોય છે. જ્યારે નર પક્ષી મોરની માફક જ પોતાની માદાને આકર્ષિત કરવા માટે પોતાની પૂંછડી ફેલાવીને નૃત્ય કરે છે. તે નૃત્ય કરતાં પહેલાં માટીનો ખાસ ઢગલો કરે છે જેને ડાન્સિંગ માઉન્ડ કહેવામાં આવે છે. આ માટીના ઢગલા ઉપર ઊભા રહીને અલગ અલગ અવાજ કરીને તે ડાન્સ કરે છે. લાયરબર્ડની સૌથી મોટી ખૂબી તેનો અવાજ છે. તેના ગળાની બનાવટ એટલી જટિલ અને શક્તિશાળી હોય છે કે તે જંગલના મોટાભાગનાં પક્ષીઓ અને પ્રાણીઓના અવાજની હૂબહૂ નકલ કરી શકે છે. માત્ર કુદરતી અવાજો જ નહીં, પરંતુ માનવસર્જિત અવાજો જેવા કે: કેમેરાના શટરનો અવાજ, કૂતરાના ભસવાનો અવાજ, કારનો હોર્ન કે એલાર્મ, લાકડું કાપવાની કરવત કે ચેઇનનો અવાજ એવા તમામ અવાજ આ પક્ષી એટલી ચોકસાઈથી કાઢે છે કે કોઈ પણ માણસ કે પ્રાણી છેતરાઈ જાય. લાયરબર્ડ જમીન પર રહેવાનું વધુ પસંદ કરે છે. તેના પગ ખૂબ મજબૂત હોય છે, જેના વડે તે જમીન ખોતરીને કીડા, મંકોડા, જીવજંતુ અને વીંછી જેવા નાના જીવોનો શિકાર કરે છે.



ડિજિટલ ફૂટપ્રિન્ટ એટલે શું?

ડિજિટલ ફૂટપ્રિન્ટ એટલે કે જ્યારે પણ આપણે ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન કે કમ્પ્યૂટરનો ઉપયોગ કરીએ છીએ, ત્યારે આપણી પાછળ ડિજિટલ દુનિયામાં જે માહિતી કે છાપ છોડી જઈએ છીએ તેને ડિજિટલ ફૂટપ્રિન્ટ કહેવામાં આવે છે. જેમ ભીની માટીમાં ચાલવાથી આપણા પગનાં નિશાન બની જાય છે, તે જ રીતે ઈન્ટરનેટની દુનિયામાં આપણે કરેલી દરેક પ્રવૃત્તિનો એક રેકોર્ડ બની જાય છે. ડિજિટલ ફૂટપ્રિન્ટના મુખ્ય બે પ્રકાર છે.




સક્રિય ડિજિટલ ફૂટપ્રિન્ટમાં એવી માહિતી છે જે તમે પોતે જાણીજોઈને ઈન્ટરનેટ પર શેર કરો છો. જેમ કે, સોશિયલ મીડિયા પર ફોટો કે વીડિયો પોસ્ટ કરવો, ઈ-મેલ મોકલવો, વ્લોગ કે કોમેન્ટ લખવી વગેરે. જ્યારે નિષ્ક્રિય ડિજિટલ ફૂટપ્રિન્ટ એ એવી માહિતી છે જે તમારી જાણ બહાર કે આપોઆપ બેકગ્રાઉન્ડમાં એકઠી થાય છે. જેમ કે, વેબસાઈટ બ્રાઉઝ કરતી વખતે તમારું આઈપી એડ્રેસ, તમારું લોકેશન, વેબસાઈટ કૂકીઝ કે તમે કઈ પ્રોડક્ટ સર્ચ કરી તેનો ડેટા. ડિજિટલ ફૂટપ્રિન્ટ અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે. તમે ઈન્ટરનેટ પરથી જે ડિલીટ કરો છો, તે સંપૂર્ણપણે ગાયબ થતું નથી. તેની કોઈ ને કોઈ નકલ અથવા સર્વર ડેટા રહી જ જાય છે. તેને કાયમી રેકોર્ડ કહેવામાં આવે છે. જો તમારી અંગત માહિતી જેમ કે, બર્થડેટ, સરનામું, ફોનનંબર ઓનલાઈન ખુલ્લા રહે, તો હેકર્સ તેનો દુરુપયોગ કરી શકે છે, તેથી સુરક્ષા માટે જરૂરી છે.

પ્રાચીન એટલે શું?



ગુજરાતી ભાષા અને સંસ્કૃત વ્યાકરણમાં પ્રાચીન એટલે અત્યંત સમૃદ્ધ એવો અર્થ થાય છે. સામાન્ય વ્યવહારમાં પ્રાચીન શબ્દનો વિરોધી અર્વાચીન કે આધુનિક થાય છે. કોઇ વસ્તુ પરંપરા કે સ્થાપત્ય માટે જ્યારે પ્રાચીન શબ્દ વપરાય છે. ત્યારે તેમાં માત્ર સમયની લંબાઇ નહીં, પરંતુ મૂલ્ય, અનુભવ અને પવિત્રતાનો ભાવ પણ ઉમેરાય છે. પ્રાચીન મંદિરો, શિલ્પો અને કિલ્લાઓ આપણી સમૃદ્ધ વિરાસતના પ્રતીક છે. પ્રાચીન એટલે માત્ર જૂનું કે વિસરાઇ ગયેલું નહીં, પરંતુ જે સમયની કસોટીમાંથી પસાર થઈને આજે પણ પોતાના અસ્તિત્વ અને મૂલ્યની છાપ છોડી ગયું છે તે. તે ભૂતકાળ અને વર્તમાન વચ્ચેનો સેતુ છે, જે આપણને આપણા મૂળ સાથે જોડી રાખે છે. પુરાતત્ત્વશાસ્ત્ર એ આપણા વારસાના સંશોધન માટેનો સૌથી મુખ્ય વિષય છે. જેમાં જૂના અવશેષો, સિક્કા, માટીનાં વાસણો, હથિયારો અને સ્થાપત્યોનું આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ જેમ કે, કાર્બન ડેટિંગ વડે પૃથક્કરણ શીખવવામાં આવે છે. પ્રાચીન પથ્થરો, તામ્રપત્રો અને ગુફાઓ પર લખાયેલા શિલાલેખો અને જૂની લિપિઓ જેમ કે, બ્રાહ્મી, ખરોષ્ઠી, શારદા કે મોડી લિપિ વાંચવા અને તેનો અર્થ સમજવા માટે અભિલેખશાસ્ત્ર અને પુરાલિપિવિદ્યાનો અભ્યાસ કરવો અનિવાર્ય છે.

પ્રાચીન મંદિરો, કિલ્લાઓ, વાવ, મૂર્તિઓ અને તેમની શૈલીઓ સમજીને તેનો કાળખંડ નક્કી કરવા મૂર્તિશાસ્ત્ર અને સ્થાપત્યકળા જેવા વિષયો મદદરૂપ બને છે. પ્રાચીન ગ્રંથો, હસ્તપ્રતો અને દસ્તાવેજો વાંચવા માટે સંસ્કૃત, પાલી, પ્રાકૃત અને તમિલ જેવી પ્રાચીન ભાષાઓનું જ્ઞાન ખૂબ ઉપયોગી થાય છે. પ્રાચીન રાજાઓ દ્વારા બહાર પાડવામાં આવેલા સોના, ચાંદી કે તાંબાના સિક્કાઓ પરથી તે સમયના અર્થતંત્ર, રાજાઓના સમયગાળા અને સરહદોનું સંશોધન કરવા માટે સિક્કાશાસ્ત્રનો અભ્યાસ કરાય છે.



મેષ (અ.લ.ઈ.)

શનિનું ફળ : વર્ષારંભથી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. જે આપની રાશિથી બારમા ભુવનમાં હોઈ આપ શનિની મોટી સાડાસાતી પનોતીમાંથી પસાર થઈ રહ્યા છો. આ સમયમાં આપની સંપત્તિ, ધંધા-વ્યવસાયમાં મુશ્કેલી-અવરોધનો સામનો કરવાનો સમય રહી શકે. નિરર્થક મુસાફરી રહેવા પામે. આર્થિક બાબતે મુંઝવણો આવી શકે. નુકસાનીભર્યા નિર્ણયો ન લેવાય તેની સાવચેતી રાખવી. કૌટુંબિક સભ્યો સાથે સુમેળ સાધીને રહેવું પડે. ખર્ચને નિયંત્રણમાં રાખશો. વાહન ચલાવતાં સાવચેતીભર્યું માનસ રાખવું. અન્યથા વણમાગી ઉપાધિ ઉદ્ભવી શકે. તા. ૨-૬-૨૭થી શનિ મેષ રાશિમાં ભ્રમણ કરતાં પનોતીનો મધ્યગાળો શરૂ થશે. આ સમયમાં શારીરિક તંદુરસ્તી, આરોગ્યની ચિંતા ઉદ્ભવી શકે. અગમચેતી દાખવવી. જૂના રોગ-દર્દની સારવાર અંગે જાગૃત રહેવું. સરકારી બાબતો, વ્યાપાર-ધંધાના હરીફોથી સાવધાની રાખવી. આવેશ-ઉત્સાહમાં ખોટા નિર્ણયો કે પ્રવૃત્તિ ના થાય તેની સજાગતા દાખવવી. દાંપત્યજીવનમાં પ્રશ્નો રહી શકે.

ગુરુનું ફળ : વર્ષ દરમિયાન ગુરુ આપની રાશિથી પંચમ ભુવનમાં રહે છે. તા. ૨૫-૧-૨૭થી તા. ૨૦-૬-૨૭ દરમિયાન વક્ર ગતિનો રહી આપની રાશિથી ચોથા ભુવનમાં રહેશે. આ સમય આપના દાંપત્યજીવનમાં સંતોષજનક રહેશે. નાણાંવિષયક પ્રવૃત્તિમાં સફળતા મળે. સંતાનો વિષયક પ્રશ્નો ઉદભવી શકશે. તેઓના આરોગ્ય-અભ્યાસ કારકિર્દી બાબત મહેનત રાખવી પડશે. નાણાકીય પ્રવૃત્તિ અંગે સાવધાની રાખવી. તા. ૨૫-૧-૨૭થી તા. ૩૧-૫-૨૭ દરમિયાન આર્થિક બાબતોમાં ગાફેલ ન રહેવાય તે જોવું. આકસ્મિક નુકસાની, ખર્ચ કે નાણાં વેડફાઈ જવાનું બની શકે. વ્યાપારલક્ષી સોદામાં સંભાળવું પડે. કોર્ટ-સરકારી બાબતોમાં સાવચેતી દાખવવી. વર્ષના ઉત્તરાર્ધમાં આપની પ્રવૃત્તિ-પ્રયત્નોમાં કોઈ મદદ-સહયોગ, લોન પ્રાપ્ત થશે. નાણાં કોઈક જગ્યાએ રોકાયેલ અટવાયેલ હોય તો પરત થાય. આવકના નવા સ્રોત કે સંજોગો ઉદવવાનું બની શકે છે.

રાહુનું ફળ : આપની રાશિથી રાહુ વર્ષ દરમિયાન અગિયારમા તથા દસમા ભુવનમાં ભ્રમણ કરે છે. જે આપત્તિ-ઉપાધિઓ લાવશે. માનસિક ચિંતા અનુભવાશે. આપના કાર્ય પ્રવૃત્તિનું સ્થળ અચાનક બદલવાનું બની શકે. આવકનાં સ્રોત-સાધનોમાં અણધારી ફેરફારી કરવાનું સંભવી શકે. આપના જન્મગ્રહ અને દશા નિર્દેશ કરતા હોય તો નુકસાન-વિવાદ -શારીરિક કષ્ટના સંજોગો રહી શકે. શેર-સટ્ટા-જુગારની પ્રવૃત્તિમાં અણધારી નુકસાની મળી શકે. આપની સ્થાવર મિલકત વિષય પણ નિષ્ફળ પ્રયાસો અને ગુમાવવાનું બની શકે. રોગ-દર્દ હોય તો નિદાનની આળસ રાખવી તે ઉપાધિજનક થશે. એકંદરે રાહુ, કેતુ આ સમયમાં સાવચેતી દાખવનારને સંભાળશે, અન્યને અશાંતિ-ઉપાધિનો સામનો કરવો પડશે.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન માનસિક સુખાકારી વિષયે અનુકૂળતાઓ ઓછી રહેશે. આપના કાર્યક્ષેત્ર-આર્થિક આવકો - પારિવારિક ક્ષેત્રે અવરોધોનો સામનો કરવાનો રહેશે. જીવનસાથીના આરોગ્ય વિષયે સાવચેતી રાખવી. વર્ષના ઉત્તરાર્ધ સમય આર્થિક, શારીરિક બાબતોમાં અવરોધ, માનસિક વિટંબણાઓ રાખી શકશે. તા. ૨૫-૧-૨૭થી તા. ૧૩-૬-૨૭માં આર્થિક ક્ષેત્રે સંભાળવું, હિતકારી રહેવા પામશે. એકંદર માનસિક મુંઝવણો રહેશે.

આર્થિક સ્થિતિ : આર્થિક બાબતે પ્રતિકૂળતા રહેશે. વ્યાપાર, નોકરીની ધનની આવકો રોકાઈ જતી લાગશે. નાણાંનો સ્રોત પણ ઓસરી જતો જણાશે. સમયે સમયે નાણાકીય જવાબદારી ચૂકવવા પરિશ્રમ કરવો પડશે. નાણાકીય વ્યવહારોમાં જાગૃતિ હિતાવહ રહે. તા. ૨૫-૧૧-૨૬થી તા. ૧૩-૬-૨૭ સમય સંભાળવો. આપની સ્થાવર મિલકત-સંપત્તિની નાણાં-આવકોમાં ગાફેલ ના રહેશો. વર્ષમાં વિશેષ નાણાકીય આવકની સંભાવનાઓ ઓછી છે.


નોકરી-વ્યવસાય-વ્યાપાર : વર્ષ દરમિયાન આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિના કાર્યક્ષેત્રમાં ફેરફાર રહે. નવી નોકરીની ઈચ્છા હોય તો કાળજીપૂર્વક અગમચેતીપૂર્વક નિર્ણય કરવો. અન્યથા પસ્તાવાનું ન થાય તે જોશો. વ્યાપાર-ધંધામાં નવા સાહસની શરૂઆત કે આર્થિક વ્યવહારોમાં લોભ-લાલચ-ગાફેલિયત નુકસાની ના લાવે તે વિષયે પણ સાવચેતી દાખવશો. પ્રતિસ્પર્ધીઓ દ્વારા થતી કનડગત કે અવરોધોનો સામનો કરવાનો રહેશે.

જમીન-મકાન-સંપત્તિ : સંપત્તિ, મિલકત-વડીલોપાર્જિત બાબતોમાં પ્રશ્નોનો ઉદ્ભવ રહેશે. મિલકત વેચવા કે નવી મકાન-ઓફિસ-દુકાન ખરીદતાં કાળજીપૂર્વકના વ્યવહાર રાખવા. ખર્ચનું પ્રમાણ વધુ અને આવક-લાભનું પ્રમાણ ઘટેલું રહેશે. પારિવારિક સંપત્તિમાં વિખવાદ કે વિવાદ થઈ શકે. ઉતાવળથી આવેશમાં મિલકત સંપત્તિના નિર્ણયો લેતાં અગાઉ જાગરૂકતા હિતાવહ રહેશે.

દાંપત્યજીવન : જીવનસાથીના આરોગ્યની કાળજી લેશો. જીવનસાથીનો સહકાર આ સમયમાં રાહતકર્તા બનશે. આ સમયમાં લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓની ઈચ્છાઓ સંતોષી શકાય.

શત્રુ-કોર્ટ-કચેરી : સરકારી કાર્યોમાં આ સમય અનુકૂળ રહેશે નહીં. ખર્ચ-દોડાદોડી- રહેશે. કોર્ટની બાબતો અશાંતિ ભય રખાવશે. વ્યાપાર- મિલકત વિષયક સરકારી બાબતોમાં કાળજીપૂર્વકની પ્રવૃત્તિ રાખશો. વિવાદોમાં સમાધાનની મનોવૃત્તિ રાખવી.

આરોગ્ય-પ્રવાસ : આપના આરોગ્ય અને તંદુરસ્તી વિષયે આ સમય કાળજી લેવાનો છે. છતાં રોગ-દર્દ-સમસ્યામાં તબીબી ચિકિત્સા લેવી અને ગાફેલ ના રહેવું. માનસિક હતાશા રહે. કાર્યક્ષેત્રમાં સંઘર્ષના પરિબળો આરોગ્યને પ્રભાવિત કરી શકશે. મુસાફરી-પ્રવાસમાં પરિશ્રમ રહેવા પામી શકે. વર્ષાંતમાં ધાર્મિક યાત્રાના સંજોગો ઉદ્ભવી શકશે. વ્યાપાર-ધંધા- સામાજિક પ્રવાસ મુસાફરીમાં નિરર્થક પરિશ્રમ અને ખર્ચ રહી શકશે.



વૃષભ (બ.વ.ઉ.)

શનિનું ફળ : વર્ષારંભથી આપને આર્થિક-સામાજિક ક્ષેત્રે અનુકૂળતા થાય. રોકાઈ ગયેલ કે ફસાઈ ગયેલા નાણાં પરત મળે. બાંધવો-મિત્રો આપના કાર્ય અને પ્રવૃત્તિમાં મદદગાર બને. આપની ઈચ્છા અનુસારની જરૂરિયાતો સંતોષી શકાય. તા. ૨-૬-૨૭થી શનિ મેષ રાશિમાં પ્રવેશતા આપને બારમે શનિ મોટી સાડાસાતી પનોતીની શરૂઆત રાખશે. જે નાણાકીય ખર્ચના પ્રસંગો લાવશે. જીવનધોરણમાં અનિશ્ચિતતા હોવા છતાં નવા ફેરફારો કરવા પડશે. આર્થિક જવાબદારી અને જરૂરિયાતો માનસિક ચિંતાનો બોજ રાખવા પામે. આરોગ્ય અંગે પણ કોઈ ફરિયાદ સંભવી શકે. પ્રયત્નો-પ્રવૃત્તિઓ વિષયે અનિર્ણાયક મનોવૃત્તિ અનુભવાશે. વર્ષના ઉત્તરાર્ધ સમયથી કેટલેક અંશે પ્રતિકૂળ સંજોગો ઉદભવે.

ગુરુનું ફળ : વર્ષારંભથી આપની સુખ સુવિધાઓમાં ફેરફારો થયેલ અનુભવાશે. આર્થિક વ્યવહારોમાં અવરોધ-મુશ્કેલી રહશે. આપને નિરર્થક રખડપટ્ટી-દોડધામ રહે. સટ્ટા-જુગારમાં પ્રવૃત્ત રહેશો તો નાણાં ગુમાવવાનું સંભવ છે. ફેબ્રુઆરી, ૨૭થી મે, ૨૭ દરમિયાન મિલકતો, ઘર, વ્યવસાયના સ્થળના પ્રશ્નો વિવાદ ઉદ્ભવી શકે. જેનો કાળજીપૂર્વક નિકાલ-હલ શોધવો પડે. અન્યથા ગુમાવવાનું બની શકશે. સંબંધીઓ અને કર્મક્ષેત્રના સહયોગીઓ સાથે સંબંધો જાળવી રાખશો. અન્યથા સહયોગના અભાવે ચક્રવ્યૂહ મધ્યે ફસાઈ જવાનું બની શકશે. વાહન-મુસાફરીમાં સાવચેતી રાખીને અકસ્માતથી પડવા વાગવાથી બચાવની યોજના રાખવી.

રાહુનું ફળ : વર્ષ દરમિયાન રાહુ આપની રાશિથી દસમા ભુવનમાં રહી મકર રાશિમાં નવમા ભુવનમાં ભ્રમણ કરશે. જે અનુકૂળતાઓમાં અવરોધક બની શકે. સામાજિક કે કાર્યક્ષેત્રના સંબંધોમાં અડચણોનો ઉદભવ થાય. લોભ-લાલચમાં ફસાઈને કોઈક નુકસાનીમાં ભરાઈ ના જવાય તે કાળજી રાખવી પડશે. પિતા, માતા તથા ભાઈઓ પરત્વેની જવાબદારી નિભાવવાની થઈ શકે. મિલકત-સંપત્તિમાં વિવાદ ઉદ્ભવી શકે. ખોટી મિત્રતાથી અંતર રાખશો. કાવાદાવામાં સહન કરવાનું આવી શકે છે. મેલીવિદ્યા, જાદુટોનાથી દૂર રહેવાનું હિતાવહ રહી શકશે.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન ચિંતા-વ્યથા રહે. કાર્યક્ષેત્ર - સંબંધો- પરિવારમાં માનસિક વ્યસ્તતા રાખશે. નાણાંની જરૂરિયાત - વ્યાપાર-ધંધામાં પાછીપાનીના સંજોગો પણ મન અશાંત કરી જશે. આ સમય કોઈ કૌટુંબિક સદસ્ય પરત્વે જવાબદારી નિભાવવાનું બની શકે. આરોગ્ય વિષયે નિર્બળતા અનુભવી શકાય. વર્ષ દરમિયાન ઉત્તરાર્ધનો સમય પરીક્ષા-પરિશ્રમ આપત્તિમાં રાખશે. તા. ૧૧-૧-૨૭થી તા. ૩૧-૩-૨૭ નાણાં વ્યવહાર સંબંધીઓમાં કાળજી રાખવી હિતાવહ રહે. સંજોગો અગવડ રખાવી શકે.

આર્થિક સ્થિતિ : વર્ષ દરમિયાન કાળજીપૂર્વકના વ્યવહારો અને પ્રવૃત્તિ રાખવાના છે. વર્ષ મધ્યથી નાણાં સ્રોતમાં અગવડ- અવરોધ શક્ય બની શકે. કોઈ સંજોગ-પ્રસંગમાં નાણાંની આકસ્મિક જરૂરિયાત ઉદભવી શકે. ખર્ચ વધશે. સંપત્તિ-મિલકતમાં ફેરફારની સંભાવના છે. તા. ૧૫-૪-૨૭થી તા. ૧૫-૬-૨૭ નાણાં વ્યવહારોમાં કાળજીપૂર્વક આયોજન રાખવું.

નોકરી-વ્યવસાય - વ્યાપાર : વર્ષ દરમિયાન નોકરી ઈચ્છુકોને નવી તકો મળવા સંભવશે. પ્રમોશન, બઢતી-બદલી ઈચ્છાનુસાર શક્ય બનશે. ઉપરી અધિકારીઓ અને સહયોગીઓથી સંબંધો સાચવી રાખવાની મનોવૃત્તિથી કાર્ય સંતોષ મેળવી શકાશે. અન્યથા અવરોધ રહેશે. વ્યાપાર-વ્યવસાયમાં નવી તકો ઉદભતી જણાય.જો કે તેને હસ્તગત કરવાની નિર્બળતા અનુભવતાં રહેતાં તક દૂર રહેલ જોવાશે. ૧૫-૭-૨૭થી વ્યાપારની તક ઉદ્ભવી શકે. આયોજનપૂર્વક લાભ પ્રાપ્ત થઈ શકે. એકંદરે અનુકૂળતાઓ સામાન્ય રહેશે.

જમીન-મકાન- સંપત્તિ : વર્ષ દરમિયાન સંપત્તિ, મિલકત વિષયે અનુકૂળતાઓ સચવાઈ રહેલી જોવાશે. નિવાસાર્થે ફ્લેટ-ટેનામેન્ટની ઈચ્છા સંતોષી શકાશે. વ્યાપારાર્થે ઓફિસ, દુકાન, ગોડાઉના બનાવવાની ઈચ્છા સંતોષી શકાશે. જૂની મિલકત પ્રયત્નથી વેચીને લાભ વડિલોપાર્જિત સંપત્તિમાં સમાધાનથી લાભ થશે.

દાંપત્યજીવન : દાંપત્યજીવનની સુખાકારી વિષયે સમય અનુકૂળતા રહે. જીવનસાથી સાથે સહયોગ-આનંદ- સ્નેહ જળવાઈ રહે. લગ્ન-વિવાહ ઈચ્છુકોને ઈચ્છા મુજબના સંબંધો શક્ય બને. પુનઃલગ્ન ઈચ્છુક વ્યક્તિઓને પણ અનુકૂળતા પ્રાપ્ત થઈ શકે.કોર્ટ-માર્ગમાં રહેલ લગ્નેત્તર સંબંધોમાં આખરી નિવેડો શક્ય બની શકે. અહંભાવ ત્યાગીને રહેતાં વિવાદોમાં નિરાકરણ શક્ય બનશે. વર્ષના ઉત્તરાર્ધનો સમય દાંપત્યજીવનની અનુકૂળતાઓ યોગ્ય રહે.

શત્રુ-કોર્ટ- કચેરી : સરકારી કામગીરીમાં સાધારણ પ્રતિકૂળતા પછીથી કાર્ય થઈ જશે. ખર્ચ વધશે. વ્યાપાર-વ્યવસાય વિષયક કાનૂની બાબતોને આયોજનપૂર્વક હલ કરી શકાશે. પ્રતિસ્પર્ધીઓનો સહયોગ મેળવી શકાય. કરવેરા- ટેક્સની વિવાદી બાબતોમાં સમાધાનથી કાર્ય શક્ય બની શકશે.

આરોગ્ય-પ્રવાસ : શારીરિક આરોગ્ય વિષયે આરોગ્ય જાળવી શકાશે. જો કે સતત માનસિક વ્યથા-ચિંતા પ્રભાવકારી રહેશે. આરોગ્યની ફરિયાદ રહી શકે. જેનો ઉકેલ તબીબી ઉપચાર કે યોગ્ય ચિકિત્સાથી આવી શકે. શસ્ત્રક્રિયાની આવશ્યકતા વિષયે અનુકૂળતા થઈ રહેશે. કોઈ ચેપી રોગ કે જીવજંતુથી સાચવીને રહેવું પડશે.

સંતાન-વિદ્યાભ્યાસ : સંતાન વિષયક બાબતોમાં આ વર્ષ દરમિયાન સંતાન ઈચ્છુક દંપતીઓની ઈચ્છા સંતોષાઈ રહેશે. બાળકોના આરોગ્યના પ્રશ્નોમાં સારવાર-ચિકિત્સા થકી ઉપચાર શક્ય બનશે. સંતાનોના વિદ્યાભ્યાસની અનુકૂળતાઓ જોવાશે. લોન, અગ્રીમ અભ્યાસ કારકિર્દીમાં પ્રયાસો સફળ થવા પામશે. આપને કે આપના સંતાનોના અગ્રીમ અભ્યાસાર્થે વિદેશની ઈચ્છા હોય તો તે શક્ય બની શકશે. એકંદર અનુકૂળ સમય રહેશે.



મિથુન (ક.છ.ઘ)

શનિનું ફળ : આ વર્ષના આરંભથી શનિ આપની રાશિથી દસમા ભુવનમાં અને તા. ૨-૬-૨૭થી લાભ ભુવનમાં ભ્રમણ કરશે. આ સમય દરમિયાન આપને માનસિક ભય રહે. કર્મક્ષેત્રમાં કોઈ બદલાવ આવી શકે. મુશ્કેલીના સંયોગ ઉદ્ભવી શકે. મહેનતના પ્રમાણમાં ઓછું ફળ મળતું અનુભવાશે. સતત કાર્યમાં વ્યસ્ત રહેવાનું થશે. કોઈ કાવતરાનો ભોગ બનવાના સંજોગ પણ રહી શકે. જોકે, વર્ષના ઉત્તરાર્ધમાં આપની આર્થિક બાબતો સંતોષી શકાશે. નાણાં આવકના સ્રોત ઉદભવી શકશે. સમાજમાં માન-કીર્તિ પ્રાપ્ત થશે. નોકરીમાં બદલી બઢતી લાભદાયક બની રહે. સુખ-સુવિધાનાં સાધનો વસાવી શકો. દાંપત્યજીવનમાં સહયોગ રહે. વિજાતીય પ્રેમ સંબંધો, મિત્રતામાં સાચવવું પડે.

ગુરુનું ફળ : વર્ષ દરમિયાન ગુરુ તા. ૨૫-૧-૨૭થી તા. ૨૦-૬-૨૭ દરમિયાન નાણાકીય આવકો વધી શકે. પ્રયાસથી ધારેલ કાર્યસિદ્ધિ મળે. પારિવારિક સુખ-હર્ષ- આનંદ રહેલ અનુભવાય. આપના હરીફ, પ્રતિસ્પર્ધીઓ નિયંત્રિત રહેશે. કારકિર્દી અને કાર્યક્ષેત્રમાં લાભની તક રહે. જો કે માનસિક ચિંતાનું ભારણ જોવાય. પારિવારિક ખર્ચના સંજોગો ભદભવી શકે. વડીલ વર્ગની ચિંતા રહી શકે. આરોગ્યની કાળજી લેવી પડે. ભૂતકાળમાં થયેલ કોઈ ગેરકૃત્ય કે ગેરકાનૂની કૃત્યની સજા ભોગવવાનું બની શકે. સામાજિક સંબંધો અને મિત્રવર્તુળમાં કાળજીપૂર્વક સંબંધો સાચવવાની મનોવૃત્તિ રાખવી. દાંપત્યજીવનમાં જીવનસાથીના આરોગ્યની કાળજી લેવી. મુસાફરી, પ્રવાસની તક રહી શકે.

રાહુનું ફળ : વર્ષ દરમિયાન રાહુ આપની રાશિથી આરંભે નવમો રહી પછી અષ્ટમ ભુવનમાં વર્ષાંત સુધી ભ્રમણ કરશે. આપને મુસાફરીના સંજોગો રખાવી શકશે. નિરર્થક ખર્ચ અને રઝળપાટ રહેવાની સંભાવના છે. દાંપત્યજીવનમાં વિવાદ ન થાય તે કાળજી લેવી. જો કોઈ જૂના રોગ, દર્દ હોય તો અચૂક તબીબી ચિકિત્સા રાખશો. કષ્ટ-પીડાનો સમય રહે છે. જો આપના જન્મ ગ્રહો રોગ-પીડાનો નિર્દેશ કરતા હોય તો સાવચેત રહેવું. સંપત્તિ-મિલકત-વ્યાપાર વિષયે પણ કનડગત અવરોધો રહી શકે.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન માનસિક ચિંતા-ઉપાધિ - વ્યગ્રતા અનુભવાશે. પારિવારિક બાબતો, કાર્યક્ષેત્રમાં અવરોધ બનવાના સંજોગ રહી શકે. ફેબ્રુઆરી-૨૭થી મે-૨૭ દરમિયાન નાણાં-વ્યાપાર કે કૌટુંબિક ક્ષેત્રે પ્રોત્સાહક ઘટના રહી શકે. નાણાકીય લાભની શક્યતા રહેશે. નવેમ્બર-૨૬થી ફેબ્રુઆરી-૨૭ પ્રવાસ-યાત્રા રહેવા પામે. ધાર્મિક કાર્ય થઈ શકે. તા. ૨૫-૮-૨૭થી તા. ૧૫-૧૦-૨૭ સામાજિક-નાણાકીય વ્યવહારોમાં સાચવવું.

આર્થિક સ્થિતિ : વ્યાવસાયિક આવકો રહેલી જોવાશે. આર્થિક લાભની તક સમયે સમયે ઉદ્ભવી શકશે. જે આયોજનપૂર્વકની પ્રવૃત્તિથી લાભ પ્રાપ્તિ રહી શકે. વર્ષ દરમિયાન પારિવારિક ખર્ચના સંજોગો રહી શકશે. આરોગ્ય વિષયે પણ નાણાકીય ખર્ચ સંભવી શકે. મિલકત-સંપત્તિમાં મરામત- સુધારા વિષયક ખર્ચ ઉઠાવવાનો રહેશે. વર્ષના ઉત્તરાર્ધમાં નવા વ્યાપાર, નોકરી, ધંધાના સાહસની તક ઉદભવી શકશે. હરીફો અને પ્રતિસ્પર્ધીઓ પણ સહયોગી મનોવૃત્તિ રાખતાં આર્થિક આવક-લાભ- પ્રયાસો અનુકૂળતા રાખશે.

નોકરી-વ્યવસાય - વ્યાપાર : નોકરી વિષયે ઉપરી અધિકારીઓ - સહયોગીઓની અનુકૂળતા રહેશે. બઢતી- બદલીની તક મળે. જે થકી આવકો વધશે. વ્યવસાયિકોને કામકાજ વધશે. વ્યાપાર-ધંધામાં નવીન તકો મળે. વ્યાપારનો વિકાસ-પ્રગતિ કરી શકાશે. જૂન, ૨૭થી વર્ષાંત સુધીમાં પ્રવૃત્તિ અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ સાધી શકાશે.

જમીન-મકાન-સંપત્તિ : સંપત્તિ, જમીન, મિલકત વિષયે આ વર્ષમાં જૂની મિલકત વેચીને નાણાં લાભ મેળવી શકાશે. નવી મિલકત ખરીદવા કે વસાવવાની તક રહે. મિલકત અંગે કાનૂની માર્ગે રહેલ બાબતોમાં સમય અને ખર્ચ વધવાના સંજોગો રહી શકે. ડિસેમ્બર, ૨૬થી ફેબ્રુઆરી, ૨૭ દરમિયાન સંપત્તિ, વડીલોપાર્જિત બાબતોમાં સાવચેતી દાખવવીય મિલકતો વિષયે અનુકૂળતા રહેશે.


દાંપત્યજીવન : દાંપત્યજીવનની સુખાકારી વિષયે વર્ષમાં અનુકૂળતા રહેલી છે. દાંપત્યજીવનનો સ્નેહ- હર્ષ જળવાઈ રહે. નવવિવાહિતોનાં લગ્ન શક્ય બનશે. વિવાહ ઈચ્છુકોની પસંદગી ઈચ્છાનુસાર સમય અનુકૂળ રહે. પુનર્વિવાહ ઈચ્છુકોને પુરુષાર્થ રાખવો પડશે. સંબંધીઓનો સહયોગ અનુકૂળતા રખાવી શકશે.

શત્રુ-કોર્ટ- કચેરી : કોર્ટ-કાનૂની બાબતો વિષયે વર્ષના ઉત્તરાર્ધમાં અનુકૂળતાઓ થયેલા અનુભવાશે. કોઈ કોઈ બાબતોનો નિકાલ માનસિક ચિંતા ઘટાડી શકશે. સંપત્તિ, મિલકત, વ્યાપાર-કરવેરા બાબતોમાં અનુકૂળતાઓ થશે.

આરોગ્ય-પ્રવાસ : આરોગ્ય વિષયે સાવચેતી- કાળજીભરી પ્રવૃત્તિ રાખવી પડશે. અકસ્માત- દાઝવા - વાગવાથી કાળજી રાખીને પ્રવૃત્તિ રાખવી. જૂના રોગ, પીડા કષ્ટકારી થઈ શકે. જેથી ચિકિત્સા આવશ્યક. તા. ૫-૨-૨૭થી તા. ૨૫-૪-૨૭ આરોગ્ય દર્દ-અકસ્માતથી સંભાળવું. ઓગસ્ટ-સપ્ટે.નો સમય સાવધાની રાખવી.

સંતાન-વિદ્યાભ્યાસ : સંતાન વિષયક બાબતોમાં આ વર્ષ સંતાન જન્મની ઈચ્છા રાખનારને સંતાનની ઈચ્છા પરિપૂર્ણ થશે. સંતાનના આરોગ્ય વિષયે અનુકૂળતા થતી જણાય. વિદ્યાભ્યાસ વિષયમાં અગ્રીમ અભ્યાસની તક પ્રાપ્ત થશે. પ્રગતિ સાધી શકાશે. સંતાનોની કારકિર્દી વિષયે યોગ્ય તક ઉદભવે.

મહિલા વર્ગ : મહિલા વિષયક બાબતોમાં વર્ષમાં અનુકૂળતા રહેશે. નોકરી- વ્યવસાયમાં પ્રવૃત્તિની ઈચ્છાઓ સંતોષી શકાશે. આરોગ્યની કાળજી લેવાનું રાખશો. કોઈ જનનાંગો સંબંધી રોગ-દર્દ- ફરિયાદ હોય તો ચિકિત્સાની કાળજી રાખશો. વિજાતીય મિત્રતા- સંબંધોમાં સાવધાની રાખવી હિતાવહ રહેશે. એકંદરે વર્ષ અનુકૂળતાઓ થકી પ્રગતિ અપાવશે.



કર્ક (ડ.હ.)

શનિનું ફળ : વર્ષના આરંભથી શનિ આપની રાશિથી નવમા તેમજ તા. ૨-૬-૨૭થી દસમા ભુવનમાં ભ્રમણ કરશે. આર્થિક ખર્ચનું પ્રમાણ વધેલું જોવાશે. પ્રયાસો અને પ્રવૃત્તિ વ્યર્થ વેડફાઈ જવાનો અનુભવ થશે. આપના પિતા અને વડીલ વર્ગને પણ કોઈને કોઈ ઉપાધિ-અશાંતિ- નિર્બળતા રહેશે. આરોગ્યની ફરિયાદ, શારીરિક નિર્બળતા જેવી સમસ્યા રહી શકે. કાર્યક્ષેત્રમાં આવતી સર્વે લાભની તકો લુપ્ત થવા કે વેડફાઈ જાય. જન્મ ગ્રહો નિર્દેશ કરતા હોય તો અકસ્માત, રોગ, દર્દની કાળજીભરી સાવચેતી રાખવી આવશ્યક છે. કોઈ કારણસર પરિવારથી દૂર જવાનું કે વિખૂટા થવાના સંજોગો બને. માનસિક પરિતાપ અંધશ્રદ્ધા તરફ દોરી ન જાય, તેની તકેદારી રાખવી. માનસિક ભયભીતિ ચિંતા દિન-પ્રતિદિન વધતી લાગે. નાણાંની અછત રહી શકે.

ગુરુનું ફળ : તા. ૨૫-૧-૨૭થી તા. ૨૬-૬-૨૭ વક્ર માર્ગે કર્ક રાશિમાં રહીને સિંહ આપની રાશિમાં પરત આવે છે. ગુરુ આ સમયે શુભ ફળો પ્રાપ્ત કરાવી શકશે. નાણાકીય બાબતો, વ્યવહારોમાં પ્રયત્નપૂર્વક અનુકૂળતા થાય. નાણાં તકો અને સહયોગ-લોન વગેરે પ્રાપ્ત કરાવી શકશે. આરોગ્યના પ્રશ્નો-ફરિયાદોમાં ચિકિત્સા થકી રાહત-સુધાર કરાવી શકશે. કાર્યક્ષેત્રની નવીન જાણકારી, નવા સંપર્કો મેળવી આપશે. સામાજિક કીર્તિ જળવાઈ રહે. આ સમયમાં હિતશત્રુઓ-પ્રતિસ્પર્ધીઓ નિર્બળ રહે. નવા કાર્ય-પ્રયાસો, વિદ્યાભ્યાસ વિષયે લાભકારી તકોની પ્રાપ્તિ કરાવી શકશે. નોકરીમાં બઢતી, પગાર વધારાની તક મળશે. પરિવારજનો, સહકાર્યકરો અને હિતેચ્છુઓ સહયોગ આપશે. વડીલોપાર્જિત સંપત્તિ વિષયે વિવાદ હશે તો નિર્ણયથી લાભ થશે.

રાહુનું ફળ : રાહુ વર્ષ દરમિયાન આપની રાશિથી આઠમા ભુવનમાં રહી વર્ષાંત સુધી સપ્તમ ભુવનમાં ભ્રમણ કરશે. જે પ્રતિકૂળ ફળો આપશે. કાર્યક્ષેત્રમાં અવરોધીઓ-હરીફોની કનડગત સંભવ છે. સંબંધીઓ, મિત્રવર્ગ કે હિતેચ્છુઓ સાથે દુશ્મનાવટની મનોવૃત્તિ રખાવી શકે. જીવનસાથીના આરોગ્યની ફરિયાદથી ચિંતા વધે. વિજાતીય સંબંધો-વ્યવહારોથી સામાજિક અને આર્થિક નુકસાનની સંભાવના છે. પરદેશગમન કે લાંબી મુસાફરીમાં ખર્ચ અને પરિશ્રમ થકી હાનિ થઈ શકે. સ્ત્રીવર્ગને આ સમયમાં મનોવ્યથા પ્રતિકૂળતાઓ રહી શકશે. ભાગીદારો કે કાર્યક્ષેત્રના હિસ્સેદારો પ્રત્યે પણ અણબનાવ રહે. તેઓ થકી કાવતરાનો ભોગ બનવાનું પણ બની શકે.

માનસિક સુખાકારી : વર્ષ દરમિયાન આપની માનસિક સુખાકારી સમયે સમયે અશાંતિ અને વ્યગ્રતામાં રહે. દાંપત્યજીવન, કાર્ય ક્ષેત્રના પ્રશ્નો માનસિક પરિતાપ રખાવશે. કાર્યપ્રવૃત્તિમાં અવરોધ, વિઘ્નોનો ઉપદ્રવ પરિશ્રમ રખાવશે. પ્રગતિ રૂંધાતી જોવાશે. ખર્ચનું ભારણ પણ વધેલું રહે. ભ્રાતૃવર્ગમાં સંબંધો જાળવવા પ્રયત્નો રાખવા પડશે. એકંદરે આયોજનપૂર્વકની કાર્યપ્રવૃત્તિ ખર્ચ-વર્તન રાખવું હિતાવહ બની રહેશે. અન્યથા અશાંતિ વધી શકે.

આર્થિક સ્થિતિ : વર્ષ દરમિયાન આકસ્મિક ખર્ચના પ્રસંગો આવશે. પારિવારિક ખર્ચ વધી શકે. કોઈ કૌટુંબિક પ્રસંગે ઉત્સવ કે ધાર્મિક કાર્યમાં ખર્ચ સંભવી શકશે. આ સમયમાં વ્યાપાર-ધંધા-સંતાનોની કારકિર્દી વિષયે નાણાકીય રોકાણની ફરજ પડી શકે. નોકરીમાં ફેરફારીથી આવક અસ્તવ્યસ્ત થઈ જાય. કોઈ લોન-ઉછીનાં નાણાં ચૂકવવાના હોય તો તે ઉઘરાણી આવી શકે. સંપત્તિ-મિલકતમાં આકસ્મિક કોઈ નાણાકીય જવાબદારી બની શકે. તા. ૧૦-૧૧-૨૬થી તા. ૩૧-૫-૨૭ નાણાકીય આયોજન થઈ શકે.

નોકરી-વ્યવસાય- વ્યાપાર : નવી નોકરીની ઈચ્છા સંતોષવા પરિશ્રમ રાખવો પડશે. બઢતી-બદલીમાં સમય લંબાતો અનુભવાય. વ્યાપાર-વ્યવસાયમાં નવીન તક-નવા કામ મળે. વળતરમાં સમાધાનની મનોવૃત્તિ રાખવી પડશે. તા. ૧૩-૨-૨૭થી તા. ૩૧-૫-૨૭ સાવધાનીપૂર્વક તકનો લાભ લઈ શકાશે.


જમીન-મકાન- સંપત્તિ : સંપત્તિ-જમીન વિષયે સાવચેતી રાખીને નિર્ણયો લેવાનું રાખવું હિતાવહ છે. છેતરામણી કે નુકસાનીની સંભાવનાઓ રહી શકે છે. નવા ફ્લેટ, દુકાન, ઑફિસ લેવાની ઈચ્છા સંતોષવા પુરુષાર્થ રાખવો પડશે. જોકે નાણાંની અનુકૂળતા થશે. અવરોધો મુશ્કેલીમાં વધારો પણ રહેશે. વર્ષના ઉત્તરાર્ધમાં મિલકત-સંપત્તિના પ્રશ્નો સંતોષી શકાય.

દાંપત્યજીવન : જીવનસાથી સાથેના સંબંધો જળવાઈ રહે. તેઓના આરોગ્યની ફરિયાદ રહે. ખર્ચ માટે નાણાંની જરૂર વર્તાશે. વિવાહ-લગ્ન ઈચ્છતા યુવા-યુવતીના વિવાહ-લગ્ન શક્ય બને. જો કે લાગણી કે દબાણવશ થયેલા સંબંધોમાં કાળજીપૂર્વક વિચાર કરીને પછી નિર્ણય કરવું. પુનર્લગ્ન ઈચ્છુકોને સમય લંબાશે. સંબંધો જાળવી રાખવાની મનોવૃત્તિ રાખતાં અનુકૂળતા સાચવી શકાશે.

શત્રુ-કોર્ટ- કચેરી : કાર્યક્ષેત્રના હરીફો આ સમયમાં કનડગત રાખશે. વિરોધોમાં માર્ગદિશા શોધીને પ્રવૃત્તિ રાખવી પડશે. સરકારી બાબતોમાં નુકસાન સહન કરવાનું ના બને, જે સાચવવું પડે. કોર્ટ-કાનૂની કાર્યોમાં સમય અને ખર્ચ વધતા જોવાશે.

આરોગ્ય-પ્રવાસ : આ સમયમાં આરોગ્ય નિર્બળ રહે. થાક-કળતર, માનસિક વ્યથા, ચિંતા-પરિતાપ રહેશે. જૂના રોગ-દર્દ વધુ એક ઊથલો મારી શકે. જે ચિકિત્સા વિષય જાગરૂકતા રાખશો. પ્રવાસ-ધાર્મિક યાત્રા શક્ય બની શકે. જોકે ખર્ચ-અવરોધો.

સંતાન-વિદ્યાભ્યાસ : આપના સંતાનો વિષયના પ્રશ્નો બાબત સંતાનોની માગણી તે પ્રત્યેની જવાબદારી નિભાવવી પડશે. જેનો પરિશ્રમપૂર્વક માર્ગ પ્રાપ્ત થવા પામશે. સંતાન જન્મ વિષયે અનુકૂળતા જોવાશે. વિદ્યાભ્યાસ-આરોગ્ય વિષયે ખર્ચ થવા પામશે. પરદેશમાં અભ્યાસની તક રહેલી જોવાશે. એકંદર સાધારણ સમય રહે.



સિંહ (મ.ટ.)

શનિનું ફળ : વિક્રમના આ વર્ષમાં શનિ આપની રાશિથી અષ્ટમ ભુવનમાં રહીને તા. ૨-૬-૨૭થી મેષ રાશિમાં નવમો થશે. જે પ્રતિકૂળતાભર્યું ફળ અપાવે. શારીરિક દર્દ-પીડાનો ઉપદ્રવ રાખી શકે. આપની પ્રવૃત્તિ અને પ્રયાસોમાં અવરોધ અને નિષ્ફળતા રાખી શકે. સંતાન વિષયક કોઈ ફરિયાદ રહે. સરકારી બાબતો, કોર્ટ- કાનૂન કરવેરા બાબતોની ચિંતા-ભય રહે. પ્રતિષ્ઠાને સાચવવા પ્રયત્નશીલ રહેવું પડશે. પરિવારમાં અસંતોષની લાગણી રહી શકે. કાર્યક્ષેત્રમાં આપની પ્રગતિને અવરોધ-વિઘ્નથી હાનિ થવા સંભવે. કોઈ આકસ્મિક ઘટના-સંજોગો નાણાકીય હાનિ પણ લાવી શકે છે. વાહન થકી અકસ્માત અને આરોગ્ય વિષયે સાવચેત રહેવું હિતાવહ રહે છે. વડીલો, પિતા વગેરેને પ્રતિકૂળતા રહે. જન્મ ગ્રહો કોઈ રોગ-દર્દનો નિર્દેશ કરતા હશે તો કષ્ટ-પીડા સહન કરવાનું શક્ય બનશે. તા. ૧૦-૧-૨૭થી તા. ૨-૭-૨૭ દરમિયાન આરોગ્ય-અકસ્માત - દાઝવાની ઘટનાથી કાળજી લેવી પડશે.

ગુરુનું ફળ : વર્ષ આરંભથી ગુરુ તા. ૨૫-૦૧-૨૭થી તા. ૨૬-૬-૨૭ વક્ર ગતિમાં કર્ક રાશિમાં રહીને પછી વર્ષાંત સુધી આપની રાશિ સિંહમાં ભ્રમણ કરે છે. આ સમય દરમિયાન શારીરિક આળસ-અરુચિ-માનસિક ચિંતા રહી શકે. સરકારી બાબતોમાં કોઈ ઘટના-આપત્તિજનક અનુભવ થાય. નોકરીમાં બદલી-બઢતી અવરોધમાં થાય કે પ્રતિકૂળતાઓ થકી નોકરી બદલવાની ઈચ્છા રહી શકે. વ્યવસાયમાં પણ હરીફોથી ત્રાસ રહી શકે. ઈચ્છા વિરુદ્ધ નાછૂટકે કોઈ નિર્ણય લેવાનું બની શકે જે પણ માનસિક પરિતાપ રખાવશે. પરિવારજનોની સ્થિતિ થકી પરેશાની ચિંતામાં રહે. ભ્રાતૃવર્ગ-મિત્રવર્ગ અને સહકાર્યકર્તાઓ સાથે સંબંધો જાળવી રાખશો જે સહાયક નીવડી શકશે. વ્યાપાર ધંધામાં નિરર્થક પરિશ્રમ રહેશે. નાણાં વ્યવહાર અથવા આપની કોઈ બચત થકી મુશ્કેલી ઊભી ન થાય તે અંગે સાવચેતી રાખવી. ૨૫-૧૧-૨૬થી તા. ૨૦-૬-૨૭ દરમિયાન પ્રસંગે ખર્ચ થાય. ધાર્મિક લાભની તક મળે. વર્ષના ઉત્તરાર્ધમાં આવક થશે. ચિંતાના ભારણમાં રાહત થશે.

રાહુનું ફળ : હરીફો અને હિતશત્રુઓ નિર્બળ રહેશે. જે થકી આપના પ્રયાસ-પ્રયત્નો સફળ થાય. આપની જરૂરિયાતો સંતોષવા જેટલાં નાણાંની આવકો-તકો- સહાય પ્રાપ્ત થાય. કાર્યક્ષેત્રમાં આવતા અવરોધોને મહાત કરવા યોગ્ય પ્રવૃત્તિ રાખી શકાશે. આરોગ્યની ફરિયાદ વિષયે ચિકિત્સા થકી રાહત થશે. કોઈ અપરિચિત વ્યક્તિની ઓળખાણ અણધારી લાભ પ્રાપ્ત કરાવી શકે. સામાજિક ક્ષેત્રે કીર્તિ-યશ સચવાઈ રહેશે. ધાર્મિક કાર્યો-ઉત્સવો થકી લાભાન્વિત થશે. તા. ૧૦-૧-૨૭થી તા. ૩૧-૫-૨૭ આરોગ્ય-વ્યાપારમાં સાવચેત રહેશો. વર્ષના ઉત્તરાર્ધમાં રાહત થાય.

માનસિક સુખાકારી : વર્ષારંભથી માનસિક સુખાકારી ન રહે. આરોગ્ય અને કૌટુંબિક ફરિયાદોને કારણે વ્યસ્તતા અને ચિંતા રહેશે. વડીલોની ચિંતા રહી શકે. કાર્યક્ષેત્રમાં આવતી અડચણો અને નાણાકીય જવાબદારી માનસિક અશાંતિ અપાવશે. વ્યાપાર-ધંધા વિષયક નવા રોકાણોની આવશ્યકતા રહે. નોકરી-વ્યવસાયમાં અધિકારીને સરકારી વર્ગથી થતી કનડગત ત્રાસદાયક બની શકે. તા. ૧૦-૧-૨૭થી તા. ૩૦-૬-૨૭ સાવચેતીપૂર્વકની પ્રવૃત્તિ અને નાણાં વ્યવહાર રાખશો. ઓગસ્ટથી વર્ષાંત સમય રાહતરૂપ જોવાશે. એકંદર માનસિક સુખાકારી સાધારણ રહેશે.

આર્થિક સ્થિતિ : ખર્ચની જવાબદારી અને આવકમાં અવરોધ, હતાશા રાખશે. સંપત્તિ-મિલકત વિષયક નાણાંના લાભોમાં રુકાવટ આવશે. આરોગ્ય અને કૌટુંબિક ખર્ચ પણ વધશે. નાણાકીય આયોજન હિતાવહ રહેશે. વર્ષ મધ્યમાં કોઈ આકસ્મિક પ્રસંગ-ઘટના ખર્ચ લાવી શકશે. વર્ષના ઉત્તરાર્ધમાં આવકોની અડચણો દૂર થતાં રાહત થતી લાગશે. આર્થિક સુખાકારી સાધારણ રહેશે.

નોકરી-વ્યવસાય- વ્યાપાર : નોકરી બદલવાનો સમય અનુકૂળ નથી. બદલીને કારણે તમારી મુશ્કેલી વધી શકે છે. બઢતીમાં મુશ્કેલી-વિલંબ થાય. વ્યાપારમાં નવા રોકાણોથી લાભની શક્યતા અવરોધમાં રહેશે. પ્રગતિની શક્યતા ઓછી છે. વ્યવસાયમાં ગ્રાહકોમાં અસંતોષ રહેશે. કાર્યપ્રવૃત્તિ પ્રતિકૂળતાઓ રાખશે. વર્ષાંતમાં કોઈ લાભાન્વિત તક રહેશે.

જમીન-મકાન- સંપત્તિ : જમીન-સંપત્તિનીમાં નવી દુકાન, ઑફિસ, ગોડાઉન લેવા સમય પ્રતિકૂળતા રાખે છે. નવો ફ્લેટ ટેનામેન્ટ બાબતે પુરુષાર્થ રાખવો પડે. વર્ષ મધ્યે ફ્લેટ ટેનામેન્ટ વસાવી શકાશે. સંપત્તિ વિષયે સરકારી બાબતોમાં સંભાળવું પડશે. કોર્ટ-કાનૂની માર્ગમાં સમય અને પરિશ્રમ વધે. વડીલોપાર્જિત બાબતોથી લાભ થાય. એકંદર અનુકૂળતાઓનો સમય જોવાતો નથી.

દાંપત્યજીવન : દાંપત્યજીવનની બાબતો વિષયે આ સમય સામાન્ય રહેવા પામશે. લગ્ન ઈચ્છુકોના વિવાહ-લગ્ન શક્ય બનશે. પુનર્લગ્નની ઈચ્છા સંતોષી શકાશે. લગ્નેતર સંબંધો અશાંતિ રાખાવશે. જો કે, એકંદરે સુખાકારી જળવાશે.

શત્રુ-કોર્ટ- કચેરી : કાર્યક્ષેત્ર- વ્યાપાર કે સામાજિક ક્ષેત્રના હિતશત્રુઓ આ સમયમાં નિર્બળ થશે. સરકારી બાબતો, કોર્ટ માર્ગે રહેલ પ્રશ્નોનો હલ શક્ય બનશે. જો કે ખર્ચની જવાબદારી આવી શકશે. કરવેરા-ટેક્સની વણચૂકવાયેલ જવાબદારી ચૂકવવાની થાય.

આરોગ્ય-પ્રવાસ : આ સમયમાં આપને ધાર્મિક યાત્રા-પરદેશની મુસાફરી રહેવા પામી શકે. આરોગ્ય વિષયે અનુકૂળતાઓ રહે. તેમ છતાં જૂના દર્દો-રોગ વિષયે કાળજી લેવી. કૌટુંબિક આકસ્મિક ઘટનાથી આરોગ્ય પ્રભાવિત થઈ શકે.

સંતાન-વિદ્યાભ્યાસ : સંતાનોના આરોગ્ય સાચવી શકાય. વિદ્યાભ્યાસ-કારકિર્દી પ્રગતિશીલ રહેશે. વિદ્યાભ્યાસલક્ષી સરકારી સહાય-લોન પ્રવેશ વિષયે અનુકૂળતાઓ થઈને રહેશે. સંતાનોના વ્યાપાર-વ્યવસાય- પ્રવૃત્તિ પુરુષાર્થ ધોરણે સાનુકૂળતાઓ રાખશે. એકંદર સમય સામાન્ય રહેલો જોવાશે.



કન્યા (પ.ઠ.ણ.)

શનિનું ફળ : વર્ષના આરંભ સમયે શનિ આપની રાશિથી સાતમા ભુવનમાં મીન રાશિમાં તેમજ તા. ૨-૬-૨૭થી અષ્ટમ ભુવનમાં વર્ષાંત સુધી ભ્રમણ કરશે. આ દરમિયાન દાંપત્યજીવનમાં જીવનસાથીના આરોગ્યની ફરિયાદ રહી શકે. આપના કાર્યક્ષેત્રમાં બદલાવ આવી શકે. સ્થળ બદલવાની શક્યતા. સહ-કાર્યકર્તાઓ - વ્યાપારના ભાગીદારોમાં મનદુઃખની ઘટના ન બને તેની કાળજી લેવી. સામાજિક સંબંધોમાં પણ અણબનાવો સંભવ. કાર્યક્ષેત્રમાં નિરર્થક પરિશ્રમ, રઝળપાટ રહેવા પામી માનસિક હતાશ રહી શકશો. નોકરી-વ્યાપારમાં આવેશ અને આક્રોશની મનોવૃત્તિથી દૂર રહેવું હિતાવહ છે. સરકારી વિષયો, કાર્ય પ્રવૃત્તિમાં પણ સંભાળીને કાર્ય કરશો. આરોગ્યની કાળજી લેવાનું ચૂકશો નહીં. મૂત્રમાર્ગના, પગના દર્દોની ચિકિત્સા રાખશો.

ગુરુનું ફળ : વર્ષ આરંભથી ગુરુ આપની રાશિથી બારમે ભ્રમણ કરે છે. જે વક્ર ગતિમાં તા. ૨૫-૧-૨૭થી તા. ૨૬-૬-૨૭ દરમિયાન કર્ક રાશિમાં રહીને વર્ષાંત સુધી આપના બારમા ભુવનમાં ભ્રમણ કરશે. વર્ષારંભથી આપને આર્થિક આવકની તક. સુખ-સુવિધાનાં સાધનો વસાવી શકાય. સામાજિક પ્રતિષ્ઠા, વિદ્યાભ્યાસ, નોકરી વિષયોમાં પ્રગતિકારક ફળ મળે. કાર્યક્ષેત્ર અને પ્રવૃત્તિમાં આવતા વિઘ્નો અવરોધોને હલ કે દૂર કરવાનો માર્ગ ચીંધશે. જૂનાં દેવાં ચૂકવવાની યોજના બનાવી શકાશે. ધાર્મિક-સામાજિક હેતુસર વિદેશ મુસાફરીનું આયોજન શક્ય છે. વર્ષના ઉત્તરાર્ધ સમયમાં નોકરી-વ્યવસાયની કાળજી હિતાવહ થઈ રહેશે. આરોગ્ય વિષયે કોઈ ફરિયાદ હોય તો તબીબી સારવાર લેવી.

રાહુનું ફળ : વર્ષ આરંભથી આકસ્મિક અણધાર્યા ખર્ચ કે ઘટના ઘટી શકે છે. સંતાનો વિષયક વિદ્યાભ્યાસ, આરોગ્ય, કારકિર્દીની ચિંતા રહશે. માનસિક દ્વિધાયુક્ત રહેતું અનુભવાશે. વ્યાપાર-કૌટુંબિક બાબતો, આર્થિક નિર્ણયોમાં મુંઝવણ રહી શકશે. સહકાર્યકર્તાઓ કે મિત્રવર્તુળમાં કોઈ કારણસર ઝઘડા-વિવાદથી અશાંત દુઃખી થવું પડે. કાર્યક્ષેત્રમાં હેતુ પૂરો પાડવા સંઘર્ષ કરવો પડશે. જન્મગ્રહ દશા યોગ્ય ન હોય તો વાયદા, વેપાર, સટ્ટા-જુગારમાં પ્રવૃત્ત થવાનું ટાળી શકો. હાનિ સંભવી શકશે. તા. ૨૧-૮-૨૭ સાવચેતીભરી મનોવૃત્તિ હિતાવહ રહેશે. એકંદર સમય અનુકૂળ જણાય.

માનસિક સુખાકારી : માનસિક પરિતાપ-ચિંતાનું ભારણ પ્રભાવકારી રહેશે. કોઈ આકસ્મિક ઘટના, ચિંતા હતાશા વધારી શકશે. નાણાકીય જવાબદારીઓ માનસિક વિહવળતા રાખશે. કાર્યક્ષેત્રમાં અવરોધો-અગવડો મનને શાંત થવા નહીં દે. પારિવારિક બાબતોનો ઉદ્ભવ કોઈ સમયે લાગણીશીલ કરી જશે. જે દુઃખનો અહેસાસ કરાવી શકશે. વર્ષ દરમિયાન ફેબ્રુઆરીથી માર્ચ તેમજ જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન રાહતકારી સમય જોવાશે. અન્ય પ્રતિકૂળતા રહે છે.

આર્થિક સ્થિતિ : આર્થિક પરિસ્થિતિ વિષયે આ સમય અનુકૂળતા નથી. આર્થિક નાણાભીડ- ખર્ચની ઘટના તમારું ગણિત બગાડશે. લોનના હપ્તા-વીમા પ્રીમિયમ- કરવેરા ટેક્સ નિયમિત ચૂકવી શકાય તેવું આયોજન હિતાવહ રહેશે. અન્યથા મુશ્કેલ સ્થિતિમાં થવાનું બની શકશે. વ્યાપાર- વ્યવસાયની આવકો વિષયે ગાફેલ ન રહેતાં નિયમિત વસૂલવાનું રાખશો, નહીં તો લાંબા સમયે મળશે.

નોકરી-વ્યવસાય- વ્યાપાર : વર્ષ દરમિયાન નોકરિયાત વર્ગને સાધારણ અનુકૂળતા રહી શકે. જો કે, લોભ-લાલચવાળા આકર્ષણથી દૂર રહીને પ્રવૃત્તિ રાખવી. નવી નોકરીમાં પસ્તાવાનું થઈ શકે. નોકરીમાં ગેરવર્તણૂક-ગેરરીતિથી કરેલ કૃત્ય મોટી હાનિ લાવી શકશે. બઢતી-બદલી - વ્યવસાય-વ્યાપાર વિષયે પરિશ્રમ રાખવો પડશે. જેનું અંશતઃ ફળ પ્રાપ્ત થશે. વ્યાપારમાં નાણાં અછત થકી વ્યાપાર અવરોધાતો અનુભવાશે. હરીફોની ચાલમાં ફસાઈને નુકસાની ન થાય, તેની કાળજી લેશો.

જમીન-મકાન- સંપત્તિ : સંપત્તિ - જમીન- મકાન વિષયે વર્ષના ઉત્તરાર્ધમાં અંશતઃ અનુકૂળ સંજોગો રહી શકશે. જૂની મિલકત વેચવાની ઈચ્છા હોય તો વેચી શકાશે. જો કે ધારેલ મૂલ્ય પ્રાપ્ત નહીં થઈ શકે. નવી મિલકત વસાવવાની અનુકૂળતા ઓછી. વડીલોપાર્જિત સંપત્તિના વિવાદમાં સમાધાન અને ઉદારતાથી નિકાલ થઈ શકે. અનુકૂળ સમય નથી.

દાંપત્યજીવન : દાંપત્યજીવનમાં સામાન્ય સ્થિતિ જળવાશે. જીવનસાથીની મહત્ત્વાકાંક્ષા સંતોષવા ખર્ચનું આયોજન કરવું પડે. આરોગ્ય વિષયે ચિંતા રહે. વિવાદ-લગ્ન ઈચ્છુકોના વિવાહ-લગ્ન પુરુષાર્થ થકી પાર પડે. લગ્નેતર સંબંધો થકી મન અશાંત રહી શકે. પરિશ્રમ ખર્ચ રહેશે. એકંદરે સમય સાધારણ રહે.

શત્રુ-કોર્ટ- કચેરી : કોર્ટ-કચેરી સરકારી બાબતો વિષયક પ્રશ્નોમાં આ વર્ષનો સમય અંશતઃ અનુકૂળતાઓ રખાવી શકશે. બાકી કરવેરા, ટેક્સની ચુકવણી કરવાની થશે. અન્યથા વિશેષ ખર્ચનો સામનો કરવાનો બની શકે. વ્યાપાર-મિલકત-સંપત્તિ વિષયક વિવાદો કોર્ટ માર્ગમાં રહેલ બાબતો માનસિક પરિતાપ અને ખર્ચ રખાવશે. આખરી નિર્ણય સમય માંગી લેશે. સમાધાનની મનોવૃત્તિ થકી વિવાદોનો હલ થઈ શકશે. એકંદર અનુકૂળતાઓ જોવાતી નથી.

આરોગ્ય-પ્રવાસ : આપના આરોગ્ય વિષયે વર્ષ દરમિયાન કાળજી રાખવી પડશે. માનસિક ચિંતા-પરિશ્રમ અને રઝળપાટ આપનું આરોગ્ય નિર્બળ કરી શકે છે. કોઈ રોગ-દર્દની ફરિયાદની તબીબી ચિકિત્સા રાખશો. જેથી વધુ કષ્ટથી બચી શકાય. જાન્યુઆરી, ૨૭થી જૂન, ૨૭ સાવધાનીભરી કાળજી હિતાવહ રાખવી.

સંતાન-વિદ્યાભ્યાસ : સંતાનો વિષયક બાબતોમાં સંતાનોની ફરિયાદ રહેવા પામી શકે. સંતાન જન્મના ઈચ્છુકો તબીબ માર્ગદર્શન અને સારવારથી ઈચ્છાઓ સંતોષી શકાશે. સંતાનોના અગ્રીમ અભ્યાસ, કારકિર્દીને વ્યવસાય વિષયે પરિશ્રમ, ખર્ચની સંભાવના રહેશે. એકંદર સાધારણ સમય અનુભવાશે.

ફ્લોલેસ અને નેચરલ મેકઅપ માટે 6 સરળ પદ્ધતિઓ

મેકઅપ કરવો એ એક કળા છે, પહેલીવાર શીખતા હોવ, ત્યારે થોડી ગૂંચવણ થવી સ્વાભાવિક છે. છોકરીઓને શરૂઆતમાં આવી તકલીફ થતી જ હોય છે. પરંતુ હવે સોશિયલ મીડિયા પર ફ્લોલેસ સ્કિન બતાવતો મેકઅપ જોઈને આપણને પણ એવો મેકઅપ જાતે કરતાં શીખી જવાની ઈચ્છા થાય. રોજ પાર્લરમાં જવાનો સમય કે પૈસા દરેક પાસે હોતા નથી, તેથી જાતે થોડો મેકઅપ શીખવો એ આજના યુગની જરૂરિયાત બની ગયું છે. શીખતી વખતે પહેલો પ્રશ્ન એ થાય કે, બજારમાં અનેક પ્રકારની પ્રોડક્ટ્સ જોઈને શરૂઆત ક્યાંથી કરવી. જોકે, સુંદર અને નેચરલ લુક માટે ડઝનબંધ પ્રોડક્ટ્સની જરૂર નથી, બેઝિક પ્રોડક્ટ્સ અને સાચી પદ્ધતિથી ઘરે જ પરફેક્ટ લુક ખૂબ જ સહેલાઈથી અને આત્મવિશ્વાસ સાથે મેળવી શકાય છે



સ્ટેપ 1 : સ્કિન પ્રેપ મેકઅપ શરૂ કરતા પહેલાં ચહેરો સાફ હોવો ખૂબ જરૂરી છે. જેમ દિવસના અંતે મેકઅપ રિમૂવ કરવો જરૂરી છે એમ જ મેકઅપ કરતાં પહેલાં ચહેરાને ક્લીન કરવો ખૂબ જરૂરી છે, કેમ કે ચહેરા પરનો પરસેવો કે કચરો મેકઅપ સાથે ભળે તો આગળ જતાં ખીલ થવાની સમસ્યા રહે છે.

ક્લીન્ઝિંગ : ફેસવોશથી ચહેરો ધોઈને ફેસ પરથી ધૂળ અને ઓઈલ સાફ કરો.

મોઈશ્ચરાઈઝર : તમારી સ્કિન ટાઇપ મુજબ હળવું મોઈશ્ચરાઈઝર લગાવો. આનાથી ત્વચા સોફ્ટ બનશે અને મેકઅપ ફ્લોલેસ દેખાશે.

પ્રાઈમર : મોઈશ્ચરાઈઝર પછી પ્રાઈમર લગાવો. તે ત્વચાના ઓપન પોર્સને બંધ કરે છે. મેકઅપને આખો દિવસ ટકાવી રાખે છે.

સ્ટેપ 2 : ફાઉન્ડેશન (ઈવન સ્કિન ટોન માટે) ફાઉન્ડેશન તમારી ત્વચાના રંગને એકસમાન બનાવવાનું કામ કરે છે.

હંમેશાં તમારી સ્કિન ટોન સાથે મેચ થતું ફાઉન્ડેશન પસંદ કરો. ચહેરા અને ગળા પર ફાઉન્ડેશનના નાના-નાના ડોટ્સ કરો. ડેમ્પ (હળવા ભીના) બ્યૂટી બ્લેન્ડર અથવા બ્રશની મદદથી તેને અંદરથી બહારની તરફ હળવા હાથે બ્લેન્ડ (મિક્સ) કરો. ધ્યાનમાં રાખો કે ફાઉન્ડેશન ઘસવાનું નથી, માત્ર ટેપ-ટેપ (ડિબ) કરવાનું છે.

સ્ટેપ 3 : ન્સીલર (ડાઘ અને ડાર્ક સર્કલ્સ છુપાવવા) કન્સીલર ફાઉન્ડેશન કરતાં થોડું થિક (જાડું) હોય છે, જે ચોક્કસ ડાઘ દૂર કરવા વપરાય છે. આંખોની નીચેનાં કાળાં કૂંડાળાં અને ચહેરા પરના ખીલ કે ડાઘ પર કન્સીલર લગાવો. બ્યૂટી બ્લેન્ડર અથવા આંગળીના ટેરવા વડે તેને હળવા હાથે બ્લેન્ડ કરી લો.

સ્ટેપ 4 : પાઉડર સેટિંગ ફાઉન્ડેશન અને કન્સીલરને પોતાની જગ્યાએ લોક કરવા માટે કોમ્પેક્ટ પાઉડર કે લૂઝ પાઉડરનો ઉપયોગ કરો. ખાસ કરીને T-ઝોન (કપાળ, નાક અને દાઢી) પર પાઉડર લગાવો, જેથી ઓઈલ કંટ્રોલમાં રહે.

સ્ટેપ 5 : આઈ મેકઅપ અને મસ્કરા બિગિનર્સ માટે આઈ મેકઅપ એકદમ સિમ્પલ હોવો જોઈએ.

કાજલ/લાઈનર : પાંપણની લાઈન પર પાતળું આઈલાઈનર અથવા વોટરલાઈન પર કાજલ લગાવો.

મસ્કરા : મસ્કરા આંખોને ખુલ્લી અને આકર્ષક બનાવે છે. મસ્કરાની વાન્ડને પાંપણના મૂળથી શરૂ કરીને ઉપરની તરફ `ઝિગ-ઝેગ' મોશનમાં ફેરવો. આનાથી વોલ્યૂમ મળશે.

સ્ટેપ 6 : બ્લશ અને લિપસ્ટિકથી ગાલના સફરજન જેવા ભાગ પર હળવા પિંક કે પીચ શેડનું બ્લશ લગાવો, જેથી ચહેરા પર કુદરતી ગ્લો દેખાય.

લિપસ્ટિક : રોજિંદા લુક માટે ન્યૂડ કે સોફ્ટ પિંક શેડ, કોઈ પ્રસંગ માટે બોલ્ડ રેડ કે મરૂન લિપસ્ટિક પસંદ કરો. `લેસ ઈઝ મોર'નો નિયમ યાદ રાખો.

યુનિક અને રોયલ લાગતાં ચિકનકારી આઉટફિટ

સમયની સાથે ટ્રેન્ડમાં પરિવર્તન આવતું રહે છે, પરંતુ અમુક આઉટફિટ એવાં છે જે એવરગ્રીન હોય છે. એમાં ચિકનકારી કુરતી માત્ર એક પહેરવેશ નથી, ભારતીય શિલ્પકળા, સંસ્કૃતિ-ભવ્ય વારસાનું પ્રતીક છે. પરંપરાગત બનાવટ, આધુનિક સમયમાં બદલાતા ટ્રેન્ડ્સ અને સ્ટાઈલિંગ વિશે વાત કરીએ.

ચિકનકારી શબ્દ મૂળ પર્શિયન ભાષાના `ચાકિન' શબ્દ પરથી આવ્યો છે, જેનો અર્થ કાપડ પર સુંદર ભરતકામ કરવું થાય છે. ૧૭મી સદીમાં મોગલ શાસન ખાસ કરીને બેગમ નૂરજહાંના પ્રોત્સાહનથી આ કળા ઉત્તર પ્રદેશના લખનૌ શહેરમાં વિકસી. આજે લખનૌ આ અદ્ભુત હસ્તકલાનું મુખ્ય કેન્દ્ર છે અને વિશ્વમાં `લખનવી ચિકનકારી' તરીકે પ્રસિદ્ધ છે.

એથનિક આઉટફિટમાં સ્થાન ધરાવતા ચિકનકારીમાં પહેલાં ફક્ત સૂટનું મટીરિયલ જ અવેલેબલ હતું. હવે લોકોની ડિમાન્ડને કારણે એમાં વિવિધતાને સામેલ કરવામાં આવી છે. જેમ કે, અનારકલી અને ફ્લેર્ડ કુરતી, લેહંગા ચોલી, શરારા સેટ, શોર્ટ ટોપ, ટ્યુનિક્સ, કો-ઓર્ડ સેટ અને ઈન્ડો-વેસ્ટન વગેરે.

ઘેરદાર અને રોયલ લુક આપતી લોંગ અનારકલી કુરતીઓ ખાસ કરીને લગ્ન અને તહેવારો માટે બનાવવામાં આવે છે. લોંગ અનારકલી નાના-મોટા પ્રસંગોમાં પણ યુનિક લુક આપે છે. શોર્ટ કુરતી સાથે મેચિંગ ચિકનકારી શરારા કે ઘરારાનો સેટ ટ્રેડિશનલ ફંક્શન્સમાં લોકપ્રિય છે. પેસ્ટલ કલર્સના ચિકનકારી લહેંગા અને ક્રોપ ટોપ કે ચોલીનો ટ્રેન્ડ અત્યારે સંગીત સંધ્યા અને હલ્દી જેવા પ્રસંગો માટે ભારે કેઝમાં છે.



ચિકનકારી ફક્ત ટ્રેડિશનલ આઉટફિટ્સ નથી રહ્યાં, તેને વેસ્ટર્ન અને ઈન્ડો-વેસ્ટર્ન ફ્યુઝનમાં સામેલ કરવામાં આવ્યા છે. જેમ કે, જીન્સ કે સ્કર્ટ્સ સાથે શોર્ટ ટોપ્સ કે ટ્યુનિક્સ પહેવામાં આવે છે, જે યુનિક લુક આપે છે. કોલેજ ગોઈંગ યુવતીઓ, વર્કિંગ વુમન જીન્સ સાથે શોર્ટ ટોપ્સ પહેવાનું પસંદ કરે છે. લોંગ કે શોર્ટ ચિકનકારી શ્રગ્સ અને ઓપન જેકેટ્સ જેને સિમ્પલ ઈનર કે પ્લેન આઉટફિટ પર શ્રગ તરીકે પેર કરી શકાય છે. આધુનિક ટ્રેન્ડ અનુસાર ચિકનકારી શર્ટ અથવા ટોપ સાથે મેચિંગ પેન્ટ્સ કે શોર્ટ્સના કો-ઓર્ડ સેટ્સ ટ્રાય કરી શકાય. લોંગ વન-પીસ ગાઉન કે મેક્સી ડ્રેસીસ જેમાં ચિકનકારીનું કામ હોય, જે સમર કે વેકેશન વેર માટે પરફેક્ટ ગણાય છે.

તમારા ફેસ શેપ અનુસાર પસંદ કરો

ડિફરન્ટ સાઇઝના હૂપ્સ એરિંગ્સ

હૂપ્સ એરિંગ્સ ક્લાસિક છે, જેને કેઝ્યુઅલ્સથી લઇને ઓફિસ અને પાર્ટીમાં પણ સરળતાથી પહેરી શકાય છે. ગોલ્ડથી લઇને સ્ટેનલેસ સ્ટીલ અને સ્ટર્લિંગ ચાંદી તથા ડાયમંડ હૂપ એરિંગ્સ માર્કેટમાં અવેલેબલ છે. હૂપની સ્ટાઇલ પર આપણે જેટલું ધ્યાન આપીએ છીએ એની સાથે તેની સાઇઝ ઉપર પણ ધ્યાન આપવું જરૂરી છે. હૂપમાં તમને સ્મોલ સાઇઝથી લઇને બિગ સાઇઝ એરિંગ્સ સરળતાથી મળી જશે.

નાની સાઇઝના હૂપ્સ

નાની સાઇઝમાં ૧૧ મિમીથી લઇને ૨૦ મિમી સુધીના હૂપ્સની પસંદગી કરી શકો. તમારા ફર્સ્ટ અથવા સેકન્ડ લોબ પિયર્સિંગમાં હૂપ્સ એરિંગ્સ પહેરવા ઇચ્છો છો તો ૧૧ મિમીથી ૧૪ મિમીના હૂપ્સ તમારા માટે પરફેક્ટ છે. તમને એવા હૂપ્સ ગમતા હોય જે લોબની નીચે થોડી જગ્યા છોડી દે, તો તમે ૧૫ મિમી અને ૧૭ મિમીના હૂપ્સ પસંદ કરી શકો છો. તમારો ચહેરો નાનો હોય અને ડેઇલીવેરમાં હૂપ્સ એરિંગ્સ પહેરવા ઇચ્છો છો તો ૧૮-૨૦ મિમીના હૂપ્સ પહેરી શકો છો. તમારો ફેસ સ્મોલ હોય તો કેઝ્યુઅલ્સમાં ૨૬ મિમી અને ૫૦ મિમીની વચ્ચેની સાઇઝના હૂપ્સ પહેરી શકો છો. તમે મિનિમલ એક્સેસરીઝ લુક કેરી કરવા ઇચ્છો છો તો આ સ્મોલ સાઇઝ હૂપ્સને પહેરી શકો છો. મીડિયમ હૂપ્સ આ ૫૧ અને ૭૬ મિમીની

વચ્ચે હોય છે. તમે સટલ પરંતુ બોલ્ડ લુક કેરી કરવા ઇચ્છો છો તો આ મીડિયમ હૂપ્સને કેરી કરી શકો છો. આ હૂપ્સ શાનદાર સ્ટાઇલ સ્ટેટમેન્ટ પીસ છે. આ ઓવરબોર્ડ જતાં નથી. આ હૂપ્સની સૌથી સારી વાત એ છે કે કોઇ પણ ફેસ શેપ પર સારા લાગે છે. તેથી તેને બધા સ્ટાઇલ કરી શકે છે.

બિગ હૂપ્સ

આની સાઇઝ ૭૭ મિમી અને ૧૦૦ મિમીની વચ્ચે હોય છે. તમે તમારા લુકને ડ્રામેટિક બનાવવા ઇચ્છો છો તો આ હૂપ્સની પસંદગી કરો. તમે આ હૂપ્સને એમ જ પહેરી શકો છો. આની સાથે થિન લેયર્ડ પેન્ડન્ટને પણ સ્ટાઇલ કરી શકાય છે. બિગ હૂપ્સને પહેરતી વખતે તમારે બીજી પિયર્સિંગ જ્વેલરી ન પહેરવી જોઇએ. જેમનો ચહેરો લાંબો અને ઓવલ હોય તેમના પર આ પ્રકારના હૂપ્સ સારા લાગે છે. જેમનો ચહેરો નાના હોય તેમને બિગ હૂપ્સ ઓવર લાગશે.

મેલાનિયાનો માસ્ટરપ્લાન સફળ: રશિયા-યુક્રેન વચ્ચે 'સ્થાનિક' યુદ્ધવિરામ, કરાર પર હસ્તાક્ષર

ન્યૂયોર્ક

યુક્રેન અને રશિયા વચ્ચેના સંઘર્ષ વચ્ચે અમેરિકાના પૂર્વ ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે એક મોટો દાવો કરીને સૌને ચોંકાવી દીધા છે. સીઝફાયર સંદર્ભે યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે ઓલેશ્કી શહેર અને તેની આસપાસના ખેરસોન વિસ્તારમાં માનવતાવાદી સીઝફાયર કરાવવા માટે તેમણે ખાસ મધ્યસ્થ તરીકે ભૂમિકા ભજવી હતી. મેલાનિયા ટ્રમ્પના જણાવ્યા અનુસાર, શુક્રવાર, 23 ઓક્ટોબરના રોજ રશિયા અને યુક્રેન બંને દેશોએ આ સમજૂતી હેઠળ બંને ભાષાઓમાં તૈયાર કરાયેલા દસ્તાવેજો પર સત્તાવાર હસ્તાક્ષર કર્યા છે. મેલાનિયા ટ્રમ્પે ખુલાસો કર્યો હતો કે તેમને સપ્ટેમ્બર મહિનામાં ઓલેશ્કી વિસ્તારમાં સર્જાયેલા ગંભીર માનવતાવાદી સંકટની માહિતી મળી હતી. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને તેમણે તાત્કાલિક પગલાં ભર્યા હતા. તેમણે પોતાના અંગત પ્રતિનિધિ માર્ક બેકમેનને સૂચના આપી હતી કે તેઓ મેલાનિયા વતી રશિયા અને યુક્રેન બંને દેશોના સત્તાવાળાઓ સાથે સીધી વાતચીત શરૂ કરે અને ઓલેશ્કીમાં શાંતિ સ્થાપવા પ્રયાસો તેજ કરે. રશિયા અને યુક્રેન બંને પક્ષોએ તેમની પહેલનું સ્વાગત કર્યું હતું અને સ્વીકાર્યું હતું કે અગાઉ આ વિસ્તારમાં યુદ્ધવિરામના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. બંને દેશોએ મેલાનિયા સાથેના સંબંધોનું માન રાખીને તેમને વિશિષ્ટ મધ્યસ્થ તરીકે સ્વીકાર્યા હતા. આ મધ્યસ્થતાનો મુખ્ય ઉદ્દેશ્ય ઓલેશ્કીના ફસાયેલા સ્થાનિક લોકો સુધી જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાનો અને સામાન્ય નાગરિકો માટે સલામત માર્ગ (સેફ પેસેજ) બનાવી તેમને સુરક્ષિત બહાર કાઢવાનો હતો.

વેપાર કરાર અને H-1B વિઝામાં ભારતને મોટો લાભ થવાની આશા

અમેરિકી કોંગ્રેસમાં બદલાયેલા રાજકીય સમીકરણો બદલાયા

વોશિંગ્ટન/નવી દિલ્હી

અમેરિકી કોંગ્રેસમાં બદલાયેલા રાજકીય સમીકરણોની ભારત પર સૌથી સકારાત્મક અસર વેપાર કરારની વાટાઘાટોમાં જોવા મળી શકે છે. ટ્રમ્પ માટે આ પરિસ્થિતિમાં પોતાની રાજકીય છબી મજબૂત કરવા વિદેશ નીતિમાં કોઈ મોટી સફળતા મેળવવી અનિવાર્ય બનશે, H-1B વિઝા મેળવનારાઓમાં આશરે ૭૫ ટકા નાગરિકો ભારતીયો હોવાથી, ડેમોક્રેટિક સાંસદોના દબાણને કારણે કુશળ વિદેશી કર્મચારીઓ પર લાદવામાં આવેલા ૧ લાખ ડોલરની ઊંચી ફી અને નિયંત્રણોની સમીક્ષા થવાની અને લાંબા ગાળે ભારતીય ટેક પ્રોફેશનલ્સને રાહત મળવાની આશા બંધાઈ છે. અલબત્ત, માનવાધિકાર અને ધાર્મિક સ્વતંત્રતા જેવા મુદ્દાઓ પર ડેમોક્રેટ્સ અગાઉની જેમ સવાલો ઉઠાવતા રહી શકે છે, જેથી પડકારો સંપૂર્ણપણે નાબૂદ નહીં થાય. આમ છતાં વેપાર તેમજ વીઝા મુદ્દે ટ્રમ્પ હવે ભારત માટે નરમ વલણ અપનાવે તેવી શક્યતા છે.

હિન્દુત્વ નફરત ફેલાવે છે, સનાતનના મૂળ સંદેશને જાણો : દિગ્વિજયસિંહ

રાઘોગઢ (મધ્યપ્રદેશ)

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહના હિન્દુત્વ અંગેના નિવેદનથી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. તેમણે સનાતન ધર્મ અને હિન્દુત્વને અલગ ગણાવતાં હિન્દુત્વની વિચારધારા નફરત ફેલાવતી હોવાનો દાવો કર્યો હતો. લોકોને હિન્દુત્વથી દૂર રહેવાની સલાહ આપતાં તેમણે સનાતન ધર્મનો મૂળ સંદેશ 'વસુધૈવ કુટુંબકમ્' એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર હોવાની ભાવના હોવાનું જણાવ્યું હતું.

દિગ્વિજય સિંહે આ નિવેદન તેમની 'સત્ય સનાતન સ્વાભિમાન યાત્રા' દરમિયાન મધ્યપ્રદેશના રાઘોગઢમાં સભાને સંબોધિત કરતી વખતે આપ્યું હતું. ઉજ્જૈનથી અયોધ્યા સુધી આશરે ૧,૦૦૦ કિલોમીટરની પદયાત્રા પર નીકળેલા દિગ્વિજય સિંહ યાત્રાના પ્રથમ પડાવ બાદ પોતાના વતન રાઘોગઢ પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમના પુત્ર જયવર્ધન સિંહ સહિત પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે સનાતન ધર્મનો સાચો અર્થ પ્રેમ, કરુણા અને સમગ્ર વિશ્વને એક પરિવાર માનવાની ભાવનામાં રહેલો છે.

રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે, EVM પર ચર્ચા કરે : અમિત શાહ

હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા યોજાઈ

હરિયાણા

વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સતત કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ત્યારે હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હરિયાણાના કરનાલથી રાહુલ ગાંધીને ખુલ્લો પડકાર આપ્યો છે. તેમણે કહ્યું કે જો રાહુલ ગાંધીમાં હિંમત હોય તો સંસદમાં આવે અને મતદાર યાદીના સુધારણા એટલે



કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન મુદ્દે ચર્ચા કરે. એટલું જ નહીં, અમિત શાહે કહ્યું કે સરકાર આ મુદ્દે ચર્ચા કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવા પણ તૈયાર છે. તેમણે રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને વિશેષ સત્ર બોલાવવાની માંગ કરવા પણ કહ્યું છે. હરિયાણાના કરનાલમાં ભાજપની લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો પદયાત્રા બાદ યોજાયેલી જાહેરસભામાં અમિત શાહે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વડાપ્રધાન મોદીને ચર્ચા માટે પડકારી રહ્યા છે, પરંતુ જો તેઓ ખરેખર ચર્ચા કરવા માંગતા હોય તો તેમણે આગળ આવવું જોઈએ.

ચૂંટણી લડવા માટે 'બે બાળકોની નીતિ' રદ થશે? ૨૦૦૩ના કેસને મોટી બેંચને મોકલાયો

ઘટતા જતા પ્રજનન દરને લઈને કાયદાની ગહન સમીક્ષા કરવામાં આવશે

નવી દિલ્હી

દેશના સર્વોચ્ચ ન્યાયાલયે એવા કાયદાઓની પ્રસ્તુતતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે, જે બેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારોને સ્થાનિક સ્વરાજ્યની (પંચાયત કે નગરપાલિકા) ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવે છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે બદલાતી વસ્તી વિષયક સ્થિતિ અને ભારતમાં ઘટી રહેલા પ્રજનન દરને ધ્યાનમાં રાખતાં આવા કાયદાઓ પાછળનો મૂળ તર્ક હવે અપ્રસ્તુત થઈ ગયો છે. કઠોર વલણ અપનાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી હતી કે, "ભારતમાં પ્રજનન દરમાં સતત થઈ રહેલા ઘટાડા અને બદલાતા વસ્તી વિષયક સમીકરણોને જોતાં, બેથી વધુ બાળકો હોવાને કારણે વ્યક્તિઓને અયોગ્ય ઠેરવતા આવા કાયદાઓ પર પુનર્વિચાર કરવાની તાતી જરૂરિયાત છે." આ અવલોકનને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૨૦૦૩ના જાવેદ વિરુદ્ધ હરિયાણા રાજ્ય કેસને એક મોટી બેંચ સમક્ષ મોકલી આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૩માં ત્રણ ન્યાયાધીશોની બેંચે હરિયાણા પંચાયતી રાજ અધિનિયમ, ૧૯૯૪ ની બંધારણીય માન્યતાને યથાવત રાખી હતી, જેના હેઠળ બેથી વધુ જીવિત બાળકો ધરાવનાર વ્યક્તિને સ્થાનિક ચૂંટણી લડવા માટે અયોગ્ય ગણવામાં આવતી હતી. ખંડપીઠે આ મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવતાં કાકોડા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મંગલા ભીમરાવ પર લાદવામાં આવેલી અયોગ્યતાને પણ રદ કરી દીધી છે.

હોર્મુઝ ખાડીની સુરક્ષા માટે દક્ષિણ કોરિયા પેટ્રોલિંગ વિમાન તૈનાત કરશે

દરિયાઈ માર્ગ પર નજર રાખવા એરક્રાફ્ટ સાથે ઈઓડી ટીમ પણ મોકલશે

નવી દિલ્હી, તા.૫

દક્ષિણ કોરિયાએ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગોમાંથી એક એવા 'હોર્મુઝ સ્ટ્રેટ' નજીક દરિયાઈ સુરક્ષા વધારવા માટે એક મોટો નિર્ણય લીધો છે. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલયે જાહેરાત કરી છે કે તેઓ આ વ્યૂહાત્મક રીતે અગત્યના વિસ્તારમાં દરિયાઈ પેટ્રોલિંગ એરક્રાફ્ટ અને બોમ્બ નિષ્ક્રિય કરતી નિષ્ણાત ટીમ તૈનાત કરશે. આ ખાસ મિશનનો મુખ્ય હેતુ આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગને સુરક્ષિત અને ખુલ્લો રાખવામાં મદદ કરવાનો છે. હોર્મુઝ સ્ટ્રેટના આસપાસના વિસ્તારમાં મોકલવામાં આવનાર દરિયાઈ પેટ્રોલિંગ એરક્રાફ્ટ સતત નજર રાખશે અને સંભવિત જોખમો અંગે આગોતરી ચેતવણી આપશે. આ ઉપરાંત, એક્સપ્લોસિવ ઓર્ડનન્સ ડિસ્પોઝલ ટીમ દરિયામાં રહેલા કોઈ પણ પ્રકારના વિસ્ફોટક જોખમો અને બોમ્બને નિષ્ક્રિય કરવાની મહત્વપૂર્ણ કામગીરી સંભાળશે.

ટ્રમ્પને પછડાટ (પેજ નંબર 4નુ ચાલુ)

કૂઝના જણાવ્યા અનુસાર મોંઘવારી, ભ્રષ્ટાચાર, ઈરાન સાથેનું યુદ્ધ અને કડક ટેરિફ નીતિઓ મતદારોની નારાજગીના મુખ્ય કારણો રહ્યા છે. કેન્સાસના એક્ઝિટ પોલનો હવાલો આપીને તેમણે ઉમેર્યું કે લોકો માટે રોજીંદો ખર્ચ અને જીવનનિર્વાહ સૌથી મોટી ચિંતા હતી. તેમણે સ્વીકાર્યું કે પાર્ટીએ કામદારો, યુવાનો, ખેડૂતો, ગ્રામીણ સમુદાયો અને હિસ્પેનિક જૂથો જેવા પોતાના પારંપરિક સમર્થકોનો વિશ્વાસ ગુમાવ્યો છે. તેમણે ચેતવણી પણ આપી કે ડેમોક્રેટ્સ તેમની બહુમતીનો ઉપયોગ ટ્રમ્પ સામે તપાસ, સમન્સ અને મહાભિયોગ લાવવા માટે કરશે, જેનો તેઓ સખત વિરોધ કરશે. પાર્ટીના કેટલાક વ્યૂહરચનાકારો હવે ટ્રમ્પની વિવાદિત કાર્યશૈલીથી અંતર જાળવીને પરંપરાગત આર્થિક રૂઢિચુસ્તતા તરફ પાછા ફરવાની તરફેણ કરી રહ્યા છે. નોંધનીય છે કે, સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં ચૂંટણીઓમાં આ સૌથી મોંઘો ચૂંટણી સમયગાળો બની રહ્યો હતો. એડ-ટ્રેકિંગ ફર્મ એડઈમ્પેક્ટના અંદાજ અનુસાર, ૩૧ ઓક્ટોબર સુધીમાં રાજકીય જાહેરાતો પર ૧૧.૨ અબજ ડોલર ખર્ચવામાં આવ્યા છે અથવા અનામત (રિઝર્વ) રાખવામાં આવ્યા છે, અને તેનું અનુમાન છે કે આ અંતિમ આંકડો લગભગ ૧૧.૬ અબજ ડોલર સુધીનો હશે. આ આંકડો ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચૂંટણી ચક્રમાં ખર્ચાયેલા લગભગ ૧૧.૨ અબજ ડોલરને પણ વટાવી જશે અને ૨૦૨૨ની મધ્યસત્ર ચૂંટણીમાં ખર્ચાયેલા ૮.૯ અબજ ડોલર કરતાં ઘણો વધારે છે.

અમદાવાદ કૃષ્ણનગર વિસ્તારમાં ત્રણ મિત્રોના હાઈબ્રિડ ગાંજાના કાળા કારોબારનો પર્દાફાશ

રાજસ્થાનથી ગાંજો લાવી કૃષ્ણનગર સહિત આસપાસના વિસ્તારોમાં કરતા હતા છૂટક વેચાણ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં હાઈબ્રિડ ગાંજાના ગેરકાયદે કારોબારનો કૃષ્ણનગર પોલીસે પર્દાફાશ કર્યો છે. નશાની લતના રવાડે ચઢેલા ત્રણ મિત્રોએ પોતાનો નશો પૂરો કરવા સાથે ગાંજાના વેચાણનો ધંધો શરૂ કર્યો હોવાનો ખુલાસો થયો છે. પોલીસની કાર્યવાહી દરમિયાન ત્રણેય આરોપીઓ ઝડપાયા છે અને તેમની પાસેથી રૂ. ૧.૯૦ લાખની કિંમતનો ૫૪.૧૮૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજા જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં છેલ્લા સાત મહિનાથી આ ગેરકાયદે કારોબાર ચાલતો હોવાની વિગતો સામે આવી છે.

કૃષ્ણનગર પોલીસને બાતમી મળી હતી કે સંદીપકુમાર વર્મા નામનો શખ્સ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો રાખીને તેનું વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને સંદીપ વર્માને ઝડપી લીધો હતો. તેની પૂછપરછ અને તપાસ દરમિયાન પ્રદીપ રાજપૂત તથા બંટી મીરચંદાનીનાં નામ સામે આવ્યાં હતાં. પોલીસે બંનેની તપાસ કરતાં બંટીના ઘરેથી પણ હાઈબ્રિડ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બંટી મીરચંદાની આશરે દસ દિવસ પહેલાં રાજસ્થાનથી હાઈબ્રિડ ગાંજાનો જથ્થો અમદાવાદ લાવ્યો હતો. ત્યારબાદ કૃષ્ણનગર અને આસપાસના વિસ્તારોમાં તેનું છૂટક વેચાણ કરવામાં આવતું હતું. ત્રણેય આરોપીઓ એકબીજાના મિત્રો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે. આ કેસમાં ચોંકાવનારી બાબત એ છે કે ત્રણેય આરોપીઓ પોતે પણ હાઈબ્રિડ ગાંજાનું સેવન કરતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. નશાની લતને કારણે તેઓ ગાંજાનો જથ્થો પોતાના ઉપયોગ માટે રાખવાની સાથે અન્ય લોકોને પણ વેચતા હતા.

મણિપુરના નોનાયમાં બે નાગા ઉગ્રવાદી જૂથો વચ્ચે ભીષણ ગોળીબાર, 4 નાગરિકોનાં મોત

ગામલોકો જીવ બચાવવા હિજરત કરવા મજબૂર, શાંતિ માટે સંગઠનોની અપીલ

ઈમ્ફાલ

મણિપુરમાં ફરી હિંસા ફાટી નીકળતાં નોનાય જિલ્લાના તાઓડાઈસિંગ ગામમાં બે નાગા ઉગ્રવાદી જૂથો વચ્ચે ભીષણ ગોળીબાર થયો હતો, જેમાં ચાર ઉગ્રવાદીઓ માર્યા ગયા હતા. આ સામસામી અથડામણથી સમગ્ર વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે ગામલોકો ઘર છોડીને સલામત સ્થળે ભાગવા મજબૂર થયા હતા. વર્ચસ્વ અને પ્રાદેશિક પ્રભાવ જમાવવા માટે આ હિંસક અથડામણ થઈ હોવાનું સામે આવ્યું છે. માર્યા ગયેલા ચાર ઉગ્રવાદીઓમાંથી ત્રણ ઝેલિયાંગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટ-એક રાષ્ટ્રીય સમાજવાદી પરિષદ નાગાલિમના કાર્યકર હતા.

ગામમાં કલાકો સુધી ભારે ગોળીબારનો અવાજ સંભળાયો હતો અને ત્યારબાદ વચ્ચે-વચ્ચે પણ ગોળીબાર ચાલુ રહ્યો હતો. આ તણાવપૂર્ણ સ્થિતિની વચ્ચે સ્થાનિકોએ લાઉડસ્પીકરનો ઉપયોગ કરીને અન્ય લોકોને ચેતવણી આપી હતી અને સલામત સ્થળે ખસી જવા વિનંતી કરી હતી. બંને હરીફ જૂથો વચ્ચેના ક્રોસફાયરમાં ફસાઈ જવાના ડરથી અનેક પરિવારોએ રાતોરાત પોતાના ઘર છોડી દીધા હતા. નોંધનીય છે કે, તાઓડાઈજિંગ ગામ નુંગબા સબડિવિઝનમાં ખોપુમ તરફ જતા ઓલ્ડ કચર રોડ પર રેંગપાંગ પોલીસ મથકની હદમાં આવેલું છે. આ ઘટના બાદ નુંગબા વિસ્તારના રોંગમેઈ નાગા લુકુઆમે તમામ સશસ્ત્ર જૂથોને દુશ્મનાવટ તાત્કાલિક બંધ કરીને શાંતિ જાળવવા અપીલ કરી છે.

ઉત્તર પ્રદેશ મથુરા, અયોધ્યા, કાશીના મંદિરોને બોમ્બથી ઉડાવવાની ધમકી

પંજાબી સિંગર દિલજીતનો લાઈવો કોન્સર્ટ પણ નિશાના પર

લખનઉ

ઉત્તર પ્રદેશ પવિત્ર ધાર્મિક શહેરો મથુરા, અયોધ્યા અને કાશીમાં આવેલા ઐતિહાસિક મંદિરોને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળ્યા બાદ સમગ્ર રાજ્યની સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર મુકાઈ ગઈ છે. દિવાળીના તહેવારના માહોલ વચ્ચે ધમકીભર્યા ઈમેઈલ મળતાં જ સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે. પંજાબી ગાયક દિલજીત દોસાંઝના આયોજિત સંગીત સમારોહને પણ આઈઈડી અને બોમ્બ હુમલાથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ ધમકીભર્યો ઈમેઈલ 'ખાલિસ્તાન નેશનલ આર્મી' નામના આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલા એન્જિનિયર ગુરનખ સિંહ, રૌનક શાહવાલા અને ડૉ. ગુરનિરવર સિંહ ખાનરાઝાદા નામના વ્યક્તિઓ દ્વારા મોકલવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ધમકીને પગલે દરેક જગ્યાએ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા વ્યાપક તપાસ કામગીરી શરૂ કરવામાં આવી છે. તમામ સંવેદનશીલ સ્થળોએ વધારાનો પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.

દિલ્હીની સ્કૂલમાં 9 વર્ષની બાળકીનું રમતા-રમતા હાર્ટ એટેક આવતાં મોત

ઘટના સીસીટીવીમાં કેદ, હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ

નવી દિલ્હી

પૂર્વ દિલ્હીના મયૂર વિહાર ફેઝ-૨માં આવેલી લવલી હેરિટેજ સ્કૂલમાં ત્રીજા ધોરણમાં ભણતી ૯ વર્ષીય વિદ્યાર્થિનીનું અચાનક મોત નીપજતાં અરેરાટી ફેલાઈ ગઈ છે. પાંડવ નગર પોલીસ મથકની હદમાં ક્લાસરૂમમાં રમતી બાળકીની તબિયત અચાનક બગડી હતી. જેથી શિક્ષકો તેને હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. બાળકીનું મોત હાર્ટ એટેકથી થયું હોવાની આશંકા છે.

માસૂમ બાળકીના મોતના પગલે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. બનાવની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ ગતિવિધિ કે ગેરરીતિ સામે આવી નથી. જોકે, પોલીસ દ્વારા તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

તેલંગાણાના ખમ્મમ ખાતે પૂરમાં માછીમારોને બચાવવા ગયેલી હોડી પલટી, 11 જવાન ગુમ

SDRF-ફાયરના જવાનોની શોધ માટે NDRF બોલાવાઈ, ડ્રોનથી લાઈફ જેકેટ પહોંચાડાયા

હૈદરાબાદ

તેલંગાણાના ખમ્મમ જિલ્લામાં પૂરના પાણીમાં ફસાયેલા માછીમારોને બચાવવાની કામગીરી દરમિયાન મોટી દુર્ઘટના સર્જાઈ હતી.

બુધવારે બેથુપલ્લી તળાવ ખાતે પાણીના તેજ પ્રવાહને કારણે બે હોડી પલટી ગઈ હતી. માછીમારોને બચાવવા ગયેલા SDRF અને ફાયર સર્વિસ વિભાગના 11 જવાન ગુમ થઈ ગયા હતા, જેમની શોધખોળ હાથ ધરાઈ હતી. દુર્ઘટના સમયે ટીમ




પાંચ માછીમારોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી હતી. આ દરમિયાન ફાયર વિભાગના ત્રણ કર્મચારીને સુરક્ષિત બહાર કઢાયા હતા, પરંતુ તેઓ માછીમારો તરફ આગળ વધ્યા ત્યારે પ્રબળ પ્રવાહને કારણે બંને હોડી પલટી ગઈ હતી. ભદ્રાચલમથી NDRFની ટીમ બોલાવાઈ હતી. અન્ય બોટની મદદથી સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું. જ્યારે પાણીમાં ફસાયેલા લોકો સુધી ડ્રોન દ્વારા લાઈફ જેકેટ પહોંચાડાઈ રહ્યા હતા. મહેસૂલ મંત્રી પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડીએ એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે બચાવ ટીમોએ ગુમ થયેલા SDRF જવાનોના સંભવિત સ્થાનની ઓળખ કરી લીધી હતી.

જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિજિલન્સ તપાસને મંજૂરી PWD કાળમાં ૩.2 કરોડની લાંચનો આરોપ

કેસમાં મલેશિયાઈ કંપનીના પ્રોજેક્ટ ઓફિસર લી સી બીનની આત્મહત્યાનો પણ ઉલ્લેખ

તિવેન્દ્રમ

તિરુવનંતપુરમમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપોની તપાસનો રસ્તો કેરળ સરકારે સ્પષ્ટ કરી દીધો છે. આ મામલો તેમના જૂના કાર્યકાળ સાથે જોડાયેલો છે, જ્યારે તેઓ કેરળમાં લોક નિર્માણ વિભાગ એટલે કે પીડબ્લ્યુડીના સચિવ હતા. કેરળના મંત્રી રમેશ ચેન્નિતલાએ જણાવ્યું કે તેમણે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ રાજ્યના વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શન બ્યુરો એટલે કે



VACB દ્વારા તપાસ કરવાની સરકારી મંજૂરી આપી દીધી છે.

શું છે 2 કરોડની લાંચનો આરોપ તે અંગે મંત્રીએ વિગત આપી હતી. સજ્જન કુમાર નામના વ્યક્તિએ આરોપ લગાવ્યો છે કે પીડબ્લ્યુડી સચિવ તરીકેના કાર્યકાળ દરમિયાન જ્ઞાનેશ કુમારે રોડ પ્રોજેક્ટના બિલ પાસ કરવા માટે રૂપિયા 2 કરોડની લાંચ માંગી હતી. આ મામલો PATI-BEL નામના કન્સોર્ટિયમ સાથે જોડાયેલો છે, જે તિરુવનંતપુરમથી અંગમાલી સુધીના મેન સેન્ટ્રલ રોડ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું હતું. આ કેસમાં મલેશિયાઈ કંપનીના પ્રોજેક્ટ ઓફિસર લી સી બીનની આત્મહત્યાનો પણ ઉલ્લેખ છે. આરોપ છે કે પીડબ્લ્યુડી દ્વારા બિલોનું ચુકવણું ન થવાને કારણે કંપની પર આર્થિક દબાણ વધ્યું હતું, જેના લીધે તેમણે આત્મહત્યા કરી હતી.

અયોધ્યામાં પાંચ દિવસ દિપોત્સવ 56 ઘાટ પર 30 લાખ દીવા પ્રગટશે

5 દેશોની રામલીલા મંડળીઓ, લેસર શો આકર્ષણ બનશે

લખનઉ

અયોધ્યા ભવ્ય દીપોત્સવ માટે સજીધજીને તૈયાર થઈ ગઈ છે. આજથી શરૂ થઈ રહેલા પાંચ દિવસીય દીપોત્સવમાં 30 લાખ દીવાના અજવાળા સાથે દેશ-વિદેશની સંસ્કૃતિનો સંગમ જોવા મળશે. શહેરનાં મંદિરો, રસ્તાઓ અને મુખ્ય સ્થળોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યાં છે અને સર્વત્ર ભક્તિનો માહોલ છવાયો છે. રામ કી પૈડીના 56 ઘાટ પર અંદાજે 30 લાખ દીવા ગોઠવવામાં આવી રહ્યા છે. 7 નવેમ્બરે મુખ્ય દીપોત્સવ યોજાશે. જ્યારે લાખો દીવાના પ્રકાશથી સરયુ નદીના ઘાટ ઝળહળી ઊઠશે. આ વર્ષનું ખાસ આકર્ષણ પાંચ દેશોની રામલીલા મંડળીઓ રહેશે, જે ભગવાન શ્રીરામના જીવન સાથે જોડાયેલા પ્રસંગોનું મંચન કરશે. વધુમાં, દેશનાં વિવિધ રાજ્યોના કલાકારો લોકસંસ્કૃતિ, પરંપરાગત વેશભૂષા, નૃત્ય અને સંગીત દ્વારા ભારતની સાંસ્કૃતિક વિવિધતા રજૂ કરશે. કાર્યક્રમોની સાથે લેસર શો, પ્રોજેક્શન મેપિંગ અને સંગીતના કાર્યક્રમો દ્વારા અયોધ્યાનો ઈતિહાસ અને શ્રીરામની ગાથા રજૂ કરાશે.

સાયબર ખતરો એઆઈની મદદથી હેકર્સ બેંકોમાંથી કરોડો રૂપિયાની ઉચાપત કરી શકે છે

દિવાળીના તહેવારોમાં નાણાની લેવડદેવડ વચ્ચે બેંકો, ફિનટેક કંપનીઓ પર હાઈટેક સાયબર એટેકનું એલર્ટ

નવી દિલ્હી

દિવાળીના તહેવારોમાં નાણાકીય લેવડદેવડ વધતી હોવાથી સાયબર ભેજાબાજો વધુ સક્રિય થયા છે. ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર અને ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે (CERT-In) તમામ બેંકો અને ફિનટેક કંપનીઓને એલર્ટ જાહેર કર્યું છે. એજન્સીઓએ ચેતવણી આપી છે કે હેકર્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરીને મશીનની સ્પીડથી હાઈટેક સાયબર હુમલા કરી રહ્યા છે. આ ખતરાને જોતાં તમામ નાણાકીય સંસ્થાઓને તેમની સાયબર સિક્યુરિટી સિસ્ટમ તાત્કાલિક ધોરણે વધુ મજબૂત કરવા અપીલ કરવામાં આવી છે.

સરકારી એજન્સીઓના રિપોર્ટ મુજબ, સાયબર ગુનેગારો જૂના કે આઉટડેટેડ સોફ્ટવેર અને ઈન્ટરનેટ સાથે જોડાયેલા આઈટી સર્વર્સને નિશાન બનાવી રહ્યા છે. ઓનલાઈન ઈન્ટરફેસમાં ઘૂસણખોરી કર્યા બાદ હેકર્સ ઓટોમેટેડ ફંડ ડિસ્બર્સમેન્ટ સિસ્ટમ્સ અને પેમેન્ટ ટ્રાન્સફર એપીઆઈ (API) ને લક્ષ્ય બનાવે છે. એજન્ટિક એઆઈ ફ્રેમવર્કની મદદથી એટલી ઝડપથી એટેક થાય છે કે આંખના પલકારામાં કરોડો રૂપિયાનો અનધિકૃત ઉપાડ થઈ જાય છે. ત્યારબાદ આ રકમ વિવિધ બેંકોના મ્યુલ એકાઉન્ટમાં અને ત્યાંથી આઈએમપીએસ કે એનઈએફટી દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરીને રકમ સગેવગે કરી દેવાય છે.

લેહમાં HIALને નોટિસ, હાઈકોર્ટના ચુકાદા સુધી ડેઝર્ટ ફ્લાવર સ્કૂલ બંધ રાખવા આદેશ

લેહ

લદ્દાખ વહીવટીતંત્રે સોનમ વાંગચુકની હિમાલયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ અલ્ટરનેટિવ્સને નોટિસ પાઠવીને હાઈકોર્ટના અંતિમ ચુકાદા સુધી ફ્યાંગની ડેઝર્ટ ફ્લાવર સ્કૂલની તમામ પ્રવૃત્તિઓ અટકાવવા જણાવ્યું છે. સૂત્રો મુજબ વાંગચુક અને પત્ની ગીતાંજલિએ જવાબ આપ્યો છે. લેહ તહેસીલદાર કચેરીએ 1 નવેમ્બરે સહ-સ્થાપક અને CEO ગીતાંજલિ જે. અંગમોને આ નોટિસ આપી હતી. તંત્રનું કહેવું છે કે સક્ષમ અધિકારીની મંજૂરી વિના શાળામાં વર્ગો શરૂ થયા હતા. HIALનો મામલો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટમાં વિચારાધીન હોવાથી ચુકાદા સુધી કોઈ પગલું ન લેવા સલાહ અપાઈ છે. જેને લીધે સોનમ વાંગચુકની મુશ્કેલી વધી છે.

ચીન સામે ફિલિપિન્સની તૈયારી : ભારત પાસેથી 7100 કરોડમાં મિસાઈલ અને સિસ્ટમ ખરીદશે

દક્ષિણ ચીન સાગરમાં તણાવ વચ્ચે ફિલિપિન્સે દરિયાઈ તાકાત વધારવા નિર્ણય લીધો

નવી દિલ્હી

દક્ષિણ ચીન સાગરમાં ચીન સાથેના વધતા તણાવ વચ્ચે ફિલિપિન્સે પોતાની દરિયાઈ તાકાત વધારવા તૈયારીઓ તેજ કરી છે. દેશની દરિયાકાંઠાની સુરક્ષા મજબૂત કરવાના હેતુથી ફિલિપિન્સ ભારત પાસેથી 60 બ્રહ્મોસ મિસાઈલો અને 5 બ્રહ્મોસ સિસ્ટમ ખરીદશે. બંને દેશો વચ્ચે સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોની ખરીદી અંગેની આશરે 7100 કરોડ રૂપિયાની ડીલની વાટાઘાટો અંતિમ અને નિર્ણાયક તબક્કામાં છે. ફિલિપિન્સ 700 થી 800 મિલિયન ડૉલરની સંભવિત ડીલ હેઠળ આ નવી બ્રહ્મોસ સિસ્ટમ ખરીદશે. આ પ્રસ્તાવિત કરાર વર્ષ 2022 માં નૌકાદળ માટે થયેલા 375 મિલિયન ડૉલરના પ્રથમ બ્રહ્મોસ સોદા કરતાં ઘણો મોટો છે. નવી ખરીદી દ્વારા મનિલા તેની દરિયાકાંઠાની દેખરેખને વધુ સઘન કરવા ઇચ્છે છે, જેથી ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શક્તિ સંતુલન બદલાશે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા આર્સેનિયો એન્ડૉલોંગે કહ્યું કે રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે અગાઉ જ વધારાની મિસાઈલો ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ફિલિપિન્સના સંરક્ષણ સચિવ ગિલ્બર્ટો ટીઓડોરોએ દિલ્હી ડિફેન્સ ડાયલોગ દરમિયાન આ શસ્ત્ર સિસ્ટમની વધારાની ખરીદી અંગે ખાસ રજૂઆત કરી હતી. આધુનિક સિસ્ટમને ફિલિપિન્સની ઓપરેશનલ જરૂરિયાતો અનુસાર તૈયાર કરી શકાય તે માટે ભારત સાથે લશ્કરી જરૂરિયાતોની યાદી પણ શેર કરવામાં આવી છે.

દિલ્હીના ચાવડી બજારમાં ત્રણ માળની નિર્માણધીન ઈમારત પડતાં 2ના મોત

સવારે 9.50 વાગ્યે દુર્ઘટના, 5 ફાયરની ગાડીઓ તહેનાત

નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હીના ચાવડી બજારમાં ત્રણ માળની નિર્માણાધીન ઈમારત ધરાશાયી થતા 2 લોકોના મોત થયા છે. સવારે 9 કલાકે 50 મિનિટે ચાવડી બજાર મેટ્રો સ્ટેશન સામે દુર્ઘટના સર્જાઈ હતી. ઈમારત અચાનક તાશના પત્તાની જેમ ધરાશાયી થઈ હતી અને અનેક લોકો દટાયા હોવાની આશંકા છે. ફાયર વિભાગની 5 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી બચાવ કાર્યમાં જોડાઈ છે અને દટાયેલાઓને બચાવવા કામગીરી ચાલી રહી છે. સાંકડા રસ્તાઓને કારણે રાહત કાર્યમાં મુશ્કેલી પડી રહી છે, છતાં પ્રયાસો પૂરજોશમાં ચાલુ છે. ઘટનાસ્થળે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દિલ્હીમાં છેલ્લા કેટલાક સમયમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનાઓ વધી રહી છે. એમ્બ્યુલન્સ મારફતે એક ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો છે. દિવાળીની ભીડના કારણે વિસ્તારમાં અવરજવરમાં મુશ્કેલી છે, પરંતુ બચાવ ટીમ હાલ દટાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવાનો પ્રયાસ કરી રહી છે.

નાગૌરના ફટાકડા ગોડાઉનમાં ભયાનક બ્લાસ્ટ થતાં 2ના મોત

પોટેશિયમ નાઈટ્રેટથી દારૂગોળો બનાવતા વિસ્ફોટ થયો

જયપુર

રાજસ્થાનના નાગૌરમાં ફટાકડાના ગોડાઉનમાં ભયાનક વિસ્ફોટ થયો છે. બદલી વિસ્તારમાં સવારે 9.40 વાગ્યે બનેલી દુર્ઘટનામાં બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા અને આસપાસના વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો.

માહિતી મળતાં જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમો સ્થળ પર પહોંચી હતી. મૃતકો 28 વર્ષીય મોહમ્મદ આમિર સોર્ગર અને 32 વર્ષીય પિતરાઈ ભાઈ મુજિદ સોર્ગર છે, બંને નાગૌરના બાનબજારવાડા વિસ્તારના રહેવાસી હતા. મૃતદેહો એમ્બ્યુલન્સ મારફતે JLN હોસ્પિટલના શબઘરમાં ખસેડાયા છે. ગોડાઉનમાં પોટેશિયમ નાઈટ્રેટ ભેળવીને દારૂગોળો બનાવવામાં આવી રહ્યો હતો, જોકે વિસ્ફોટ કેવી રીતે થયો તે સ્પષ્ટ નથી. પ્રાથમિક માહિતી મુજબ ગોડાઉનના માલિકનું નામ અમીન છે. ઘટના બાદ નાગૌર સર્કલ ઓફિસર જતિન જૈન, તહેસીલદાર નરસિંહ ટાક અને કોતવાલી પોલીસ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. વિસ્ફોટના ચોક્કસ કારણની વિગતો હજુ ઉપલબ્ધ નથી અને પોલીસ તપાસ કરી રહી છે.

CJPના દીપકેને USથી, રાંકાને પાક.થી જ ફંડ મળ્યું : કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહનો દાવો

SIR વિરોધી અભિયાન પાછળ ડીપ-સ્ટેટ, વિદેશી ભંડોળની પણ તપાસ આવશ્યક

નવી દિલ્હી

મોદી સરકારના મંત્રી જિતેન્દ્ર સિંહે કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજિત દીપકે અને સહ-સંસ્થાપક આશુતોષ રાંકા પર આરોપ લગાવ્યો કે દીપકેને અમેરિકાથી અને રાંકાને પાકિસ્તાનથી ફંડ મળ્યું છે. પાકિસ્તાની નેતાઓ, ભારત-વિરોધી સંગઠનો અને વિદેશી ભંડોળ મેળવતા જૂથો મતદાર યાદીની વિશેષ સઘન સમીક્ષા વિરુદ્ધના અભિયાનને ફંડ આપી ખોટો માહોલ ઊભો કરી રહ્યા છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રભારી સિંહે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે વિદેશી ફંડિંગ મેળવતા એનજીઓ, ભારત-વિરોધી તાકાતો અને ડીપ-સ્ટેટના એજન્ટો આ અભિયાન પાછળ સક્રિય છે. ગેરકાયદે પ્રવાહ રોકવા તેમણે વિદેશી અંશદાન નિયમન અધિનિયમનો ઉલ્લેખ કર્યો. ડીપ-સ્ટેટ એવું નેટવર્ક છે જે સત્તા અને નીતિ-નિર્માણને નિયંત્રિત કરી હિતોને નુકસાન પહોંચાડે છે.

મંત્રીએ કહ્યું કે પુરાવા છે કે તેમને અનધિકૃત સ્ત્રોતોમાંથી નાણાં મળી રહ્યા છે, જેમાં ભારત-વિરોધી એનજીઓ સામેલ છે. દીપકેને અમેરિકા સ્થિત દાતાઓ પાસેથી, રાંકાને પાકિસ્તાની રાજનેતાઓ પાસેથી અને હેન્ડલર મારફતે રકમ મળી છે. SIR આંદોલનની એક મહિલાને ઓપરેશન સિંદૂર દરમિયાન પણ નાણાં મળ્યા હતા. સિંહે કહ્યું કે ત્રણ બાબતો સ્પષ્ટ છે. SIR વિરુદ્ધના આરોપોમાં તથ્ય નથી, આરોપીઓની વિશ્વસનીયતા નથી અને તેમની આવકની તપાસ થવી જોઈએ, તેઓ પકડ ગુમાવી રહ્યા હોવાથી ખોટો વિમર્શ ઊભો કરી રહ્યા છે. વિપક્ષ શિક્ષણ અને પરીક્ષાની ગેરરીતિ જેવા મુદ્દા સુવિધા મુજબ ઉઠાવે છે.

હોર્મુઝમાંથી ભારત સહિત 4 દેશના જહાજોને રોકટોક વિના પસાર થવા ઈરાને છૂટ આપી

ભારત-ચીનના જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ચાર્જ લેવાય છે, કતારને ચાર્જમાંથી મુક્તિ

તહેરાન

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે મિડલ ઈસ્ટથી રાહતના સમાચાર સામે આવ્યા છે. ઈરાને ભારત, ચીન, ઈરાક અને કતાર એમ ચાર દેશોના જહાજોને હોર્મુઝના દરિયાઈ માર્ગેથી અવર-જવર કરવાની છૂટ આપી દીધી છે. આ જહાજોને કોઈ રોકટોક કરવામાં આવશે નહીં.

ઈરાનની સંસદની સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના ઉપાધ્યક્ષ અમીર હયાત મોકાદ્દમે ઈરાની



મીડિયાને જણાવ્યું હતું કે હાલમાં ચારેય દેશોને આ છૂટનો લાભ મળશે. તેમણે ઉમેર્યું કે અમેરિકા પણ આ દેશોના જહાજોને રોકતું નથી. તેમના કહેવા મુજબ, આ છૂટ ઈરાન અને ચારેય દેશો વચ્ચેનું પરસ્પર હિત દર્શાવે છે.

વધુમાં, ભારતીય જહાજોને અવર-જવરમાં મદદ કરવામાં આવી રહી છે, જેથી ઈરાન ભારતથી દવાઓની આયાત વધારી શકે. જ્યારે ચીનના જહાજોને છૂટ બેઈજિંગનું રાજકીય સમર્થન મેળવવાના હેતુથી અપાઈ છે. ઈરાન ભારત અને ચીનના જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ચાર્જ વસૂલે છે, પરંતુ કતારના જહાજોને કોઈ ચાર્જ વિના જવા દે છે. ઈરાકના જહાજોએ ચાર્જ ચૂકવવો પડે છે કે નહીં, તેની મોકાદ્દમે સ્પષ્ટતા કરી નથી.

શ્રીગંગાનગરમાં રેલવે ટ્રેક પર ધડાકો પેસેન્જર ટ્રેન ઉડાવવાનું ષડયંત્ર રચાયું

ટ્રેન ગયાની મિનિટો બાદ બ્લાસ્ટ, ATS-FSL દ્વારા તપાસ

જયપુર

રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં અનૂપગઢ-સૂરતગઢ રેલવે લાઈન પર મંગળવારે મોટો ધડાકો થતાં અફરાતફરી મચી હતી. અનૂપગઢથી બઠિંડા જતી પેસેન્જર ટ્રેનને ઉડાવી દેવાનું ષડયંત્ર ઘડાયું હોવાની પ્રાથમિક માહિતી છે. ગામ 50 જીબી નજીક ટ્રેન પસાર થયાની થોડી મિનિટો બાદ બ્લાસ્ટ થતાં મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ધડાકાથી ટ્રેક નીચેના 2થી 3 સિમેન્ટના સ્લીપર પિલર ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા, સળિયા પણ બહાર ફેંકાયા હતા અને ક્લિપ ટ્રેકથી અલગ થઈ ગઈ હતી.

ઘટના બન્યાની જાણ થતાં શ્રીગંગાનગરના એસપી હરિ શંકર પોલીસ કાફલા સાથે સ્થળે પહોંચ્યા હતા. ATS અને FSLની ટીમોએ વિસ્તારની ઘેરાબંધી કરી નમૂના અને પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી હતી. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને પણ બોલાવાઈ હતી. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓ આતંકી ષડયંત્ર કે તોડફોડનો પ્રયાસ છે કે કેમ, તે દિશામાં ઊંડી તપાસ કરી રહી છે.

યુજીસી નિયમો અંગે સરકારનો સુપ્રીમમાં યુ-ટર્ન, સમિતિ રચાશે

નવી દિલ્હી

નવી દિલ્હી : ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિગત ભેદભાવ રોકવા UGC દ્વારા તૈયાર કરાયેલા ૨૦૨૬ ના નવા નિયમો મુદ્દે સરકારે સુપ્રીમ કોર્ટમાં યુ-ટર્ન લીધો છે. ગુરુવારે ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચ સમક્ષ સુનાવણી યોજાઈ હતી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્પષ્ટતા કરી હતી કે, વિદ્યાર્થીઓની ચિંતાઓ દૂર કરવા અને અન્યાય ન થાય તે માટે નિયમોની સમીક્ષા કરવા હવે વિશેષ સમિતિ રચાશે. આ તકે ચીફ જસ્ટિસે અવલોકન કર્યું હતું કે નીતિ ઘડતી વખતે યુવા પેઢીના કલ્યાણને સર્વોપરી ગણવું અનિવાર્ય છે. નોંધનીય છે કે, ગત જાન્યુઆરીમાં જ સુપ્રીમ કોર્ટે અસ્પષ્ટ જોગવાઈઓના દુરુપયોગની શક્યતાને પગલે આ વિવાદાસ્પદ નિયમોના અમલ પર સ્ટે મૂક્યો હતો.

બેંક લોન કૌભાંડમાં અનિલ અંબાણી જૂથની બે વિમાન બે વિન્ડમિલ સહિત 510 કરોડની સંપત્તિ ઈડી દ્વારા જપ્ત

આર કોમ અને રિલાયન્સ ફાઈનાન્સના કેસમાં કાર્યવાહી કરાઈ, કુલ 23,100 કરોડની સંપત્તિ જપ્ત

મુંબઈ

ઈડીએ અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રુપ સામે વધુ એક મોટી કાર્યવાહી કરી હતી. રિલાયન્સ કોમ્યુનિકેશન અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ સાથે સંકળાયેલા બેંક લોન કૌભાંડ તથા નાણાકીય ગેરરીતિના કેસમાં બે વિમાન, બે વિન્ડમિલ અને અન્ય મિલકત મળી આશરે 510 કરોડની સંપત્તિ જપ્ત કરાઈ હતી. આ કાર્યવાહી સાથે ગ્રુપ સામેના વિવિધ કેસોમાં ફ્રીઝ કે જપ્ત કરાયેલી સંપત્તિનું કુલ મૂલ્ય આશરે 23,100 કરોડ થયું છે. રિલાયન્સ કોમ્યુનિકેશનના 263.05 કરોડના બેંક ફ્રોડ કેસમાં બે ચાર્ટર્ડ વિમાન, મહારાષ્ટ્રમાં જમીનના છ પ્લોટ અને એક ઓફિસ પરિસર જપ્ત કરાયાં હતાં. જ્યારે રિલાયન્સ કેપિટલ ફાઈનાન્સ અને રિલાયન્સ હોમ ફાઈનાન્સ સાથે જોડાયેલા 247.12 કરોડના બેંક ફ્રોડ કેસમાં તમિલનાડુની બે વિન્ડમિલ, બેંક બેલેન્સ, ફિક્સ્ડ ડિપોઝિટ, રોકાણ અને અન્ય લેણાં જપ્ત કરાયાં હતાં.

ઈડી મની લોન્ડરિંગ નિવારણ ધારા અને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ તપાસ કરી રહી છે. આ તપાસ સીબીઆઈ દિલ્હી, આર્થિક ગુના શાખા (ઈઓડબલ્યુ) દિલ્હી અને ઈઓડબલ્યુ મુંબઈમાં નોંધાયેલી ફરિયાદોના આધારે શરૂ થઈ હતી. ઈડીના દાવા મુજબ, બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવેલું જાહેર ભંડોળ અન્યત્ર ડાયવર્ટ કરાયું હતું. વ્યક્તિગત ઉપયોગ માટે કંપનીઓની સંપત્તિ સુરક્ષિત રાખવા આઈબીસી કાયદાનો દુરુપયોગ થયો હતો અને નાણાં ટેક્સ હેવન દેશોમાં મોકલાયાં હતાં. એજન્સીનો આરોપ છે કે જાહેર નાણાંનો મોટો હિસ્સો પ્રમોટરો અને પરિવારના વ્યક્તિગત લાભ માટે વપરાયો હતો.


માથાનો અસહ્ય દુખાવો `માઇગ્રેન-આધાશીશી'

માથાના અડધા ભાગમાં જમણા અથવા ડાબા ભાગમાં અસહ્ય દુખાવો થવો અને ન કહેવાય કે ન સહેવાય એવા માથાભારે માથાના દુખાવાને `આધાશીશી-માઇગ્રેન' કહેવાય છે.

આયુર્વેદમાં કહ્યા પ્રમાણે કોપાયમાન બળવાન વાયુ કફની મદદ લઈને માથાના અડધા ભાગને પકડીને ડોક-ભ્રમર-કાન-આંખ અને કપાળમાં ઝાટકા જેવી ભયંકર વેદના કરે છે, જેને અર્ધવિભેદક-આધાશીશી કહે છે.

ઘણા દર્દીઓને દિવસ ઊગે ત્યારથી જ આંખોમાં તથા ભ્રમરોમાં થોડી થોડી પીડા થવા લાગે છે. જેમ જેમ સૂર્ય ઊંચે ચઢતો જાય તેમ તેમ પીડા વિશેષ વધતી જાય છે અને જેમ જેમ સૂર્ય ઢળતો જાય તેમ તેમ પીડા ઓછી થતી જતી હોય છે.

આધાશીશી-માઇગ્રેનનો દુખાવો એટલો ભયંકર હોય છે કે દર્દીને ક્યાંય ચેન પડતું નથી. પ્રકાશ ગમતો નથી. વાતચીત કરવાનું ટાળે છે. માથામાં સોયા ભોંકાયા જેવી વેદના થાય છે. આંખોમાં ભાર ભાર લાગે છે. કોઈ માથામાં હથોડા મારતું હોય એવો ભયંકર દુખાવો માઇગ્રેનમાં થાય છે.



કારણો : આયુર્વેદની દૃષ્ટિએ આ વાતજન્ય રોગ હોવાથી વાત પ્રકોપક કારણોને માઇગ્રેનનું કારણ માનેલ છે.

રૂક્ષ-લૂખું ભોજન કરનારને, વધ પડતું ભોજન કરનારને, વધારે તાપ-તડકામાં ફરવાથી, લાંબી મુસાફરી કરનારને, વધુ પડતો પરિશ્રમ, વધુ પડતો વ્યાયામ અને વાત પ્રકોપક આહાર-વિહારનું અતિશય સેવન કરવાથી માથાનો દુખાવો થાય છે.

લક્ષણો : 1. માઇગ્રેન એક માથાનો દુખાવો છે. આમાં રોગનો હુમલો ઓચિંતો અને અણધાર્યો થાય છે. ગમે ત્યારે રોગીને માથાનો દુખાવો શરૂ થાય છે. બપોરના તડકામાં ફરવાથી આ દુખાવો વધી જાય છે. 2. આધાશીશી-માઇગ્રેનમાં માથાના વચ્ચેથી બે સરખા ભાગ કર્યા હોય તેમ એક બાજુનું અડધું માથું દુખતું હોય છે. બીજું અડધું માથું વેદનારહિત હોય છે. જોકે, રોગ જૂનો થાય તો આખા માથામાં પણ ફેલાય છે અને આખા માથાને આવરી લે છે. રોગીને માથામાં હથોડા મારતું હોય તેવી પીડા હોય છે. આ પીડા કલાકો, દિવસો કે અઠવાડિયાં સુધી એટલે કે અનિયમિતકાલીન હોય છે. વેદના વખતે રોગીનું મોઢું ફીકું પડી જાય છે. કેટલીક વખત એસિડિટીનાં લક્ષણો જોવા મળે છે. ઊબકા આવે, મોંમાં પાણી છૂટે, ઊલટી થાય, ઓડકાર આવે તેવું પણ જોવા મળે છે.

સારવાર : 1. આધાશીશી-માઇગ્રેનમાં રોગીએ ધીરજપૂર્વક આયુર્વેદ ઉપચાર કરવાથી રોગ ઉપર કાબૂ મેળવી શકાય છે. `શિરોધારા' આ એક પંચકર્મ ચિકિત્સાની અકસીર ચિકિત્સાપદ્ધતિ છે. આધાશીશી-માઇગ્રેનમાં આયુર્વેદિક દવાઓની સાથે શિરોધારા ટ્રીટમેન્ટ કરવાથી જલદીથી ફાયદો થાય છે. શિરોધારામાં ઔષધોથી સિદ્ધ કરેલ દ્રવ દ્વારા માથા ઉપર અમુક ચોક્કસ ઊંચાઈએથી ધારા કરવામાં આવે છે. જેનાથી રક્તનું પરિભ્રમણ વ્યવસ્થિત રીતે થવાથી અને નાડી સંસ્થાન ઉત્તેજિત થવાથી દર્દીના શરીરમાંના વધેલા વાયુપ્રકોપ પર કાબૂ મેળવી શકાય છે. ઈન્દ્રિયો પ્રસન્ન થાય છે અને મનની શાંતિ થવાથી દર્દીને ઘસઘસાટ ઊંઘ પણ આવી જાય છે. 2. તમામ પ્રકારના માથાના દુખાવામાં પથ્યાદિકવાથ ઉત્તમ છે. પથ્યાદિઘનવટી પણ લઈ શકાય. 3. લક્ષ્મીવિલારસ, બૃહ્યતવાતચિંતામણિરસ, સમ્રામૃતલૌહ, શિર:શૂલાદિવજ્રરસ વગેરે દવાઓનું આયુર્વેદ નિષ્ણાતની સલાહ મુજબ સેવન કરવું. 4. ગોદન્તી ભસ્મ, રૌપ્યભસ્મ, મોતીપિષ્ટી, પ્રવાલપિષ્ટી, વૈદકીય સલાહ મુજબ લઈ શકાય. 5. માઇગ્રેનના દર્દીએ ષડબિંદુ તેલ અથવા ગાયના ઘીનાં ત્રણ-ત્રણ ટીપાં નાકમાં નાંખવાં. નસ્યકર્મ કરવાથી પણ માઇગ્રેનમાં ફાયદો થાય છે. 6. રોજ સવારે દૂધમાં 1 ચમચી દેશી ઘી નાંખીને પીવાથી આધાશીશી રોગ પર કાબૂ મેળવી શકાય છે. 7. જે ચીજવસ્તુ ખાવાથી માઇગ્રેન થતું હોય તેનો ત્યાગ કરવો જોઈએ. નિયમિત ભોજન લેવાથી માઇગ્રેનથી બચી શકાય છે. ઉજાગરા ન કરવા, તડકામાં ન ફરવું, ચિંતા અને માનસિક તણાવથી દૂર રહેવું. 8. શીરો, જલેબી, લાડુ, માલપુઆ, દૂધપાક, ઘારી જેવાં શુદ્ધ ઘી અને દૂધની વાનગી લેવાથી વાયુનો પ્રકોપ શાંત થઈને માથાનો દુખાવો ઓછો થાય છે. 9. ચંદન, સિંધાલૂણ અને સૂંઠ પાણી સાથે વાટીને માથામાં લેપ કરવો. 10. આંબાની અંતરછાલને પાણીમાં ઘસીને લેપ કરવાથી માથાની મહાપીડાનો નાશ થાય છે.

આપણું ઉપયોગી ઔષધ - સૂંઠ

આયુર્વેદના કેટલાંક કાષ્ઠ ઔષધો તેના વિશેષ ગુણને લીધે વૈદ્યોમાં અને સામાન્ય લોકોમાં વધારે પ્રિય થઈ ગયા છે. આવાં ઔષધોમાં હરડે પછી `સૂંઠ'ની ગણતરી કરી શકાય. આયુર્વેદીય મત પ્રમાણે સૂંઠ શરીરની વિકૃત થયેલી પાચનતંત્રની ક્રિયાઓ સુધારે છે. તે રોગપ્રતિકારક શક્તિ પણ વધારે છે. હૃદય, મગજ, રક્ત, સમગ્ર પાચનતંત્ર, કફ, સાંધા, મૂત્રપિંડના રોગો તથા શરીરની બીજી ઘણી ક્રિયાઓ અને અંગો પર ઔષધરૂપે અનુકૂળ પ્રભાવ પાડે છે અને આ અંગોમાં ઉત્પન્ન થયેલી વિકૃતિને દૂર કરે છે.



સૂંઠ ઉષ્ણ અને વાયુનો નાશ કરનાર હોવાથી તે સર્વ પ્રકારના વાયુના રોગોમાં પ્રયોજાય છે. જીર્ણ સંધિવામાં (ક્રોનિક આર્થ્રાઈટીસ), આમ વાત વગેરેમાં સૂંઠ અને મેથીથી મોટું કોઈ જ ઔષધ નથી.

સાંધાના વામાં જે દર્દીઓ સ્ટીરોઈડના અનેક ઔષધોયોગો વાપરી ચૂક્યા છે અને ક્ષણિક રાહત સિવાય કંઈ જ ફાયદો મેળવી શક્યા નથી. આવા લોકો માટે સૂંઠ, મેથી, ત્રિકટુ વગેરે આશીર્વાદ સમાન ઔષધો છે.

સૂંઠ ઉષ્ણ અને તીક્ષ્ણ ગુણવાળી હોવાથી ઉત્તમ કફનાશક છે. સૂંઠમાં એક ભેદન નામનો ઉત્તમ ગુણ પણ રહેલો છે. ભેદન એટલે ચોંટેલી વસ્તુને ઉખેડનાર. આ ભેદન ગુણને લીધે સૂંઠ સમગ્ર પાચનતંત્રને સુધારે છે. પેટમાં આફરો રહેતો હોય, ભૂખ લાગતી જ ન હોય, અરુચિ જેવું રહેતું હોય, મળ પ્રવૃત્તિ નિયમિત ન હોય એને માટે સૂંઠનો ઉપયોગ હિતકારી છે. આંતરડાની અંદરની દીવાલને ચોંટેલા દોષો, કાચા આમને, મળને સૂંઠ ઉખાડી નાખે છે. સ્ત્રીઓમાં પ્રસૂતિ પછી સૂંઠ ખાવાનો રિવાજ ઓછો થતો જાય છે. એ રિવાજ શા માટે છે એ ખબર છે? સૂંઠમાં ગર્ભાશયનું સંકોચન કરાવી તેમાં રહી ગયેલા દોષોને દૂર કરવાની ઉત્તમ ક્ષમતા છે. પ્રસૂતિ પછી ગર્ભાશય અને તેની આજુબાજુના ભાગોનું યોગ્ય સંકોચન થવું જોઈએ. જો આ યોગ્ય સંકોચન ન થાય તો ત્યાં મેદ અને વાયુ જમા થવાથી પેડુ ફૂલી જાય. પેડુના ભાગનું સંકોચન કરાવનાર ઔષધોમાં સૂંઠ જ ઉત્તમ છે.

વેજ મંચુરિયન સામગ્રી



૧ કપ છોલીને ખાંડેલા વટાણા, ૧ કપ મોટું છીણેલું ફ્લાવર, ૧/૨ કપ મગની દાળ, ૧/૨ કપ અડદની દાળ, તળવા માટે તેલ, ૨ ચમચા મેંદો, ૧કપ ટામેટાંની પેસ્ટ, ૨ ચમચા ટામેટાં સોસ, ૨ ચમચા સોયાની સોસ, ૧ ચમચી ચીલી સોસ, ૧ મોટી ચમચી આદું લસણ અને લીલાં મરચાંની પેસ્ટ, ૧ ચમચી મરી પાઉડર, મીઠું સ્વાદ મુજબ

રીત : બંને દાળને ૪-૫ કલાક સુધી પલાળીને વાટી લો. તેમાં વટાણા, ફ્લાવર અને મીઠું નાખીને ગરમ તેલમાં વડાં તળી લો. ૨ મોટી ચમચી તેલ ગરમ કરીને લસણ, આદું, લીલાં મરચાંની પેસ્ટ સાંતળી લો. ટામેટાંની પેસ્ટ અને ૩ કપ પાણી નાખીને ઉકાળો. પાણીમાં મેંદો મેળવી તેને મિક્સ કરીને ઉકાળો. તેમાં મીઠું, મરચું, ટામેટાં ચીલી અને સોયા સોસ મિક્સ કરીને અંદર વડાં નાખી દો. થોડું પાણી વધુ રેડીને ધીમા તાપ પર વડાં મુલાયમ થાય ત્યાં સુધી ચઢવા દો. પછી સર્વ કરો.

મકાઈના લોટનાં ભજિયાં સામગ્રી

૧ કપ મકાઈનો લોટ, ૨ ચમચા ચણાનો લોટ, ૧/૨ ચમચી અજમો, ૨ ચમચા સમારેલી મેથી, ૧ મોટું સમારેલું બટાકું, ૨ સમારેલી ડુંગળી, ૨ સમારેલાં લીલાં મરચાં,ચપટી લાલમરચું, મીઠું સ્વાદ મુજબ, તળવા માટે તેલ.

રીત : બધી સામગ્રી મિક્સ કરીને પાણીની સાથે ભજિયાં જેવું ઘટ્ટ ખીરું તૈયાર કરી લો. તેલ ગરમ કરીને ભજિયાં તળી લો. લીલી ચટણી સાથે ગરમાગરમ પીરસો.

ફ્લાવર સદાબહાર



સામગ્રી : ૧ મોટું ફ્લાવર,૧ કપ છીણેલું પનીર, ૧ સમારેલી ડુંગળી,૧ સમારેલું ટામેટું, ૧ ચમચો કોથમીર, ૨ સમારેલાં લીલાં મરચાં, ૧/૨ કપ બાફેલાં વટાણાં, ૧કપ વ્હાઈટ સોસ, ૧૦-૧૨ સમારેલા કાજુ ૨૦-૨૫ કિશમિશ, ૨ ચમચા છીણેલું પનીર અથવા ચીઝ, ૧/૨ કપ ટામેટાની પેસ્ટ.

વ્હાઈટ સોસ માટેની સામગ્રી : ૨ ચમચા મેંદો, ૧ ૧/૨ કપ દૂધ, ૧/૨ કપ પાણી, ૨ મોટી ચમચી માખણ, ૧/૨ ચમચી મરી પાઉડર,મીઠું સ્વાદ મુજબ.

રીત : માખણ ગરમ કરીને તેમાં મેંદાને હળવો શેકો. પછી દૂધ અને પાણી નાખી ઘટ્ટ થાય ત્યાં સુધી ચઢવા દો. મીઠું અને મરી નાખીને મિક્સ કરો.

ફ્લાવરના ડાખળાં કાઢી લો. ફ્લાવરની વચ્ચે ઉપરથી ગોળ આકારમાં થોડો ભાગ કાપી લો. ત્યારબાદ ફ્લાવરને અંદરથી ખાલી કરી લો. તેને મીઠાનાં પાણીમાં બફાઈ જાય ત્યાં સુધી બાફો. પછી પાણીમાંથી બહાર કાઢી લો.

વ્હાઈટ સોસ અને ટામેટાંની પેસ્ટને મિક્સ કરી લો. અડધા ભાગના સોસમાં બધી સામગ્રી મિક્સ કરીને ફ્લાવરની અંદર ભરી દો. ત્યારબાદ બેકિંગ ડિશમાં મૂકી દો. તેના પર બાકી વધેલો સોસ નાખી દો. ચીઝ નાખીને ૨૦૦ ડિગ્રી સેલ્સિયસ ગરમ ઓવનમાં ૧૫-૨૦ મિનિટ સુધી બેક કરો અને પછી સર્વ કરો.

સામગ્રી : ૨ કપ ઝીણી સમારેલી પાલક, ૧ કપ બાફેલાં મસળેલાં બટાકાં, ૨ ચમચાં ચણાનો લોટ, ૧ સમારેલું લીલું મરચું, ૧ સમારેલી ડુંગળી, ૧ ચમચી લસણની પેસ્ટ, ૧ચમચી રાઈ, ૧ ચમચી તેલ, ૭-૮ લીલાં મરચાં, ૨ ચમચાં છીણેલું નાળિયેર, મીઠું સ્વાદ મુજબ.

રીત : પાલક, ડુંગળી, બટાકાં, ચણાનો લોટ, સમારેલાં લીલાં મરચાં અને લસણને સારી રીતે મિક્સ કરી લો. આ મિશ્રણમાંથી ૨-૩ મોટાં રોલ્સ બનાવી પ્રેશર કૂકરમાં પાણીની ઉપર લગભગ ૧૫-૨૦ મિનિટ રાખીને બાફો. તેમને ઠંડા પડવા દો. હવે તેના નાના નાના ગોળ ટુકડા કરી લો. તેલ ગરમ કરીને તેમાં રાઈનો વઘાર કરી સમારેલા લીલાં મરચાં નાખો. આ વઘારને રોલ્સ ઉપર નાખો. છેલ્લે નાળિયેરથી સજાવીને પીરસો.

સ્ટફ્ડ ભજિયાં



સામગ્રી : ૪ મોટાં ટામેટાં, ૪ મોટી ડુંગળી, ૨ કપ બાફીને મસળેલાં બટાકાં, ૧ કપ ચણાનો લોટ, તળવા માટે તેલ, ચપટી અજમો.

પૂરણ માટેની સામગ્રી : ૧ કપ છીણેલું પનીર, ૧ કપ ઝીણી સમારેલી ડુંગળી, ૧ ટામેટું ઝીણું સમારેલું, ૧ ચમચો કોથમીર, ૧ સમારેલું લીલું મરચું, ચપટી લાલ મરચું, મીઠું સ્વાદ મુજબ.

રીત : ચણાના લોટમાં મીઠું અને અજમો નાખીને ઘટ્ટ ખીરું તૈયાર કરો. ટામેટાં અને ડુંગળીને અંદરથી ખાલી કરી પોલાં બનાવી લો. પૂરણનું મિશ્રણ મિક્સ કરીને તેમની અંદર સારી રીતે ભરી દો. તેમને ઉપરથી મસળેલાં બટાકાંથી બંધ કરી દો.

ચણાના લોટના ખીરામાં ડુબાડીને ગરમ તેલમાં તળી લો. તળ્યાં પછી દરેકને બે ટુકડામાં કાપીને પીરસો.

મકાઈના લોટનાં ભજિયાં સામગ્રી

૧ કપ મકાઈનો લોટ, ૨ ચમચા ચણાનો લોટ, ૧/૨ ચમચી અજમો, ૨ ચમચા સમારેલી મેથી, ૧ મોટું સમારેલું બટાકું, ૨ સમારેલી ડુંગળી, ૨ સમારેલાં લીલાં મરચાં,ચપટી લાલમરચું, મીઠું સ્વાદ મુજબ, તળવા માટે તેલ.

રીત : બધી સામગ્રી મિક્સ કરીને પાણીની સાથે ભજિયાં જેવું ઘટ્ટ ખીરું તૈયાર કરી લો. તેલ ગરમ કરીને ભજિયાં તળી લો. લીલી ચટણી સાથે ગરમાગરમ પીરસો.

મોન્ટ્રીઅલ ગુજરાતી સિનિયર સિટીઝન્સ એસોસિએશન દ્વારા

દીપાવલી અને નૂતનવર્ષના હાર્દિક અભિનંદન અને શુભકામના





















ગુજરાતી સિનિયર સિટીઝન્સ એસોસિએશનના સર્વે સભાસદ ભાઈ-બહેનો તથા કેનેડા સ્થિત તમામ ગુજરાતી પરિવારોને સંસ્થા દીપાવલી અને નૂતનવર્ષના હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવે છે.

ગુજરાતી સિનિયર સિટીઝન્સ એસોસિએશન, મોન્ટ્રિઅલની સ્થાપના ઓક્ટોબર ૨૦૧૬ની સાલમાં માત્ર ૩૧ સભ્યોથી થઈ હતી. એનો મુખ્ય ધ્યેય આપણા સિનિયર ભાઈ-બહેનોને શક્ય એટલી પારિવારિક-સામાજિક સેવાના માધ્યમથી એમનો માનસિક તણાવ ઓછો થાય, દરેક સભ્યો સાથે મળી હર્ષ-ઉલ્લાસથી **picnics**, પ્રવાસો, સિનિયર સિટીઝન્સ ડેની ઉજવણી તથા મનોરંજન કાર્યક્રમો જેવી પ્રવૃત્તિઓ દ્વારા મોજ માણી શકે એ હતો.

અહીં હું સંગઠનના પ્રમુખ તરીકે રવિન્દ્ર પટેલઆનંદ અને ગૌરવપૂર્વક જણાવી શકું છું કે આ વર્ષે જ્યારે સંસ્થાનો દશાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે સંસ્થાના કુલ આજીવન સભ્યોની સંખ્યા વધીને ૮૫૦ ઉપર પહોંચી છે. સભ્યોનો સાથ-સહકાર જ પુરાવાર કરે છે કે, આપણા સમાજને એક સિનિયર સિટીઝન્સ સંસ્થાની જરૂરિયાત કેટલી મહત્વની હતી. અહીં એક નોંધ જરૂર લઈશ કે આ સફળતા બદલ કાર્યવાહક સમિતિના સભ્યો, વૉલન્ટિયર્સ ભાઈ-બહેનો તથા અન્ય હિતેચ્છુ ભાઈ-બહેનોનો ખૂબ જ મહત્વનો ફાળો રહ્યો છે. તે બદલ વ્યક્તિગત તથા સંસ્થા વતી એ સૌને કોટી કોટી વંદન કરી આભાર વ્યક્ત કરું છું

મોન્ટ્રિઅલ
તા. 1લી નવેમ્બર2026

રવિન્દ્ર ડી. પટેલ (ઓંજલકર)
(પ્રમુખ)

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ!

દિવાળીનો દિવ્ય પ્રકાશ અને નૂતન વર્ષનો નવો ઉમંગ આપના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે. સ્વદેશ પરિવાર તરફથી આપ સૌને દિવાળી અને નવા વર્ષનની હાર્દિક શુભકામનાઓ. નવા વર્ષમાં આપની પ્રગતિના શિખરો સર થાય તેવી પ્રાર્થના.



સ્વદેશ પરિવાર

MANOJ GNADHI
EDITOR - PUBLISHER

NILESH TAILOR
DIRECTOR - MARKETING

HAPPY
Diwali
FESTIVAL OF LIGHTS
May the Millions of Lamps of Diwali
Illuminate Your Life with
Happiness, Joy, Peace and Health.



EYECONE
OPTICAL
EYE GLASSES • CONTACT LENSES • SUN GLASSES
416-299-1472
5633 Finch Ave. East, Unit # 1, Scarborough, ON M1B 5K9
416-299-1533
6055 Steeles Ave. E., Suite C-101, Toronto, ON M1X 0A7

પાતળા ચહેરાને ભરાવદાર અને સુંદર લુક આપવા માટે મેકઅપ ટ્રિક્સ જાણો

દરેક ચહેરાનો આકાર અનોખો અને સુંદર હોય છે. જો તમારો ચહેરો વધુ પડતો પાતળો, લાંબો કે અંદર ખેંચાયેલો દેખાય છે અને તમે તેને વધુ ભરાવદાર, ગાલથી પહોળો અને આકર્ષક લુક આપવા માંગો છો, તો યોગ્ય મેકઅપ તકનીક તમારું કામ ખૂબ સરળ બનાવી શકે છે. ઇલ્યુઝન અને કલર બેલેન્સિંગના નિયમોનો ઉપયોગ કરીને ચહેરાના ફીચર્સને સુંદર રીતે હાઇલાઇટ કરી શકાય છે. અહીં પાતળા ચહેરાને વિઝ્યુઅલી ચબી, સોફ્ટ અને પરફેક્ટ શેપ આપવા માટેની સંપૂર્ણ વિગતવાર મેકઅપ ગાઇડ આપી છે:

મોઇશ્ચરાઇઝર અને પ્રાઇમરથી શ્રેષ્ઠ શરૂઆત કરો

કોઈ પણ મેકઅપનો પાયો ત્વચાની યોગ્ય તૈયારી છે. પાતળા ચહેરા પર મેકઅપ ત્યારે જ ખીલી ઊઠશે જ્યારે ત્વચા પૂરતી હાઇડ્રેટેડ હશે.

» ચહેરાને ફેસવોશથી ધોયા પછી સારું હાઇડ્રેટિંગ મોઇશ્ચરાઇઝર લગાવો જેથી ત્વચા પ્લમ્પી દેખાય.

» ત્યારબાદ ઇલ્યુમિનેટિંગ અથવા શાઇન આપતું પ્રાઇમર લગાવો. આનાથી ચહેરા પર અંદરથી જ એક નેચરલ ગ્લો અને સોફ્ટ લુક આવે છે, જે ચહેરાના શુષ્ક ખૂણાઓને ઢાંકી દે છે.

ફાઉન્ડેશન અને કન્સીલરની સાચી પસંદગી

» લાઇટ અને ડ્યૂઇ ફાઉન્ડેશન: વધુ પડતું મેટ ફાઉન્ડેશન ચહેરાને વધુ સપાટ, નીરસ અને પાતળો દર્શાવે છે, તેથી હંમેશાં `Dewy', `Glowy' કે `Radiant' ફિનિશવાળું ફાઉન્ડેશન પસંદ કરવું જોઈએ.

» હાઇલાઇટિંગ કન્સીલર: તમારા સ્કિન ટોન કરતાં એક શેડ લાઇટ કન્સીલર લો. તેને ગાલની અંદરના ભાગે, સફરજન જેવા ઉપસેલા ભાગ પર, કપાળની બરાબર વચ્ચે અને દાઢી પર લગાવો. આ કેન્દ્રીય ભાગો ઉપસી આવવાથી ચહેરો આપોઆપ ભરાવદાર અને ગોળાકાર લાગશે.

કન્ટૂરિંગ ઓછું અને હાઇલાઇટિંગ વધારે

» પાતળા ચહેરાવાળા લોકો માટે મેકઅપનો સૌથી મહત્ત્વનો નિયમ એ છે કે ડાર્ક કન્ટૂરિંગથી દૂર રહેવું.

» ગાલના ખાડાઓમાં ડાર્ક બ્રાઉન શેડ ક્યારેય ન લગાવો, તેનાથી ચહેરો વધુ ખેંચાયેલો અને પાતળો દેખાશે.

» તેના બદલે ગાલના ઉપસેલા ભાગ પર લિક્વિડ કે ક્રીમ હાઇલાઇટર લગાવો. પ્રકાશ જ્યારે આ ભાગ પર પડશે, ત્યારે ચહેરો પહોળો, ગોળાઈ ધરાવતો અને રોશન દેખાશે.



બ્લશ લગાવવાની સાચી ટેક્નિક

» પાતળા ચહેરાને ભરાવદાર બતાવવામાં `બ્લશ' સૌથી જાદુઈ ભાગ ભજવે છે.

» ટેક્નિક : હસતી વખતે ગાલનો જે ભાગ ઊપસે છે, બરાબર ત્યાં જ ગોળાકાર શૈલીમાં બ્લશ લગાવો અને તેને સહેજ કાન તરફ બહારની દિશામાં બ્લેન્ડ કરો.

» શેડ્સ : પિંક, પીચ, કોરલ કે રોઝી જેવા સોફ્ટ અને બ્રાઇટ કલર્સ પસંદ કરો. ગાલ પરનો આ ગુલાબી ઉપસાવ ચહેરાને તરત જ ભરેલો, તાજો અને યુવાન લુક આપે છે.

આંખો અને આઇબ્રો પર ખાસ ધ્યાન આપો

» આઇબ્રો : ખૂબ જ પાતળી કે તીક્ષ્ણ આઇબ્રો ચહેરાની લંબાઈ વધારે છે, તેથી આઇબ્રોને થોડી સોફ્ટ, કુદરતી અને જાડી આકારમાં સેટ કરો.

» આઈ મેકઅપ : આંખોની પાંપણ પર લાઇટ, શાઇની કે સિમરી આઇશેડોનો ઉપયોગ કરો. આઇલાઇનરને વિંગ્ડ શૈલીમાં બહારની તરફ ખેંચીને લગાવો, જેથી ચહેરાને વર્ટિકલના બદલે હોરિઝોન્ટલ લુક મળે.

હોઠને પ્લમ્પ અને ભરાવદાર બનાવો

» હોઠની કુદરતી આઉટલાઇનથી સહેજ બહાર લિપ પેન્સિલથી બોર્ડર દોરો.

» મેટ લિપસ્ટિકના બદલે ગ્લોસી લિપસ્ટિક કે લિપગ્લોસનો ઉપયોગ કરો. શાઇની લિપ્સ ચહેરાના નીચલા ભાગને ભરાવદાર બનાવે છે.

અંતમાં, યોગ્ય હેરસ્ટાઇલ પણ ચહેરાનો આકાર બદલવામાં મદદ કરે છે. ચહેરાની બંને બાજુ સોફ્ટ કર્લ્સ, વેવ્ઝ કે લેયર્ડ કટ્સ રાખવાથી આ મેકઅપ સાથે તમારો ચહેરો એકદમ પરફેક્ટ, સંતુલિત અને આકર્ષક લાગશે.

સુંદરતા અને આયુર્વેદ

આયુર્વેદીક સૌંદર્ય પ્રસાધનોનાં ઉપયોગથી આપની ત્વચા લાવણ્યસભર અને તેજસ્વી-ઓજમય બની રહે છે.

(૧) દૂધમાં મસૂર વાટીને તેમાં ઘી મેળવીને સાત દિવસ સુધી લેપ કરવાથી ચહેરો કમળનાં પાનની જેમ સુંદર અને કોમળ બને છે.

(૨) જાયફળ, ચારોળી, કઠ, ઉપલેટ મીક્સ કરી ટામેટાનાં રસ સાથે લગાવવાથી ત્વચાનાં ડાઘા દૂર થઈને લાવણ્યસભર બની જાય છે.

(૩) જવનો લોટ અને મધ મીક્સ કરી ૧૫ મીનીટ રાખીને ચહેરો ધોઈ લેવો.

(૪) લોધ્ર-કોથમીર તથા વચાને વાટીને મોંઢા પર લગાવવાથી ખીલનો નાશ થાય છે.

(૫) મસૂરની દાળ, જાવંત્રી, ચારોળી, બદામ, કઠ, ઉપલેટ અને હળદર મિક્સ કરી નિયમિત લેપન કરવાથી ખીલ, ખીલનાં ડાઘા, ખાડા દૂર થઈને ત્વચા તેજસ્વી, ગોરી અને ડાઘારહિત અને પ્રતિભા સંપન્ન થઈ જાય છે. આ ફેસપેકને નિયમિત દૂધ, ટમેટાનો રસ, કાકડીનો રસ, લીંબુ અથવા મધ કોઈ એકની સાથે મિક્સ કરી ૧૫ મિનિટ સુધી ચહેરા પર લગાવી રાખો, ત્યાર પછી સાદા પાણીથી ચહેરો સાફ કરી લો ચહેરામાં આપોઆપ ચમક વધી જશે.

લીલા શાકભાજી, મગ, ફળોના રસ, લીલા નારિયેળનું પાણી, લીંબુ વગેરેનો ઉપયોગ કરવાથી ત્વચા અને કેશસૌંદર્ય બંનેનું રક્ષણ અને પોષણ બંને થાય છે. વાળ સાફ કરવા માટે હંમેશા હર્બલ એટલે કે, આયુર્વેદીક શેમ્પૂનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. આયુર્વેદીક ઔષધસિદ્ધ તેલથી હળવા હાથે આંગળીનાં ટેરવાથી કરેલું મસાજ વાળનાં મૂળ સુધી ઉતરી વાળને યોગ્ય રક્ષણ અને કેશરંજક પોષણદ્રવ્ય પણ પૂરું પાડે છે.

આ ઉપરાંત શિરોધારા એ આપણા વાળને ઘના (જથ્થાદાર) અને સુંવાળા રાખવા માટેની એક સર્વિસ જ છે. વર્ષમાં ઓછામાં ઓછું ૧ થી ૨ વાર શિરોધારા અવશ્ય કરાવવી જોઈએ.

સેક્સ દરમિયાન ઉત્તેજના પેદા ન થવાનું કારણ શું હોઈ શકે ?

એમાં કોઈ શંકા નથી કે મેરેજ લાઈફને એ સક્સેસફુલ બનાવવા માટે શારીરિક જીવનમાં બેલેન્સ રાખવું ખૂબ જ જરૂરી છે, પણ ઉમરની સાથે સાથે શરીરમાં આવનારા પરિવર્તન સેક્સ્યુઅલ લાઈફને અસંતુલિત કરવા લાગે છે. તેમની અસર ફિઝિકલ અને મેન્ટલ બોન્ડ બંને પર જોવા મળે છે. આ જ સેક્સ્યુઅલ પરિવર્તનોમાંથી એક છે ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડર, જેમાં મહિલાઓમાં સેક્સ ડિઝાયરમાં ઊણપ આવવા લાગે છે. જાણીએ ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડરનાં લક્ષણો અને કારણોથી લઈને સારવાર સુધી બધું જ.

ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડર કોને કહે છે?

મહિલાઓમાં ઓછી થઈ ગયેલી કામેચ્છાને ફીમેલ સેક્સ્યુઅલ ડિસઓર્ડર કહે છે. તેમાં મહિલાઓ સેક્સ્યુઅલી સ્ટિમ્યુલેટ નથી થઈ શકતી અને સેક્સ્યુઅલ ડિઝાયરની ઊણપનો સામનો કરવો પડી શકે છે. તેને હાઈપોએક્ટિવ સેક્સ્યુઅલ ડિઝાયર ડિસઓર્ડર પણ કહેવામાં આવે છે. આ સમસ્યાને કારણે મહિલાઓને ઓર્ગેઝમની ઊણપ અને પેઈનફુલ ઈન્ટરકોર્સનો સામનો કરવો પડે છે. સ્ટેનફોર્ડ મેડિસિન એબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાઈનેકોલોજી અનુસાર ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડર મહિલાઓમાં જેવા મળતા બીજો સૌથી મોટો યૌન રોગ છે. તેને ત્રણ સબસેટમાં વિભાજિત કરવામાં આવ્યો છે - જેનિટલ અરાઉઝર ડિસઓર્ડર, એબ્જેક્ટિવ અરાઉઝલ ડિસઓર્ડર અને કમ્બાઈન્ડ અરાઉઝલ ડિસઓર્ડર,


ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડરનાં લક્ષણો

સેક્સ્યુઅલ ડિઝાયર ઓછું થવું : ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડરની સમસ્યાથી ગ્રસ્ત મહિલામાં કામેચ્છા ઓછી થવા લાગે છે. સેક્સ દરમિયાન અરાઉઝલની ઊણપને કારણે તેને તણાવ અને એંગ્ઝાયટીનો સામનો કરવો પડે છે. ઉમર વધવાની સાથે આ સમસ્યા વધારે ગંભીર બને છે.

સેક્સ્યુઅલ એક્ટિવિટીમાં ઇનિશિએટિવ ન લેવો; સેક્સ ડિઝાયરના ઓછા થવાને કારણે મહિલાઓ સેક્સ લાઈફ વિશે વિચારી શકતી નથી. આવી સ્થિતિમાં પાર્ટનરની સાથે સેક્સ વીડિયો જોવા અથવા સેક્સ એન્જોય કરવાનું તેમને ગમતું નથી. તેમની અંદર શારીરિક ઉત્તેજના ઓછી થઈ જાય છે. તેની અસર મેરેજ લાઈક પર પડે છે.

જેનિટલ અને નોનજેનિટલ સેન્સેશનમાં ઊણપ: એવી સ્ત્રીઓ જે ફીમેલ સેક્સ્યુઅલ અરાઉઝલ ડિસઓર્ડરની શિકાર છે, તેમને સેક્સ દરમિયાન જેનિટલ્સ અને ઈરોજેનસર ઝોનમાં કોઈ પ્રકારનું સેન્સેશન અનુભવાતું નથી. લાંબા સમય સુધી અરાઉઝ ન રહેવાને કારણે સેક્સ પેઈનફુલ થવા લાગે છે.

સમસ્યામાંથી બહાર આ રીતે આવો : આ સમસ્યામાંથી બહાર આવવા માટે હોર્મોનલ થેરાપીની મદદ લઈ શકાય. શરીરમાં એસ્ટ્રોજન અને ટેસ્ટોસ્ટેરોન હોર્મોનના સ્તરમાં ઘટાડો થવાને કારણે આ સમસ્યાનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં ડોક્ટરી તપાસ અને સલાહ પછી હોર્મોનલ થરાપી મદદગાર સાબિત થાય છે. આ સિવાય સાઈકોથેરાપી તણાવ અને એંગ્ઝાયટી દૂર કરવામાં મદદ કરી શકે છે. સાથે જ જેનિટલ સ્ટિમ્યુલેશનને જાળવી રાખવા સેકસ થેરાપિસ્ટની સલાહ પણ લેવી જોઈએ.



મહિલાઓમાં આ સમસ્યા કેમ વધવા લાગી છે?

સેક્સ્યુઅલ અરાઉઝલમાં આવનારી ઊણપ મહિલાઓની ઉમર, ખાનપાન, મેન્ટલ હેલ્થ અને રિલેશનશિપની સમય અવધિ પર નિર્ભર કરે છે. એટલે કે એ મહિલાઓ જેની લાઈફસ્ટાઈલ અનિયમિત છે અને સેક્સ્યુઅલ લાઈફ હેલ્ધી નથી રહેતી, તેમનામાં શારીરિક ઉત્તેજના ઓછી થવા લાગે છે.

કારણો

હોર્મોનનું ઇમ્બેલેન્સ : હોર્મોન ઈમ્બેલેન્સ સેક્સ ડિઝાયર ઓછું થવાનું સૌથી મુખ્ય કારણ છે. ખાસ કરીને મેનોપોઝ, પ્રેગ્નન્સી અને ગર્ભનિરોધક ગોળીઓનું સેવન આ સમસ્યાનાં મુખ્ય કારણો સાબિત થાય છે. તેનાથી અરાઉઝલમાં ઊણપ આવવા લાગે છે અને સેક્સ પ્રત્યે રસ ઓછો થવા લાગે છે.

લ્યૂબ્રિકેશનની ઊણપ : વજાઈનામાં લ્યૂબ્રિકેશનની ઊણપ પેઈનફુલ સેક્સનું કારણ બને છે, જેનાથી સ્ત્રીઓમાં કામેચ્છા ઓછી થવા લાગે છે. જર્નલ ઓફ સેક્સ એન્ડ મેરિટલ થેરાપી અનુસાર લ્યૂબ્રિકન્ટનો પ્રયોગ કરવાથી ફેન્ટોલામાઈન વધવા લાગે છે. તેનાથી સેક્સ્યુઅલ સેન્સેશનમાં પણ સુધારો થવા લાગે છે, જેનાથી સેક્સ્યુઅલ લાઈફ સ્મૂધ બનવા લાગે છે.

મેડિકેશન્સ : ઘણા પ્રકારની દવાઓનું સેવન કરવાથી શરીરમાં બદલાવ આવવા લાગે છે. તેની નકારાત્મક અસર સેક્સ્યુઅલ હેલ્થ પર પણ જોવા મળે છે. જેના કારણે મહિલાઓએ શારીરિક ઉત્તેજનામાં ઊણપનો સામનો કરવો પડે છે.

માનસિક તણાવ : સંબંધોમાં વધનારો તણાવ સેક્સ્યુઅલ હેલ્થને પ્રભાવિત કરે છે. તેનાથી પાર્ટનરની સાથે ઇમોશન એટેચમેન્ટમાં ઊણપ આવવા લાગે છે, જેની અસર સેક્સ્યુઅલ લાઈફ પર જોવા મળે છે. આ સિવાય કોઈ પણ વસ્તુને લઈને થનારું ડિપ્રેશન અને ગિલ્ટ આ સમસ્યાનું કારણ બની જાય છે.

રાવલકોટમાં ફાયરિંગ-ડ્રોનથી બોમ્બમારો, 7ના મોત, 23 ઘાયલ

JAACના શાંતિપૂર્ણ ધરણા પર રેન્જર્સનો હુમલો, અત્યાર સુધી 153ના મોત, 38 માંગો માટે આંદોલન, નીલમ-ઝેલમ મુદ્દે રોષ, ઇન્ટરનેટ બંધ

રાવલકોટ

પાકિસ્તાન સરકાર અને સેનાએ PoKમાં ક્રૂરતાની હદ વટાવી દીધી હતી. રાવલકોટમાં હક માટે અવાજ ઉઠાવતા નિર્દોષ નાગરિકો પર પાકિસ્તાની રેન્જર્સ, ફ્રન્ટિયર કોર્પ્સ અને પોલીસે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને રહેણાંક વિસ્તારો પર બારૂદ ભરેલા ડ્રોનથી હુમલો કર્યો હતો, જેના વીડિયો વાયરલ થયા હતી.

ગુરુવારે સવારે 8 વાગ્યે જોઈન્ટ આવામી એક્શન કમિટીના બેનર હેઠળ લોકો શાંતિપૂર્ણ ધરણાં કરી રહ્યા હતા ત્યારે સુરક્ષા દળોએ ચેતવણી વિના ઘેરીને ફાયરિંગ શરૂ કર્યું હતું. 2



કલાકમાં 7 નાગરિકોના મોત નીપજ્યા હતા, 23થી વધુ ઘાયલ થયા હતા. ગોળીબારથી સમગ્ર રાવલકોટમાં ભયનો માહોલ ફેલાયો હતો.

સેનાએ પ્રથમ વખત પોતાના જ નાગરિકો વિરુદ્ધ ડ્રોન હુમલાનો સહારો લીધો છે. પ્રદર્શનકારીઓ ઉપરાંત સામાન્ય નાગરિકોના ઘરોને નિશાન બનાવી આકાશમાંથી બોમ્બ ઝિંક્યા હતા. સ્થાનિક નેતા સરદાર ઉમર નઝીરે સ્થળ પરથી મળેલા બોમ્બ અને સળગતા બારૂદના ટુકડા રજૂ કરી પર્દાફાશ કર્યો હતો અને આરોપ લગાવ્યો કે હક માંગતી જનતા વિરુદ્ધ સરકારે યુદ્ધ છેડ્યું છે.

PoKમાં આ અત્યાચાર નવો નથી. સરકારી અને સ્થાનિક આંકડા અનુસાર 7 જૂનથી અત્યાર સુધીમાં હિંસક કાર્યવાહીમાં મૃત્યુ પામેલા નાગરિકોની સંખ્યા 153 પર પહોંચી છે. જ્યારે લોકો અધિકારો માટે અવાજ ઉઠાવે છે ત્યારે ઈસ્લામાબાદ સરકાર ગોળીઓ વરસાવીને અવાજ દબાવે છે. જનતા લાંબા સમયથી JAAC હેઠળ 38 માંગણીઓને લઈને આંદોલન ચલાવી રહી છે. નીલમ-ઝેલમ હાઈડ્રો પ્રોજેક્ટમાંથી વીજળી ઉત્પન્ન થવા છતાં સ્થાનિકોને મોંઘા ભાવે વીજળી અને લોટ અપાય છે. લોકો કુદરતી સંસાધનો પર સ્થાનિક અધિકાર, વહીવટી સ્વાયત્તતા અને સરકારી બાબુઓની શાહી સુવિધાઓ બંધ કરવાની માંગ કરી રહ્યા છે. સરકારે વાતચીતને બદલે ગોળીબાર પસંદ કર્યો છે. હિંસા બાદ રાવલકોટમાં મોબાઈલ અને ઈન્ટરનેટ બંધ કરી દેવાયું હતું.

યુએસ મિડ ટર્મ ચૂંટણી : કુલ 57 ભારતીય મૂળના ઉમેદવાર મેદાનમાં હતા, 11 જીત્યા

વોશિંગ્ટન

અમેરિકાની મિડ ટર્મ ચૂંટણીમાં ભારતીય મૂળના કુલ 57 ઉમેદવારે ગવર્નર, રાજ્ય વિધાનસભા અને સ્થાનિક શાસક સંસ્થાઓના હોદ્દા માટે ઝંપલાવ્યું હતું.

જીતનારાઓમાં ડેમોક્રેટિક પાર્ટીના જ્યોત સિંહ (જ્યોર્જિયા સ્ટેટ હાઉસ, ડિસ્ટ્રિક્ટ-97), નબીલા સૈયદ (ઈલિનોઈસ સ્ટેટ સેનેટ, ડિસ્ટ્રિક્ટ-26), પિયા દાંડિયા (ફ્લોરિડા, 22મો કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ), સુહાસ સુબ્રમણ્યમ (વર્જિનિયા, 10મો), પ્રમિલા જયપાલ (વોશિંગ્ટન, 7મો), રો ખન્ના (કેલિફોર્નિયા, 17મો), અરુણા મિલર (મેરીલેન્ડ, લેફ્ટનન્ટ ગવર્નર), અરવિંદ વેંકટ (પેન્સિલવેનિયા સ્ટેટ હાઉસ, ડિસ્ટ્રિક્ટ-30), પૂજા સેઠી (ટેક્સાસ હાઉસ, ડિસ્ટ્રિક્ટ-47), રામ વિલ્લીવલમ (ઈલિનોઈસ સ્ટેટ સેનેટ, ડિસ્ટ્રિક્ટ-8) અને અમી બેરા (કેલિફોર્નિયા, 3જો ડિસ્ટ્રિક્ટ)નો સમાવેશ થાય છે. જ્યોત સિંહ જ્યોર્જિયા વિધાનસભામાં પહોંચનાર પ્રથમ ભારતીય-અમેરિકન અને પ્રથમ શીખ અમેરિકન બન્યા છે. સુબ્રમણ્યમ, ખન્ના, મિલર અને વેંકટ ફરી ચૂંટાયા છે, વિલ્લીવલમ પણ ફરી ચૂંટાયા છે, જ્યારે બેરા આઠમી વખત યુએસ હાઉસમાં પહોંચ્યા છે.

હારનારા ઉમેદવારોમાં રિપબ્લિકન વિવેક રામાસ્વામી, સરિતા કોમાટિરેડ્ડી, મહેશ ગણોરકર, નીરવ શેઠ અને રિતેશ ટંડન) છે. સ્વતંત્ર ઉમેદવારો સંદીપ દીક્ષિત (ઓહાયો, 13મો ડિસ્ટ્રિક્ટ) અને અનિલ કુમાર (મિશિગન, યુએસ હાઉસ બેઠક) પણ જીતી શક્યા નહીં.

ટમ્પે પોતાની નીતિઓને બદલે ઉમેદવારોની ખામીઓ અને મીડિયાને જવાબદાર ગણાવ્યા

ન્યૂ યોર્ક

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને મોટો ઝટકો લાગ્યો હતો. ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેમાં બહુમતી મેળવીને અમેરિકન સંસદ પર નિયંત્રણ જમાવી લીધું હતું. આ હાર અંગે રાષ્ટ્રપતિ ટ્રમ્પે મીડિયા સમક્ષ પાંચ કારણો આપ્યા છે, પરંતુ પોતાની નીતિઓને જવાબદાર માનવાનો ઈનકાર કર્યો હતો.

■ પ્રથમ કારણ ઈરાન યુદ્ધ અને મોંઘવારી ગણાવતા કહ્યું કે, "હું આ વાતને સમજી શકું છું, પરંતુ આનાથી સહમત નથી."

■ બીજું કારણ આપતા તેમણે જણાવ્યું કે, મતપત્ર પર તેમનું નામ નહોતું. જો તેઓ મેદાનમાં હોત તો એકતરફી જીત થાત.



■ ત્રીજા કારણમાં રિપબ્લિકન ઉમેદવારોની ખામીઓ વર્ણવી હતી, જેમને પોતાના જ સમર્થકોએ નકાર્યા હતા. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે આ હાર તેમના નેતૃત્વની નિષ્ફળતા નથી.

■ જ્યારે ચોથા કારણ તરીકે ટ્રમ્પે ડેમોક્રેટિક પાર્ટીના મજબૂત પ્રચાર અને સખત મહેનતના વખાણ કર્યા હતા.

■ પાંચમા કારણમાં એક મીડિયા ચેનલને જવાબદાર ઠેરવી હતી, જેના પર ડેમોક્રેટ્સની તરફેણ કરવાનો આરોપ લગાવ્યો હતો.

ટ્રમ્પ સરકાર ભારતની પાછળ પડી, ઈરાન સાથે સંબંધોના બહાને 9 કંપની પર પ્રતિબંધ

ન્યૂયોર્ક : ટ્રમ્પ પ્રશાસને ઈરાનના તેલ કારોબારને પ્રતિબંધોમાંથી બચાવવાના આરોપસર ચંદીગઢથી ઓપરેટ કરતા કારોબારી સુનીલ કુમાર શર્મા, તેમની પત્ની જસપ્રીત પ્રીતિ શાહિદ અને 9 ભારતીય કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો છે. આ દંપતી પર ઈરાની તેલ જહાજો માટે નકલી સમુદ્રી રજિસ્ટ્રેશન અને અરુબા, ગિયાના, મોઝામ્બિક, મલાવી, સિન્ટ માર્ટેન અને તિમોર-લેસ્તેના ધ્વજ પ્રમાણપત્રો તથા ફર્જી વેબસાઈટ્સ બનાવવાનો આરોપ છે. પ્રતિબંધિત સંસ્થાઓમાં ઓશનિક ટેક્નોલોજીસ ઈન્ડિયા, આર્યાવર્ત શિપ મેનેજમેન્ટ, પ્રિસેપ્ટ ટ્રેન્ડ્સ, પોલીનેશિયા મેરિટાઈમ, અલેક્સાર્યા ફિનસર્વ, અલેક્સાર્યા મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ, વિહારાબોર્ટિંગ અને આર્યાવર્ત મેરિટાઈમ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ સામેલ છે. આ ઉપરાંત શર્માની કંપનીઓના ડાયરેક્ટર અશ્વિની કુમાર ધિમાન અને ઈશ્વિંદર સિંહ પર પણ અમેરિકી નાણા મંત્રાલયે કાર્યવાહી કરી છે.

ડેમોક્રેટ્સની જીતથી ટ્રમ્પને ફટકો, ભારત-અમેરિકા સંબંધો પર અસરની શક્યતા

વોશિંગ્ટન : અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સે સંસદના બંને ગૃહોમાં બહુમતી મેળવતાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. ઈઝરાયલ સાથે ઈરાન સામે ચાલતા યુદ્ધને કારણે હાર થઈ હોવાનું ટ્રમ્પનું માનવું છે, તેથી ઈરાન સામે વલણ નરમ પડે તેવી શક્યતા છે. H1-B વિઝાના સખત નિયમો, નવી અરજી પર 1 લાખ ડોલરની ફી, ભારતીય સામાન પરના ટેરિફ અને રશિયાથી તેલ ખરીદી મુદ્દે સરકારને જવાબ આપવો પડી શકે છે. આ ફીથી ભારતીય ટેક કંપનીઓ અને પ્રોફેશનલ આઈટી એન્જિનિયરો ચિંતિત છે. ડેમોક્રેટ સાંસદો તપાસ અને સુનાવણી મારફત દબાણ લાવી શકે છે. ટ્રમ્પ જાન્યુઆરી 2029 સુધી પદે રહેશે, તેથી નીતિઓ તરત બદલાશે નહીં, પણ તેને પડકારાશે. ભારતે વેપાર, ઊર્જા અને સંરક્ષણ બાબતોમાં હિતો જાળવીને આગળ વધવું પડશે, જોકે વાતચીતના રસ્તા ખૂલી શકે છે, એમ વર્તુળોએ જણાવ્યું હતું.

કીશા લાન્સ બોટમ્સ : ગુલામ પૂર્વજોનું સંતાન, જ્યોર્જીયામાં પહેલી મહિલા ગવર્નર બનશે

જ્યોર્જીયા : અમેરિકાના રાજકારણમાં ઈતિહાસ સર્જાયો છે. કીશા લાન્સ બોટમ્સ, અમેરિકાના એક રાજ્યના સૌથી પહેલાં અશ્વેત ગવર્નર બન્યા છે. નવે. ઉના દિને યોજાયેલી ચૂંટણીમાં તેઓએ અબજોપતિ રીપબ્લિકન રીક જેક્સનને પરાજિત કર્યા છે. આ સાથે તેઓ જ્યોર્જીયાના પહેલા મહિલા ગવર્નર બની રહ્યા છે. જ્યોર્જીયામાં અશ્વેત મતદારોની સારી એવી સંખ્યા છે. જ્યારે ગુલામી પ્રથા અમેરિકામાં નિર્બંધ હતી, ત્યારે આફ્રિકા અનેક અશ્વેતો (હબસીઓ)ને અમેરિકા લાવવામાં આવ્યા હતા. તે પૈકી એક પૂર્વજોનું કિશા સંતાન છે. તેઓને પોતાને સંતાન નથી પરંતુ અનાથ બાળકોને તેઓ અને તેમના પતિ ગોદમાં લઈ ઉછેરે છે. આ ચૂંટણીમાં તેઓ વિજયી થતા જ્યોર્જીયાના વર્તમાન ગવર્નર રિપબ્લિકન બ્રિટાન કેમ્પ પાસેથી હવાલો સંભાળી લેશે. બ્રિટાન કેમ્પ બે ટર્મ સુધી ગવર્નર પદે રહ્યા પછી નિવૃત્ત થવાના છે.

યુક્રેનમાં રાહત સામગ્રી લેવા સ્કૂલે એકઠા થયેલા લોકો ઉપર રશિયાની એરસ્ટ્રાઈક, 40ના મોત

બચાવ દરમિયાન બીજો બોમ્બમારો, રશિયાનો સૈન્ય ઠેકાણાં પર હુમલાનો દાવો

કીવ

યુક્રેનના જાપોરિજ્જિયા વિસ્તારના કમિશુવાખા ગામમાં સોમવારે 2 નવેમ્બરે રશિયન વાયુસેનાએ બંધ સ્કૂલની ઈમારત પર એરસ્ટ્રાઈક કરી હતી. આ હુમલામાં 40 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે અનેક લોકો લાપતા હતા. ચાલુ વર્ષે રશિયાએ નાગરિકો પર કરેલા સૌથી ઘાતક હુમલાઓમાં તેની ગણતરી થઈ હતી. મૃતકોમાં 4 પોલીસકર્મી પણ સામેલ હતા, એમ યુક્રેનની ઈમરજન્સી સેવાઓએ જણાવ્યું હતું. જરૂરિયાતમંદોને રાહત સામગ્રી



વહેંચાતી હતી અને લોકો શરણાર્થી સ્થળ તરીકે પણ તેનો ઉપયોગ કરતા હતા. નાગરિકો રાહત સામગ્રી લેવા પહોંચ્યા ત્યારે જ રશિયન લશ્કરે હવાઈ બોમ્બ ફેંક્યા હતા. બચાવ કામગીરી શરૂ થઈ ત્યારે રશિયાએ તે જ સ્થળે ફરી બોમ્બમારો કર્યો હતો. હુમલાના બે દિવસ પછી પણ ભારે મશીનરીથી કાટમાળ હટાવાતો હતો અને સૈનિકો જીવિત મળવાની આશાએ શોધખોળ કરતા હતા.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે સેનાએ યુક્રેની સૈન્ય ઠેકાણાં પર જ હુમલો કર્યો હતો, જેમાં 25 સૈનિક માર્યા ગયા હતા. યુક્રેને આક્ષેપ કર્યો હતો કે રશિયાએ જાણીજોઈને નાગરિકો અને રાહત સેન્ટરને નિશાન બનાવ્યું હતું. ઈઝરાયલના વિદેશ મંત્રાલયે હુમલાની આકરી નિંદા કરી હતી.

યુરોપના અનેક દેશોમાં ફ્લાઈટોમાં બોમ્બની ધમકી, અનેક રૂટ બદલાયા

રોમની ફ્લાઈટ્સને ધમકી સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર

લંડન/પેરિસ

યુરોપમાં વિવિધ દેશની ફ્લાઈટમાં બોમ્બની ધમકીને કારણે સમગ્ર યુરોપમાં ખળભળાટ મચી ગયો હતો. બોમ્બની ધમકીને કારણે લગભગ ડઝને વિમાનના રુટ બદલવામાં આવ્યા હતા, જ્યારે અનેક એરપોર્ટ પર ચેકિંગને કારણે અફડાતફડી અને ડરનો માહોલ પણ ઊભો થયો હતો. બુખારેસ્ટ એરપોર્ટ પર તો એક ફ્લાઈટમાંથી લગભગ 200થી વધુ પ્રવાસીને વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા. યુરોપમાં બોમ્બની ધમકીને કારણે આજે લગભગ 12 જેટલા વિમાનના રુટ બદલવામાં આવ્યા હતા, જ્યારે અમુક વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એક અઠવાડિયામાં સતત બીજી વખત આ પ્રકારની ધમકીના બનાવને કારણે સુરક્ષા તંત્રની પણ ઊંઘ હરામ થઈ હતી. આયરિશ એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે ડબલીનથી રોમ જઈ રહેલી લિંગસ ફ્લાઈટને પણ સુરક્ષાના કારણોસર અચાનક રુટ બદલવો પડ્યો હતો, ત્યાર પછી પેરિસથી લગભગ 100 કિલોમીટર અંતરેના ફ્રાન્સના એવરેક્સ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

મિસિસાગામાં ગુજરાતી સિનિયર્સની દિવાળી: સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરાઇ



વડીલોએ માણ્યો દીપોત્સવનો આનંદ, થયેલી પ્રવૃત્તિ અને વર્તમાન કાર્યક્રમમાં સહયોગ બદલ તમામ સભ્યો અને સહયોગીઓને બિરદાવાયા









મિસિસાગા

ગુજરાતી સિનિયર્સ સમાજ મિસિસાગા દ્વારા દિવાળીની ઉજવણી વર્સેલ્સ હોલ, 6721 એડવર્ડ બુલેવાર્ડ, મિસિસાગા ખાતે 1 નવેમ્બર 2026ના રોજ કરવામાં આવી હતી. કાર્યક્રમના દિવસે, સમાજના હોદ્દેદારો અને ઉત્સાહી સ્વયંસેવકો તૈયારીઓ કરવા માટે નિર્ધારિત સમય પહેલાં જ ત્યાં પહોંચી ગયા હતા. આ પહેલનું નેતૃત્વ સમાજના પ્રમુખ મહિન્દ્રભાઈ ગોઢિયા અને તેમના પત્ની રેખાબેને સંભાળ્યું હતું. ઈલાબેન દેવાણી અને અન્ય મહિલા સ્વયંસેવકોએ સભાખંડમાં દેવી શક્તિની સ્થાપના અને દીપ પ્રાગટ્યની તૈયારીઓ સંભાળી હતી.

હોલમાં પ્રવેશતા જ પ્રવીણભાઈ મહેતા અને મધુરીબેન મહેતાના નેતૃત્વ હેઠળ રમણિકભાઈ શાહ અને ગૌતમભાઈ નાયકે ઉપસ્થિત સૌનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પ્રારંભિક તબક્કો પૂર્ણ થયા બાદ, ઉપસ્થિત સૌને મુખ્ય હોલમાં પોતપોતાના સ્થાને બેસવા માટે વિનંતી કરવામાં આવી હતી. કાર્યક્રમના સંચાલકો સુનીલભાઈ ઉદેશી અને ઈલાબેન દેવાણીએ સૌનું સ્વાગત કર્યું અને દિવાળીની શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ સમુદાયના સભ્યો દ્વારા તૈયાર કરવામાં આવેલી નૃત્યની ચાર કૃતિઓ રજૂ કરાઈ હતી. જેમાં દેવાણી, દીપ્તિબેન શાહ અને પૂર્ણિમાબેન પટેલના નિર્દેશનમાં કલાત્મક પ્રસ્તુતિઓ રજૂ થઈ ત્યારે સભાગૃહમાં ઉપસ્થિત પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટ અને ઉત્સાહપૂર્ણ અવાજો દ્વારા કલાકારોનો ઉત્સાહ બેવડાયો હતો. નૃત્ય કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રમુખ મહેન્દ્રભાઈ ગોઢિયાને બે શબ્દો કહેવા માટે વિનંતી કરાઈ હતી. તેમણે કાર્યક્રમમાં સૌનું સ્વાગત કરીને અને સમુદાયની કારોબારી સમિતિ તેમજ પોતાની તરફથી દિવાળીની શુભેચ્છાઓ પાઠવીને પોતાના વક્તવ્યની શરૂઆત કરી હતી. આ સાથે વર્ષમાં સમુદાય દ્વારા હાથ ધરવામાં આવેલી તમામ પ્રવૃત્તિઓની સફળતા બદલ તેમણે સૌનો આભાર માન્યો હતો.

કાર્યક્રમનું સંચાલન કરનાર સુનીલભાઈ ઉદેશી અને ઈલાબેન દેવાણી, હાજરી વ્યવસ્થા સંભાળનાર અરવિંદા રુસ્તમજી અને હસ્તિબાલા બડિયાની, ટેબલ બેઠક વ્યવસ્થા અને મંચની તૈયારી સંભાળનાર ગૌતમભાઈ નાયક, પ્રકાશભાઈ દેસાઈ, કેરસીભાઈ રુસ્તમજી અને હિતેશભાઈ શાહ, ઓડિયો સિસ્ટમનું સફળ સંચાલન કરનાર અનિલભાઈ જેઠવા, સભ્યો અને મહેમાનોનું સ્વાગત કરનાર પ્રવીણભાઈ મહેતા અને મધુરીબેન મહેતા તથા નાણાકીય વ્યવહારોની નોંધ રાખનાર જિતેન્દ્ર પંચાલની સેવાભાવનાને બિરદાવાઈ હતી. આ ઉપરાંત, સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રસ્તુતિ આપનાર તમામ કલાકારોનો, તેમજ તેમના માર્ગદર્શકો– ઈલાબેન દેવાણી, દીપ્તિબેન શાહ અને પૂર્ણિમાબેન પટેલનો તેમની સમર્પિત સેવાઓ બદલ આભાર માનવામાં આવ્યો હતો. ઉપરાંત સંગીતના ક્ષેત્રમાં સતત યોગદાન આપવા બદલ નિલેશભાઈ અને પરમેશીબેનનો પણ આભાર વ્યક્ત કરાયો હતો. કાર્યક્રમમાં ફ્રાન્સિસ (વીડિયોગ્રાફર) અને ચંપકભાઈ ટેલર (ફોટોગ્રાફી) દ્વારા આપવામાં આવેલી નિરંતર સેવાઓની પણ નોંધ લેવામાં આવી હતી. 2027-28ના કાર્યકાળ માટેની ચૂંટણી દરમિયાન રમણિકભાઈ શાહ, મુકેશભાઈ ગજારિયા અને વીરેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા આપવામાં આવેલી નિષ્પક્ષ સેવાઓની તેમણે સરાહના થઈ હતી. સમુદાયના સફળ સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ તમામ સ્વયંસેવકો અને દાતાઓનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતમાં, સમુદાયના પૂર્વ પ્રમુખ કીરીટભાઈ પટેલનું સ્વાગત બાદ કીરીટભાઈને ઉપસ્થિત સમુદાયને સંબોધવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. કીરીટભાઈએ તમામ ઉપસ્થિત સભ્યોનું અભિવાદન કર્યું હતું. સમુદાયના ઈતિહાસને ઘડનારા સ્થાપક વડીલોના દૂરંદેશી દ્રષ્ટિકોણને નમન કર્યું અને સંસ્થાને તેની લાંબા સમયથી ચાલી આવતી પરંપરા (વારસા) બદલ અભિનંદન પાઠવ્યા હતા. નિલેશભાઈ અને પરમેશીબેને સંગીત દ્વારા સભ્યોનું મનોરંજન કરાતા સૌ કોઈ ખૂબ જ ઉત્સાહ સાથે નાચ્યા હતા. આ સાથે જ સમગ્ર હોલ આનંદ અને ઉત્સવના વાતાવરણથી ભરાઈ ગયો હતો. જે બાદ સૌને ભોજન પીરસાયું હતું.

ક્રીમ વિના ઘરેલું ઉપાયોથી મેળવો કોરિયન ગ્લાસ સ્કિન

આજના સમયમાં કોરિયન ગ્લાસ સ્કિનનો ટ્રેન્ડ ખૂબ વધી ગયો છે. ગ્લાસ સ્કિન એટલે એવી ત્વચા જે કોઈ પણ જાતના ડાઘ-ધબ્બા વગરની, એકદમ સાફ, અંદરથી હાઇડ્રેટેડ અને કાચની જેમ કુદરતી રીતે ચમકતી હોય. આ પ્રકારની ત્વચા મેળવવા માટે મોટાભાગના લોકો બજારમાં મળતી મોંઘી મોંઘી કોરિયન બ્યૂટી પ્રોડક્ટ્સ કે કેમિકલયુક્ત ક્રીમ્સ પાછળ હજારો રૂપિયા ખર્ચી નાખે છે, પરંતુ આપણા રસોડામાં જ રહેલી કેટલીક કુદરતી વસ્તુઓનો યોગ્ય રીતે ઉપયોગ કરીને પણ તમે આ અદભૂત ગ્લો મેળવી શકો છો? કેટલાક સરળ, આર્થિક રીતે પરવડે તેવા અને અત્યંત અસરકારક ઘરેલુ ઉપાયો વિશે જાણકારી જરૂરી છે.

ચોખાનું પાણી - કોરિયન બ્યૂટીનું અસલી સિક્રેટ



કોરિયન સ્કિનકેરમાં ચોખાનો ઉપયોગ સૌથી વધુ કરવામાં આવે છે. ચોખાના પાણીમાં વિટામિન B, વિટામિન E અને પુષ્કળ પ્રમાણમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ હોય છે, જે ત્વચાના ખુલ્લા છિદ્રો નાના કરે છે અને ત્વચાને કુદરતી રીતે ટાઇટ બનાવે છે.

કેવી રીતે વાપરવું? : અડધો કપ ચોખા બરાબર ધોઈ ૧ કપ ચોખ્ખા પાણીમાં ૩ કલાક પલાળી રાખો. પછી પાણીને ગાળીને એક સ્પ્રે બોટલમાં ભરી લો. દિવસમાં ૨-૩ વાર તેને કુદરતી ફેસ ટોનર તરીકે ચહેરા પર છાંટો.

પપૈયા અને મધનો ફેસ પેક - નેચરલ એક્સફોલિએશન



તમારી ત્વચા પર જમા થયેલા મૃત કોષો અને કાળા ડાઘ દૂર કર્યા વગર ગ્લાસ સ્કિન મેળવવી શક્ય નથી. પપૈયામાં રહેલું પાપેઇન એન્ઝાઇમ ત્વચાને નુકસાન પહોંચાડ્યા વગર કુદરતી રીતે એક્સફોલિએટ કરે છે.

કેવી રીતે વાપરવું? : પાકેલા પપૈયાના થોડા ટુકડાને મેશ કરી તેમાં ૧ ચમચી શુદ્ધ મધ ઉમેરી સરસ પેસ્ટ બનાવો. તેને ચહેરા પર ૧૫-૨૦ મિનિટ લગાવી રાખ્યા બાદ નવશેકા પાણીથી ચહેરો ધોઈ લો.

એલોવેરા અને ગ્લિસરીન - ત્વચાનું ઊંડાણપૂર્વકનું હાઇડ્રેશન



ગ્લાસ સ્કિનની સૌથી પહેલી શરત એ છે કે ત્વચા અંદરથી ભેજયુક્ત અને હાઇડ્રેટેડ હોવી જોઈએ. એલોવેરા જેલ ત્વચાને શાતા આપે છે અને ગ્લિસરીન ત્વચામાં ભેજને લાંબા સમય સુધી જાળવી રાખે છે.

કેવી રીતે વાપરવું? : ૨ ચમચી તાજું એલોવેરા જેલ લઈ તેમાં અડધી ચમચી ગ્લિસરીન અને થોડાં ટીપાં ગુલાબજળ ઉમેરો. રાત્રે સૂતા પહેલા આ મિશ્રણથી ચહેરા પર હળવા હાથે માલિશ કરો.

બેસન, હળદર અને કાચું દૂધ - ત્વચાનો કુદરતી નિખાર

દૂધમાં રહેલું લેક્ટિક એસિડ ત્વચાનો રંગ નિખારે છે અને મૃત ત્વચાને દૂર કરે છે, જ્યારે હળદરના એન્ટિ-બેક્ટેરિયલ ગુણો ખીલ અને ડાઘ-ધબ્બા દૂર કરવામાં મદદ કરે છે.

કેવી રીતે વાપરવું? : ૧ ચમચી બેસન, એક ચપટી હળદર અને જરૂરી પ્રમાણમાં કાચું દૂધ ભેગું કરીને ફેસ પેક બનાવો. અઠવાડિયામાં બે વાર આ પેક વાપરવાથી ત્વચામાં અદ્ભુત ચળકાટ આવશે.



ગ્લાસ સ્કિન માટેની કેટલીક અત્યંત જરૂરી લાઇફસ્ટાઇલ ટિપ્સ

- દિવસ દરમિયાન ઓછામાં ઓછું ૨.૫ થી ૩ લિટર પાણી ચોક્કસ પીવો, જેથી શરીર અને ત્વચામાંથી ઝેરી તત્ત્વો બહાર નીકળી જાય.
- રાત્રે ૭-૮ કલાકની ઊંઘ લેવાથી આપણી ત્વચા પોતે જ ક્ષતિગ્રસ્ત કોષોનું સમારકામ કરે છે.
- રાત્રે સૂતા પહેલાં ફેસ પર ચહેરા પર મોઇશ્ચરાઇઝર લગાવીને ૫ મિનિટ ફેસ મસાજ કરો.
- આ ઉપાયોનો 2થી 3 અઠવાડિયાંમાં મોંઘી ક્રીમ વગર ઘરેબેઠાં જ કાચ જેવી નિખરેલી અને ચમકતી ત્વચા મેળવી શકશો.

આંતરરાષ્ટ્રીય ફુટબોલ રમતમાંથી રોનાલ્ડોની નિવૃત્તિ

રોનાલ્ડો સાઉદી અરેબિયાની અલ નાસર ક્લબ સાથે રમતો રહેશે, હાલમાં તેના કુલ ૯૮૫ ગોલ નોંધાયેલા છે, હજાર ગોલ પર નજર



234 ઈન્ટરનેશનલ મેચ

146 ગોલ

23 વર્ષની કારકિર્દી

146 ગોલ

વિશ્વ ફૂટબોલના સૌથી મહાન ખેલાડી પૈકી એક ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ અચાનક જ આંતરરાષ્ટ્રીય ફુટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરીને કરોડો ચાહકોને સ્તબ્ધ કરી દીધા હતાં. ૪૧ વર્ષીય રોનાલ્ડો હવે પોર્ટુગલ માટે રમતો જોવા નહીં મળે. જોકે રોનાલ્ડો ક્લબ માટે રમવાનું ચાલુ રાખશે. સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ કરતા રોનાલ્ડોએ કહ્યું 'પોર્ટુગલ હંમેશા મારી અંદર રહેશે'. રોનાલ્ડોએ પોતાની ૨૩ વર્ષ લાંબી કારકિર્દીનો પ્રારંભ ૨૦૦૩માં ૧૮ વર્ષની ઉમરે પોર્ટુગલ માટે પ્રથમ મેચ રમીને કર્યો હતો. પોર્ટુગલ માટે કુલ ૨૪૩ આંતરરાષ્ટ્રીય મેચોમાં રોનાલ્ડોએ ૧૪૬ ગોલ ફટકાર્યા છે. ૨૦૨૬ના ફિફા વર્લ્ડકપમાં સ્પેન સામે રાઉન્ડ ઓફ ૧૬માં હાર્યા બાદ અને સમગ્ર ટુર્નામેન્ટમાં માત્ર ૩ ગોલ ફટકાર્યા બાદ રોનાલ્ડોઓની નિવૃતિની અટકળો તેજ બની હતી. નેશનલ લીગ દરમિયાન કોચ સાથેના વિવાદ બાદ રોનાલ્ડોએ પોર્ટુગલનો કેમ્પ છોડી જતો રહ્યે હતો.

રોનાલ્ડોની શાનદાર આંતરરાષ્ટ્રીય સફર

● રોનાલ્ડો પોર્ટુગલનો સર્વકાલીન ટોપ સ્કોરર અને તેણે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં રેકોર્ડ ૧૪૬ ગોલ ફટકાર્યા છે. ● તે પોર્ટુગલના ઇતિહાસમાં સૌથી વધુ મેચ રમનાર ખેલાડી, પોતાના કરિયરમાં ૨૪૩ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યો છે. ● રોનાલ્ડો સતત છ ફિફ વર્લ્ડ કપ (૨૦૦૬થી ૨૦૨૬) ગોલ કરનાર દુનિયાનો સૌપ્રથમ ખેલાડી બન્યો છે. ● તે વિશ્વનો એવો ખેલાડી છે જેણે છ યુરોપિયન ચેમ્પિયનશિપ અને રેકોર્ડ છ વર્લ્ડ કપ સંસ્કરણોમાં ભાગ લીધો છે. ● તેની કેપ્ટન્સી અને નેતૃત્વમાં પોર્ટુગલે ૨૦૧૬ યુરોપિયન ચેમ્પિયનશિપ (યુરો ૨૦૧૬)નો ઐતિહાસિક ખિતાબ જીત્યો હતો.

હોકી ટૂર્નામેન્ટમાં ભારત છઠ્ઠીવાર ચેમ્પિયન

ભારતે બીજા હાફમાં ચાર ગોલ ફટકાર્યા, ટૂર્નામેન્ટમાં ભારત તમામ મેચ જીતી અજેય રહ્યું

જલંધર

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતે જાપાનને ૪-૧થી કચડીને છઠ્ઠી વખત ચેમ્પિયન બન્યું હતું. એશિયન ગેમ્સની સુવર્ણચંદ્રક વિજેતા ભારતીય ટીમે અગાઉ રાઉન્ડ-રોબિન લીગ મેચમાં પણ જાપાનને આ જ અંતરથી હરાવ્યું હતું. મેચની ત્રીજી જ મિનિટે જાપાનના કાઝુમાસા માત્સુમોટોએ ટોમાહોક શોટ ફટકારીને ગોલ કર્યો હતો. જાપાનને ૨૦મી મિનિટે સળંગ બે પેનલ્ટી કોર્નર મળ્યા હતા, પરંતુ ભારતીય ડિફેન્સે શાનદાર રમત દાખવીને જાપાનના



કેપ્ટન રાઈકી ફુજીશિમાને ગોલ કરતા અટકાવ્યો હતો. ૪૨મી મિનિટે આદિત્ય અર્જુન લાલાગેના પાસ પર શિલાનંદ લાકડાએ રિબાઉન્ડથી ગોલ કરીને સ્કોર ૧-૧થી બરાબરી પર લાવી દીધો હતો.

ત્યારબાદ ૪૮મી મિનિટે પોતાની ૨૦૦મી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહેલા ઉપ-કપ્તાન હાર્દિક સિંહના શાનદાર પાસ પર દિલપ્રીત સિંહે રિવર્સ હિટ લગાવીને ભારતને ૨-૧ની સરસાઈ અપાવી હતી. ૫૩મી મિનિટે જુગરાજ સિંહે અને ૫૪મી મિનિટે વિવેક સાગર પ્રસાદે ગોલ ફટકારીને ભારતનો ૪-૧થી વિજય સુનિશ્ચિત કર્યો હતો. ભારતે અગાઉ વર્ષ ૨૦૧૧, ૨૦૧૬, ૨૦૧૮, ૨૦૨૩ અને ૨૦૨૪માં પણ આ ખિતાબ જીત્યો હતો.

ભારતે પાકિસ્તાનને ૩-૨થી હરાવ્યું

ઢાકા : સાફ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ભારતીય ફૂટબોલ ટીમે પાકિસ્તાનને ૩-૨થી હરાવી વિજયી શરૂઆત કરી છે. ગુરુવારે રમાયેલી ગ્રૂપ-બ્રી મેચમાં ભારતે પ્રથમ હાફમાં ત્રણ ગોલ કરીને મજબૂત સરસાઈ મેળવી હતી. સુહેલ અહમદ ભટે ૧૪મી અને ૨૦મી મિનિટે સતત બે ગોલ ફટકાર્યા હતા, જ્યારે મંગલેનથાંગ કિપગેને ૩૨મી મિનિટે ત્રીજો ગોલ નોંધાવ્યો હતો. જોકે, બીજા હાફમાં પાકિસ્તાને વાપસી કરતાં ૯૧મી મિનિટે નજિબુલ્લાહઅને ૯૪મી મિનિટે અલમગીર ગાઝીએ ગોલ કર્યા હતા. અંતે ભારતે ૩-૨થી વિજય મેળવી ત્રણ મહત્ત્વના પોઈન્ટ હાંસલ કર્યા હતા.

લંચેનબી યુથ ઓલિ.માં વુશુનો મેડલ જીતનાર પ્રથમ ભારતીય

ડાકાર

ભારતીય વુશુ ખેલાડી રાજકુમારી લંચેનબી ચાનુએ યુથ ઓલિમ્પિક ગેમ્સની મહિલા ચાંગક્વાન સંયુક્ત ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ સાથે ચાનુ યુથ ઓલિમ્પિકમાં વુશુનો મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બની છે. મણિપુરની ચાનુએ ચાંગક્વાન ઈવેન્ટમાં ૯.૩૧૬ અને ગુનશુમાં ૮.૭૨૩ એમ કુલ ૧૮.૦૩૯ અંક સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઈજિપ્તની સોન્ડોસ સોનબોલે (૧૮.૬૬૦ અંક) ગોલ્ડ અને વેનેઝુએલાની વાલેરિયા ડુડામેલે (૧૮.૧૯૯ અંક) સિલ્વર મેડલ જીત્યો હતો. ભારત આ ગેમ્સમાં અત્યાર સુધીમાં ૧ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતી ચૂક્યું છે.

અગાઉ સોમવારે યુથ ખેલાડી ખુશબુ રજકભાઈએ જૂડો સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ સિદ્ધિ સાથે તે યુથ ઓલિમ્પિકમાં મેડલ જીતનાર બીજી ભારતીય જૂડોકા બની છે. જ્યારે ભારતની ઉભરતી સ્વિમર ધિનિધિ દેસિંધુએ શાનદાર ફેર્મ જાળવી રાખતા મહિલાઓની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પોતાનાનામે કર્યો હતો.

CSK-SRH વચ્ચે ૪ ખેલાડીઓની ડીલ

ચેન્નઈ સુપર કિંગ્સે ૧૩ કરોડના લિયામ લિવિંગસ્ટોનને માત્ર ૬ કરોડમાં મેળવ્યા

મુંબઈ

આઈપીએલ ૨૦૨૭ની ટ્રેડિંગ વિન્ડોમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે ચાર ખેલાડીઓની મોટી ટ્રેડ ડીલ થઈ છે. આ ડીલ અંતર્ગત ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોન અને ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ ચેન્નઈ સુપર કિંગ્સ સાથે જોડાયા છે. જ્યારે ભારતીય ડાબોડી ફસ્ટ બોલર ખલીલ અહેમદ અને ઓસ્ટ્રેલિયન ડેથ ઓવર સ્પેશિયાલિસ્ટ નાથન એલિસ સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમમાં સામેલ થયા છે. આ ટ્રેડમાં સૌથી



વધુ ચર્ચા લિયામ લિવિંગસ્ટોનની થઈ રહી છે. હૈદરાબાદે તેને ગત હરાજીમાં ૧૩ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, પરંતુ હવે તે ૬ કરોડ રૂપિયાની અડધા કરતાં પણ ઓછી કિંમતે ચેન્નઈમાં જોડાયો છે.

તેની સાથે ૩ કરોડ રૂપિયાની ફીમાં ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર જેક એડવર્ડ્સ પણ ચેન્નઈ પહોંચ્યો છે, જે ૨૦૨૬માં પગની ઈજાના કારણે એકપણ મુકાબલો રમી શક્યો ન હતો. બીજી તરફ, હૈદરાબાદે પોતાની પેસ બોલિંગ લાઈનઅપને વધુ મજબૂત કરવા ડાબોડી ફસ્ટ બોલર ખલીલ અહેમદને ૪.૮ કરોડ રૂપિયામાં પોતાની સાથે જોડ્યો છે. તેની સાથે ૨ કરોડ રૂપિયાની ફીમાં ઓસ્ટ્રેલિયન પેસર નાથન એલિસ પણ હૈદરાબાદમાં સામેલ થયો છે. એલિસ પણ ગત સિઝનમાં ઈજાના કારણે બહાર રહ્યો હતો, પરંતુ તેનાઆવવાથી હૈદરાબાદને ડેથ ઓવર્સમાં એક સારો અને અનુભવી વિકલ્પ મળશે. ડ્રમ પહેલા આ ડીલ હાલ ચર્ચામાં આવી છે.

સિંધુ-મીરાબાઈ ચાનુ આઈઓએ એથ્લીટ કમિશનના સભ્ય બન્યા

નવી દિલ્હી

ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ અને મીરાબાઈ ચાનુ સહિત ૧૦ ખેલાડીઓને મંગળવારે ઈન્ડિયન ઓલિમ્પિક એસોશિયેશનના એથ્લીટ કમિશનના સભ્ય તરીકે બિનહરીફ ચૂંટી કાઢવામાં આવ્યા છે. પૂર્વ ટ્રેક એન્ડ ફિલ્ડ એથ્લીટ સુધા સિંહે સોમવારે મોડી રાત્રે અને તે પહેલાં બેડમિન્ટન સ્ટાર કિદામ્બી શ્રીકાંતે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતા ૧૦ સીટ માટે માત્ર ૧૦ જ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. પરિણામે, ચૂંટણી અધિકારી સંજય કે. શ્રીવાસ્તવે મંગળવારે પાંચ પુરુષ અને પાંચ મહિલા સહિત તમામ ૧૦ ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. હવે આ એથ્લીટ કમિશનના સભ્યોમાંથી જ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ (એક પુરુષ અને એક મહિલા) ની પસંદગી કરવામાં આવશે.

વિમેન્સ પ્રીમિયર લીગની પાંચમી સિઝન ૧૪ જાન્યુઆરીથી શરૂ થશે

વડોદરા અને મુંબઈને ૧૧-૧૧ મેચની યજમાની સોંપવામાં આવી

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા વિમેન્સ પ્રીમિયર લીગ ૨૦૨૭ની પાંચમી સિઝનના કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરી હતી. આ ટૂર્નામેન્ટ ૧૪ જાન્યુઆરીથી શરૂ થઈને ૭ ફેબ્રુઆરી સુધી ચાલશે. ડબ્લ્યુપીએલ ૨૦૨૭ના મુકાબલા માત્ર બે જ શહેરો વડોદરા અને મુંબઈમાં રમાશે, જેમાં બંને વેન્યૂ પર ૧૧-૧૧ મેચોનું આયોજન કરવામાં આવશે. નવી સિઝનની શરૂઆત ૧૪ જાન્યુઆરીના રોજ વડોદરાથી થશે. ટૂર્નામેન્ટના પ્રથમ મુકાબલામાં જ ગત વર્ષની ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની ટક્કર પૂર્વ ચેમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ સામે થશે. ટૂર્નામેન્ટનો વડોદરા તબક્કો ૨૪ જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં પાંચેય ટીમો ખિતાબની રેસમાં પોતાના અભિયાનની શરૂઆત કરતા કુલ ૧૧ મેચ રમશે. આ પછી ૨૬ જાન્યુઆરીથી મુકાબલા મુંબઈમાં શિફ્ટ થઈ જશે. મુંબઈ સ્થિત ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયા ના બ્રેબોર્ન સ્ટેડિયમમાં લીગ તબક્કાની બાકીની ૧૧ મેચો રમાશે.

રેફ્રીએ અધધ ૫૧ રેડ કાર્ડ આપ્યા

મિનાસ ગેરેસ । બ્રાઝિલના મિનાસ ગેરેસમાં રમાયેલી અંડર-૨૦ કેમ્પિયોનાટો મિનેરોની સેમિફાઇનલમાં ઉબરલેન્ડિયા અને મામોરે વચ્ચેની ફૂટબોલ મેચ હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. જોતજોતામાં બંને ટીમના ખેલાડીઓ, ટેક્નિકલ સ્ટાફ, બોર્ડ મેમ્બર્સ અને ૬ બોલ બોય પણ મારપીટમાં જોડાયા હતા. ખુરશીઓ અને સ્ટ્રેચર વડે હુમલો થતાં આખરે મેદાન પર પોલીસ બોલાવવી પડી હતી. આ ઐતિહાસિક બબાલને કારણે રેફ્રી ફર્નાન્ડો મોડેસ્ટોએ ૪૩ ખેલાડીઓ, ૮ સપોર્ટ સ્ટાફ અને ૨ બોર્ડ અધિકારીઓ સહિત કુલ ૫૧ લોકોને રેડ કાર્ડ આપીને મેચ રદ કરી હતી. આ સાથે જ ફૂટબોલ ઇતિહાસમાં એક મેચમાં સૌથી વધુ રેડ કાર્ડ આપવાનો ૨૦૧૧માં આર્જેન્ટિનામાં બનેલો ૩૬ રેડ કાર્ડનો વર્લ્ડ રેકોર્ડ તૂટી ગયો છે. ફૂટબોલ જગતમાં આ ઘટના ચર્ચામાં છે.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



Hot Deal!!! Renovated and very spacious condo available at an amazing price. Motivated seller. 2-bedroom condo featuring a functional layout and a rare walkout to your own privately fenced backyard-perfect for relaxing, entertaining, or enjoying outdoor living. This move-in-ready home has been tastefully updated with a brand-new modern kitchen, renovated bathroom, new flooring in bedrooms (no carpet in the unit), and stylish new light fixtures. The convenient ensuite laundry room also offers additional storage space. Large windows fill the home with natural light, creating a warm and inviting atmosphere. Whether you're a first time home buyer, downsizing, or looking for an excellent investment opportunity, this condo is sure to impress. Ideally located with 24-hour TTC service at your doorstep and the upcoming Sheppard & McCowan LRT just minutes away. Enjoy easy access to Scarborough Town Centre, Centennial College, the University of Toronto Scarborough campus, Highway 401, parks, shopping, restaurants, and all essential amenities. An exceptional opportunity to own a beautifully updated home in a convenient, family-friendly neighbourhood!



Welcome to this spacious and well-maintained 3-bedroom home, ideally located in a desirable, family-friendly neighbourhood. Offering a functional layout and generous living space, this home is perfect for growing families, first-time buyers, extended families, or investors seeking additional income potential.The inviting main floor features a family-sized eat-in kitchen with ample cabinetry and workspace, along with a walk-out to a spacious private backyard, perfect for family gatherings, outdoor entertaining, gardening, and summer enjoyment. The bright living and dining rooms provide a warm and comfortable space for everyday living and entertaining. Thefully finished basement with a separate entrance features a spacious one-bedroom apartment,offering excellent flexibility for extended family, guests, or potential rental income, along with abundant storage space. Enjoy parking for 4 cars and an excellent location close to schools, parks, shopping, TTC transit and minutes' drive to Hwy 401.A wonderful opportunity to own a spacious and versatile home in a convenient, family-friendlyneighbourhood!



Nestled in the friendly community of West Park Village! This adorable, lovingly updated home offers a wonderful blend of modern comfort, functionality, and outdoor space, set on an impressive half-acre, park-like lot. **EXCITING INVESTMENT & DEVELOPMENT OPPORTUNITY! Based on the lot frontage and area identified in the property survey, development of up to 12 dwelling units in the form of stacked townhouse dwellings or a low-rise multi-unit dwelling could be permitted, subject to the applicable Zoning By-law provisions. An exceptional opportunity for investors, builders, and developers to explore the property's future potential while benefiting from an existing home on a generous lot. The existing home offers comfortable single-level living, a spacious foyer providing convenient access to the main living area, attached double-car garage, and basement. Large windows fill the home with natural light, while the open-concept kitchen, dining/living areas create a warm and welcoming space for everyday living and entertaining, with lovely views of the expansive backyard.

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.